વર્ષ ૮ । સળંગ અંક ૫૦। ઑક્ટોબર ૨૦૨૧

૫૦

# સંચયન

સાંપ્રત સાહિત્ય-વિચાર-જગતની ઝલક આપતું સામયિક

સંપાદક : રમણ સોની

Ekatra Foundation

એકત્ર ફાઉન્ડેશન અધ્યક્ષ : સિતાંશુ યશશ્ચંદ્ર

મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર ઝંખતી સંસ્થા

# સંચયન

પ્રારંભ: ઑગસ્ટ, 2013


**સંપાદક : રમણ સોની**

18 Hemdeep Society, O P Road, Vadodara • phone: 91-9228215275 • email ramansoni46@gmail.com

•

**પ્રકાશક : અતુલ રાવલ**

608 Poplar St., Durham, NC 27703 - USA, phone: 704-756-1325 • email : atulraval@ekatrafoundation.org

•

**તંત્ર-સંચાલક : રાજેશ મશરૂવાળા**

email : mashru@ekatrafoundation.org


- મુદ્રણ-અંકન (ટાઇપસેટ): વિભા સોની
- ડીઝાઇન અને નિર્માણ : અતુલ રાવલ
- લેઆઉટ - પરિકલ્પના : રમણ સોની

•

## અમારી વેબસાઈટ:

www.ekatrafoundation.org

https://ekatra.pressbooks.pub

આ વેબસાઈટપર અમારાં વી-પુસ્તકો તથા ‘સંચયન’નાં તમામ અંકો વાંચી શકાશે.

•

- વીજાણુ સામયિક ‘સંચયન’ દર બે માસે ફેબ્રુઆરી, એપ્રિલ, જૂન , ઓગસ્ટ, ઓક્ટોબર અને ડિસેમ્બરની છેલ્લી તારીખોમાં પ્રકાશિત થાય છે.
- ‘સંચયન’ માટેનાં લખાણોની પસંદગી સંપાદક દ્વારા, મુદ્રિત ગુજરાતી સામયિકો અને ગ્રંથોમાંથી જ કરવામાં આવે છે. એ રીતે એ વી-ડાયજેસ્ટ સામયિક છે. ઉપરાંત તેમાં પસંદ કરેલી કૃતિઓનું પઠન-ધ્વનિઅંકન તેમજ ચિત્રકળાકૃતિઓ પણ મૂકવામાં આવે છે.
- ‘સંચયન’માં પ્રકાશન માટે પસંદ કરેલી કૃતિઓના લેખકો – ચિત્રકારોની સંમતિ લેવામાં આવે છે.
- Navigation: અનુક્રમમાંના કોઇપણ લખાણ પર સીધા જ જવું હોય તો અનુક્રમમાંની તે વિગત પર ક્લીક કરશો.

# અ નુ ક્ર મ

## સંચયન ૫૦ // ઑક્ટોબર ૨૦૨૧


પહેલા પડાવની ઉજવણી - સંપાદક

⁜

કવિતા

વાર્તા લઘુકથા નવલ-અંશ

ચરિત્ર : આત્મકથન, વ્યક્તિચિત્ર, સંસ્મરણ, પત્ર

નિબંધ, પ્રવાસ

લેખ, વિચાર-વિમર્શ

પ્રકાશકીય અને સંપાદક-કથન

વાચક-પ્રતિભાવ

⁜



Navigation :

અનુક્રમ પરથી તે તે સ્વરૂપ-વિભાગ પર જઈ શકાશે.




**Celibration** Painting (acrylic on canvas) by **Piraji Sagara**

# ૫૦

## પચાસમે અંકે

# પહેલા પડાવની ઉજવણી

આ વીજાણુ સામયિક(eMagazine) 'સંચયન' સાતત્યથી ને સમયસર પ્રકાશિત થતું રહીને આજે ૫૦મા અંકે એક મહત્ત્વના સીમા-સ્તંભ આગળ પહોંચ્યું છે એનો આનંદ છે.

૨૦૧૩ના ઑગસ્ટમાં 'સંચયન'નો પહેલો અંક પ્રકાશિત કરેલો. એ વખતે એની રૂપ-રેખાઓ આલેખતાં કહેલું કે, મુદ્રિત સામયિક અને ઈ-સામયિક વચ્ચેના સેતુ તરીકે આનો આરંભ કરીએ છીએ; ગુજરાતીનાં આરંભકાળથી આજસુધીનાં પુસ્તકોમાં ને વર્તમાન સામયિકોમાં જે લખાણો પ્રગટ થયેલાં છે એમાંથી ઉત્તમ-અને-રસપ્રદ કૃતિઓને દર બે માસે રજૂ કરતું સં-ચયન (digest) પ્રકારનું આ સામયિક છે; આંખને ગમે એવી કલાત્મક રીતે એ રજૂ કરીશું ને ક્યારેક એમાં પઠન-શ્રવણને પણ ઉમેરીશું.

બીજા જ અંકથી ખૂબ ઉમળકાભર્યા ને પ્રોત્સાહક પ્રતિભાવો મળવા માંડેલા – એમાં કેટલાક કલા-પારખુ અવાજો પણ હતા. (એ પૈકી થોડાક પ્રતિભાવો આ અંકમાં પણ મૂક્યા છે).

સંચયને નવા જિજ્ઞાસુ વાચકોને પણ પ્રસન્ન કર્યા છે, એ સાથે જ પ્રબુદ્ધ વિચારશીલ વાચકો-લેખકો-કલારસિકોને પણ પ્રસન્ન કર્યા છે. સંચયન નિયમિતપણે જોનાર-આસ્વાદનાર એક વર્ગ પણ ઊભો થયો છે એથી ગુજરાતીના ઈ-વાચનનું રસ-આકર્ષણ વધ્યું છે. સાહિત્યના આસ્વાદનનું એક જરૂરી પ્લેટફૉર્મ ઊભું થયું છે. અમારી પાસેનાં ૭૦૦૦ જેટલાં ઈમેઇલ સરનામે પહોંચતું આ સામયિક બીજાં અનેક વાચકોને ફૉરવર્ડ થઈને પણ મળે છે. એવી વ્યાપક ચાહના અમારે માટે પ્રોત્સાહક બની છે. અલબત્ત, અમારી ક્ષતિઓ-મર્યાદાઓ પરત્વે કેટલાક રુચિસંપન્ન મિત્રોએ ધ્યાન દોર્યું છે. એથી અમે સંચયનને નવોન્મેષવાળું કરતા રહ્યા છીએ.

આ પચાસમો અંક એક રીતે તો સ્મરણ-વિહારની ઉજવણી જેવો છે.

પહેલા અંકથી ઓગણપચાસમા અંક સુધીના, અમારા તેમજ તમારા, આ સહપ્રવાસમાંથી રસપ્રદ સ્થાનો (કૃતિઓ) તારવીને અહીં એકસાથે, એમ કહો કે એક ભાતીગળ કૃતિ-વિથિ તરીકે મૂકીએ છીએ. એ રીતે, સંચિતને વધુ સઘન રૂપે ને સ્મરણીય રૂપે રજૂ કરીએ છીએ. અલબત્ત, અહીં રજૂ થયેલી કૃતિઓ પ્રતિનિધિરૂપ છે – કશા ઉચ્ચતર કે ઉચ્ચતમ એવા ભેદને આગળ કરનારી નથી. લેખકોનાં નામના ક્રમ પણ સહજ રીતે મૂળ અંકોના ક્રમ મુજબ છે – વરિષ્ઠતાના ક્રમે નથી. અહીં જે મૂક્યું છે એ કેવળ ઉત્તમના સ્પૃહણીય નમૂનારૂપ છે.

અલબત્ત, અહીં એક વ્યવસ્થા કરી છે : લખાણોને કવિતા, વાર્તા, નિબંધ, લેખ... – એવા વિભાગોમાં પ્રગટ કર્યાં છે એથી એક સ્વરૂપની (જેમ કે 'કવિતા'ની) કૃતિઓ એક સાથે જોવા-વાંચવાનો આનંદ મળી શકશે. ને એમ અંકનું એક સ્થાપત્ય ઊપસી આવશે. શક્ય બન્યું ત્યાં પઠન-શ્રવણ પણ સામેલ કર્યું છે.


દરેક વિભાગના અનુક્રમ-પૃષ્ઠ પર, આ પૂર્વે પ્રગટ થયેલા અંકોમાંથી પસંદ કરેલાં આવરણોની પ્રતિકૃતિઓ (cover images) મૂકી છે – એ પણ એક પ્રકારના સ્મરણસંચયરૂપ નીવડશે.

એક વિચાર એવો પણ આવે છે કે આ સ્મરણીય-અંક મુદ્રિત રૂપે પણ મૂકીએ તો? શરૂઆતથી જ, ઘણા વાચકો-રસિકો અવારનવાર કહેતા રહ્યા છે કે – સંચયનને મુદ્રિત રૂપે પણ પ્રગટ કરો ને! પણ આખા અંકનાં ૪૦-૫૦ પાનાંનું બહુરંગી છાપકામ ખૂબ મોંઘું પડી જાય. આ પચાસમા અંકમાં તો ચાલુ અંક કરતાં બમણાં પાનાં થવાનાં! એટલે, આ અંક મુદ્રિત કરવો હોય તો – એ ખર્ચને પહોંચી વળવા માટે – આગોતરા ગ્રાહકો નોંધવા પડે.

વિચારીએ. પણ આ સ્મરણીય અંક (થોડાક વધુ એડિટિંગ સાથે, ૮૦ પાનાંની મર્યાદામાં) મુદ્રિત કરી શકાય તો એક રૂપકડો, કલાત્મક ને સંગ્રહ-યોગ્ય અંક-ગ્રંથ બની શકે.

રમણ સોની

# ક વિ તા




ઉમાશંકર જોશી

ચિનુ મોદી

સિતાંશુ યશશ્ચંદ્ર

અનિલ જોશી

રમેશ પારેખ

મૂકેશ વૈદ્ય

અનિલ ચાવડા

રાજેંદ્ર શાહ

જયંત પંડ્યા(અનુ.)

(કાલિદાસ)

દલપત ચૌહાણ

નરભેરામ

રમણીક સોમેશ્વર

પ્રદ્યુમ્ન તન્ના

વેણીભાઈ પુરોહિત

મણિલાલ દેસાઈ

# ગુર્જરી ગિરા

જે જન્મતાં આશિષ હેમચંદ્રની
પામી, વિરાગી જિન-સાધુઓ તણી
જેને તપસ્યા ગળથૂથીમાં મળી,
રસપ્રભા ભાલણથી લહી જે
નાચી અભંગે નરસિંહ-મીરાં-
અખા તણે નાદ ચડી ઉમંગે,
આખ્યાનની લાડકી પ્રેમભટ્ટની.

દઢાયુ ગોવર્ધનથી બની જે,
અર્ચેલ કાન્તે દલપત્પુત્રે,
તે ગુર્જરી ધન્ય બની ઋતંભરા
ગાંધીમુખે વિશ્વમાંગલ્યધાત્રી.

ઉમાશંકર જોશી

# કેમ છો ? સારું છે ?

**– ચિનુ મોદી**

કેમ છો ? સારું છે ?

દર્પણમાં જોયેલા ચહેરાને રોજ રોજ
આમ જ પૂછવાનું કામ મારું છે ?
કેમ છો ? સારું છે ?

અંકિત પગલાંની છાપ દેખાતી હોય
અને મારગનું નામ ? તો ક્હે : કાંઈ નહીં,
દુણાતી લાગણીના દરવાનો સાત
અને દરવાજે કામ ? તો ક્હે : કાંઈ નહીં;

દરિયો ઉલેચવાને આવ્યાં પારેવડાં
ને કાંઠે પૂછે કે પાણી ખારું છે ?
કેમ છો ? સારું છે ?

પાણીમાં જુઓ તો દર્પણ દેખાય
અને દર્પણમાં જુઓ તો કોઈ નહીં,
'કોઈ નહીં' ક્હેતામાં ઝરમર વરસાદ
અને ઝરમરમાં જુઓ તો કોઈ નહીં;

કરમાતાં ફૂલ જેમ ખરતાં બે આંસુઓ
ને આંખો પૂછે કે પાણી તારું છે ?
કેમ છો ? સારું છે ?

*['દર્પણની ગલીમાં', ૧૯૭૫]*

## સમુદ્ર

દેવો અને દાનવોએ સરળ કરી નાખ્યો
તે પહેલાંનો સમુદ્ર મેં જોયો છે.

મેં વડવાનળના પ્રકાશમાં પાણી જોયાં છે.
આગ અને ભીનાશ છૂટાં પાડી ન શકાય.
ભીંજાવું અને દાઝવું એ એક જ છે.

સાગરને તળિયેથી જ્યારે હું બહાર આવું
ત્યારે મારા હાથમાં મોતીના મૂઠા ન હોય.
હું મરજીવો નથી.
હું કવિ છું.
જે છે તે છે કેવળ મારી આંખોમાં.

*['જટાયુ' ૧૯૮૬,૨૦૦૯]*

કવિતા

# ખાલી શકુંતલાની આંગળી

કેમ  સખી, ચીંધવો  પવંનને રે હું તો ખાલી શકુંતલાની આંગળી

ઝંઝાના સુસવાટા પાંખમાં ભરીને ઊડું આખ્ખું ગગંન મારી ઇચ્છા
વહેલી પરોઢના ઝાંખા ઉઘાડમાં ખરતાં પરભાતિયાનાં પીંછાં

ઉરમાં તે માય નહીં ઊઠતો ઉમંગ, મને આવીને કોઈ ગયું સાંભળી
કેમ  સખી,  ચીંધવો  પવંનને રે  હું તો ખાલી શકુંતલાની આંગળી

ઝૂકેલી ડાળખીનો લીલો વળાંક લઈ એવું તો મંન ભરી ગાતો
કાંઈ એવું તો વંન ભરી ગાતો,
જંગલમાં ધોધમાર વરસે ગુલમ્હોર! ક્યાંક કાગડો થઈ ન જાય રાતો

આજ મારી ફૂંકમાં એવો ઉમંગ સખી, સૂર થઈ ઊડી જાય વાંસળી
કેમ  સખી,  ચીંધવો  પવંનને રે  હું તો ખાલી શકુંતલાની આંગળી

– અનિલ જોશી

(બરફનાં પંખી)

# કાવ્યો

# રમેશ પારેખ

અહીં રજૂ કરેલાં ૧૦ કાવ્યોમાં રમેશ પારેખનાં ઉત્તમ ને જાણીતાં કાવ્યો તો લીધાં જ છે, ને વળી ઓછાં જાણીતાં ને અ-પરિચિત કાવ્યો પણ લીધાં છે – લયની સહજતાનો ને એમના ચારે દિશામાં પ્રસરતા રહેલા કાવ્યમિજાજનો એથી પરિચય મળશે. પસંદગીમાં કાવ્યત્વની ઉચ્ચાવચતા જોઈ નથી, રમેશની કવિતાના વિસ્તારનું પ્રતિનિધિત્વ રજૂ કર્યું છે.



### રમેશ પારેખ

કવિ ન્હાનાલાલ અને રાજેન્દ્ર શાહ પછી ગુજરાતી ગીત કવિતાનો મહત્ત્વનો ને મધુરતમ અવાજ તે રમેશ મોહનલાલ પારેખ (જ. ૨૭ નવે. ૧૯૪૦ – અવ. ૧૭ મે ૨૦૦૬).

રમેશ પારેખની કવિતાનું (ગીતો અને ગઝલોનું) પહેલું આકર્ષક અને ઉત્તમ લક્ષણ તે એની લય-સમૃદ્ધિ. એ લયમાં વિવિધતા છે ને પ્રચુરતા પણ છે; એમાં પૂરી ચોકસાઈ પણ છે ને લયનો તંતુ ન છોડતું રમતિયાળપણું ય છે.

રમેશ પારેખનું ભાવજગત મધ્યકાલીન ભક્તિ-સંવેદના, સૌરાષ્ટ્રની તળ લોક-સંવેદના, આધુનિક યુવા-સંવેદના અને ખરી મનુષ્ય-સંવેદનાથી છલકતું રહેલું. એમાં, એક છેડે મીરાંની પ્રેમ-ભક્તિના મર્મોને ઝીલતું ઊંડાણ છે, તો બીજે છેડે આલા ખાચરના તોફાની ઠઠ્ઠાચિત્રની તાદૃશતા છે. ‘લાખા સરખી વાત’નામનું એક દીર્ઘ અછાંદસ કાવ્ય રમેશને વિદગ્ધ કવિ પણ ઠેરવે છે.

એસ.એસ.સી. થઈ અમરેલી જિલ્લા પંચાયતના કર્મચારી તરીકે નોકરી કરનાર ર મેશને અમરેલીએ –ને આખા ગુજરાતે –પ્રેમાદર-પૂર્વક કવિતાના ઊંચા આસને બેસાડેલા. પહેલો કાવ્યસંગ્રહ ‘ક્યાં?’(૧૯૭૦) પ્રગટ થયો પછી સતત લખતા રહેલા આ કવિના અનેક કાવ યસંગ્રહોનાં કાવ્યો ‘છ અક્ષરનું નામ’ (૧૯૯૧)માં સંચિત થયાં.

રમેશ પારેખ આપણા એક ઉત્તમ બાળ-સાહિત યકાર પણ હતા. ‘હાઉક’ વગેરેનાં બાળ-કાવ યોમાં અને ‘હફરક લફરક’ જેવા પુસ્તકમાંની બાળવાર્તાઓમાંલાય-મસ્તીભર્યું બાળમાનસ-વિશ્વ આહ્લાદક છે .

## ૧ કે કાગળ હરિ લખે

-કે કાગળ હરિ લખે તો બને
        અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને...

મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો,
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
      એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે’ પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિસદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
      ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને... ૧
કે કાગળ હરિ લખે

-કે કાગળ હરિ લખે તો બને
        અવર લખે તે એકે અક્ષર નથી ઉકલતા મને...

મોરપીંછનો જેના ઉપર પડછાયો ના પડિયો,
શું વાંચું એ કાગળમાં જે હોય શાહીનો ખડિયો?
      એ પરબીડિયું શું ખોલું જેની વાટ ન હો આંખને...

મીરાં કે’ પ્રભુ, શ્વાસ અમારો કેવળ એક ટપાલી
નિસદિન આવે જાય લઈને થેલો ખાલી ખાલી
      ચિઠ્ઠી લખતાંવેંત પહોંચશે સીધી મીરાં કને...

# કવિતા

## ગતિ અને સ્થિતિ / મૂકેશ વૈદ્ય

ક્ષિતિજ સુધી લંબાયેલા મારા બંને હાથ
સરક્યે જતું સંતરું પકડવા
વલખી રહ્યા છે.
જ્યાં કશે, જે કંઈ જરી, જેવો મળે તેવો જ
મારે આ પૃથ્વીનો ગર ચાખવો છે.

નાની ટચૂકડી આંગળીમાં રસછલકતું
મબલખ પડેલા સંતરાના ઢગ જેવું
બાળપણ
ઊંઘમાં ટપક્યા કરે છે.
હાથ વલખ્યા કરે છે.
પૃથ્વી સરક્યા કરે છે.

હાથ લંબાવતો, કેડે મરડાતો
તણાઈને તૂટતો
તૂટી તૂટીને તણાતો
ઝીંકાઉં છું ક્ષિતિજ સુધી.
દૂર
ક્ષિતિજ સુધી
લંબાયેલા મારા બંનેય હાથ પાછા ફરે છે
ખુરશીના હાથા બની બેસી રહે છે.

[‘ચાંદનીના હંસ’, ૧૯૯૧]

## વર્ષો પછી પ્રેમિકાને મળતાં... – અનિલ ચાવડા

ઓળખ્યોને કોણ છું?
પાંપણ પર ઝૂલતો'તો, તમને કબૂલતો'તો, આભ જેમ ખૂલતો'તો એ જ હું –
ઓળખ્યોને કોણ છું?

ચોપડીનાં પાનાંમાં સુક્કું ગુલાબ થઈને રહેવાને આવ્યું'તું કોણ?
તમને વણબોલાવ્યે મારી આ શેરીમાં બોલાવી લાવ્યું'તું કોણ?
કળી જેમ ફૂટતો'તો, તમને જે ઘૂંટતો'તો, તોય સ્હેજ ખૂટતો'તો એ જ હું –
ઓળખ્યોને કોણ છું?


લાગતો'તો જીવનમાં તમને દુકાળ ત્યારે આવ્યો'તો થઈને વરસાદ
સુક્કાભઠ ખેતરમાં ત્યારબાદ ખીલ્યો'તો મોલ ખૂબ, આવ્યું કંઈ યાદ?
યાદ ન'તો રહેતો જે આંસુ થઈ વહેતો જે તોય કંઈક કહેતો જે, એ જ હું.

ઓળખ્યોને કોણ છું?

*[નવનીત સમર્પણ, ઑક્ટોબર ૨૦૧૬]*

# કાવ્ય-સપ્તક

## રાજેન્દ્ર શાહ



સૌંદર્યરાગી કવિતાના આપણા એક પ્રમુખ કવિ રાજેન્દ્ર શાહ (૧૯૧૨-૨૦૧૦) છંદ-લયની સુઘડતાવાળાં પાસાદાર છંદકાવ્યો તથા વિવિધ લોક-લયો અને શિષ્ટ લયો વાળાં મધુર-સુંદર ગીતોના સ્મરણીય સર્જક હતા. પહેલો કાવ્યસંગ્રહ ‘ધ્વનિ’ ૧૯૫૧માં પ્રગટ થયો એના દોઢેક દાયકા અગાઉથી એમનું કાવ્યલેખન આરંભાયેલું. સતત કવિતાલેખનરત રાજેન્દ્રભાઈએ એ પછી ૧૬ ઉપરાંત સંગ્રહો આપ્યા. ૧૯૮૧માં એમનો સર્વકાવ્ય-સંગ્રહ સંકલિત કવિતા પ્રગટ થયો. અનુવાદક તરીકે અને ‘કવિલોક’ સામયિકના સંપાદક તરીકે પણ એમની સાહિત્યસેવા મહત્ત્વની રહી. ૨૦૦૩માં એમને મળેલો જ્ઞાનપીઠ પુરસ્કાર ગુજરાતી ભાષાનું પણ મોટું ગૌરવ છે.

### આપણા દુઃખનું કેટલું જોર?

ભાઈ રે, આપણા દુઃખનું કેટલું જોર?
નાની એવી જાતક વાતનો મચવીએ નહિ શોર!

ભારનું વાહન કોણ બની રહે? નહીં અલૂણનું કામ,
આપણ તો બડભાગી, ખમીરનું આજ ગવાય રે ગાન;
  સજલ મેઘની શાલપે સોહે રંગધનુષની કોર. ભાઈ રે૦

જલભરી દૃગ સાગર પેખે, હસતી કમળફૂલ,
કોકડું છે પણ રેશમનું, એનું ઝીણું વણાય દુકૂલ;
નિબિડ રાતનાં કાજળ પાછળ પ્રગટે અરુણ ભોર. ભાઈ રે૦

આપણે ના કંઈ રંક, ભર્યો ભર્યો માંહ્યલો કોશ અપાર;
આવવા દો જેને આવવું, આપણ મૂલવશું નિરધાર;
આભ ઝરે ભલે આગ, હસી હસી ફૂલ ઝરે ગુલમ્હોર. ભાઈ રે૦

# કાવ્ય-અનુવાદ

## મેઘદૂત – કાલિદાસ – અનુ. જયંત પંડ્યા

અંગ્રેજીના અધ્યાપક, જાહેર જીવનના વિચારક, થોડોક સમય 'નિરીક્ષક'ના તંત્રી રહેલા જયંત પંડ્યા(૧૯.૧૧.૧૯૨૮ – ૧૦.૮.૨૦૦૬)એ ચરિત્ર ,વિવેચન, કવિતા, અનુવાદનાં ક્ષેત્રે પ્રદાન કરેલું. અંગ્રેજીમાં પણ લેખન-અનુવાદ કરેલાં. એમનાં જાણીતાં કામ તે 'ઇલિયડ'ના અનુવાદ ઉપરાંત એલન પેટનના Cry The Beloved Countryનો 'વહાલો મારો દેશ' એ ઘણો જાણીતો અનુવાદ તેમ જ કાલિદાસના'મેઘદૂત'નો સમશ્લોકી – મંદાક્રાન્તા છંદમાં – અનુવાદ.

અહીં મેઘદૂતના પહેલા થોડાક શ્લોકોનો મૂળ સાથે અનુવાદ મૂક્યો છે. જયંતભાઈનો અનુવાદ ઘણો સારો, કિલાભાઈ ઘનશ્યામના ખ્યાત અનુવાદની યાદ અપાવે એવો થયો છે.

### पूर्वमेघ

कश्चित्कान्ताविरहगुरुणा स्वाधिकारप्रमत्त:
शापेनास्तंगमितमहिमा वर्षभोग्येण भर्तु:।
यक्षश्चक्रे जनकतनयास्नानपुण्योदकेषु
स्निग्धच्छायातरुषु वसति रामगिर्याश्रमेषु।।१।।

तस्मिन्नद्रौ कतिचिदबलाविप्रयुक्त: स कामी
नीत्वा मासान्कनकवलयभ्रंशरिक्तप्रकोष्ठ:।
आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्ठसानुं
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श।।२।।

तस्य स्थित्वा कथमपि पुर: कौतुकाघानहेतो-
रन्तर्बाष्पश्चिरमनुचरो राजराजस्य दध्यौ।
मेघालोके भवति सुखिनोऽप्यन्यथावृत्ति चेत:
कण्ठाश्लेषप्रणयिनि जने किं पुनर्दूरसंस्थे ।।३।।

प्रत्यासन्ने तमसि दयिताजीवितालम्बनार्थी
जीमूतेन स्वकुशलमयीहारयिष्यप्रवृत्तिम्।
स प्रत्यग्रै: कुटजकुसुमै: कल्पितार्घाय तस्मै
प्रीत: प्रीतिप्रमुखवचनं स्वागतं व्याजहार।।४।।

धूमज्योति:सलिलमरुतां संनिपात: क्व मेघ:
संदेशार्था: क्व पटुकरणै: प्राणिभि: प्रापणीया:।
इत्यौत्सुक्यादपरिगणयन्गुह्यकस्तं ययाचे
कामार्ता हि प्रकृतिकृपणाश्चेतनाश्चेतनेषु।।५।।

### પૂર્વમેઘ

કો, કાન્તાના અસહ વિરહી, ધર્મભૂલ્યા પ્રમાદે
યક્ષે પામી હતપ્રભ દશા વર્ષના સ્વામીશાપે,
સીતાસ્નાને પુનિત નીરને તીર રામાદ્રિ મધ્યે
છાયાઢાળ્યાં તરુ-ઉપવને આશ્રમે વાસ કીધો. ૧

અદ્રિશૃંગે પ્રિયવિરહી એ કામીએ કૈંક માસ
ગાળ્યા, સોનાવલય-વિખૂટા શુષ્ક ને શૂન્ય હાથે;
ત્યાં આષાઢે પ્રથમ દિવસે શૃંગ-છાયો સુરમ્ય,
ઝૂક્યા શીર્ષે ક્રીડન કરતા હાથી શો મેઘ દીઠો. ૨

એ લીલાના જનક સમીપે દાસ યક્ષેશનો, શો
અન્તર્દાહે હૃદય ગ્રસતા ચિંતને લીન ઊભો!
મેઘાલોકે સુખી પણ બને વ્યાકુળા ચિત્તવૃત્તિ
તો આશ્લેષે અધીર વિરહી દૂર-વાસી તણું શું? ૩


સામે જોઈ ઘન ગગનમાં, સ્વપ્રિયા જીવિતાર્થે,
તેની સાથે કુશળ કથવા ધારીને અંતરેચ્છા;
યક્ષે ખીલ્યાં કુટજ-કુસુમે માનસી અર્ઘ્ય આપી
પ્રેમે, પ્રીતિસભર વચને અર્પિયો આવકાર. ૪

ધૂમ્ર, જ્યોતિ, જળ, મરુતનો યોગ એ મેઘ ક્યાં? ને
સંદેશા ક્યાં પટુકરણ સૌ પ્રાણીથી લૈ જવાતા?
ઔત્સુક્યે એ કશું ન ગણીને યાચતો યક્ષ એને!
કામાર્તોને જીવ-અજીવના ભેદ સ્હેજે ન સૂઝે. ૫

# દલિત કવિતા

[ગુજરાતી દલિત-કવિતાના સંપાદનમાંથી પસંદ કરેલાં આ કાવ્યો દલિત સર્જકોના સીધા અનુભવને કાવ્ય-અભિવ્યક્તિ આપે છે એટલે અનુકંપાને બદલે અહીં વેદનાની ચીસ છે – લાચારી, અવહેલના અને અમાનુષી અન્યાયમાંથી પ્રગટેલો આક્રોશ, કટાક્ષભરી આક્રમકતા, દલિત નારીના બેવડા શોષણનો પ્રતીકાત્મક સંકેત અને સ્વમાનની તીક્ષ્ણતા છે. એમાં વેદનાનું જ એક ઘનીભૂત સંવેદન, વિવિધ રૂપે  આકાર પામ્યું છે. અભિવ્યક્તિ-રેખાઓ ક્યાંક ઘણી સૂક્ષ્મ થઈ છે, ક્યાંક ઘેરી છે, પણ એમણે કાવ્યનું રૂપ છોડ્યું નથી.

છેલ્લું કાવ્ય નીરવ પટેલના કાવ્યસંગ્રહમાંથી લઈને ઉમેર્યું છે કેમ કે એમાં તીવ્ર અનુભવ પણ પૂરો પ્રતીકાત્મક બન્યો છે.]




## ચોર કોટવાળને દંડે
**દલપત ચૌહાણ**

કૂતરાં ભસે છે.
પાછળ દોડે છે.
ક્યારેક લાગ મળે તો, લ્હાવુંય નાખે.
અને
‘એ’ કહે છે, તમે સુધરી જાવ,
એ કરડશે નહીં.
સાફ રહો
ગંદું કામ છોડો – અખાદ્ય ભોજન છોડો
આચાર-વિચાર-ભાન છોડો.
ખાસ તો તમારી ગંધ –
ખેરની વાસ –
કુંડની ગંધ –
મેનહોલની ગંધ –
આનાથી જ તો કૂતરાં આકર્ષાય છે.
પૂજા પાઠ
અગડમ્ બગડમ્ –
ટીલાં ટપકાં –
મુંડ ત્રિપૂંડ –
સંધ્યાગાન કરો.
કદાચ, હવે એ બધુંય કરે છે.
તો ય,
સાલ્લાં... કૂતરાં ભસે છે.
પાછળ દોડે છે.
લાગ મળે તો, લ્હાવુંય નાખે.
કૂતરાંએ સુધરવું જોઈએ.
એવું કોઈ કહેતું નથી.

મધ્યકાલીન કવિતા

# નરભેરામ

## નાણું આપે નરભો રે

ઈ૦ની ૧૮મી સદી ઉત્તરાર્ધથી  ઈ૦ ૧૮૫૨ સુધી હયાત  વૈષ્ણવ કવિ નરભેરામની ઉત્કટ કૃષ્ણભક્તિ એમનાં પદોમાં વિનોદભરી શૈલીમાં વ્યક્ત થઈ હોવાથી ઉમાશંકર જોશીએ એમને ‘હસતા સંતકવિ’ કહેલા. નીતિ અને ભક્તિનો બોધ આપતી અને આત્મકવનના રૂપે પણ રચાયેલી નરભેરામની કૃતિઓમાં થોડાંક છૂટક પદો ઉપરાંત ‘કૃષ્ણચરિત્ર-બાળલીલા’, ‘કૃષ્ણવિનોદ’, ‘રાસમાળા’, ‘અંબરીષનાં પદો’, ‘જીવને શિખામણ’ વગેરે જેવી આખ્યાનાત્મક પદમાળાઓનો સમાવેશ થાય છે. છપ્પા, ચાબખા, કાફી, ગરબી, મુક્તક એવું સ્વરૂપવૈવિધ્ય પણ એમણે દાખવ્યું છે.

તીર્થસ્થાને (ડાકોરમાં) પ્રવેશ-કર માગવામાં આવતાં જ અકળાતા ભક્તે ઈશ્વરને કરેલો સણસણતો ઉપાલંભ આ પદમાં સરસ અભિવ્યક્તિ-મરોડમાં ઝિલાયો છે. ‘લ્યો, નાણું આપું છું, વાવરજો (=વાપરજો)’ એટલું કહીને ન અટકતા કવિ વળી વળ ચડાવે છે – ‘ગાંઠે બાંધજો તાણી રે.’ નાણું માગનાર  ‘ધોળી ધજાવાળા’ –સર્વપ્રતિષ્ઠિત – છે એવો કટાક્ષ કરવાનું પણ કવિ ચૂકતા નથી.! છેલ્લે કહે છે આ તલમાં તેલ નથી, એટલે કે મારી પાસેથી શું મળવાનું? – તો કે ‘હરિહર જપમાળા.’ એકથી વધુ અર્થ-ધ્વનિ આપતું આ છેલ્લું ચરણ કાવ્યને વધુ નાટ્યાત્મક કરે છે.




નાણું આપે નરભો રે, વાવરજો છોગાળા;
ગાંઠે બાંધજો તાણી રે, ધોળી ધજાવાળા.

કપટી કેશવ જાણત તો શાને, આવત પચાસ જોજન,
સાંભળ્યું શ્રવણે સાધુને છાપે છે, માટે મળવા ધસ્યું મન,
દરશન દ્યોને રે, દૂર કરી પાળા. નાણું૦


ભેખ દેખીને અજર નથી કરતા, છાપ આપો છો હરિ,
પાઘડી ભાળી છાપ ખાળી છબીલા, પરીક્ષા તો એવી કરી!
સમસ્યા લેજો સમજી રે, જે કહી કાનડ કાળા! નાણું૦

હારો છો જનથી નથી હરવાતા, માટે હરિ! હઠ મેલ,
કહે નરભો છોટાલાલપ્રતાપે, નથી એ તલમાં તેલ;
લેવાનું મુજ પાસે રે, હરિ હરિ જપ માળા! નાણું૦

*(મધ્યકાલીન પદસંચય, ૧૯૯૮)*

# સમુદ્રકાવ્યો

રમણીક સોમેશ્વર




૧.

ચંદ્ર
અંકોડો ભેરવીને
ઊભો છે કાંઠે
અને
તરફડે છે આખો સમુદ્ર
ચાંદનીની જાળમાં
સપડાયો છે પૂરો
આરડે છે એની ભીતર
યુગોના યુગો

૨.

પાછા વળી જાય
મારી ભીતરના સમુદ્રો
ફીણફીણ કરી મને
મૂકીને કાંઠે

વિલાતો ચંદ્ર
તરફડતો તરફડતો
ઠરી જાય
કાંઠે પડેલી
કોડીમાં.

# કાવ્યસપ્તક

**પ્રદ્યુમ્ન તન્ના**

ભાવનગરથી મુંબઈ જઈને જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં ભણી, ઑલ ઇન્ડિયા બોર્ડના ડિઝાઈન સેન્ટરમાં બેત્રણ વર્ષ કામ કરીને, ઈટાલિયન શિષ્યવૃત્તિ મળતાં ૧૯૬૧-૬૨થી ત્યાં જઈને સ્થિર થયેલા પ્રદ્યુમ્ન તન્ના (જ. ૭.૭.૧૯૨૯ – અવ. ૩૦.૮.૨૦૦૯) કવિ તરીકે ૧૯૬૦-૭૦ના દાયકામાં જાણીતા થયેલા રંગદર્શી ગીતોના સર્જક. ઇટલી ગયા પછી પણ એમણે કાવ્યલેખન ચાલુ રાખેલું. તળપદ ભાષાભાતવાળી એમની રચનાઓમાં ઊર્મિઉછાળ અને અભિવ્યક્તિની એક અલગ મુદ્રા રચાયેલી છે એ આસ્વાદ્ય છે.



## શ્રાવણી સાંજે

કોઈની ના જોઈ રહી વાટ
અમથી અમથી ને તોય બેઠી છું ક્યારની એકલી તળાવડીને ઘાટ!

ધુમ્મસના ગોટ સમાં શ્રાવણનાં વાદળાં જાતાં ઝળુંબી ચહુ ઓર
કેવડાની મ્હેંક લઈ વાતા પવંનને હળવે તે એક રે હિલોળ.
કુંજ કુંજ ઝરી ઝરી જાય રૂડી છાંટ!
અમથી અમથી ને તોય બેઠી છું ક્યારની એકલી તળાવડીને ઘાટ...

કાંઠાની ઝાઝી ઝુકેલી વનરાઈ થકી બોલ ના વિહંગનો સુણાય,
કિલકારે ગુંજતી ડાળડાળ આજ કોઈ મૌનની મીઠેપ મહીં ન્હાય!
ભીનું ભીનું ઉર મારું ભીનાં ભીનાં ગાત!
અમથી અમથી ને તોય બેઠી છું ક્યારની એકલી તળાવડીને ઘાટ...

ઓચિંતી પચ્છમથી પીગળેલા હેમ શી તડકાની ઝીણી ઝરે ધાર,
ન્યાળું ન્યાળું ને હજી ત્યાં તો ઘડીકમાં સામસામા સાંધતું કિનાર,
સોહી રહે મેઘધનુ એવું રળિયાત!
અમથી અમથી ને તોય બેઠી છું ક્યારની એકલી તળાવડીને ઘાટ...

આથમતી સાંજ ને આઘેરા જાવું મારે વીંધી તમાલનું વંન,
એવું કશુંક તોય ગમતું કે આંહીંથી હાલવાનું થાતું ના મંન,
ભરી ભરી ઠાલવુંને ફરી ભરું માટ!
અમથી અમથી ને તોય બેઠી છું ક્યારની એકલી તળાવડીને ઘાટ...

(૧૯૬૦)

# અમીં નહીં! અમીં નહીં!

[૧૯૬૫ના સપ્ટેમ્બર દરમિયાન હું અને રોઝાલ્બા નેપલ્સમાં પરણ્યાં. ઝાઝા અંતર અને ખર્ચની સમજી શકાય એવી બાધાને લઈ એકેય કુટુંબી એ ટાણે હાજર રહી શક્યું નહોતું. પત્ની સંગ ભારત પાછા ફરતાં સંજોગાવશાત્‌, ત્રણેક વર્ષો નીકળી ગયાં. પહેલી જ વાર ઘેર આવતી પરદેશી વહુને જોવા કુટુંબ આખુંય ભેળું મળ્યું. રોઝાલ્બાને ત્યારે અંગ્રેજી આવડતું નહોતું. આમ થતી રહેતી પૂછા હું એને ઈટાલીયનમાં કહી સંભળાવતો અને એણે દીધો ઉત્તર ગુજરાતીમાં. બાપુએ રમૂજમાં સવાલ ક ર્યો ‘દીકરી! તારે ગામ કોઈ ન જડ્યો તે મારા દીકરાનો હાથ ઝાલ્યો?!’ સવાલને સમજતાંની સાથે જ બાપુ સંગ આંખ પરોવતી એ બોલી, ‘બાપુજી! ભાગ જાતું’તું મારે રસ્તે થઈ, ઓળખ્યું ને ઝબ્બ લીધું ઝાલી. હવે છોડે ઈ બીજા!’

સ્થળ-કાળ, દેશ-વિદેશ, રહેણી-કરણી, ધર્મ અને ભાષાની ભિન્નતાને સાંકળતા પ્રેમોદ્‌ગાર થકી નીપજ્યું છે આ વ્રજ ગીત.]

રમતું’તું રાત્ય દંન જીભે જિનું નામ
ઈ જીવતો ને જાગતો જો આવી મળ્યો આમ
તો ઝબ્બ લીધો ઝાલી, હવે છોડે ઈ બીજાં
સઈ! અમીં નહીં! અમીં નહીં!


જેટલું સુગાળવી નજરે નિહાળી રિયાં
આવતાં ને જાતાં સહુ લોક
એટલું હસીને અમીં જૂઠી મરજાદનાં
ઓઢણ ઉતાર્યાં છડેચોક!
એ જી ઊભી બજાર બીચ વીંટ્યો કાળો કામળો
કે ઓર કો’ મલીર હવે ઓઢે ઈ બીજાં
સઈ! અમીં નહીં! અમીં નહીં!

ઘેર ઘેર થાય ભલે વાત્યું વગોવણીની
જીવને ના છોભે જરી થાતો,
જગના વે’વારથી વેગળો તે વ્હાલપનો
જોઈ બૂઝી બાંધ્યો છે નાતો!
એ જી ભવભવના ભાગ લીધાં આંકી લેલાડ
કે ચાંદલો ગમે તે હવે ચોડે ઈ બીજાં
સઈ! અમીં નહીં! અમીં નહીં!

(૧૯૮૭)

# વેણીભાઈ પુરોહિત


**વેણીભાઈ જમનાદાસ પુરોહિત** (જન્મ ૧.૨.૧૯૧૬ – અવસાન ૩.૧.૧૯૮૦) ‘પારેવાં’ અને ‘સુખનાં સુખડ’ જેવી ઘૂંટાયેલી કાવ્યરચનાઓના સર્જક ઉપરાંત ફિલ્મ આદિ માટે લખેલી ‘તારી આંખનો અફીણી...’ જેવી કે રેડીઓ પરથી પ્રસારિત ‘હરિકીર્તનની હેલી...’ કે ‘મેઘરાજાની ઘમક ઘૂઘરવેલ...’ જેવી કર્ણમધુર ગીતિરચનાઓથી વ્યાપક સમુદાયમાં વધુ જાણીતા હતા. અનુ-ગાંધી સમયના મધુર-પ્રાસાદિક કવિતાના બાલમુકુન્દ દવે જેવા એક નોંધપાત્ર આ કવિનું ભાવસંવેદન ભક્તિની આર્દ્રતાવાળું વિશેષ હતું. જોકે ‘સિંજારવ’(૧૯૫૫), ‘દીપ્તિ’(૧૯૫૬), ‘આચમન’(૧૯૭૫) સંગ્રહોમાં એમની વિવિધ વિષયો પરની ગઝલ, ગીત, છંદ-રચનાઓ પણ છે. ‘કાવ્યપ્રયાગ’ નામે એક કાવ્યાસ્વાદ-સંગ્રહ પણ એમણે કરેલો. ગેય બાળવાર્તાઓ ‘જોઈતારામની જડીબુટ્ટી’ તથા બે વાર્તાસંગ્રહો પણ આપનાર વેણીભાઈ જીવનભર પત્રકારત્વ સાથે સંકળાયેલા રહ્યા.



## નયણાં

ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં,
એમાં આસમાની ભેજ,
એમાં આતમાનાં તેજ :
સાચાં તોયે કાચાં જાણે કાચનાં બે કાચલાં :
　　ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.

સાતે રે સમદર એના પેટમાં,
છાની વડવાનલની આગ,
ને પોતે છીછરાં અતાગ :
સપનાં આળોટે એમાં છોરુ થઈને ચાગલાં :
　　ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.





જલના દીવા ને જલમાં ઝળહળે
કોઈ દિન રંગ ને વિલાસ,
કોઈ દિન પ્રભુ! તારી પ્યાસ,
ઝેર ને અમરત એમાં આગલાં ને પાછલાં :
　　ઊનાં રે પાણીનાં અદ્‌ભુત માછલાં.

ગાન: અમર ભટ્ટ

*(સિંજારવ)*

# મણિલાલ દેસાઈ



**મણિલાલ ભગવાનજી દેસાઈ**(જ.૧૯.૭.૧૯૩૯–અવ.૪-૫-૧૯૬૬) આધુનિક સમયના એક સ્ફૂર્તિમંત કવિ હતા. મુંબઈમાંથી ગુજરાતી-સંસ્કૃત સાથે એમ.એ. થઈને ઘાટકોપરની એક કૉલેજમાં ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કરેલું. નાની વયે એકાએક માંદગીમાં આકસ્મિક અવસાન. એમના મરણોત્તર(૧૯૬૮માં) પ્રગટ થયેલા કાવ્યસંગ્રહ **રાનેરી**(સંકલન-સંપાદન જયંત પારેખ)માં તાજગીભર્યા લયહિલ્લોળવાળાં ગીતો ઉપરાંત ગઝલ, છંદોબદ્ધ,અછાંદસ એમ વિભિન્ન પ્રકાર ની રચનાઓ ધ્યાનાર્હ છે.



## ૧
## પલ

સરકી જાયે પલ...
કાળ તણું જાણે કે એ તો વરસે ઝરમર જલ!

નહીં વર્ષામાં પૂર,
નહીં એ ગ્રીષ્મ મહીં શોષાય,
કોઈના સંગ-નિઃસંગની એને
કશી અસર નવ થાય,
ઝાલો ત્યાં તો છટકે એવી નાજુક ને ચંચલ!

છલક છલક છલકાય
છતાં યે કદી શકી નવ ઢળી,
વૃન્દાવનમાં,
વળી કોઈને કુરુક્ષેત્રમાં મળી,
જાય તેડી પોઢેલાંને યે નવે લોક, નવ સ્થલ!

## વાર્તા લઘુકથા નવલકથા-અંશ




રામનારાયણ પાઠક
દ્વિરેફ

માય ડિયર જયુ

સુવર્ણા

રાજેદ્ર થડસર

મોહનલાલ પટેલ

રેખાબા સરવૈયા

કનૈયાલાલ મુનશી

# સૌભાગ્યવતી !! – દ્વિરેફ



*વિવેચક, પિંગળકાર, વાર્તાકાર, કવિ, નિબંધકાર, અનુવાદક, સંપાદક* **રામનારાયણ વિશ્વનાથ પાઠક** *(૮.૪.૧૮૮૭ – ૨૧.૮.૧૯૫૫) હવે 'સંચયન'ના સર્વ વાચકોને માટે પણ જાણીતા છે.* **'દ્વિરેફ'** *ઉપનામથી લખેલી એમની વાર્તાઓ કથારસ અને પ્રયોગશીલતા બંને રીતે આસ્વાદ્ય છે.*

*'સૌભાગ્યવતી!!' દામ્પત્યજીવનમાં સ્નેહ અને કર્તવ્ય નિભાવતી ગૃહિણીના વયનિષ્ઠ કામ-સંબંધની એક નાજુક, રહસ્યગર્ભ પળની નજીક લઈ જતી સંવેદનશીલ વાર્તા છે. એની કથનશૈલી પણ રસાળ છે.*




મલ્લિકાબહેન આવ્યાં ત્યારથી મારે તેમની સાથે મૈત્રી શરૂ થયેલી. બધામાં કંઈક તેમના તરફ મારું મન ઘણું આકર્ષાતું. એવી નમણી અને સુંદર બાઈ મેં દીઠી નથી. ઉંમર કાંઈ નાની ન ગણાય, પાંત્રીસ ઉપર શું, ચાળીસ હશે. પણ મોં જરાપણ ઘરડાયેલું ન લાગે. છોકરાં નહિ થયેલાં એ ખરું, પણ કોઈ કોઈ એવાં નથી હોતાં, જેમને ઘણાં વરસ જુવાની રહે? કશી ટાપટીપથી નહિ, સ્વાભાવિક રીતે જ.

અને ખાસ તો મને એટલા માટે આકર્ષણ કે મને બંનેની જોડ બહુ સુખી ને રસિક લાગેલી. વિનોદરાય પણ સુંદર, પડછંદ શરીરવાળા ! મને બરાબર યાદ છે, એમની સાથે અમારે કેમ ઓળખાણ થઈ તે. રાતના દસ વાગે ઓચિંતા 'ડૉક્ટર સાહેબ' કરતાં આવ્યા ! હું અને ડૉક્ટર ચાંદનીમાં બહાર ખુરશીઓ નાખી બેઠેલાં. અલબત્ત, સાધારણ રીતે જાણીએ કે નવા આવેલા એક્સાઈઝ ઈન્સપેક્ટર છે. આવકાર આપી બેસાડ્યા, પૂછ્યું, તો કહે, જુઓને ડૉક્ટર, ગાલે ઝરડું ઘસાયું છે. ડૉક્ટરે ટોર્ચ નાંખી જોયું તો ખાસ્સો અરધોક ઈંચ ઊંડો ઘા પડેલો. તે ને તે વખતે પાટો બાંધી આપ્યો. એ ગયા પછી ડૉક્ટર કહે, આપણા દેશમાં મિલિટરી ખાતામાં આપણા લોકો જઈ શકતા હોત તો વિનોદરાય તો લશ્કરમાં શોભે એવા છે ! અને ખરેખર એવા જ હતા. ઘોડદોડની શરતમાં સાહેબો સાથે પણ ઊતરે અને ઘણી વાર ઇનામ લઈ જાય!

કંઈક મારું એ દંપતી તરફ વધારે ધ્યાન ગયેલું તેનું કારણ મને તેમના જીવનમાં રોમાન્સ દેખાતું તે પણ હશે. માણસને ઘણીવાર પોતાની વિરુદ્ધ સ્વભાવવાળાં માણસો તરફ આકર્ષણ થાય છે. અમે બંને શાન્ત સ્વભાવનાં, અને આ વિનોદરાય! અદમ્ય પ્રેમવાળા! એક વાર મળવા આવ્યા હતા, અમારે પછી તો ઘણો નિકટનો પરિચય થયેલો, ત્યારે ડૉક્ટર કહે, 'વિનુભાઈ, રાતમાં એટલા બધા શા માટે ઘોડો દોડાવતા આવ્યા કે ઝરડું વાગ્યું?' ત્યારે કહે – મને બરાબર યાદ છે, એ મશ્કરીના અવાજથી બોલતા હતા પણ તેમનો આવેશ સાચો હતો – કહે : 'મારો ઊંટવાળો એક દુહો ઘણી વાર ગાય છે :

> પાંચ ગાઉ પાળો વસે, દશ કોશે અસવાર;
>
> કાં ગોરીમાં ગુણ નહીં, કાં નાવલિયો નાદાર !

તે હું છતે ઘોડે દૂર પડી રહું તો નાદાર ગણાઉંના? દસ ગાઉમાં હોઉં તો નક્કી જાણવું કે રાત અહીં જ ગાળવાનો!' અને એ આવેશ એમના જીવનમાં સાચો હતો. એક વાર બપોરે હું મલ્લિકાને ત્યાં બેસવા ગઈ હતી. વિનોદરાય ડિસ્ટ્રિક્ટમાં લાંબું રહેવાના હોય ને મલ્લિકા એકલાં હોય ત્યારે ઘણી વાર એમને

ઘેર હું બેસવા જતી. એક વાર અમે બંને વાતો કરતાં હતાં ત્યાં ધબધબ કરતાં વિનોદરાય દાદર ચડ્યા અને ઑફિસેય ગયા વિના, પરભાર્યા ઘરમાં જ –

કાં ગોરીમાં ગુણ નહીં, કાં નાવલિયો નાદાર!

ગાતાગાતા વેગથી અંદર ધસ્યા. મલ્લિકાનું મોં પડી ગયું, અને સારું થયું તેમણે અંદર આવ્યા પછી મને તરત જોઈ! પછી પોતે મોં ધોવા ચાલ્યા ગયા. હું પણ કામનું બહાનું કાઢી ચાલી નીકળી.

મને થયું : હું અને ડૉક્ટર જેવાં માણસોની વાત જુદી છે. પણ સામાન્ય લોકોમાં, દંપતીને પ્રસંગેપ્રસંગે થોડું જુદું રહેવાનું આવે, તો તેમના જીવનનો કંટાળો, પરસ્પરની ઉદાસીનતા ઓછી થઈ, પ્રેમ તો શી ખબર, પણ જીવનમાં રંગ તો આવે.

પણ એક વાત મને નહોતી સમજાતી. ઘણી વાત મલ્લિકાને ઊંડે ઊંડે કોઈ દુ:ખ હોય એવું મને જણાતું. એને છોકરાં નહોતાં, પણ છોકરાંનું દુ:ખ કરે એવી એ નહોતી. અને એ દુ:ખ સાચું હોવું જોઈએ. એ કાલ્પનિક દુ:ખથી દુ:ખી થાય એવી નબળા મનની નહોતી. એનો સ્વભાવ જોતાં હું પૂછવાની હિંમત કરી શકતી નહિ. એ પોતાનું દુ:ખ પોતે જ કોઈની સહાનુભૂતિ વિના સહી લે એવી માનિની હતી. દહાડા જતા ગયા તેમતેમ દુ:ખની ખાતરી મને વધતી ગઈ અને તેનું કૌતુક પણ વધતું ગયું.

એક વાર વિનોદરાય ડિસ્ટ્રિક્ટમાં હતા અને મલ્લિકા મારે ઘેર બેઠી હતી. બપોરના ત્રણેકને સુમારે નોકર કહેવા આવ્યો કે સાહેબ આવ્યા છે. મારાથી કહેવાઈ ગયું કે ‘પધારો ગુણવંતી ગોરી, તમારા નાવલિયા આવ્યા.’ પણ એમ કહીને તેમની સામે જોઉં છું તો એટલાં જુગુપ્સા, સંતાપ, તિરસ્કાર, વ્યથા મલ્લિકાના મોં પર દેખાયાં કે હું આભી જ બની ગઈ. એ લગભગ મારી ઉંમરની જ, છતાં મેં તદ્દન જુવાન હોય એવી મશ્કરી કરી તેથી, કે મારી મશ્કરીમાં તે છોકરાં વિનાની છે એવો કટાક્ષનો એને વહેમ પડ્યો તેથી, તેને માઠું લાગ્યું કે શું તે હું કશું જ ન સમજી શકી. તેને પૂછવાને, તેની માફી માંગવાને, મેં તેની સામે જોયું પણ તે મારી સામું જોયા વિના ચાલી ગઈ. બે ત્રણ દિવસ પછી પાછી મને મળવા આવી ત્યારે, પહેલાં મળવા આવી ત્યારે હતી તેટલી જ ખુશમિજાજમાં તેને જોઈ એટલે પછી મારા મનનો વહેમ જતો રહ્યો. મેં તેને પૂછ્યું નહિ, પણ મારું કૌતુક દહાડે-દિવસે વધતું ગયું.

એક દિવસ બપોરે મલ્લિકા મારે ઘેર હતી. અમે બંને એક કોચ પર બેઠાં હતાં. ત્યાં અમારી દૂધવાળી જીવી તેની નાની છ વરસની દીકરીને લઈને આવી. જીવી એક ખરેખર પ્રભાવશાળી વ્યક્તિ છે. ઊંચી અને કદાવર! તેનું શરીર જુવાનીમાં જાડું નહિ પણ પુષ્ટ અને ભરાવદાર હશે. વર્ણે ગોરી છે, જાણે ક્યાંકની રાણી થવા સરજાયેલી હોય એવી મોટી ગંભીર ચાલે તે ચાલે છે. તેની ચામડી તેજસ્વી છે. જોકે આંખના ખૂણાની કરચલી તેનો ઘરડાપો અને જીવનની ઉપાધિઓ સૂ ચવે છે. ત્રણેક વરસ ઉપર અહીં આવી ચડેલી. અમારે ઘર માટે અને દવાખાનનાં દરદીઓ માટે ઠીકઠીક દૂધ જોઈએ પણ દૂધ ખરાબ આવતું. અમને હંમેશનો અસંતોષ રહેતો. ત્યાં આ બાઈએ આવી ઘરાકી બાંધવાનું કહ્યું. ભાવ પણ તેણે જરાક ઓછો બતાવ્યો; અને મને તેના બોલવામાં શ્રદ્ધા આવવાથી મેં ડૉક્ટરને કહ્યું. ને ત્યારથી તેનું જ દૂધ અમે લેવા માંડ્યાં. કદી ભેગ નહિ, કદી બગડે નહિ. એના સામું જોઈને મેં કહ્યું: ‘કેમ આવી અત્યારે?’

મલ્લિકા કહે : ‘તમે ઘણીવાર વાત કરો છો જે બાઈની તે આ?’

મેં કહ્યું : ‘હા. કેમ જીવી, આજ આટલું વહેલું દૂધ કેમ લાવી?’

જીવી કહે : ‘બહેન, દૂધ તો નિતને વખતે લાવીશ. આ તો મારી પાડી વિયાણી, તે કહ્યું લાવ બહેનને આપી આવું! બળી કરીને શાબને ને છોકરાંને ખવરાવજો. પહેલવેતરી છે. નહિ તમારી પાસેથી પૈસા લઈને વેચાતી લીધી’તી, – એ પાડી! રૂપાળી બળી થશે.’

મેં કહ્યું : ‘ઠીક, સારું. પાડીને શું આવ્યું? પાડી કે પાડો.’

‘બહેન, આવી છે તો પાડી!’ કહેતાં જીવીથી જરાક મલકાઈ જવાયું.

હું ઊભી થઈને કબાટમાંથી પૈસા લેવા જતી હતી, તે જીવી સમજી જઈને બોલી: ‘મારા સમ બહેન! તમારે પરતાપે તો અહીં હું ઠરીને રહી છું અને આ તો શી વિશાત છે, પણ તમ જેવાં મારે ઘેર આવ્યાં હો ના, તો હું તમારા દૂધે પગ ધોઉં! મેં તો ચારચાર ભેંશનાં વલોણાં કર્યાં છે, ને મહેમાનોને હોંશેહોશેં દૂધ ને ઘી પીરસ્યાં છે.’

મેં પૂછ્યું : ‘તો અલી તારું ગામ કયું?’

‘આ નહિ રહ્યું જીવાપર? અહીંથી આઠ ગાઉ થાય.’

‘તે ત્યારે ત્યાંથી ઢોરબોર બધું ફેરવી નાખ્યું?’

‘ના બહેન, ત્યાં બધુંય છે. ચાર ભેંશું છે, ચાર બળદ છે.’

‘ત્યારે એ બધાંનું કોણ કરે છે?’

‘કાં, દીકરાની વવું છે ને! ચાર દીકરા છે, બેની વવું છે, એકની હમણાં આવશે, બે દીકરિયું છે, તેમાં એક તો આણું વળાવવા જેવડી છે. મારો પટેલ બેઠો છે!’

મને વાતમાં વધારે રસ પડ્યો. મેં કહ્યું, ‘જીવી આજ તો વહેલી આવી છે તે બેસ. અમે કરેલી બળી ચાખતી જા.’ નોકરને બળી કરવાની સૂચના આપી ને પાછી આવી હું ફરી કોચ પર બેઠી. ટિપાઈ જીવી-આડી આવતી હતી. તે એક બાજુ મૂકી તેની સાથે વાત શરુ કરી.

‘લે જીવી નિરાંતે બેસ. વાત કર. મને કહે, એવું ઘર મૂકીને અહીં કેમ આવી?’

‘કંઈ નહિ બહેન, વળી અહીં આવી, બીજું શું?’

‘કેમ, છોકરાની વહુઓ સાથે ન બન્યું, કે દીકરીઓને પરણાવવામાં કાંઈ તકરાર થઈ, થયું શું? કહે.’

‘અરે બહેન! હું તો વવુંને હથેળીમાં રાખું એવી છું. મારે દીકરીઓ ને વહુવારુમાં જરાય વહેરોવંચો નહિ. બધાંયને સાથે લૂગડાં લઉં!’

મેં કહ્યું : ‘ડાહી થઈને કહે છે, પણ જરૂર વહુઓ સાથે નહિ બન્યું હોય. એવી જબરી છો, કે બધું ધાર્યું કર, ને ધાર્યું કરવા જતાં નહિ બન્યું હોય.’

ફરી જીવીએ કહ્યું : ‘ના બહેન, સાચું કહું છું.’

એટલામાં બળી તૈયાર થઈને આવી. ટેબલ ઉપર મૂકી જીવી કહે : ‘બહેન, ઊનીઊની ચાખી જુઓ. ગોળ લઈને ખાઓ. ગોળ સાથે સારી લાગે.’ પણ મને તોફાન સૂઝ્યું તે કહ્યું : ‘ના, એ તો તારી વાત કહે તો જ ખાઉં, નહિ તો ભલે ટાઢી થઈ જાય; એમ ને એમ પડી રહેશે, હાથ અડાડે એ બીજાં!’

જીવી જરા હસી. ‘બહેન તમેય તે’ પછી ધીમે રહીને છોકરીને ‘જા બેટા, લોટો લઈને ઘેર જા, ભેંશું આવવાવેળા થશે. જા, હું હમણાં આવી હોં.’ કહીને તેને ઘેર મોકલી. મેં કહ્યું : ‘ભલે ને બેઠી.’ જીવી કહે : ‘ના, મોટાંની વાતુંમાં છોકરાંને બેસાડવાં સારાં નહિ. જા બેટા.’ મેં તાજી બળી પાંચ છ ચોસલાં છોકરીના હાથમાં માય તેટલાં આપ્યાં, ને લોટમાં ગોળનું દડબું નાંખ્યું ને કહ્યું, ‘સંભાળીને જજે હોં! છોકરી ગઈ એટલે મેં કહ્યું : ‘આને કેવડી લઈને આવેલી ?’

‘બે વરસની’

‘ત્યારે કહે, કેમ આવેલી? લડી નહોતી ત્યારે ઘર છોડીને કેમ ચાલી આવી? કેમ કાંઈ ઘરડી થઈ એટલે પટેલે બહાર ફરવા માંડ્યું, કે શું થયું કહે?’

‘ના બહેન! એની પીઠ સાંભરે છે, મારાથી ખોટું ન બોલાય. પટેલ એવો નથી.’

‘ત્યારે રિસાઈ હો તો તારા પટેલને બોલાવું. તને મનાવીને લઈ જાય. તારા જેવી બાઈ તો ઘરમાં કેવી શોભે!’

‘અરે, એ તો હું કહું એટલું કરીને લઈ જાય એમ છે. પાડી લઈને આવી. એને ખબર પડી, મને તેડવા આવ્યો, ને કહે શહેરમાંથી કહે એ લૂગડાં ને ઘરેણાં લઈ દઉં હાલ્ય, બસો રૂપિયા બાંધીને આવ્યો છું. હાલ્ય જાણે શહેરમાં માલ લેવા આવ્યાં’તાં. તને ગમશે એમ રાખીશ. પણ મેં જ ના પાડી.

મને બહુ આશ્ચર્ય થયું. બાઈને પટેલ માટે ભાવ હતો, સ્નેહ હતો, એ હું જોઈ શકતી હતી. છતાં આ બાઈ આટલી ઉંમરે એકલી રહેવા નીકળી આવી! મને તો સમજાયું નહિ, મારું કુતૂહલ વધ્યું. ‘ત્યારે કેમ આવી કહે. મારા સમ ન કહે તો!’

જીવી બોલી : ‘બહેન, એવા સમ શા સારું દેતાં હશો? તમ જેવાં નસીબદારને મારે શું કહેવું?’

‘ના જો, મારા સમ દીધા ને! મને કહે.’

‘જુઓ બેન! હું ઘરડી થઈ. હવે મને છોકરાં થાય એ ખમાતું નથી. એટલે આ છેલ્લી છોકરીને લઈને ચાલી નીકળી.’

'પણ એવું હોય તો તને છોકરાં ન થાય એવું કરાવી આપું. હવે આ મોટાં મોટાં માણસો એવું કરે છે. જોતી નથી? આ દેસાઈ સાહેબ. ત્રણ છોકરાં છે. નાનું છોકરું આઠ વરસનું થયું, પણ તે પછી છોકરાં નથી!'

'પણ બહેન, મારે તો સંસાર-વહેવાર જ નથી જોઈતો. હું ધરાઈ રહી છું. હું ઘરડી થઈ ને એ તો એવો ને એવો જુવાન રહ્યો! હું વીસ વરસની આવી ને હતો, એવો ને એવો છે, મૂઈ હું મરીયે ન ગઈ, નહિ તો એ એની મેળે જુવાન બૈરી લાવત ને એના બધા કોડ પૂરા થાત. પણ બહેન, હવે આ ઘરડા શરીરે, એક જરા અડે છે એય નથી ખમાતું! કોણ જાણે કેમ, એને મારાં હાડકાં ચામડાંની માયા હજી નથી છૂટતી! હોય, માણસને જુવાનીમાં મદ હોય, મારેય જુવાની હતી, પણ બધી વાતનો નેઠો હોય કે નહિ? આ તો એવો ને એવો જ રહ્યો!'

હું તો બાઈના સામું જ જોઈ રહી. થોડી વારે કહ્યું : 'જો જીવી! આવી વાત હોય તો ધણીને સમજાવવી જોઈએ. એમાં શરમાવું શું! ચોખ્ખેચોખ્ખું કહી દેવું જોઈએ કે આનું આમ છે.'

'બહે...ન, મેં નહિ કહ્યું હોય? કેટલી વાર કહ્યું. ઘરમાં કહ્યું, ખેતરે કહ્યું, એક વાર તો સાનમાં કહ્યું. મારો નાનો છોકરો, કેરી ચૂસી રહ્યા પછી એકલાં ગોટલાનાં છોતાં ચૂસતો હતો, એને પટેલે કહ્યું, 'અલ્યા, હવે તો છાલ મેલ. એમાં શું રહ્યું છે તે ચૂસચૂસ કર છ?' મોટાં છોકરાછોકરી કોઈ ઘરમાં નહોતાં તે મેં પટેલને સંભળાવ્યું: 'એને કહો છો ત્યારે તમે જ સમજોને!' એ સમજ્યા, હસ્યા, પણ રાત પડી ત્યાં એના એ! ને રાતે મોટાં છોકરાછોકરીઓ હોય એમના દેખતાં મારાથી ભવાડા થાય? અમારાં તો ઘરેય નાનાં, ઉતાવળું બોલાયેય નહિ! ને બહેન, સાચું માનશો? હું ના કહું એમએમ એને કસ વધતો જાય. મારી ના સમજે જ નહિને! જાણે પચીસ વરસનો જુવાન! કેટલાં વરસ તો મેં ખમી લીધું. કોકકોક વાર તો એટલી ચીતરી ચડે એ વાતની, પણ શું કરું? બૈરીનો ઓશિયાળો અવતાર! કોક વાર તો ચિડાઈને જે થાયે તે થવા દીધું. જાણે એ મારી કાયા જ નથી. છેવટે ન ખમાયું ત્યારે નક્કી કર્યું કે હવે આ છોકરી જરા મોટી થાય એટલી વાર છે. એ તો સારું છે, બહેન, મારો ઊબેલ લાંબો છે. નહિતર સવાસૂરિયાં છોકરાં હોય તો કોઈ દી ઊઠવાવારો ન આવે! બહે...ન! હું બધી હિંમત હારી ગઈ ત્યારે પછી નાઠી! નહિતર, ઘર ખેતર, વહેવારવભો છોકરાંછૈયાં, બધું છોડીને કોઈને જવું ગમે? ને ગામમાં તો અમારી બેઉની કેવી આબરૂ! હું અખોવન તે નવી વહુઓ તો બધી મને પગે લાગવા આવે. ભગવાને મને બધી રીતે સુખ આપ્યું. પણ છેવટે આ એક વાતથી હું થાકીને હારી ને નાઠી!

હું તો આ બાઈની વાત સાંભળીને તેના સામે જ જોઈ રહી! મને તેના તરફ ખૂબ માન થયું. તેની હિંમત, સમજણ, ડહાપણ! થોડી વાર રહી મેં કહ્યું : 'અલી, તારી જબરી હિંમત. તને એકલાંએકલાં ખાશું શું એવી ફિકર ન થઈ?'

'ના બહેન! અમે ક્યાં તમારા જેવાં નસીબદાર છીએ, તે એવો વિચાર આવે. કામ કરીએ તો રોટલો મળી રહે, તમ જેવાં મળી જ રહ્યાં ના! અમારામાં એક ભેંશ ઉપર તો રાંડીરાંડ જન્મારો કાઢે! તો મારે તો શું છે? એક છોકરી છે તે મોટી કરીને સારી રીતે પરણાવીશ. અમે તો મહેનતુ વર્ણ તે કામ કરીને અમારું ફોડી લઈએ!'

અત્યાર સુધી મલ્લિકા શાંત બેઠી હતી તે બોલી : 'અરે બાઈ, તું જ સાચી નસીબદાર છે, તે આમ છૂટી શકી. અને અમે નસીબદાર ગણાઈએ છીએ, તે જ અભાગિયાં છીએ. અમારાં જેવાંને આવું હોય તો અમે શી રીતે છૂટી શકીએ, કહે જોઈએ.'

જીવીએ કહ્યું : 'બહેન, એવું તમારા જેવાં નસીબદારને હોય જ નહિ. એ તો અમે ભણ્યાગણ્યા વગરનાં, કશું સમજીએ નહિ, અમારે તે કાંઈ અવતાર છે. લ્યો, પણ હવે બેસો; બળી ખાઓ, છેવટે ટાઢી તો થઈ જ ગઈ. અમારા જેવાંની વાતમાં નકામો તમને ઉદ્વેગ થયો.'

મેં તેને થોડી બળી ચાખવા કહ્યું, પણ અમારી આગળ ખવાય નહિ કહી માન્યું નહિ. મેં આપવા માંડી એટલે લ્યો, તમારો શુખન રાખું છું કહી બે ચોસલાં લઈ ચાલતી થઈ. હું તેને ઉંબરા સુધી વળાવવા ગઈ, ને એ મોટી ક્યાંકની અધિકારી હોય એવી નિર્ભય ચાલે ચાલી ગઈ. એને જતી જોઈને થોડી વારે પાછી ફરી કોચ ઉપર બેસવા જાઉં છું, તો મલ્લિકા બહુ જ ગમગીન બેઠેલી. મેં કહ્યું :

સાંભળ્યું બહેન, બિચારાં ગરીબ માણસોને કેવીકેવી પીડાઓ હોય છે?' અને મલ્લિકાએ એકદમ જવાબ આપ્યો : 'માત્ર ગરીબને જ હોય છે એમ શા માટે કહો છો? એણે કહ્યાં એવાં નસીબદારને પણ હોય છે, માત્ર એટલું કે નસીબદાર જ ખરાં કમનસીબ છે કે એનો કશો જ ઉપાય કરી શકતાં નથી!'

મેં કહ્યું : 'સાચું કહે છે મલ્લિકા?' અમે એકબીજાને ટૂંકે નામે બોલાવીએ એટલાં મિત્રો થયાં હતાં.

'સાચું જ નહિ પણ અનુભવથી કહું છું.'

'શું કહે છે!'

'હા; એ બોલતી હતી તે જાણે એકએક મારી જ વાત કરતી હતી. એની પેઠે જ મને પણ સ્પર્શની સૂગ થઈ ગઈ છે, એટલે વાત આવી છે. એની પેઠે જ મેં ઘણીયે વાર તિરસ્કારથી અને જુગુપ્સાથી કોઈ ચીજ કૂતરાને નીરી દઈએ, એમ મારો દેહ સોંપી દીધો છે. એની પેઠે જ મેં નાસી જવાનો વિચાર કર્યો છે ને નાસી શકી નથી. આજ સુધી બે વાતની મને શંકા હતી તે આજ સમજાઈ ગઈ. મને એમ લાગતું તું કે મારે છોકરાં ન થયાં, તેથી જીવનમાં જે બીજું આકર્ષણ થવું જોઈએ તે ન થવાથી મારી આ દુર્દશા હશે. પણ આજ સમજી કે એવું નથી. બીજું એ કે મને જરા આશા હતી, કે જ્યારે ઘરડી થઈશ ત્યારે આ દેહનું આકર્ષણ કંઈક એની મેળે ઘટશે. આજ એ બંને વાત ખોટી પડી છે. મારી નજર આગળ મને મારી પીડાનો કાંઠો દેખાતો નથી. હવે તો મૃત્યુ જ મને ઉગારી શકે.'

જ્વાલામુખીમાંથી જ્વાલા નીકળે એમ એનો અંતસ્તાપ ભભૂકી નીકળતો હતો. મેં એને બાથમાં લીધી, આશ્વાસન આપ્યું. તે એકદમ અનર્ગળ આંસુએ રડી પડી. મેં તેને પાણી પાયું. તેને ઉઠાડી મોં ધોવડાવ્યું. તેને થોડી બળી ખાવાનું કહ્યું : પણ મને કહે : 'આજે હવે નહિ ખાઈ શકું. મને આવું થાય છે ત્યારે ગળે ડચૂરો બાઝે છે.' પછી મેં કૉફી પાઈ, ઘણી વાર બેસાડી તેને ઘેર મોકલી.

થોડી વારે ડૉક્ટર આવ્યા. ટેબલ પર રકાબીઓમાં પીરસેલી બળી જોઈ કહે: 'કેમ, મારા આવ્યા પહેલાં બધું પીરસી રાખેલું છે.' મેં કહ્યું : 'આ બળી ઉપર એવો શાપ છે કે એ ખાવાની વાત કરીએ ને ખવાય નહિ. મેં ગરમગરમ ખાવાનો વિચાર કરેલો ને બે-અઢી કલાકથી એમ ને એમ પીરસેલી પડી છે. એવી ભયંકર વાતો સાંભળી કે ખાઈ જ ન શક્યાં.'

ડૉક્ટરે કહ્યું : 'એવી શી વાત હતી વળી?'

મેં કહ્યું : 'એક વાર ખાઈ લો પછી કહીશ.'

'અરે પણ અમે તો મડદું ચીરીને પણ તરત ખાવા બેસીએ. ઑપરેશનમાં જીવતા માણસોને કાપીને પણ તરત પછી ખાવા બેસીએ.'

મેં કહ્યું : 'ના, તોય ખાઈ લો. પછી કહીશ'

ડૉક્ટરે કહ્યું : 'ના, હવે તો સાંભળ્યા પછી જ ખાઈશ, નહિતર નહિ ખાઉં.'

ડૉક્ટર માન્યા નહિ. મેં જીવીની ને મલ્લિકાની બંનેની આખી વાત કહી સંભળાવી. વાત પૂરી થયે મેં કહ્યું : 'એ પેલો દુહો બોલતા ત્યારે તો મને એમના જીવનમાં કવિતા હશે એમ લાગેલું.'

ડૉક્ટરે કહ્યું : 'ખરાબ માણસ બૈરીને અને કવિતાને બંનેને બગાડે છે.'

પછી એક ખાવા ખાતર બળી ખાધી, પણ એ વિચારમાં પડી ગયા. મને કહે : 'હું વિનોદરાયને વાત કરીશ જ.' મેં કહ્યું : 'એને મલ્લિકા વિશે ખરાબ નહીં લાગે?' મને કહે : 'અમે ડૉક્ટરો તો ગમે તે વાતમાંથી ગમે તે વાત કરી શકીએ. હું તો એને છોકરાં નથી એ વાતમાંથી પણ તે વાત કાઢી શકું.'

પછી એમણે વાત તો કરી પણ મલ્લિકાને મેં વધારે સુખી કોઈ દિવસ જોઈ નહિ. આઠેક મહિને એમની બદલી થઈ ત્યારે મલ્લિકા મને મળવા આવી. મારી પાસે પોસપોસ આંસુ રોઈ. મને કહે : 'હવે ઝાઝું નહિ જીવી શકું, કદાચ તમને કાગળ ન લખી શકું, પણ મરતાં તમને સંભારતી મરીશ એમ માનજો.' મને થયું માણસની કેવી નિરાધારતા છે? અમે કે કોઈ એને કશી જ મદદ ન કરી શકીએ!

અને વરસેકમાં તેણે પોતાના જીવનનો અંત આણ્યો. વિનોદરાય ડિસ્ટ્રિક્ટમાં હતા ને એ મરી ગઈ. તેના મરણના ખબર આવ્યા ત્યારે અમારાં ઓળખીતાં મારે ઘેર આવ્યાં. અને મારે મોઢે ખરખરો કરવા લાગ્યાં. બધાં કહેતાં હતાં : 'કેવી નમણી!' 'કેવી ભાગ્યશાળી!' 'એને જોઈએ ને સૌભાગ્યવતી સ્ત્રીનો ખ્યાલ આપણને આવે!'

'ને સૌભાગ્યવતી જ મરી ગઈ.'

મને મનમાં થયું : 'સૌભાગ્યવતી!!'

*['દ્વિરેફની વાતો ભાગ-૩', ૧૯૪૨]*

વાર્તા

# તલા શેઠ માથું ખંજોળે છે !


## માય ડિયર જયુ

[માય ડિયર જયુ એટલે જયંતિ ગોહિલ(૧૯૪૦) આધુનિક ગુજરાતીના વિચક્ષણ વાર્તાકાર-નવલકાર અને સજ્જ વિવેચક છે. 'થોડાં ઓઠાં'ની વાર્તાઓમાં સૌરાષ્ટ્રના ગોહિલવાડની તળ બોલી, કથા-કથનની આગવી શૈલી-છટાને કારણે રસપ્રદ એટલી જ પારદર્શક લાગશે.

આ વાર્તામાં, રેખાંકનના લસરકામાં જ પાત્રની વિષય-મનોવૃત્તિ સુરેખ ઝિલાઈ છે. એનું લેખક-મુખે જ પઠન – કહેણી – સાંભળતાં એનો વિશેષ અસરકારક અનુભવ થશે.]

દરવાજો વટો અટલે ટાણાની મોટી બજાર શરૂ થાય. મોટી અટલે ખરોખર મોટી. ઠેઠ રામજી મંદિર લગી હારબંધ દુકાનું. મલક માતરની ચીજવસ્તુ આ બજારમાંથી મળે. ન્હાય તે માંગો, હાજર. સોનારૂપાનાં ઘાટઘરેણાંથી લઈને તેલતૂરી ને ઓહડિયાં ય આંયા હાજર. તે અડખેપડખેના ગામના હટાણાથી દિ' આખો બજાર ભરીભરી લાગે. ઝાઝા ભાગે દુકાનું વાણિયાની. મલકને કાતરે. પૈસેટકે સુખી. રે'વે કારવે સુખી. ગામની બીજી કોમ કરતાં સવાયા થઈ રહે. ઈ બજારમાં બરોબર વચાળ તલકસંદ શેઠની દુકાન. મોટાં બારણાંવાળી. દુકાન મોટી એમ તલા શેઠનું નામ ય મોટું. ધંધો ધમધોકાર હાલે. સાંજ પડ્યે ઈસ્કોતરો હાંફે ને સોંપડાનાં પાનાં ભરાઈ જાય એટલો વેપાર હાલે. દુકાન જમાવવામાં તલા શેઠે રાતદિ' એક કરેલા એની ના નઈ, પણ હવે, વનમાં આંટા મારવા મંડ્યા તિ કેડે શેઠને એક વાતે બવ અકળામણ રહે, તે દુકાનની માલીપા બવ ઓછા બેહે. દુકાનના ઓટલે આડા પડે ને લમણે હાથ રાખીને આંગળાથી માથું ખંજોળ્યા કરે. આખા માથે ટાલ. ફરતાં ઉનાળાના ખેતરની વાડ જેમ પારવા વાળ, બાકી આખું માથું કોરું. તલા શેઠને વીશારમાં ને વીશારમાં કાંરેક વીશારની ઘુમડિયું એવી ચડે કે ટાલમાં નખના લિહોટા પાડી દ્યે.

એમ કરવાનું કારણ બરોબર સામે જ હોય; એનો બાબુ, બાબુડો, બાબુડિયો, બાબુડિનો....જો કે, તલા શેઠ આવું સંધુ મનમાં બોલે, બબડે. બહારથી તો 'ભાય ભાય' જ કરે. ઉઘાડી દુકાનની એક કોર તલા શેઠ બેઠા હોય ને બીજી કોર બાબુ. બાબુ એનો એકનો એક કુળદીપક. બાબુ એનો એકનો એક તારણહાર. ગધ્ધાપચીશીમાં આ એક રતન પાકી ગ્યું, પશી જય જિનેન્દ્ર. એનો ય વાંધો નંઈ. એક તો ભલે એક. પણ ઈય બરોબર હોવો જોવે ને ! આમ તો બાબુ બરોબર, ઊંસો શેઠ જેમ. શરીર લોઠકું, હો ઠેનાકે નમણો, વાને ગોરો, બધી વાતે બરોબર. જનમથી એક ખોડ, બેય આંખ્યું બવ બળ કરે તંયે તડ થાય ને કાળો ડોળો તો દેખાય જ નંઈ, ધોળા ડોળાની લીટી પડે. નાનપણથી ઘણાં ઓહડ કરેલાં. તલા શેઠ જટલું દુકાનમાં ધ્યાન આપે ઈ કરતાં વધુ બાબુની આંખ્યુંમાં ધ્યાન આપે. ભાવનગરના સારા સારા દાગતર ફેરવી નાખ્યા. એક વાર મુંબઈનો આંટો ખાઈ લીધો. પણ બાબુની આંખ્યું નો ખૂલી. ઘરમાં કોઈ વાતે મણા નંઈ, અટલે બાબુ રાજાના કુંવર જેમ મોટો થાય. પણ આંખ્યું ધબાય નમઃ!




ઈ વખતે તો શેઠ વિશારતા કે જેવી ઉપરવાળાની મરજી. પણ બાબુ અઢાર-વીશનો થયો તિ કેડે શેઠને મગસમાં કીડા પડવા માંડ્યા. ઈ વખતે પંનર સોળ વરસે તો વઉ ઘરે હોય. કટંબમાં સવના છોકરાના બારપંનરે ધડાધડ લગન થાવા માંડ્યા. શેઠને ક્યાંય સખ નૉ થાય. ભાયુંબેનું ને બીજાં સગાવાલાંની પાંહે એકની એક વાત વીખોળે : ભાયનું કાં'ક કરો. સવ એક દિલાસો આપે : એના જેવું ધ્યાન રાખશું. અને શેઠનું માથું કપાય. એને બાબુમાં કાંય કમીના નૉ લાગે. ભલે નિશાળે નૉ બેહી હક્યો, પણ શેઠે ઓટલે બેઠાં બેઠાં ઊઠાં સુધીના આંક ગોખાવેલા, લેતીદેતીમાં કામ આવે એમ પલાખાં મોંઢે કરાવેલાં. તે હવે તો કાં'ક હિશાબ કરવાનો હોય કે શેઠ બાબુને પૂછે : સાડા આઠનું પાંનશેર તો નવટાંકનું શું? બાબુ ધડ દઈને બોલી જાય. અટલે શેઠ તો એમ જ કે'તાં ફરે કે અમારો બાબુ જ દુકાન હલાવે સે.

ત્યારે ધરમધ્યાનમાં ય બાબુ એકકો. નવકાર તો પાંચ વરસનો થયો ઈ પેલાં કડકડાટ બોલી નાંખતો. અટાણે તો આખો ધરમ મોંઢે એમ જ કહો ને! સવારમાં શેઠ પે'લાં નાઈ કારવીને ધોતિયાં પેરીને તયાર. શેઠ હાર્યે દેરાસર ઉપડે. લાંબા રાગે આખું દેરાસર ગજવે. સોનાચાંદી ને હીરામોતીથી ચકળતી આંખ્યુંએ દેવ બાબુને ધ્યાનથી સાંભળતાં હોય એમ લાગે. પણ દેવની આંખ્યું હાર્યે બાબુની આંખ્યુંનો મેળાપ નૉ થાય. શેઠનાં ને બાબુનાં અઠ્ઠાઈ-એકાસણાં ઉપર મીડું ફરી વળે.

એક વાર એક સગા વાત લઈને આવ્યા. મેઘપરમાં કન્યા છે. બે પગ નથી. તલા શેઠ ક્યે, પગનું શું કામ છે! બે મણ માટી હોય અટલે બસ. ઈ લોકો જોવા ય આવ્યા. શેઠે બાબુની બધી હુંશીયારી એકહાર્યે ઢગલો થાય એમ ગોઠવેલું. પણ ઈ લોકોએ કીધું : આંખ્યું વગર તો નકામું છે. આજ શેઠ બેઠા છે, કાલ્ય ઊઠીને શેઠની માટી ટાઢી થાય તિ કેડે બાબુનું કોણ? ભાઈના છોકરાનો શો વિશ્વાસ? મૂરતિયો તો ઓટલે બેઠો રહે છે, દુકાનમાં શું ચાલતું હોય એની એને ક્યાં ખબર પડે એમ છે? શેઠ ક્યે, મૂકો પૂળો ઈ વાતમાં. પશી તો બીજી બેતણ વાત આવેલી. બધી કન્યાને કાં'ક ને કાં'ક ખોડખાપણ હોય. પણ શેઠનો એક જ જવાબ હોય : કોકને હાથ નૉ હોય, તો શેઠ કયે હાથનું શું કામ છે ! કોકને આંખ નૉ હોય, તો શેઠ ક્યે, આંખનું શું કામ છે !

એમ કરતાં કરતાં વરહ ઉપર વરહ જાવા માંડ્યાં, ને બાબુ ય ગધ્ધાપચીશી વટાવી ગયો. સવારથી બપોર લગણ ને બપોરથી સાંજ લગણ દુકાનને ઓટલે બેઠો રહે. શેઠ બીજે છેડે બેઠાં બેઠાં વારેઘડીયે એને જોઈ રહે. બાબુ એને ડુંગર જેમ ખોડાયેલો લાગે.

એક દિ'શેઠ ક્યે, 'ભાય, થોડું થોડું ધ્યાન દુકાનની લેતીદેતીમાં આપ તો કેમ?' બાબુ આમ તો બધી વાતે હુંશીયાર હતો જ. બાબુને થડે બેસાડ્યો. ફદિયાં લેવાનું કામ બાબુનું. પણ એમાં કાં'રેક કાં'રેક ગોટાળો થાવા માંડ્યો. બાબુ ફદિયાં લે તો આંગળાનાં ટેરવાં ફેરવી ફેરવીને લે. એમાં કા'રેક એકને બદલે બીજું આવી જાય. શેઠ વિચારે, આમને આમ તો આ બાબુડિયો ખોટના ધંધા માંડશે. તે થડેથી ઊતારી નાખ્યો. થડાની સામે બેસાર્યો. ઘરાક માંગે ઈ વસ્તું બાબુએ અંબાવાની. એમાં બાયું છોકરીયું બંગડી લેવા આવે તંયે બાબુ ખીલી જાય. હશીખુશીથી વાતું કરે. ઓલીનો હાથ પકડીને પંપાળતો હોય એમ માપ જોવે. ઈ શેઠ બેઠાં બેઠાં તાકી રહે. માળો ! સમજે છે તો બધું ય! શેઠને ચમકારો થાય. શેઠ રાજી થાય. ને મનમાં દઃખી થાય. લગન નૉ થાય તો કાંઈ નંઈ. પણ આને જીવતરના લ્હાવા ય નંઈ મળે તો બિચાડાની જિંદગીનો શો અરથ?'

એમાં એક દિ' શેઠાણી ક્યે, પડખેવાળાની ભેંશ વહુકી ગઈ છે. દૂધનું બીજે જોવું જોહે. તે દિ' જ ઠાકરશી કાં'ક લેવા આવ્યો ને એણે વાત કરી કે, હું નોખો થયો સવ. સામે ખાંસામાં મકાન ભાડે રાખ્યું સ. દોહી પીવા એક ભેંશ ભાગમાં આવી સ. દૂધ બૂધ જોતું હોય તો કે'જો. શેઠને તો અટલું જ જો'તું તું. કર્યું નક્કી. પણ લેવા કોણ જાય? શેઠાણી ય નૉ જાય, ને શેઠ જાય ઈ સારું નૉ લાગે. ભાઈના છોકરાને દુકાન મૂકીને નીકળાય નંઈ. શેઠે વિશાર્યું, આ કામે આ બાબુડિયો હોય તો કેમ ? આમે ય ઘરેથી એકલો હાલ્યો આવે છે, તો બેપાંચ દિ' રસ્તો દેખાડી દેવો, તો બે ટેમ દૂધ તો લઈ આવે. આ એમ બાબુ દૂધ લેવા જાવામાં રોકાણો.

આંયા ઠાકરો ને એની વઉ એકલાં. વઉને આણું તેડી આવ્યે બે વરહ નિકળી ગ્યેલાં, પણ છોકરુંસૈયું નંઈ તે શભાવ હડકાયો થઈ ગ્યેલો. ઘરમાં બાધ્યાં કરતી, અટલે નોખી કરી. સવારમાં તો ઠાકરશી હોય એટલે બાબુ આવે, હસાવે-કારવે ય ખરો. તે વઉ વાતવાતમાં કીધાં કરે, 'બાબુભાય તો ખરાં સે, હોં ! બાબુ ભાય તો ખરાં સે, હો!' સવારમાં બાબુની બધી વાતો ઠકરશી હાર્યે હાલે. પણ સાંજના ઠાકરશી નૉ હોય તંયે બાબુનું સંધાણ શીધું વઉ હાર્યે થાય. બાબુ અલીદલીની વાતું માંડે ને વઉ આંટાફેરા મારતી, ખડ ખડ ખડ  ખડ હસ્યા કરે. વશમાં વશમાં બાબુ સુંવાળી વાતું ય કરતો જાય. વઉને બવ મજા પડે. તે વઉને હેવા પડી ગ્યા કે બાબુ આવે તિ કેડે જ ભેંશ દો'વા બેહે. અટલો ટેમ બાબુની વાતું સંભળાય ને!

દિ'આથમ્યા પે'લાં વાણિયાવાળું કરવાનું હોય, તે ઈ પે'લા દૂધ પૂગાડી દેવાનું હોય. તે બાબુ બપોરે જમવા જાય તંયે જ દૂધ લેવાની બોઘણી દુકાને લેતો આવે, અને બપોર નમે એની વાટ જોવે. જાવાની ઉતાવળ એના મોંઢા પર કળાય. ઈ જોઈને તલા શેઠ વિશારે, આ બાબુડીનાને દૂધનું સારું ફાવી ગ્યું છે, લ્યો ને !

એક દિ' બાબુએ ઠાકરશીની ખડકીમાં પગ મૂક્યો કે વઉં શીંગ ને ગોળ ઝાપટતી બેઠેલી. વઉં ક્યે, આંયાં ઑશરીમાં આવો, બાબુભાય ! થોડીક શીંગ ખાવ. બાબુ બેઠો. ખાતાં ખાતાં બાબુ ક્યે, આની હાર્યે પેંડા બવ ભળે. વઉં ક્યે, ઈની ય તમને તો બવ ખબર્ય પડે સ ! તે બીજે દિ'એ જમીને દુકાને આવતાં, વશમાં દલા સુખડિયાની દુકાનેથી બાબુએ પેંડાનું પડીકું બંધાવ્યું. કોઈ જાણી નૉ જાય ઈમ પાટલૂનના ખિસામાં ગોઠવ્યું. ટેમ થયો કે બાબુલાલ હાલ્યા ઠાકરશીભાયના ઘર ભણી. વઉં તો જાણે ઈની વાટ જોઈને જ બેઠી'તી, એમ તયાર.

બાબુ શીધો ઑશરી પર ચડી ગ્યો. વઉ બેઠેલી. બાબુ હવે ઠાકરશીના ઘરનો નકશો જાણી ગ્યે'લો. ફળિયું, ઑંશરી ને એક ઓયડો. બાબુ ક્યે, કાલ્ય તમી મેણું માર્યું તું ને ? લ્યો, આજ હાજર. ખિસ્સામાંથી પડીકું કાઢીને વઉ સામે મૂક્યું. વઉ ક્યે, અરરર ! આવા ખોટા ખરસ કરવાના હતાં હશે ? બાબુ ક્યે, તમી જ કે'તા'તાને,  કે તમી તો ખરા સો હો....તે મારે તમને દેખાડી દેવું જોવે ને ! બધી વાતું ખાલી વાતું કર્યે જ સારી નૉ લાગે. કાં'ક કરી બતાવવું ય જોવે ને!

વઉએ રાજી થાતાં થાતાં પડીકાનો દોરો કાઢ્યો, ને એક પેંડો લઈને બાબુના હાથે અડાડ્યો. 'પેલાં તમી મોં મીઠું કરો.' બાબુ ક્યે, 'પે'લાં તમી.' ઈ જ પેંડો બાબુ વઉનાં મોંઢા પાંહે લઈ ગ્યો. વઉ ક્યે, 'ના, ના. પે'લાં તમી.' બાબુ ક્યે, 'ના, ના. પે'લાં તમી.' એમ કરતાં કરતાં બાબુએ બીજા હાથે વઉનું મોં પકડી લીધું. વઉ ઊભી થઈ ગઈ, કયે કે, 'હું ખડકીને હાંકળ મારતી આવું, ઠાલા મફતનું કોઈ આવી જાહે તો....'

સાંકળ વાસીને વઉ બલમાં આવી ગઈ. ક્યે કે, 'બોલો, હવે તમીં મને પૂગી જાવ કે હું તમને પૂગી જાવ ?' કહીને એણે પેંડો લઈને બાબુનું મોં પકડ્યું. પણ બાબુ જેનું નામ. અટાણ સુધીની જોવનાઈ સંઘરાઈને સીસા જેવી જઇ ગ્યે'લી, તે વઉને ઢાળી દીધી, ને પેંડો ખોસી દીધો. બાબુ ખરો ઝનૂને ચડેલો. હાથ ફંફોશીને બીજો પેંડો લીધો. 'આ બીજો' કહીને વળી બળ વાપરવા ગયો કે વઉ કયે, 'આંયા નંઈ, ઓયડામાં...' બાબુએ સિંહ જેમ મારણને ઢહડે એમ વઉને બેય હાથે બથાવીને ઓયડામાં લીધી. ને....

બીજે વરહે ઠાકરશીની ઑશરીમાં ઘોડિયાની કિચુડાટી સંભળાતી'તી.

પણ, ભેંશ વહૂકવા આવી તંયે બે ય મૂંઝાણા. આ દૂધનું બંદ થાહે તો મેળાપ કેમનો થાહે ? સાવ અમસ્થા અમસ્થા તો બાબુ રોજ આવી નૉ હકે? વવે જ્યારે આ મૂંઝવણ કીધી તંયે બાબુએ ખિસ્સામાંથી નોટું કાઢીને વઉના હાથમાં પકડાવી, બીજી દૂઝણી ભેંશ લેવા. વઉ ક્યે, હજી આમાં બશ્શે રૂપિયા જોહે. બાબુએ તલા શેઠને કીધું,  ઠાકરશીને બસો રૂપિયા ધીરવા જોહે. તલા શેઠે પે'લા તો ગલ્લાંતલ્લાં કર્યાં. પણ બાબુના મોં ઉપર હઠ જોઈને આપ્યા. ઈ ભેગો બાબુ ઉપડ્યો. તલા શેઠ એને ઉતાવળે જાતો જોઈ રિયા. ને વિશારી રિયા. માળો ! આ બાબુડિયો એક વાતે બવ પાટે પડી ગ્યો સ હો !

ને, માથું ખંજોળવા માંડ્યા !

*['થોડાં ઓઠાં (દેશી વાતું)', ૧૯૯૯, પુનઃ ૨૦૦૯-માંથી]*

## વાર્તા

# ઓથ


### સુવર્ણા

એણે ઝડપથી મારી નજીક આવીને મને બે તમાચા ચોડી દીધા...

મને એકદમ એવી અનુભૂતિ થઈ કે બહાર ધોધમાર ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડે છે... વરસાદ... કૉલેજથી પાછા ફરતાં ઘણીવાર હું ભીંજાઈ જતી. ઘેર જતાંવેંત મા તાપણું આપતી. 'શરદી લાગી જશે, કપડાં બદલીને જલદી અહીં બેસ' કહી એ દોડદોડ કરી મૂકતી, જાણે એના જીવવાનું એકમાત્ર લક્ષ્ય હતું મને શરદી ન લાગી જાય એ જોવાનું... ઝરમર ઝરમર અવાજ સાંભળતી હું રજાઈમાં શરીરને લપેટીને સૂઈ જાઉં છું, મા ત્રણચાર વાર મને ઓઢાડી જતી... મને શરદી થઈ હોય ત્યારે ને શિયાળાની રાતે મા કદીય ચેનથી ઊંઘતી નહોતી. મને બધું જ યાદ આવવા માંડ્યું... ઘર, બહેનો, એ સમયની સાંજો, ભૂતકાળ, શિયાળાની રાતો, મા, પ્રીતુ, પ્રીતુ સાથેનાં ભ્રમણો, લાગણીભર્યા સંવાદો, હીંચકો, ચોગાન, બાગ, મા, ભાઈ, મિત્રો, પ્રીતુ, આગાશી, પ્રીતુ, પ્રીતુ, પ્રીતુ...

મારી નજર ચારે તરફ ફરતી'તી. 'આ ઘર છે' 'આ એ જ ઘર છે.' 'આ ઘર...' હાશ કરી, પગ લાંબા થવા દઈને, હું પલંગ પર આડી પડી. 'તું મને યાદ કરતી'તી?' હું કંઈ જ ન બોલી. મને એકદમ એવી અનુભૂતિ થઈ કે બહાર ધોધમાર, ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડે છે... વરસાદ...

બહુ દિવસે એ પાછી આવી'તી. એ ચાલી ગઈ'તી. મને કંઈક નિરાંત વળી'તી એને માટે એક ચીડ હતી, કાળ ચડતો'તો. એક એ ઘર સાથે કશીક આત્મીયતા થઈ ગયેલી. છ છ કલાક સુધી ચોપડીમાં માથું ઘાલીને પડી રહ્યા પછી મને અચાનક ઘર યાદ આવતું. સૌ મારાથી દૂર છે-ના વિચારો મને દુઃખ દેતા. 'મારું ઘર, ક્યારે થશે'ના વિચારો મને વલોવી નાખતા. ને હું એ ત્રણ રૂમવાળા ઘરના વિચારોમાંથી આનંદ શોધતી, એ ઘરનો નાનકડો નકશો મારા મન પર કબજો જમાવતો. એક વિચિત્ર શાતા મનમાં ફરી વળતી. મનોમન હું ઘરમાં બધે ફરી વળતી. આટલું ચાલીને દરવાજે પહોંચાય, દરવાજેથી ઘરના મુખ્ય દ્વાર સુધી સાથે પહોંચવા માટે આટલું ચાલવું પડે, રસ્તો આખો ધૂળિયો છે, પણ સુંદર પણ છે. મુખ્ય દ્વાર સાથે એક પરસાળ જોડાયેલી છે. બાજુમાં ચોકીદારની રહેવાની ઓરડી છે, એ ખાલી જ રહેતી. અંદર બે મોટા રૂમ, નાનું કિચન, મોટું બાથરૂમ, બે રૂમની બાજુમાં એક લાંબી ઓરડી, એનો ઉપયોગ કપડાં સૂકવવા માટે થતો, ડ્રેસિંગ ટેબલ ત્યાં જ હતું. ત્યાં એક પલંગ પડી રહેતો – ગાદી બિછાના સાથે – ખાલી જ રહેતો...




મારી નજર બધે ફરતી'તી : 'આ ઘર છે', 'આ ઘર...' 'આ સાડી કેવી છે? આ રંગ તને ખૂબ ગમે છે ને!' હું શાંતિથી પડી'તી, મેં જોયું, એની સાડી તરફ લાલચટક

ને પછી મારા સામું જોઈ રહેલી આંખો તરફ. મારી આંખો એ આંખોમાં પરોવાઈ ગઈ. એણે નીચું જોયું. મેં ઝટકા સાથે આંખની જગા બદલી. કદાચ એણે એવો અર્થ લીધો કે ‘તને તો સરસ જ લાગે

એણે સહેજ શરમાઈ જવાની કોશિશ કરી. શી ખબર હું ખિજાઈ ગઈ...

‘આ ઘર કેટલું જૂનું હશે? મેં શાંતિથી પૂછ્યું. વહેતી ક્ષણો સાથે મારો પ્રશ્ન પણ વહી ગયો... મને એકદમ એવી અનુભૂતિ થઈ કે બહાર ધોધમાર, ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડે છે. વરસાદ... મારાથી કદાચ મારો એક અંશ છૂટો પડતો’તો...

મને એકદમ ભાગી છૂટવાની તીવ્ર પ્રેરણા થઈ... હું ભીંજાતી’તી, થરથરતી’તી, દબાતી’તી. મને કશુંક વીંટી રહેલું, ખેંચી રહેલું શરીર, શરીરથી પર થવા ધમપછાડા કરતું’તું. થઈ શકતું નહોતું. એક અસહ્ય થાક, એક બોજ, ભાગી છૂટવાની તીવ્ર પ્રેરણા, પણ ભાગી શકાતું નહોતું. ભાગી જવાના, આ ઘર છોડીને બહાર જવાના વિચાર સાથે જ, બહાર જતાં જ મને ઘરના, ‘મારું ઘર’ના વિચારો રંજાડશે, ચાબખા મારશે, ક્યાંક પકડીને લઈ જશે-ની ધાસ્તીને મને બાંધી રાખી... દાબી દીધી... મારી નસેનસમાં લોહી ફફડ ફફડ થવા લાગ્યું...

‘કાંઈ ખાશે?’ કશાક વિશેષ સ્નેહથી એણે પૂછ્યું. તું મારી કદર ભલે ન કરે, મને તારી ખૂબ ચિંતા છે-ની એક નજર મારા આખા શરીર પર ફરી વળી.

‘ના’ – તો કંઈ પીશે?’ ‘ના’ ને ત્યારે એની સાડીનો છેડો ઊતરી ગયેલો. એ જ હાલતમાં, ને છતાં મારા તરફ બેધ્યાની કરીને એ ઊભી રહી. મેં જોયું. મેં જોઈ લીધું. મને જોરજોરથી ચીસો પાડવાનું મન થયું... હું હાંફતી’તી, ક્યાંય તરતી’તી... જોજનો દૂર મારી ચેતના ચિરાતી’તી, મારું આખું વ્યક્તિત્વ શરીરની ચામડીની ઉપલી સપાટી પર આવીને વીખરાવા માંડેલું...

અચાનક  એ ઠીક થઈ ગઈ. હું ઠંડી પડી ગઈ’તી. એ આમથી તેમ ચાલવા માંડી. એનું આખું વર્તન એવું થઈ ગયું જાણે એ મારી સાથે અભડાયેલી અભડાયેલી ન હોય! એક ફરિયાદ, રોષ, ને એવું બધું એના નેત્રકટાક્ષો દ્વારા મારા પર ફેંકાતું’તું, કદાચ એ મને પૂછશે ‘તો પછી અહીં આવે છે શા માટે?’ મને એને માટે તિરસ્કાર છૂટી ગયો... તિરસ્કાર...

‘આ તો ખાશે, ને!’ કેડબરી બતાવતાં એણે કહ્યું. ‘આનો તો કંઈ વાંધો નથી, ને!-ના સૂરનો એક તીણો ઊંડો વ્યંગ એના અવાજમાં રણકી ઊઠ્યો. હું વીંધાઈ ગઈ. હાથ લાંબો ન કરી શકી, કંઈ બોલી ન શકી. છેક જ ઢીલી પડી ગઈ. ‘લે ને!’ ને ત્યારે એના આખા શરીરે એક અભૂતપૂર્વ વળાંક લીધો. મને એકદમ સૂગ આવી ગઈ. ચીતરી ચડી ગઈ. એના પર થૂંકવાનું મન થયું. ‘ના, ગળું દુખે છે. પાણી આપ.’ મેં જિદ્દ ન છોડી...

એણે એકદમ ઝડપથી મારી નજીક આવીને મને બે તમાચા ચોડી દીધા... વર્ષો પહેલાં પ્રીતુએ મને તમાચો ચોડી દીધેલો, હું ધ્રુસકે ને ધ્રુસકે રોઈ પડી’તી, એય રોયો’તો... પણ પછી તો... ઓહ.

મને એકદમ એવી અનુભૂતિ થઈ કે બહાર ધોધમાર, ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડે છે... વરસાદ...

ચાલ્યા જવાની તીવ્ર ઇચ્છા, ને હું એકદમ ઊભી થઈ, ‘હું જઉં...’ એ કદાચ ચમકી : ‘બસ! –’ ‘ઓહ, આઇ એમ રીયલી સોરી ફૉર...’ હું કંઈ બોલવા નહોતી માગતી. મારે ભાગી છૂટવું’તું. કદાચ બધું અટવાઈ જાય, ગોટવાઈ જાય, ગૂંચવાઈ જાય... હું ચાલવા માંડી. ‘મને માફ નહીં કરે?’ કહી એણે મારો હાથ પકડ્યો, ને મને બેસાડી. મેં એના સામું જોયું. તટસ્થભાવે. વણસાંભળ્યું કરીને, હાથ છોડાવીને હું ફરી બોલી : ‘બસ હવે, હું જઉં’ ને અચાનક એ ધ્રુસકે ધ્રુસકે રોવા માંડી, હું ચમકી. મારાથી ‘અરે?’ થઈ ગયું. ‘ઓહ, ફર્ગેટ ઇટ’ મારો અવાજ સહેજ નરમ થઈ ગયો. હું ડિપ્રેસ્ડ થઈ ગઈ... ને તરત મારા ખભા પર માથું ઢાળી એ નાના બાળકની જેમ, સાવ જ નાના બાળકની જેમ રોવા માંડી, હું ખૂબ જ ડિપ્રેસ્ડ થવા માંડી...

‘રડ નહીં–’ કહેવું જોઈએ એમ માનીને મેં કહ્યું. એ રોતાં રોતાં બોલતી’તી. ‘તું ક્યારેય સમજીશ કે મને તારે માટે કેટલો સ્નેહ છે?’ મને કંઈ જ સમજાતું નહોતું. કંઈ જ ન સમજાયું. હું સ્તબ્ધ હતી. એ રોતી’તી. હું કંઈ ન સમજી.

કુહાડીથી હું જંગલો કાપતી’તી, સાગરોના સાગરો પાર કરી ચૂકી’તી. પહાડોના પહાડો વટાવીને કોક અનંત રણમાં અટવાતી’તી, રગદોળાતી’તી... એક રણની સેંકડો માઈલની ઝડપે ઊડતી રેતી મને વાગતી’તી : તપેલી રેતી મને વાગતી’તી. તપેલી રેતી : હું મીઠી વીરડી શોધતી’તી... વલખાં મારતી’તી... મૃગજળ બની ગઈ’તી... ક્યાંય કશુંય નહોતું. એક બોજ, એક અસહ્ય થાક, એક ચીડ, એક કંટાળો, એક ખેંચાણ...

કદાચ એને આનંદ થશે એ વિચારે એના પ્રશ્નનો મેં પ્રશ્નથી જ જવાબ આપ્યો : ‘તું મને યાદ કરતી’તી.’ સજલ નેત્રે એણે મારા સામું જોયું, એમાં કશીક ખુશી હતી. મારી આંખો એ આંખોમાં પરોવાઈ ગઈ... ને... મારા શરીરની ચામડીની ઉપલી સપાટી પર વીખરાઈ પડેલું મારું આખું વ્યકિતત્વ મારાથી છૂટું પડીને બહાર અવકાશમાં ક્યાંક ફેંકાઈ ગયું... જોજનો દૂર મારી ચેતના... મને ચીસો પાડવાનું મન... થૂંકવાનું મન... એકદમ એવી અનુભૂતિ... બહાર ધોધમાર, ગાજવીજ સાથે, મુશળધાર વરસાદ... વરસાદ... વરસાદ... વરસાદ.

*[‘એક હતી દુનિયા’; અહીં ‘અદ્યતન નવલિકા સંચય’-માંથી]*



# મુવી કૅમેરાની નજર

વાર્તા

રાજેન્દ્ર થડેસર

વૃદ્ધ માળીનો શ્વાસ થંભી ગયો. બગીચામાં ઘાસ કાપવાની ગાડી રોકીને એણે આરસપહાણના દાદર તરફ નજર ખેંચી રાખી. રોજની જેમ આજે પણ પેલી બાઈએ શેઠના બાબાને ટામેટા વડે રમાડવાનો પ્રયત્ન કર્યો હતો, પણ બાળકે ગુસ્સામાં આવીને ટામેટાનો ઘા કરી દીધો – એ દેખાયું.

આ અવસરની આતુરતાથી રાહ જોઈ રહેલાં કામવાળી બાઈનાં બંને છોકરડાં આરસપહાણના દાદર તરફ દોડ્યાં... ધોળા દૂધ દાદર પરથી લાલ ટામેટું રગડતું... રગડતું... નીચે આવી રહ્યું હતું...

છેલ્લા પગથિયા પર આવીને ટામેટું અટક્યું, પણ ફૂટ્યું નહીં એટલે કામવાળીનાં બંને છોકરાં દોડતાંદોડતાં અધવચ અચકાઈને થંભી ગયેલાં દેખાયાં.

બાળકને રોજ ટામેટા વડે રમાડતી બાઈ ભોંયતળિયે આવી. ટામેટાને વણફૂટ્યું જોઈ પાછું ઉપર લઈ ગઈ.

વૃદ્ધ માળીએ ઘાસ કાપવાની ગાડી આગળ ચલાવી. કામવાળીનાં છોકરાંઓ પાછાં પોતાની પતરાંની ઓરડીમાં ચાલ્યાં ગયાં.

બાગના બીજા છેડે પહોંચ્યા પછી માળીએ આ છોકરાંઓની ઓરડી તરફ નજર કરી. બંને છોકરાં ફરી દાદરના ઉપલા છેડે નજર ઠેરવી ટામેટાની પરિસ્થિતિ ઉપર જાપ્તો રાખતાં દેખાયાં.

અચાનક પેલા શ્રીમંત બાળકનું રુદન સંભળાયું. માળીનું મોઢું મલક્યું : બાળકે ટામેટાનો ઘા કર્યો હોય તો સારું... આરસપહાણના દાદરના ઉપલા છેડે જોઈ શકાય એવા 'ઍંગલ' પર આવીને માળીએ ઘાસ કાપવાની ગાડી થંભાવી, જોયું : શ્રીમંત બાળક તોફાને ચડ્યું હતું. એને રમાડવાવાળી બાઈ વારંવાર એના હાથમાં ટામેટું પકડાવતી હતી, પણ બાળક કટાણું મોં કરી ટામેટાને ફેંકી દેતું હતું.

માળીએ પેલાં છોકરાંઓની ઓરડી તરફ જોયું. બંને છોકરાં ઓરડીના જાળિયામાં ઊભાં રહી એકબીજાને કોણીથી હડસેલા મારી ટામેટાની પરિસ્થિતિ અંગે સુમાહિતગાર રહેવાની મથામણ કરતાં દેખાયાં,

પતરાંની ઓરડીના જાળિયામાંથી ટામેટું સ્પષ્ટ દેખાતું હતું. છોકરાંઓએ વધુ ઝીણી નજર કરી. ટામેટા પર કરચલીઓ પડી ગઈ હતી. તે હવે વધુ દબાયું હોય એમ લાગતું હતું. નાના છોકરાએ મોટા છોકરા સામે ચિંતાપૂર્વક જોયું. પણ મોટાની નજર ટામેટાની નાજુક થઈ રહેલી હાલત પર ફરતી હતી : ટામેટું નીચે આવ્યા પહેલાં... ત્યાં ને ત્યાં જ તૂટી જશે તો?

અંદર, પતરાંની ઓરડીમાં બાંધેલા ઘોડિયામાં છોકરું રડવાનો અવાજ સંભળાયો.

જાળિયામાં ઊભેલાં બંને છોકરાંએ અણગમાથી સિસકારા કર્યા. ઘોડિયા તરફ ડોક મરડી.

માળી આ ઓરડી પાસે આવ્યો ત્યારે નાનો છોકરો ઘોડિયું હીંચોળતો હતો ને મોટો પહોળો થઈને જાળિયામાં છવાઈ ગયો હતો. એણે બીજા છોકરાને ઊભા રહેવાની જગ્યા દબાવી દીધી હતી.

માળીએ નાના છોકરા સામે જોઈ કહ્યું : ‘ટમાટર નીચે આયેગા ઔર (ધીમા સ્વરે) ટૂટ જાયેગા તો મૈં એકદમ ખબર કરુંગા...

જાળિયામાં છવાઈને ઊભેલા મોટા છોકરાએ આ સાંભળ્યું. એણે માળી સામે તીખી નજરે જોયું. માળીએ એને પણ કહ્યું : ‘તુજે ભી ખબર કરુંગા – અગર ટૂટ જાયેગા તો. ટમાટરકા મામલા હૈ. ઢીલા બહુત પડ ગયા હૈ.’

મોટો છોકરો માળીની વાત સાંભળી સહેજ ઢીલો પડી ગયો. પછી કચવાયો. પછી સહેજ ધુંધવાયો. ધુંધવાયા પછી તરત થોડું ડર્યો. છેવટે સમસમીને પાછો નરમ પડી ગયો. આ નરમાશ પછી તરત એણે નાનાને પૂછ્યું : ‘હું હીંચકો નાખું?’

માળીએ દૂરથી જોયું તો મોટો છોકરો જાળિયામાંથી સંકેલાઈને નાના છોકરાની અડોઅડ જઈ ઊભો રહેતો દેખાયો. નાનાએ જે હાથમાં ઘોડિયાની દોરી પકડી હતી એ હાથ પર મોટાએ પોતાનો હાથ મૂક્યો.

બંને છોકરાની આંખો ભીની થઈને તગતગતી દેખાઈ. ‘હમણાં બા આવશે...’ એવું કંઈક એક છોકરો બોલ્યો.

એવામાં રોજના જેવી હોઠની સીટી સંભળાઈ. બંને છોકરાંએ જાળિયામાંથી જોયું : કોટ-પેન્ટ પહેરેલો એક કિશોર એક પાકું ટામેટું ઉછાળતો ઉછાળતો આરસપહાણના દાદર પરથી નીચે ઊતરી રહેલો દેખાયો.

માળીએ છોડને પાણી પાતાં પાતાં જોયું તો કામવાળીનાં બંને છોકરાં દબાતે પગલે ઓરડીની બહાર નીકળી રહ્યાં હતાં.

ટામેટું ઉછાળતો પેલો કિશોર દાદર ઊતરીને સામેથી પસાર થયો કે તરત આ બંને છોકરાં એની પાછળ પાછળ ધીમે પગલે ચાલવા લાગ્યાં. નાનો છોકરો મનમાં ગડ બેસાડવા લાગ્યો : આ ભાઈ અમારાં કરતાં તો ક્યાંય મોટા છે... ટામેટું ઉછાળે છે... આમ

તો – એ બીજું ટામેટું લાગે છે. આ ભાઈ ટામેટું ખાશે તો નહીં... પાસે પણ નહીં રાખે. ટામેટાને લહેરથી ઉછાળે છે – પણ એમ કરવામાં એમને ઝાઝો વખત મઝા નહીં આવે. ક્યારના એ ટામેટું ઉછાળે છે એટલે હમણાં જ મઝા આવતી બંધ થઈ જાશે... પછી... કાંઈ પેલા નાના બાબલાને ટામેટું નહીં આપી દે કેમ કે બાબલા પાસે તો એક ટામેટું છે. રમવા એક જ ટામેટું હોય. ખાવું હોય તો – પણ તો તો એ બાબલાએ પોતાનું ટામેટું ખાધું હોત.... પણ એ બાબતો કોઈ દિવસ ટામેટું ખાતો નથી...

અચાનક બંને છોકરાં વિચારતંદ્રામાંથી જાગ્યાં હોય તેમ હાંફળાંફાંફળાં એકબીજા સામે દોડ્યાં. આસપાસ જોયું તો પેલો ટામેટાવાળો કિશોર ક્યાંય નહોતો. કંપાઉન્ડમાં પાણી છાંટ્યું હતું એટલે કિશોરનાં પગલાં કળાયાં : અક્કેક પગલું જાણે ચાલતું ચાલતું આરસપહાણના દાદર તરફ જઈ રહ્યું હતું. બંને છોકરાંની નજર પણ એ પગલાંની પાછળ પાછળ સરકવા લાગી...

એકાએક બંને ચમક્યાં. દોડ્યાં...

માળીનો શ્વાસ થંભી ગયો. એણે જોયું તો આરસપહાણના દાદર પરથી લાલ ટામેટું ગબડતું ગબડતું નીચે આવી રહ્યું હતું...

આવી રહેલું ટામેટું અને દોડી રહેલાં બે છોકરાંની વચ્ચે માળીની નજર ભીંસાઈને ચપટ થઈ ગઈ.

ટામેટું છેલ્લા પગથિયા પર આવ્યું ત્યારે એની આંખો બીડાઈ ગઈ.

પળેક રહીને માળીએ આંખો ખોલી ત્યારે પેલા બાળકને રોજ ટામેટા વડે રમાડતી બાઈ દાદરનાં પગથિયાં ઊતરતી હતી – ને પેલાં છોકરાં ટામેટાથી થોડે દૂર ખંચકાઈને ઊંચા શ્વાસે ઊભા રહી ગયાં હતાં.

એ બાઈ નીચે આવી એટલે નાના છોકરાએ ટામેટાને ઊંચક્યું, અને એ ફૂટી ન જાય એમ પોચા હાથે પકડી પેલી બાઈના હાથમાં મૂકતાં બોલ્યો : ‘હજી ફૂટ્યું નથી. રમાય એવું છે.’

*[નવી વાર્તા, સંપાદક રાધેશ્યામ શર્મા, ૧૯૭૫]*

## લઘુકથા

# આકૃતિઓ // મોહનલાલ પટેલ

લગ્ન નહીં કરવાના નગેન્દ્રના નિર્ણયનું કારણ જાણવા શિપ્રા વારંવાર પ્રયત્ન કરતી, પણ નગેન્દ્ર કશો ખુલાસો ન કરતો. ભાભીના પ્રશ્નનો પ્રતિકાર કરતાં દરેક વખતે એના મુખ ઉપર રક્તરંગી ભાવો છવાઈ રહેતા.

આજે તો નગેન્દ્રનો કાન આમળતાં કહ્યું : ‘આમ જોગી બનવાની વાતો કરવાનું કારણ કાંઈ?’

‘એ મારો અફર નિર્ણય છે, ભાભી.’


‘અફર નિર્ણય?... આવા નિર્ણયો કંઈક ઘેલા યુવાનોએ કર્યા હશે... એવા જ માણસો છેવટે વહુઘેલા નીવડે છે! તમારો યે એવો જ નિર્ણય, કેમ ખરું ને?’ કહી શિપ્રા દિયર સામે જોઈ મલકાઈ રહી.

નગેન્દ્ર ભાભીના મુખને નિહાળી... ફરી બોલ્યો : ‘પણ મારો તો નિર્ણય અફર છે, હોં.’ એની આંખમાં કોઈ અપૂર્વ સ્મિત વિસ્તરી રહ્યું હતું. ઊછળતાં પૂરની માફક ચહેરા ઉપર આછાઘેરા રંગો ફરી વળ્યા, અને નયન ગુલાબી બની રહ્યાં.

શિપ્રાએ કારણ જાણવાની હઠ કરી, ત્યારે તો એ કશું જ જણાવ્યા વગર ખંડ છોડી ચાલ્યો ગયો.

ચાર વર્ષ ઉપર શિપ્રાના પતિનું અવસાન થયું, ત્યારે નગેન્દ્ર બી.એ.માં હતો. હવે એ એમ. એ. થઈ ગયો એટલે શિપ્રાએ લગ્નની ચિંતા કરવા માંડી. એક બે સારી છોકરીઓ જે એના ધ્યાનમાં હતી, તેમના વિષે પૂછપરછ કરીને આજે એણે નગેન્દ્ર આગળ વાત મૂકી ત્યારે તરત જ એણે એ વાતનો ઇન્કાર કરી દીધો.

આમ તો શિપ્રા અને નગેન્દ્ર વચ્ચે, લગ્ન, સંસાર, સ્ત્રીપુરુષના સંબંધો વગેરે વિષયો ઉપર ઘણીઘણી વાતો થતી, મતભેદ પડતા,



ટપાટપી થતી, પણ... કોઈ વખતે નગેન્દ્ર પોતે પરણવા નથી માગતો એવું કદીય જણાવ્યું નહતું.

નગેન્દ્રનું અત્યારનું વર્તન શિપ્રા માટે ભારે આશ્ચર્યરૂપ હતું. એના આ વર્તન પાછળનો ભેદ ઉકેલવા એ મથી રહી. ટેબલ ઉપર બેઠાં બેઠાં એક પેડ ઉપર પેનથી એ લીટાં તાણતી રહી... વર્તુળ, ત્રિકોણ, લંબગોળ વગેરે અનેક પ્રકારની આકૃતિઓની રેખાઓ એક બીજીને કાપતી રહી. અનેક પ્રકારના વિચારોમાંથી મુક્ત થઈને ઘડીભર એણે પેડ સામે જોયું... એમાંથી કેટકેટલી આકૃતિઓ ઊપસી રહી હતી!... એક માનવ-આકૃતિ પોતાના બાહુ લાંબા કરીને કોઈને આશ્લેષમાં લેવા ઝંખી રહી હતી... બીજી, પેલા ફેલાયેલા બાહુના છેડે લગભગ, નિમિલિત નયને ઉત્સુકતા પ્રદર્શિત કરી રહી હતી...

એણે પોતાનું ધ્યાન ખસેડ્યું... અને નગેન્દ્રનું મન વાંચવા પ્રયત્ન કરી રહી : નગેન્દ્રની આંખમાંનું હાસ્ય અપરિચિત હતું... શું હતું એ?... જવાબ તો એ આપતો જ નથી... જવાબ આપવા કરતાં ખંડ છોડી દેવાનું એણે પસંદ કર્યું...

વળી એણે પેન ઉપાડી, પેલી અસંખ્ય રેખાઓમાં બીજી થોડી ઉમેરી અને કંઈક નવી આકૃતિઓનો આશ્લેષ સર્જાતો હતો. શિપ્રાએ આકૃતિનું સૌંદર્ય બગાડવાના ભોગે પણ બીજી એક સળંગ સમાંતર રેખા દોરીને આશ્લેષ ગાઢ બનાવ્યો.

બારણા આગળ સહેજ ખખડાટ થયો, એ ચમકી. પોતે બે આકૃતિઓનો ગાઢ આશ્લેષ સાધી રહી હતી... કોઈ જોઈ જશે તો?...

પણ... ત્યાં કોઈ નહોતું, ફરી એ નગેન્દ્રના વર્તનના વિચાર કરવા લાગી....

*[નવી વાર્તા, સંપાદક રાધેશ્યામ શર્મા, વિ.આર આર શેઠ, અમદાવાદ, ૧૯૭૫-માંથી]*

લઘુ કથા

# ગૂંચ

**– રેખા સરવૈયા**

‘દેવયાની બેટા! આપણે એક વધુ કોશિશ કરવી છે?’

દેવયાનીના માથામાં તેલ ઘસતાંઘસતાં માએ ધીરેથી વાત છેડી.

બે ક્ષણની ખામોશી જવા દઈને દેવયાનીએ પોતાનો ચહેરો મા તરફ ફેરવ્યો. એ ચહેરા ઉપર શું નહોતું? પ્રતિભા અને સમજણની પીંછીથી વિધાત્રીએ દેવયાનીનું મોં ચિતર્યું હતું. પરંતુ અત્યારે માને એ જ ચહેરા ઉપર ઉદાસીની પણ એક આછેરી પીંછી છંટકોરાયેલી હોય એવું દેખાયું. દીકરીની નાની પણ તત્ત્વવેધી તેજથી સામેની વ્યક્તિની આરપાર થઈ જતી આંખોને જીરવી ન શકી હોય એમ પોતાની નજર બીજે ઠેકાણે ખેસવી બેઠી.

‘દીપંકર કોઇની ચડામણીમાં આવીને આવું કરે એ હું કેમેય કરીને માની નથી શકતી બેટા ! તું એકવાર મને જાતે જઈને એની સાથે આ બાબતે વાત કરવા દે.’

માનાં ટેરવાં દેવયાનીના તાળવામાં હળું-હળું ફરતાં હતાં. મા જાળવી-જાળવીને એક વાત માટે વાતાવરણ રચવા માગતી હતી એ દેવયાનીથી કંઈ છાનું રહી શકે! માને ખોટું અપમાન ન  લાગે એ રીતે મક્કમ પણ સંયમિત સ્વરથી દેવયાની બોલી પડી :

‘મા! દીપંકર સાથે લગ્ન મેં કર્યાં છે બરાબર ને! એટલે વધુ તો હું જ એની જોડે રહી છું. આ વાત તું સ્વીકારે છે ને?...

માની આંખોમાં પ્રશ્ન ઊગ્યો પણ... કંઈ બોલવાનું હતું જ ક્યાં ? માનો હાથ કાંસકા સહિત દેવયાનીના લાંબા-કાળા ઘટા જેવા વિખરાઇને આખી પીઠ પર પથરાયેલા વાળમાં યંત્રવત્ ફરી રહ્યો. વાળ અત્યંત ગૂંચવાયેલા હતા. મા અત્યંત કાળજીથી કાંસકો ફેરવી રહી હતી.

‘બેટા! બહુ જ આસ્તેથી કાંસકો ફેરવું છું. જેથી તને ખેંચાય નહીં. ગૂંચ એટલી બધી છે કે...’ માએ બોલવા ખાતર જ વાત કરી હતી, પરંતુ સામી દિશામાંથી આ જ વાતનો સંદર્ભ દેવયાનીના ગંભીર સ્વરમાં માના કાન સુધી આવ્યો.

‘આપણે તો ઘણી બધી કાળજી રાખીએ, ધીરજ ધરીએ, પણ તેમ છતાં જિંદગીમાં કેટલીક ગૂંચ પડી જ જતી હોય છે ને...’કાંસકો છોડી દઈ માએ દીકરીના ચહેરાને પોતાની હથેળીમાં સાહી લીધો. દીકરીની આંખોમાં દીપંકર સાથેનાં લગ્નજીવનની હોડી ડૂબતી લાગી!

(કુમાર, ઓક્ટોબર, ૨૦૧૪)

# નવલકથા-અંશ

## તપની મહાસિદ્ધિ (પૃથિવીવલ્લભ-માંથી) – કનૈયાલાલ મુનશી

**પંડિતયુગ અને ગાંધીયુગની વચ્ચે પોતાની લાક્ષણિક પ્રતિભાથી જગા બનાવનાર નવલકથાકાર કનૈયાલાલ મુનશી(૩૦.૧૨.૧૮૮૭ – ૮.૨.૧૯૭૧) અનેક સામાજિક-ઐતિહાસિક નવલકથાઓ, નાટકો, વાર્તાઓ, આત્મકથા, વિવેચનના લેખક તરીકે વિખ્યાત. એમણે ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ અંગ્રેજીમાં લખેલો : Gujarat and It's Literature (૧૯૩૫) અને I follow the Mahatma નામે ગાંધીપ્રભાવનું પુસ્તક લખેલું. સ્વતંત્રતા-આંદોલન વખતે સક્રિય મુનશીએ એ પછી પણ એક રાજપુરુષ તરીકે મહત્ત્વની કામગીરી બજાવેલી એ પણ ખ્યાત છે. શિક્ષણ-સંસ્કૃતિના સંવર્ધન માટે મુંબઈમાં એમણે સ્થાપેલી સંસ્થા 'ભારતીય વિદ્યાભવન' આજે પણ જાણીતી છે.**

**નીચેનું પ્રકરણ એમની આસ્વાદ્ય લઘુનવલકથા 'પૃથિવીવલ્લભ'(૧૯૨૦)માંથી લીધેલું છે. બાળવિધવા, કઠોર, શુષ્ક, તપસ્વી જીવન ગાળતી રાજમાતા મૃણાલદેવીમાં, એના કેદી પણ પ્રભાવશાળી રાજવી અને જીવનરસિક મુંજનાં વાણી અને સ્પર્શથી ક્રમશઃ કેવો પ્રેમ અને ઊર્મિ-ઉછાળ જાગે છે એનું આકર્ષક શૈલીછટાવાળું આલેખન એમાં થયેલું છે.**




મૃણાલ સંધ્યાકાળની વાટ જોતી બેઠી.

દુનિયામાં કેટલાંક સુખ સહ્યાં જાય છે. કેટલાંક દુઃસહ્ય થઈ પડે છે. પણ વાલમની વાટ જોતાં થતી વેદના જેવી અસહ્ય વેદના બીજી એકે હોતી નથી. તેમાં આવી વેદના મૃણાલને આ ઉંમરે પહેલવહેલી હતી.

પોતાનું ધાર્યું કરવાની, બીજા પાસે કરાવવાની તેને ટેવ હતી; પણ અત્યારે તે નિરાધાર હતી. છતાં આ નિરાધારીમાં, આ વેદનામાં સમાયેલું સુખ તેણે કદી અનુભવ્યું નહોતું. નવવધૂના ઉત્સાહથી તે સાયંકાલની વાટ જોતી હતી.

સૂર્યાસ્ત થતાં તે ઊઠી અને ધબકતા હૈયાને આશ્વાસન આપતી મુંજને મળવા ચાલી.

કારાગૃહની ચોકી કરતા સૈનિકોએ આ રાજ્યવિધાત્રીને આવતી જોઈ અને તેઓ દૂર હઠ્યા. પાદપ્રક્ષાલન વખતે થયેલા રમખાણની ખબર આખા માન્યખેટમાં પ્રસરી ગઈ હતી; અને આ તોફાનનો કેમ અંત આવે છે તેની જિજ્ઞાસા બધાને થતી હતી. સૈનિકો પણ નવાંનવાં ગપ્પાં મારતા હતા, અને આ પ્રસંગ કંઈ અનન્ય છે એમ તેમને લાગતું હતું. આ કારણથી મૃણાલ અત્યારે મુંજને મળવા આવે તેમાં તેમને કાંઈ અજાયબી લાગી નહિ.




મૃણાલે જોયું કે લોકલાજ જાળવવા પોતે શા કારણે અહીંયાં અત્યારે આવી તેનું કંઈ પણ બહાનું આપવું જોઈએ. તેણે ત્યાં ઊભેલા નાયકને પૂછ્યું :

'કેદારદત્ત! પેલો પાપી કેમ છે?'

'છે તેમનો તેમ; નિરાંતે ઊંઘે છે.'

'કેવો નઠોર! એ પાપીને કંઈ બોધ કરવો જોઈએ. તૈલંગણની કીર્તિ વધે ને એ નમે તો જ ઠેકાણે પડશે.' કહી તે અંદર ગઈ. તેના અવાજમાં જે નિશ્ચયાત્મકતા હંમેશાં રહેતી તે અત્યારે નહોતી. પોતાને જૂઠું બોલતી જોઈ તેને કમકમાં આવ્યાં.

પણ તે જૂઠાણાનો પશ્ચાત્તાપ લાંબો વખત રહ્યો નહિ. જેવી તે ભોંયરામાં દાખલ થઈ તેવો જ મુંજનો અવાજ આવ્યો : 'કેમ આવ્યાં કે? મેં નહોતું કહ્યું?'

મૃણાલનું હૃદય ઘેલું બની રહ્યું. એ અવાજમાં રહેલી મોહિનીથી તે બધું વીસરી ગઈ. ગઈ રાતે અનુભવેલો આનંદ ફરીથી વ્યાપી રહ્યો. તેને ક્ષોભ થયો, તે શરમાઈ ગઈ ને ધ્રૂજતા હાથ એકમેકમાં રાખી તે ઊભી રહી. પગે આગળ ખસવા ના પાડી.

'મૃણાલવતી!' હસતે મોઢે મુંજે કહ્યું, 'હવે એમ શરમાયે કેમ ચાલશે! તમારો હવે છૂટકો નથી.'

મૃણાલે ઘણો પ્રયત્ન કર્યો, પણ બોલાયું નહિ. વિચાર સ્થિર થયો નહિ. સ્વસ્થતા આવી નહિ. તેને પોતાના તરફ તિરસ્કાર આવ્યો અને સ્વસ્થતા આણવા કરેલા પ્રયત્ન નિષ્ફળ ગયા.

નયનતેજના સુદર્શનચક્રથી મૃણાલનું રક્ષણ કરતો ધરણીધર સમો પૃથિવીવલ્લભ પાસે આવી ઊભો.

'ગભરાઓ છો શું? અત્યાર સુધી પ્રેત હતાં – હવે સજીવન થયાં' કહી તેણે હાથ પહોળા કર્યા.

મૃણાલ ક્ષોભમાં પણ ચમકી અને પાછી હઠી. મુંજે હાથ લંબાવી જોરથી આનાકાની કરતી મૃણાલને બાથમાં ભીડી – ચગદી નાખી.

મૃણાલ – વૃદ્ધાવસ્થાને આરે ઊભેલી ઉગ્ર તાપસી, તરફડતી, ધ્રૂજતી, નાસી જવાની ઇચ્છાથી કાંપતી, આનંદની અવધિ અનુભવતી – ઊભી રહી. મુંજે નીચા વળી ચુંબન કર્યું.

આનંદના મઠમાં, પશ્ચાત્તાપના ક્રોધમાં, ક્ષોભની અનિશ્ચિતતામાં તેણે જોરથી છૂટવાનો પ્રયત્ન કર્યો, પણ જાણે તે નાનું બાળ હોય તેમ હસતો હસતો મુંજ તેને બાથમાં પકડી રહ્યો.

'આ શું કરો છો?' આખરે મૃણાલે કહ્યું.

'મૃણાલવતી! આનંદ અનુભવું છું ને તેનો અનુભવ કરાવું છું.' કહી તે હસ્યો.

'મૃણાલે જોરથી તરફડિયાં માર્યાં અને મુંજે તેને છોડી. તે કૂદીને આઘી ઊભી રહી.'

'તમે મને કલંકિત કરો છો – મને ભ્રષ્ટ કરો છો; મારા તપ પર પાણી ફેરવી નાંખો છો.' ઝપાટાબંધ શ્વાસ લેતાં અડધા અક્ષરે મૃણાલે કહ્યું.

'મૃણાલવતી! પાછો ઢોંગ કર્યો? કલંક પાપીઓને હોય, ભ્રષ્ટ અશુદ્ધ હોય તે થાય, નિર્બળ હોય તેના તપ પર પાણી ફરે. આનંદ-સમાધિ અનુભવતાં કદીયે કલંક હોય નહિ કે ભ્રષ્ટ થવાય નહિ. એ તો તપની મહાસિદ્ધિ! આનંદની જે અરુચિ તેનું નામ રોગ. હવે તમે રોગથી મુક્ત થયાં – આજ સુધી નહોતાં. બોલો, કદી આવું સુખ અનુભવ્યું હતું?'

'તમે કેમ જાણ્યું?'

મુંજ હસ્યો.

'રોગથી મુક્ત હોય તે તરત નીરોગીને પારખે, મૃણાલવતી! ક્ષણભંગુર જીવનમાં આનંદ અનુભવ્યા સિવાય બીજાને માટે સમય નથી. મને જોયો, પારખ્યો ત્યારે એ તમે સમજ્યાં.'

'મુંજરાજ! તમે અદ્ભુત છો!' જરાક હસીને મૃણાલે કહ્યું.

'ના, માત્ર અનુભવી છું અને તમને અનુભવ કરાવવા જ મને વિધિએ અહીંયાં મોકલ્યો છે, નહિ તો મને વળી આ કારાગૃહ શા માટે?' કહી મુંજે ફરીથી હાથ લંબાવી મૃણાલને ખેંચી.

ધીમેધીમે મૃણાલ ખેંચાઈને પાછી પૃથિવીવલ્લભની વિશાળ છાતી પર લપાઈ ગઈ.

મૃણાલે કલંકના ખ્યાલ, ક્ષોભ ને પશ્ચાત્તાપ બધા દૂર કર્યાં; અનેક વર્ષો દબાવેલી ઊર્મિઓને આગળ વધવા દીધી.

મુંજ તેવો ને તેવો જ સ્વસ્થ હતો. સિપ્રાતરંગોમાં અવંતીની મદભર સુંદરીઓ સાથે જે રસથી તે વાતો કરતો તેવા જ રસથી વૃદ્ધ અને કદરૂપી તાપસી જોડે તે વાતો કરી રહ્યો.

દૂરથી ચોઘડિયાં વાગ્યાં અને બહાર કોઈનાં પગલાં ખખડ્યાં એટલે મૃણાલને સમય ને સ્થળનું ભાન આવ્યું.

'પૃથિવીવલ્લભ! હવે મારે જવું જોઈએ.'

'શા માટે?'

'મારી દાસીઓ જાણશે તો શું થશે? ને તૈલપરાજ –'

'ભલે જાણે. ક્યાં આપણે ગુનો કરીએ છીએ?'

મૃણાલે હસતાં હોઠ કરડ્યા : 'તમારી નફ્ફટાઈની હદ નથી.'

'કેમ?'

'તમને કશાની પરવા નથી.'

'શા માટે હોય? સેવક હોય તેને પરવા, અધમ હોય તેને પરવા, આપણને શા માટે હોય? કદી સિંહ કે સિંહણને શરમાતાં જોયા છે?'

'તમે ખરેખર પૃથિવી-વલ્લભ છો!'

'તે તો હું તમને ને તમારા ભાઈને ક્યારનો કહ્યા કરું છું.'

'હું તમને પકડી લાવી ને આખરે તો હું જ પકડાઈ.'

'હું જાણતો હતો.'

બહાર કોઈએ બારણાં ઉઘાડવાનો પ્રયત્ન કર્યો.

મૃણાલ કૂદીને પાછી હઠી ને પૂછ્યું : 'કોણ?'

'કેદારદત્ત બારણું ઉઘાડી આવ્યો: 'બા! મહારાજ આપને બોલાવે છે.'

કૃત્રિમ ગાંભીર્યથી મૃણાલે કહ્યું : 'કહે આવું છું. મુંજ, મેં કહ્યું તે યાદ રાખજે.'

'તમારે હજુ ઘણું બાકી છે, બનશે તો ફરી મળીશું.' લુચ્ચાઈથી હસતા મુંજે કહ્યું.

મૃણાલની પ્રેમભીની આંખમાંથી મોહક કટાક્ષબાણ નીકળ્યું. સામે ઊભેલા વિલાસયુદ્ધના મહારથીએ તે ઠંડે પેટે હસતાં-હસતાં ઝીલ્યું.

નીચી નજર કરી, રસધારાઓ ઝીલતા હૃદયે તૈલંગણની રાજ્યવિધાત્રી ત્યાંથી નીકળી.

## ચરિત્र
## (આત્મકથન, વ્યક્તિચિત્ર, સંસ્મરણ, પત્ર)




ઉમાશંકર જોશી

શરીફા વીજળીવાળા

રંજના હરીશ

(સિલ્વિયા પ્લાથ)

(અનુ) હિમાંશી શેલત

સંજય ભાવે

# નહીં લખાયેલી આત્મકથાનું પાનું

## ઉમાશંકર જોશી

થોડા દિવસ પહેલાં દિલ્હીથી અમદાવાદ આવતું સવારનું વિમાન ઉદેપુર અટકી ગયું. મારે અહીં યુનિવર્સિટીની મિટિંગ હતી. ઉતારુઓને મોટરથી અમદાવાદ પહોંચાડવાની વ્યવસ્થા થઈ. ચાલુ મિટિંગે હું પહોંચ્યો પણ ખરો. મારતી મોટરે અમે અમદાવાદ આવી રહ્યા હતા ત્યારે મારા મનની સ્થિતિ જુદી જ હતી. મારા જન્મસ્થાનનો એ પ્રદેશ. અરવલ્લીના આડાઅવળા પથરાયેલા ગિરિઓ વચ્ચેથી આવવાનું હતું. વર્ષાઋતુમાં કેટલાક પહાડો મખમલમઢ્યા ચળકતા હતા, તો કેટલાક ગીચ ઝાડીથી નીલરંગી શોભતા હતા. સાગનાં સીધાં ઊંચાં વૃક્ષો પુષ્પોની કલગીઓ ડોલાવતાં ઊભાં હતાં. ત્યાં આવ્યું શામળાજી. એ તો બાળપણનું અમારું કાશ્મીર. કાશ્મીર હજી મેં જોયું નથી, પણ બાળપણમાં સૌંદર્યધામ શામળાજી પાસેથી ઘણુંઘણું મળ્યું છે. એ વખતનું કમળભરેલું કરમા તળાવ અત્યારે તો ખેતર બન્યું છે. પણ બીજા એક નવા વિશાળ સરોવરનું નિર્માણ થયું છે.

એ પ્રદેશ અને ઋતુ. મારું ચાલે તો એ ડુંગરાળ રસ્તાઓ પર ચાલતાં ચાલતાં આગળ વધું. અસંખ્ય વાર ચાલ્યો છું. પરોઢિયે ગામથી નીકળીએ, સાંજની ગાડી પકડી રાતે નવે અમદાવાદ ભેગા થઈએ. એ જમાનામાં અમદાવાદની અપેક્ષાએ અમારો પ્રદેશ અંદામાન જેવો દૂર અને પછાત લાગતો. ડુંગરો અને જંગલોથી વીંટળાયેલા ગામડામાંથી આવતા મારા જેવાને અમદાવાદ શહેર પણ મોટા જંગલ જેવું ભાસતું. મારા અનુભવ ઉપરથી વિચાર કરું છું કે તે પછીના દસકાઓમાં  ગામડામાંથી આવતા મારા જેવા અનેક નવતરુણોની ચેતનાએ અમદાવાદનો કેવી રીતે સ્વીકાર કર્યો હશે? અમદાવાદ જેવા મહાનગર સાથે એમની ઊઘડતી વ્યક્તિચેતના કેવી રીતે કામ પાડતી હશે?


હું મારી વાત કરું?

પ્રથમ વાર પિતાજી લઈ આવેલા. અમે એટલા બધા અતિથિઓ હતા કે ખાનપુર દરવાજેથી સાબરમતીમાં બપોરે નાહવા ગયેલા એવું સ્મરણ છે. બીજી વાર આવ્યો શાળાન્ત પરીક્ષા આપવા. એ પરીક્ષા આપેલી હોય તો જ ગામડામાં પોસ્ટ ઑફિસ હોય ત્યાં શિક્ષકની નોકરી મળે એ ખ્યાલે. પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાં પરીક્ષા આપવાની હતી. બપોરના વિરામ વખતે વિક્ટોરિયા ગાર્ડન તરફ જતો.

અમદાવાદની પ્રથમ છાપ હજી ચિત્તપટ ઉપરથી ખસી નથી. રસ્તાઓ પર લોકોની ભારે અવરજવર, રાહદારીઓને ટ્રનટ્રન અવાજથી ચેતવતી એ વખતની ઘોડાગાડીઓ, બરફની મોટીમોટી શિલાઓ, કાપેલાં લાલલાલ તડબૂચ પર બણબણતી માખો, ગટરોની હાડકાંના મજ્જારસ સુધી પ્રવેશી જતી દુર્ગંધ, ફ્રોક પહેરેલી છોકરીઓ, સુંદર સુઘડ વેશભૂષામાં સજ્જ સ્ત્રીઓ, વહેલે પરોઢિયે એકમેકની હરીફાઈએ ચઢ્યા હોય તેમ વાગ્યે જતા મિલના પાવાઓ, – આ બધું ખૂબ નવું નવું લાગતું.

ત્રીજી વાર આવ્યો તે મૅટ્રિકવર્ગમાં દાખલ થવા, મોટા ભાઈ સાથે.

જ્ઞાતિના એક છાત્રાલયમાં અમે બંને ભાઈ રહેતા. એક પોળમાં ત્રીજે માળે ત્રણ ઓરડીઓ હતી. દાદર અમારી ઓરડીમાં એટલે અવરજવર, ગપાટા, બધું આખો વખત ચાલે. નેતાઓ વધારે હતા, એટલે દાદર કોઈ વાળે નહીં. કોઈ કોઈ વાર અમે બે-ત્રણ જણા વાળતા. જાજરૂ એક ફર્લાંગ દૂર રસોડું હતું ત્યાં એટલે બધા જાહેર મુતરડીનો ઉપયોગ કરતા. પીવના પાણીની વ્યવસ્થા છાત્રો કરી શકત, પણ કરે તો ને? ૧૯૨૭ની સાલમાં અતિવૃષ્ટિ થઈ. રાતે સૂતા હોઈએ અને આસપાસ



મકાનોના પડવાનો અવાજ સંભળાય. અમારું મકાન પણ એ... પડ્યું એ...પડ્યું એવી ધાસ્તી સાથે અમે વીસેક જીવો જાગતા-ઊંઘતા, ઊંઘતા-જાગતા પડી રહેતા.

ખાવાનું મહિને પાંચ રૂપિયામાં મળી શકે એવું હતું. દૂધ પીરસવાના પાત્રમાં એટલા બધા ગોબા હતા કે એને ઊંધું કરીને ભરવાથી કદાચ એમાં વધુ પ્રવાહી સમાય.

સહછાત્રોની સલાહથી દરિયાપુર એ. જી. ચેરિટીઝમાં અરજી કરવાથી મને શાળાની અડધી ફીની ત્રણેક રૂપિયાની મદદ મળી હતી. દર મહિને તે લેવા હું જતો ત્યારે એમ લાગતું કે જાણે રસ્તે બંને બાજુ લોકો ઊભા છે અને મને જતો જોઈ રહ્યા છે. વરસો પછી એ ચેરિટીઝના છાત્રાલયમાં એક તેજસ્વી વિદ્યાર્થી મને વાર્તાલાપ માટે તેડી ગયો ત્યારે એમની આગળ આ વાત મેં કરી હતી અને દાનની મદદથી ભણતા એ સૌ વિદ્યાર્થીભાઈઓને વિનંતી કરી હતી કે તમે જરીકે તેજોભંગ અનુભવશો નહીં. બીજા વિદ્યાર્થીઓને એમનાં માવતર પોષે છે [તેથી] તે પણ પોતે તો નિરાધાર છે. તમને સમાજ પોષે છે એમાં શો વાંધો છે? માત્ર જે મદદ અત્યારે તમે પામો છો તે સમાજ ખાતે, ભારતમાતા ખાતે જમા કરજો અને આગળ જતાં ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે ભરપાઈ કરજો. પછી તમારો તે જોવધ થવાનું જરીકે કારણ રહેશે નહીં.

મેં શાળા મોટા ભાઈ જતા તે કરતાં જુદી પસંદ કરેલી – પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ. એના હેડમાસ્તર દીવાનસાહેબ અને પ્રિન્સિપાલ બલુભાઈ. અજબ શિક્ષકબેલડી. પંદર દિવસની અંદર બલુભાઈએ મને ઑફિસમાં મળવા બોલાવ્યો. શી રીતે બોલાવ્યો હશે, મને ખબર પડી નથી. મને કહે, તારે કાંઈ પણ મુશ્કેલી હોય, મદદની જરૂર હોય, તો મને કહેજે. પછી પૂછીપૂછીને બધી વીગતો જાણી લીધી. બાકીની અડધી ફી એમને ઘેર જઈને મારે લઈ આવવી એમ એમણે જણાવ્યું. જોરથી ચાલતા પંખા નીચે ઉઘાડે ડિલે એ બેઠા હોય. સ્ફૂર્તિથી ઊઠે, ચીપીચીપીને ગણીને રૂપિયા હાથમાં મૂકે. એમની આ રીત બહુ વિચારપૂર્વકની હતી, પેલા વિદ્યાર્થી સાથે એમનો સીધો સંપર્ક આ રીતે રહેતો અને વર્ગમાં બીજા સૌ વિદ્યાર્થીઓની જેમ જ એ ફી આપી શકતો.

પ્રોપ્રાયટરી હાઈસ્કૂલ દરિયા જેવી લાગતી. હું ચોથા-ડી-વર્ગમાં હતો. મનમાં હું બરોબર સમજતો કે ઈડરના નવ વિદ્યાર્થીના નાનકડા વર્ગનો હું પહેલો નંબર, પણ અહીં તો એવા કેટલીયે શાળાઓના પહેલા નંબરો હશે. છમાસિક પરીક્ષાએ મને ઉઘાડો પાડ્યો. ગણિતમાં દોઢસોમાંથી ૯૫ ગુણ સૌથી વધુ હતા. કોના છે, શોધાશોધ થઈ. ડી-વર્ગમાં કોઈના છે એમ વાત આવી. મારા નીકળ્યા.

વિદ્યાર્થીઓ કે શિક્ષકો કોઈ માની ન શક્યા. ભૂગોળના શિક્ષકે નામ કહ્યું, મને જોઈ આશ્ચર્ય વ્યક્ત કર્યું. પણ વાંક એ અમારા શિક્ષકોનો હતો. ગણિતના શિક્ષક આળસુના પીર, પાટિયા પાસે જઈ અક્ષર માંડતાં એમને કષ્ટ પડે, પણ ધીમે ધીમે એક પછી એક પગથિયાં બોલતા જાય. ગણિત જેવા કઠિન ગણાતા વિષયનું એટલું સ્પષ્ટ સુરેખ નિરૂપણ મેં જોયું નથી. એ આખા વરસમાં ગણિતની ચોપડીઓને મેં હાથ અડાડ્યો નથી, એમની સિદ્ધાંતો સમજાવવાની રીત જ મારે માટે બસ હતી. ભૂગોળના વિદ્વાન પાટિયા પર લીટીઓથી ચોરસ પાડી એશિયાનો વિશાળ નકશો કેમ દોરવો તે સુંદર રીતે સમજાવે. વિષયમાં લીન થઈને શીખવે. મારું પરિણામ એ શિક્ષકોની શીખવવાની રીતને આભારી હતું.

વિદ્યાર્થી પ્રતિનિધિઓની ચૂંટણી થઈ ત્યારે દીવાનસાહેબે ડી-વર્ગનો વારો આવતાં કહ્યું. ડી-માંથી અમુક વિદ્યાર્થી દરેક વિષયમાં નહીં, પણ વિષયના બંને વિભાગમાં પણ એ પહેલો છે. બધાએ ઊભા થવા પોકારો કર્યા. જમીન માગ આપે તો સારું એમ મને થયાં કરે.

મૅટ્રિકની પરીક્ષાને આગલે દિવસે દીવાનસાહેબે આશીર્વાદ આપ્યા; તું જો માંદો નહીં પડે તો આખી મુંબઈ યુનિવર્સિટીમાં નહીં તો કેન્દ્રમાં તો પહેલો અવશ્ય હોઈશ.

કેન્દ્રમાં હું પહેલો આવ્યો પણ ખરો, એકબે વિષયમાં મારી શાળાના વિદ્યાર્થીઓના જ મારાથી વધુ ગુણ હતા. એ વરસે મુંબઈ યુનિવર્સિટીમાં અમદાવાદના પાંચેક વિદ્યાર્થીઓ પહેલા દસની અંદર હતા. મેં મિત્રને કહેલું કે ઊંચો નંબર આવશે. આત્મવિશ્વાસમાં ઊણપ ન હતી. પણ સાથે મૂંઝવણની-સંકોચની લાગણી પણ ઘણી. નોંધારા થવાની, એક્સ્પોઝ થવાની મને ભારે અમૂંઝણ. હું આર્થિક ચિંતા વગર આગળ ભણી શકું એટલા ખાતર આટલા બધા સારા વિદ્યાર્થીઓ વચ્ચે ઊંચો નંબર મળ્યો એમ હું અર્થ ઘટાવતો.

આ વરસમાં કવિતાની લગની પર તો લગામ જ લગાવી દીધી હતી અમદાવાદની ન્યૂ હાઈસ્કૂલના બે વિદ્યાર્થીઓએ કરેલા અંગ્રેજી પાઠ્યપુસ્તકમાંનાં કાવ્યોના ગુજરાતી પદ્ય-અનુવાદની પુસ્તિકા મેં જોઈ ત્યારે મારા કવિ થવાના કોડની શીય દશા થઈ ! હું તો હજી એ અંગ્રેજી કાવ્યોના કેફમાંથી જાગ્યો ન હતો.

કૉલેજનાં બે વરસ અંગે એટલું જ કહેવું છે કે કૉલેજમાં પ્રવેશતાં જ મારો રસનો વિષય બદલાઈ ગયો. ભણવું એ મારો રસનો વિષય કદાચ ન હતો. સાહિત્યકળા અને મુક્ત જીવન એનું ચુંબકત્વ મુખ્ય હતું. એ બંને વસ્તુની તાલીમ તે સમયના વાતાવરણમાંથી મબલક મળે એમ હતી.

મને એવું જણાયું છે કે મૅટ્રિક સુધી સારી રીતે આગળ રહેનારામાંથી કેટલાક કૉલેજમાં એ જ રીતે ટકી રહેતા નથી અને કેટલાક પાછળ હોય છે તેવાઓ આગળ આવી શકે છે. મારી બીજી શક્તિઓ પાંગરતી હતી, પણ મારો એવો અંદાજ છે કે કૉલેજનાં વરસોમાં અભ્યાસમાં હું આગળ રહી શકું એવું હતું નહીં. એને માટેની શિસ્તબદ્ધતા કેળવવાને બદલે હું શબ્દકળા અને બૃહત જીવનના ગગનમાં પાંખો ફફડાવવા કરતો હતો. અભ્યાસવૃત્તિ મેં ભણી ઊતર્યા પછી ધીમે ધીમે કંઈક ખેડી છે.

સાયમન કમિશન ઊતર્યું તે દિવસે અમે કેટલાક વિદ્યાર્થીઓ પરીક્ષામાં ન બેઠા અને ફરી પરીક્ષા લેવાઈ તેનો પણ બહિષ્કાર કર્યો અને દેશજાણીતી મોટી હડતાલ પડી. ૧૯૨૯-૩૦નું આખું વરસ તો રાષ્ટ્રીય આંદોલનોની અનેક ઉત્તેજનાઓમાં પસાર થયું. લડત આવે છે એ તૈયારીમાં રોજ નદીમાં જઈ સવારસાંજ એકેક કલાક તરતો. દાંડીકૂચનો દિવસ આવ્યો, આગલી રાતે અમે કેટલાક મિત્રો આશ્રમદ્વાર આગળ જાગરણ કરતા રહ્યા. એક મિત્રે કહ્યું : હજી તું પરીક્ષા આપીશ? દાંડીના દરિયાકિનારે પહોંચીને ગાંધીજી સત્યાગ્રહ કરે તે પહેલાં મારી પરીક્ષા હતી. મેં કહ્યું : કૂચમાં દાખલ કરતા હોય તો હમણાં છોડી દઉં. પરીક્ષા આપતાં આપતાં રણશિંગું સંભળાશે તો વચ્ચેથી ઊઠી જઈ સેનામાં દાખલ થઈશ.

સત્યાગ્રહી સૈનિક તરીકે નામ નોંધાવ્યું.

એક મુશ્કેલી મોટી હતી. ઘરનાં લોકોની અનુમતિની. ગામડેથી એક વડીલ ભાઈ આવ્યા. પરસ્પરને અમે સમજાવી ન શક્યા. પિતાજી આવ્યા. એમની આજ્ઞા ઉલ્લંઘવાનું મન ન થાય એવા પ્રેમ અને આદરનું એ ભાજન હતા. સાંજે એમને આશ્રમ-વિદ્યાપીઠ જોવા લઈ ગયો. રસ્તામાં આચાર્ય કૃપાલાનીજીનાં દર્શન થયાં. તેઓ બે દિવસ રહ્યા. એક શબ્દ પણ ન બોલ્યા. બીજે દિવસે સાંજે કહે : કાલે સવારે હું જઈશ. તારે સત્યાગ્રહમાં જોડાવું જ છે? મારી ઇચ્છા છે એ જાણ્યા પછી કહે : તો કાલે મારી સાથે ચાલ, તારી બાને મળવા. મેં જરી સંકોચથી કહ્યું : તો સહેજ મુશ્કેલી નહીં થાય પાછા આવવામાં? મહાનુભાવ પિતાજીએ કહ્યું : તું પાછો આવી શકે એ મારે જોવાનું.

રસ્તે બસ ખોટકાઈ એટલે છેક સાંજ પડ્યે અમે ઘેર પહોંચ્યા. બીજે દિવસે વહેલી સવારે તો, પોતે ટિકિટ કઢાવીને, બસમાં મને બેસાડી દીધો.

ઘર, કુટુંબ, જાતનો વિકાસ એ બધાથી ઉપર ઊંચકતી કશીક અભીપ્સા ગામડાના એક ગભરુ તરુણને ખેંચતી હતી. મહાનગર અમદાવાદ પાસેથી, પાછળથી પણ ઘણુંઘણું મળ્યું છે, પણ સમાજચેતના સાથે મારી યુવા-ચેતનાને જોડી દીધી એ એનો સૌથી મોટો ઉપકાર છે. એ આંદોલન કેવળ રાષ્ટ્રીય ન હતું; આધ્યાત્મિક પણ હતું. તેથી લાગતું કે વિશ્વના કેન્દ્રમાં જે શક્તિ-પુરવઠો છે તેની જોડે ભાવનાથી જાણે કે સંધાન થયું ન હોય.

પછીની આયુષ્ય-કથા એ તો એ સંધાનનો લાભ વાસ્તવમાં પૂરો લેવાયો કે નહીં તેની કથની જ બની રહે છે.

૧૦-૯-૧૯૭૦

[એમના પુસ્તક થોડુંક અંગત, ૧૯૯૯(સંપા. સ્વાતિ જોશી) તથા શ્રેષ્ઠ ઉમાશંકર-માંથી]



ગુજ. યુનિવર્સિટીના કુલપતિ તરીકે યુનિ. ક્રિકેટમેચના ઉદ્‌ઘાટન-પ્રસંગે
ઉમાશંકર જોશીની એક લાક્ષણિક તસવીર

# મારું બારમું

## શરીફા વીજળીવાળા




કો'ક ધખના થઈ ગયેલી ઇચ્છા જો કાયમી અધૂરી રહી જાય તો પછીની જિંદગી અવગતિયાની જેમ જ કાઢવી પડે ને? મારે થાવું'તું દાક્તર ને થઈ માસ્તર... આવી અવળી જાત્રા કાં? એનો જવાબ ક્યાંક મારા બારમામાં પડ્યો છે...

આજે જ્યારે ચારેબાજુ હું બારમા ધોરણનો હાઉ જોઉં છું, સંતાન સાથે મા-બાપની હડિયાપાટી જોઉં છું, એમના જીવનમાં વ્યાપેલ તનાવ જોઉં છું, ખાવા-પીવા તથા આવન-જાવન મટે વિદ્યાર્થીઓને મળતી જાહોજલાલી જોઉં છું ત્યારે મને અચૂક મારું બારમું યાદ આવે. ઘર મારું જિંથરી ગામે. ભણવા રોજ બે કીલોમીટર દૂર સોનગઢ જવાનું. ગુરુકુળના શિક્ષકો એટલા સારા હતા કે દર વર્ષે અમારી નિશાળમાંથી બે-ચાર વિદ્યાર્થી દાક્તરી કે ઇજનેરી શાખામાં અચૂક જતા. 'જેમને બે પૂંઠાં વચ્ચેનું બધું આવડે એમને દુનિયાના કોઈ બોર્ડ ના નડે.' એ અમારા ગણિતના ગુરુજીની રોજની શિખામણ. કોઈ 'ગાઇડ', 'અપેક્ષિત' કે ટ્યૂશન વગર જ અમે બધાં ભણ્યાં. ભાઈ મેડિકલમાં ગયો ને ૧૯૮૦માં 'મારું બારમું', પા તોય મેડિકલમાં જવાની મારી હામ જરાય ઓછી નો'તી થઈ. સડી ગયેલા હાથ-પગ પારાવાર પજવતા હતા ને તોય ભાઈ જેટલા ટકા લાવવાની મનમાં ગાંઠ તો વળેલી જ હતી. પ્રિલિમમાં ૭૦ ટકા આવ્યા એટલે મેડિકલપ્રવેશ હાથવેંતમાં દેખાવા માંડ્યો. (એ જમાનામાં ૯૦ ટકા કે ૯૨ ટકા કોઈને સપનામાં પણ નો'તા આવતા. ૭૦ કે ૭૨ ટકાએ માંગો ત્યાં એડ્મિશન મળી જતું.)

બૉર્ડની પરીક્ષા આપવા અમારે ૩૫ કિમી દૂર ભાવનગરના ગયા વગર છૂટકો નો'તો. ઘરની આર્થિક હાલત તો આમેય એક સાંધે ત્યાં તેર તૂટે એવી. એમાં ભાઈ મેડિકલનું ભણવા વડોદરા ગયો એટલે બાપુનો હાથ ત્રીસેય દિ' ભીડમાં રેતો. તોય આની તેની પાસેથી ઉછીના લઈ બાપુ મને પરીક્ષાની આગલી સાંજે ભાવનગરના દાણીભાઈ છાત્રાલયમાં મૂકી ગયા. રે'વાનું તો માત્ર પાંચ જ દા'ડા હતું પણ હું પેલ્લીવાર ઘરની બારી નીકળતી હતી. એમાં વળી એક રૂમમાં ચાર છોકરિયું વચાળે રેવાનું. એ બધીયુંની પરીક્ષાને હજી મઈનાની વાર હતી એટલે આખોક દા'ડો હા-હા-હી-હી ને કલબલાટ ચાલે. અમે તો વગડા વચાળ મોટાં થયેલાં. જ્યાં નજર નાખો ત્યાં આવળ-બાવળ ને બોરડીનાં જાળાં સિવાય કાંય નજરે નો ચડે. રાત્યે શિયાળવાંની લાળી કે ઘુવડના બોલાશ સિવાય કાંય કાને નો પડે. ઘર તો સાવ નાનું હતું ને અમારી જમાત

જંગી હતી. પણ હું તો કાયમ ફળિયાના એકાદા ખૂણે વાંચનારી. વાડ્યુ પાછળ કે ઝાડના છાંયે ખાટલો ઢાળી એકલી વાંચું. રાત્યે પણ ખાટલાને બધાથી આઘો ઢાળું ને મારું ફાનસ પણ નોખું જ રાખું. વાડ્યના કાતરિયાનો અવાજ પણ મારાથી વેઠાતો નંઈ. અવાજમાં વાંચવાની મુદ્દલ ટેવ નો'તી (આજેય નથી) એમાં અમારે રોજનાં બે પેપર દેવાનાં હતાં. આજની જેમ રોજનું એક પેપર ને બબ્બે રજાયુંની જાહોજલાલી અમારે નસીબે નો'તી. રોજનાં બે પેપર તે સાડાત્રણ દા'ડામાં તો ફટ લેતાંકની પરીક્ષા પૂરી થઈ જતી.

મારું ગણિત તો પાક્કું પણ ફિઝિક્સમાં ફાંફાં. આમેય જીવ ફફડતો'તો ને એમાં આ કલબલાટ વચ્ચે ખબર નંઈ કયા કાળ ચોઘડિયે મનમાં ઊગ્યું કે 'મને આટલા કકળાટમાં કંઈ યાદ નથી રતું.' ને પછી તો જાતે જાણે રટણ જ ચાલુ કરી દીધું. 'મને કાંય નથી આવળતું....' જિંદગીમાં આવું પેલ્લીવાર થતું હતું. સમજ નો'તી પડતી કે શું કરવું? કોને કેવું? જેમની સાથે રેતી'તી એમને મારી સાથે કે મારી પરીક્ષા સાથે ના'વા-નિચોવાનોય નાતો નો'તો. મન ચકરાવે ચડેલું. ટકા નહીં આવે, મેડિકલમાં નહીં જવાય... ને તોય પેલ્લા દા'ડે ગુજરાતી-ગણિત-૧ અને બીજા દાડે અંગ્રેજી-ગણિત નાં પેપર તો દઈ આવી. પણ ત્રીજા દા'ડે ફિઝિક્સના પેપરમાં જાતે જાણે હથિયાર હેઠે મૂકી દીધાં. શનિવાર હતો. એ દિવસે એક જ પેપર હતું. દોઢ-બે કલાકમાં જેવું-તેવું પેપર ઘસડીને હું બારી નીકળી ગઈ. હૉસ્ટેલ જઈ, પેટીમાં લૂગડાં-ચોપડાં ભરી કોઈને કાંય કીધા-મૂક્યા વગર હું હાલતી થઈ ગઈ. રાતે આઠ-સાડા આઠે ઘરે પહોંચી. મને જોતાંવેંત બધાંને જાણે સાપ સૂંઘી ગયો હોય એમ હેબતાઈ ગયાં. જરાકવાર રહીને બાપુએ પૂછ્યુંઃ કાં બે'ન, હજી તો તારે બે પેપર બાકી નથી?' હું શું જવાબ આપું? છેલ્લા ત્રણ દા'ડાથી ગૂંગળાતી હતી તે ઘરનાંને જોઈને માંડી રોવા... રોતી જાઉં ને બોલતી જાઉં: 'મારે હૉસ્ટેલમાં નથી રેવું, મારે પરીક્ષા નથી દેવી મારે ભણવું જ નથી....' બધાં પૂતળાં જેવાં થઈ ગયાં.... હું ખાધા-પીધા વગર રોતી રોતી જ સૂઈ ગઈ. રવિવારનો આખ્ખો દા'ડો મા-બાપુ બેય પરીક્ષા દેવા, વાંચવા સમજાવતાં રહ્યાં પણ મેં જાણે કાનની ભોગળો જ ભીડી દીધેલી. બાપુ રડવા જેવા થઈ ગયા એટલે હું કેમેસ્ટ્રી અને બાયૉલૉજીનાં પેપર આપવા  ગઈ પણ પ્રૅક્ટિકલ્સ આપવા ધરાર નો જ ગઈ.  ઘરમાં માણહ મર્યા જેવું માતમ છવાઈ ગયું. મારી જેમ ઘરનાં લોકોને પણ હું મેડિકલમાં જઈશ એવી ખાતરી હતી. નાનેથી નિશાળમાં કાયમ પેલો નંબર લાવેલી એટલે ઘરની બારો પગ મૂકતાં શરમ આવે. કોઈ 'પરીક્ષા કેવી ગઈ' એમ પૂછે તો? એ બીકમાં પાણી ભરવા, દળણું દળાવવા જેવાં અનિવાર્ય કામોમાં પણ 'ના' ભણતી થઈ ગઈ. સાવ નાખી દેવા જેવી વાતે પણ કાળઝાળ થઈ ઊઠતી મા એ દિવસોમાં ભાગ્યે જ મને વતાવતી.

દુનિયાથી તો મોં સંતાડી શકાય પણ પંડ્યની જાતનું શું કરવું? તું ભાગી કેમ? એવું વારંવાર પૂછતી જાત મને જંપવા નો'તી દેતી. હવે મેં જાતથી પલાયન આદર્યું. જિંથરીના ટી.બી.ના દવાખાનામાં છ-આઠ મહિના રોકતા દર્દીઓમાં પૉકેટ બુક્સની ભારે માગ. બાપુના છાપાના ધંધાને કારણે મારા ઘરે સ્ટાર, મનોજ, ડાયમંડ એમ જાતભાતની પૉકેટ બુક્સના ડુંગર ખડકાયેલા હોય. સાવ અચાનક હું એ બાજુ વળી ગઈ. દિવસની બે-અઢી ચોપડી વાંચતી થઈ ગઈ. ગુલશન નંદાથી લઈ જેમ્સ હેડલી ચેઈઝ, એલિસ્ટર મેકલીન ને બીજા કેટલાય.... દિવસ-રાત બસ હું વાંચ્યે જ રાખતી. ક્યાંય જવું-આવવું નંઈ, કોઈ સાથે બોલવું-ચાલવું નંઈ, કામકાજ નંઈ બસ ચોપડીમાં મોં ઘાલીને ધસમસતા કથારસમાં, રહસ્યોના આટાપાટામાં કે વિરહ-પ્રેમની પોચી પોચી વાતોમાં જાતને ડુબાડી રાખતી. એક ચોપડી પતે ને બીજી શરૂ કરતી. કોઈ સવાલ પૂછવાની હું જાતને તક જ આપવા નો'તી માગતી. આજે આટલાં વર્ષો પછી એવું થાય કે રોજનાં આઠસો-હજાર પાનાં વાંચનારીએ થોડું શિષ્ટ-પ્રશિષ્ટ વાંચ્યું હોત તો?

ઘરનું કોઈ મને વતાવતું નંઈ, કારણ કે હું કરડવા દોડતી. લડાઈ  જાત સામે હતી પણ નીકળતી હતી ઘરનાં સામે. અત્યાર સુધીનાં ઝળહળતાં વર્ષો, ઇનામોના ઢગલા, ફેફસાં ફાટી જાય એટલાં વખાણની સામે આમ પરીક્ષામાંથી પલાયનનો હું કોઈ રીતે મેળ બેસાડી નો'તી શકતી. આમ ને આમ દિવાળી ગઈ. દિવાળીના સપરમા દા'ડે પણ હું કોઈને ના મળી. નિશાળોમાં બારમા ધોરણનાં ફૉર્મ ભરાય છે એવી ખબર પડતાં બાપુ મારી સામે આવીને બેઠાઃ 'તું નહીં જ ભણે?' એમણે સીધો જ સવાલ કર્યો. મેં ઊંચું જોયા વગર, સપાટ અવાજે 'ના' પાડી. મારા બાપુનું હું સપનું હતી એ વાત તો હુંય જાણતી હતી. ભાઈના પરિણામપત્રક સાથે મારા પરિણામને સરખાવીને રાજીના રેડ થતા બાપુને હું કાયમ જોતી આવેલી. હવે ભાઈ તો મેડિકલમાં હતો ને હું? બાપુના હૈયાની વ્યથા હું નો'તી જાણતી એવું નો'તું. પણ મારા ભેજામાં નરી ધૂળ ઊડતી હતી. હવે હું કશા કામની નથી રહી, સાવ નકામી છું.... એવું હૈયાની ભીંત પર લખાઈ ગયું હતું ને હું એ લખાણ ભૂંસવા માટે કાંય નો'તી કરતી. લગભગ રડતા અવાજે બાપુએ ફરી પૂછ્યુંઃ 'તો તું નહીં જ ભણે?' ને હવે હું જવાબ ન આપી શકી. મેં 'ના' ન પાડી એટલે બાપુની હિંમત વધી. 'કાલે નિશાળે જઈશ? મેં વાત કરી છે. તને કોઈ કાંય નંઈ

પૂછે. ફૉર્મ ભરીને આવતી રેજે બસ’ ને બીજા દા’ડે હું ખરેખર ફૉમ ભરવા ગઈ! હારવાની ટેવ તો આમેય નો’તી એટલે સાંજે બધા ચોપડા પરથી ધૂળ ખંખેરી. ડિસેમ્બર પૂરો થવામાં હતો ને માર્ચની ૧૮મીએ પરીક્ષા હતી! મારા ભેજામાં નર્યું ધુમ્મસ હતું ને એમાં તરતી હતી જાત-ભાતની કથાઓ, પાત્રો, રહસ્યો... આવી મૂડીએ મેડિકલમાં ન પહોંચાય એ હું પણ જાણતી’તી. ક્યાંથી શરૂ કરવું? શું શરૂ કરવું? કશી સમજ નો’તી પડતી. ગણિત જ એક એવો વિષય હતો જે મારા ભેજાના ધુમ્મસને ભેદી શકે. એટલે મેં ગણિતથી જ શ્રીગણેશ કર્યા. ૨૦ દા’ડામાં બેઉ ગણિત ગણી નાખ્યાં ને હાથતાળી દઈ ગયેલી હિંમત જાણે પાછી ફરી. કૅમેસ્ટ્રી-બાયૉલૉજી પૂરાં કરતાં જાન્યુઆરી પૂરો થઈ ગયો. હવે રહ્યું મારું જાની દુશ્મન ફિઝિક્સ. રાત-દિવસ ફિઝિક્સ અને સમાંતરે અંગ્રેજી-ગુજરાતી કરતી હતી. પુનરાવર્તનનો વખત નંઈ મળે એ વાતે હું મૂંઝાતી હતી. ભાઈ પરીક્ષાની આગલી રાતે ચોપડી બંધ કરી દે. પણ મને તો બધું એક વાર ફરીથી જોઈ ના લઉં તો કંઈ યાદ જ ના રહે. છેલ્લી ઘડી સુધી ચોપડિયું છાતીએ વળગાડીને ફરનારીને ‘હવે શું થશે?’ ની ચિંતા કોરી ખાતી હતી. હૈયું બેસવા માંડ્યું હતું. પણ ત્યાં જ ગુજરાતમાં અનામત આંદોલને માઝા મૂકી. પરીક્ષાઓ પાછી ઠેલાતી જ ગઈ. માર્ચનો એપ્રિલ થયો ને એપ્રિલનો મે. ૧૮મી મેથી પરીક્ષાઓ ચોક્કસ જ થશે એવું છાપામાં આવ્યું એટલે મેં બાપુને કહ્યું, ‘હું પરીક્ષા આપીશ પણ હું હૉસ્ટેલમાં નંઈ રઉં. મારાથી હૉસ્ટેલ નંઈ વેઠાય.’ (ને કુદરતે પછી કેવો બદલો લીધો? ૧૯૮૧થી ૨૦૦૯ પૂરાં ૨૮ વર્ષ હું હૉસ્ટેલમાં જ રહી!!) જવા-આવવાની ટિકિટથી વધારાની એક પાઈ દઈ શકે એમ નો’તા તોય બાપુએ ‘હા’ પાડી. મારો નંબર ભાવનગરની માજીરાજ સ્કૂલમાં આવેલો. રોજ સવારે સાડા સાત વાગ્યે ચા-ભાખરી ખાઈને બસ પકડું. બસસ્ટૅન્ડે ઊતરી માંડું હાલવા તે વેલી આવે નિશાળ. પછી કોઈ ખૂણે બેસી માંડું વાંચવા. બે પેપર વચ્ચે કલાકનો ગાળો. બધાયનાં મા-બાપ ખાવા-પીવાની જાતભાતની ચીજું લઈને હાજર હોય. છોકરાં વાંચતા હોય ને મા-બાપ એના મોંમાં ખાવા-પીવાનું કંઈક દેતા હોય એવુંય નજરે પડી જાય. પેટમાં આગ લાગી હોય. (ડબ્બો સાચવવાની પળોજણને કારણે માના આગ્રહ છતાં હું ભાખરી-શાક સાથે ના લઈ જતી.) આ બધું જોઈને મન પણ ભડકે બળતું હોય. પણ પછી નજરને વાળી લઈ, મનને પણ વાળી લેતી. નિશાળના નળે પેટ ભરીને પાણી પી વળી વાંચવા માંડું. સાંજે છૂટતાંની સાથે બસસ્ટૅન્ડ બાજુ હડી કાઢું. બસની ભીડમાં ભીંસાતી જિંથરી ઊતરું ત્યારે રોજ રાતના સાડા આઠ તો વાગી જ જાય. ઘરનાં બધાંય ઝાંપે લટકતાં હોય. પેપર કેવાં ગયાં? -એ નો જવાબ મળ્યા પછી જ મા વાળુ કાઢે ને મારી વાટ જોઈને બેઠેલાં બધાંય ભેળાં બેહીને ખાઈએ ત્યારે બપોર વેળા મનમાં ઊગી નીકળેલો અભાવ ઓગળી જાય. કટકબટક ખાઈને વળી હું વાંચવા બેસી જાઉં. દોઢ-બે સુધી વાંચું ને સવાર વળી એની એ જ યાત્રા. આખી પરીક્ષા આમ હડિયાપાટી કરીને પૂરી કરી પણ પેપર એટલાં સારાં ગયેલાં કે પરિણામ બાબતે હું નિશ્ચિંત હતી. હવે ડૉક્ટર બનવું મને હાથવેંતમાં લાગતું હતું. પણ પરિણામ જોઈને હૈયું બેસી ગયું. બાયૉલૉજીમાં મેં ૯૦ ધાર્યા હતા. પણ આવ્યા માત્ર ૫૬!! લોકોએ પેપર ખોલાવવાની સલાહ આપી. પણ જ્યાં અમદાવાદ જવાની ટિકિટની ત્રેવડ ના હોય ત્યાં પેપર ખોલવવાના ૨૦૦ રૂ. કયા ઝાડના ખંખેરવા? ખંખેરવા જેવાં ઝાડ તો બાપુ કે દિ’ના ખંખેરી ચૂકેલા. ૩૧૬ માર્કે મેડિકલના દરવાજા દેવાયા ને મારે હતા ૩૦૭. ‘ધાર્યું ધણીનું થાય.’ કહેતા બાપુએ પરિણામ સ્વીકારી લીધું પછી તો મેં પણ વડોદરાની ઇજનેરી કૉલેજ અને હૉસ્ટેલને મારી નિયતિ માનીને સ્વીકારી લીધાં. બી. ફાર્મ. થઈ નોકરીએ વળગીને વળી ખબર નહીં શું સોલો ચડ્યો કે ગુજરાતી વિષય લઈને ભણવા બેઠી ને ‘ડૉક્ટર’ થઈ!! પણ પેલી સાચા ડૉક્ટર થવાની ઇચ્છા તો મનની મનમાં જ રહી ગઈ. હવે તો આવતા જન્મે... આ ચીનના બદલે જાપાન જતી મારી જીવનજાત્રા જોઈને ઘણી વાર મને થાય કે જો મારું ‘બારમું’ સીધું ઊતર્યું હોત તો ડૉક્ટર તરીકે ઠરીઠામ થઈને કેટલાયના આશીર્વાદ લેતી હોત ને?

[એમના પુસ્તક *સંબંધોનું આકાશ*(૨૦૧૧)-માંથી]

# કસ્તૂરબા : An Unsung Shero*

ડૉ૰ રંજના હરીશ



૨૨ ફેબ્રુઆરી, ૧૯૪૪ની નમતી સાંજ હતી. આકાશમાં જ્યારે સૂર્યદેવનો રથ પશ્ચિમ ભણી ગતિ કરી રહ્યો હતો. ત્યારે દિલ્હીના આગાખાન પેલેસમાં કસ્તૂરબાનો અંતિમસંસ્કાર થઈ રહ્યો હતો. પુત્ર દેવદાસે મુખાગ્નિ આપ્યા બાદ સર્વે આપ્તજનો બાના નશ્વર દેહને અંતિમ પ્રણામ કરી રહ્યાં હતાં. પતિ મોહનદાસ કરમચંદ ગાંધી પોતાની ૬૨ વર્ષ જેવા સુદીર્ઘ સમયની જીવનસંગિનની કસ્તૂરબાને મનોમન વિદાય આપી રહ્યા હતા, તેમનું મન ક્ષુબ્ધ હતું. આ પળ હતી જીવનભરના સરવૈયાની. તે સ્વગત બોલી રહ્યા હતા – 'હું તારા વિના આજે નોંધારો થઈ ગયો. પોતાનાં બાળકોની ઇચ્છાપૂર્તિની જવાબદારી મા-બાપની હોય છે, પણ હું તે ન કરી શક્યો. હું તો સંન્યાસીની જેમ સર્વ કલ્યાણમાં મંડેલ રહ્યો અને હરિદાસ અને બાળકોને અવગણ્યાં. હું સતત જાણતો હતો કે તું મારાથી દુઃખી હતી. મેં તને દૂભવી. હરિદાસે સાચું જ કહેલું, "તમને બાએ મહાન બનાવ્યા છે." મારા ખાતર તેં હરિને ત્યજી દીધો હતો એ કંઈ નાનીસૂની વાત ન હતી. મેં હરિલાલને ન બોલાવ્યો અને તે પોતે ક્યારેય આવ્યો જ નહીં. બસ એટલું જ...' ગાંધી સદ્ગત પત્નીને કહી રહ્યા હતા, 'તું મારા કરતાં સાચ્ચે જ મુઠેરી ઊંચી હતી.' (પૃ૰ ૨૭૯) પતિ, પુત્રો, પરિવાર તેમ જ સઘળા રાષ્ટ્ર કાજે કસ્તૂરબાએ આજીવન કરેલ તપ, ત્યાગ, સેવા અને સમર્પણનો આ સરપાવ હતો.

પતિની આવી શ્રદ્ધાંજલિ પામનાર કસ્તૂરબા એક અસાધારણ સ્ત્રી હતાં. જેમણે પોરબંદર ગામના ગભરુ, અતિ સાધારણ એવા મોનિયાને રાષ્ટ્રપિતા મોહનદાસ કરમચંદ ગાંધી બનવામાં સતત મૌન ફાળો આપ્યો હતો.

કસ્તૂરબાના જીવન પર આધારિત હિન્દી નવલકથાકાર પદ્મશ્રી ગિરિરાજ કિશોરે લખેલ 'બા'(૨૦૧૬) નવલકથાનો પ્રારંભ પોરબંદર ખાતે કસ્તૂરબાના ઘરની સામે એક વૃદ્ધ સાથે થયેલ સંવાદથી કરે છે. લેખક ગાંધીજીના જીવન

પર આધારિત નવલકથા 'પહેલા ગિરમીટિયા' માટે સંશોધનાર્થે પોરબંદર ગયેલા અને ત્યાં તેમને સાંભળવા મળ્યું કે કસ્તૂરબાના પિયરનું મકાન પણ એ જ નગરમાં છે. ગાંધીજીનું જન્મસ્થળ જોયા બાદ તેઓ શોધતાશોધતા કસ્તુરબાના મકાને પહોંચ્યા. મકાનની બહાર એક વૃદ્ધ મળી ગયો. તેમણે પૂછ્યું, 'આ કસ્તૂરબાનું મકાન છેને?' વૃદ્ધ જવાબ આપ્યો, 'વાહ તમે કસ્તૂરબાને જાણો છો?' તેમણે કહ્યું, 'બા વિશે વાંચેલું છે.' પેલા વૃદ્ધ બોલી ઊઠ્યા, 'કસ્તૂરની કોઈનેય પડી નથી. બધા ગાંધીને જાણે છે, પૂજે છે. ભૂલ્યુંભટક્યું કોઈ અહીં આવી ચડે તો અમારું ભાગ્ય.' એ વૃદ્ધ ની આંખમાં વેદના અને ફરિયાદ હતી.

સાચે જ બાની કોઈને નથી પડી એ વાત 'હમારી બા' લખનાર વનમાલા પરીખ અને સુશીલા નૈયર પણ નોંધે છે. તો વળી ગાંધીજીના પૌત્ર અરુણ ગાંધી તથા સુનંદા ગાંધીએ બાના જીવન પર લખેલ પુસ્તકને તેમણે 'ફરગોટન વુમન' નામ આપવું ઉચિત માનેલું. વળી તેમનું આ પુસ્તક છાપવા માટે ભારતીય પ્રકાશકોએ ઘસીને ના પાડેલી. કહેલું, 'ગાંધી પર પુસ્તક હોત તો ચોક્કસ છાપત.' છેવટે કોઈ અમેરિકન પ્રકાશકે કસ્તૂરબા પરનું આ પુસ્તક પ્રકાશિત કરેલું. અરુણ ગાંધી તથા સુનંદા નોંધે છે 'અમારી દાદીની જીવનકથા ફક્ત એટલી જ કે જ્યારે મોહનદાસ સત્યના પ્રયોગો કરતા હતા ત્યારે બા તે પ્રયોગોનો તાપ જીરવતાં હતાં, તે પતિના પ્રયોગોને

જીવતાં હતાં. કસ્તૂરબાનું સઘળું જીવન ગાંધીજીની સત્યની શોધની સૂક્ષ્મતમ પ્રક્રિયાના પ્રત્યક્ષ અનુભવમાં વીત યું.' ગાંધીજી તથા કસ્તૂરબાના સહજીવન તથા પારસ્પરિક વિકાસની ભાગીદારીની વાત અગણિત પુસ્તકોમાં ચર્ચાઈ ચૂકી છે. અહીં તો એટલું જ નોંધવાનું કે, બાપુના પારસસ્પર્શે કસ્તૂરબા કંચન બન્યાં તે વાત સાચી તો ખરી, પરંતુ તે ફક્ત સ્પર્શમાત્રનો કમાલ નહોતો. દરેક પગલે બાપુના વિચારો તથા આગ્રહોના તાર્કિક સ્વીકાર સાથે બધું અપનાવતાં ગયાં. તેમણે ક્યારેય પણ ફક્ત પતિના આગ્રહને વશ થઈને કોઈ સિદ્ધાંત સ્વીકાર્યો નહોતો. ચાર પુત્રોનાં માતા-પિતા બન્યા બાદ વર્ષ ૧૯૦૬માં જ્યારે બાપુએ બ્રહ્મચર્યનું વ્રત લીધું ત્યારે તે વ્રતનો સ્વીકાર કસ્તૂરબાએ પતિની ઇચ્છાને વશ થઈને કર્યો નહોતો. તેઓ પોતે બ્રહ્મચર્યમાં માનતાં થયાં હતાં. અને તેમની સંપૂર્ણ સંમતિ સાથે બાપુ આ વ્રત લઈ શક્યા હતા. આ સઘળી વાતો એક જ સત્ય તરફ આંગળી ચીંધે છે કે ગાંધીના પડછાયાની જેમ પળેપળ તેમની સાથે રહેનાર કસ્તૂરબાને સુયોગ્ય યશ કે માન નથી મળ્યાં. તેઓ એક 'અનસંગ શીરો' છે. બા-બાપુના દોઢસોમા જન્મશતાબ્દી વર્ષે આ પ્રશસ્તિવંચિત કસ્તૂરબાનું સ્મરણ યથોચિત છે.

ગિરિરાજ કિશોરે લખેલ બાયોફિક્શન[ચરિત્ર-કથાનક] 'બા'-ના ચુનંદા પ્રસંગોના અનુવાદ થકી તેમને શ્રદ્ધાસુમન અર્પણ છે. કિશોર મોનિયો કિશોરી પત્ની કસ્તૂર પર પતિ હોવાનો રોફ ચલાવતો. તેણે ક્યાં જવું, કોની સાથે બોલવું તે બધું મોનિયાને પૂછીને જ થવું જોઈએ. એક દિવસ સાસુજી પૂતળીબાએ કસ્તૂરને કહ્યું, 'હું મંદિર જઉં છું, તું ચાલ મારી સાથે.' કસ્તૂર કોઈને પૂછ્યાકર્યા વગર સડસડાટ પૂતળીબા સાથે મંદિર જતી રહી. મોનિયો ઘરે જ હતો. પણ કસ્તૂરે તેની પરવા જ ન કરી. બીજે દિવસે, ત્રીજે દિવસે, ચોથે દિવસે આ જ ક્રમ ચાલ્યો. મોનિયાને કસ્તૂરનું આવું વર્તન જરાય ન ગમ્યું. છેવટે ધીરજ ત્યજીને તેણે કસ્તૂરને સંભળાવી દીધું, 'હું તારો પતિ થાઉં, મારી પરવાનગી વગર ક્યારેય તારે ક્યાંય જવાનું નથી તે તું જાણે છે અને તોય મને પૂછ્યા વગર બા સાથે જતી રહે છે તે યોગ્ય નથી,' કસ્તૂર કેટલાય વખતથી કિશોર પતિ મોનિયાની જોહુકમીથી કંટાળેલી હતી, પણ તેણે પતિના ગુસ્સાનો જવાબ ધીમા સ્વરે આપ્યો. કહ્યું, 'તમે ઇચ્છો છો કે હું બાને બદલે તમારું કહ્યું માનું?' પતિદેવ બિચારા શું

બોલે! મોનિયો સમસમી ગયો અને બરાબર સમજી ગયો કે આ છોકરીની સંમતિ વગર તેની પાસે કશુંય કરાવી શકાય તેમ નહોતું. (પૃ૰ ૩૯)

***

મોનિયો વિલાયતમાં બેરિસ્ટરી ભણીને બાબુ બનીને પાછો ફર્યો. એક પુત્રની માતા તેવી તેની પત્ની કસ્તૂર બારણાની ઓથમાં રહીને આ વિલાયતી માણસને જોઈ રહી હતી. તેને મોનિયાની વિદાયનું દશ્ય યાદ આવી ગયું. તે વખતે પણ કસ્તૂરે મોનિયાને બારણાની પાછળથી જ વિદાય આપેલી. પણ આ નવો મોનિયો તો તદ્દન બદલાઈ ગયો હતો! ક્ષણાર્ધ માટે કસ્તૂરને પોતાની જાત પર દયા આવી ગઈ... ગઈ કાલનો મોનિયો આજે વિલાયતી સાહેબ બનીને પાછો ફર્યો છે. અને પોતે જેવી હતી, જ્યાં હતી, ત્યાંની ત્યાં જ ઊભી છે! તદ્દન અજાણ દેખાતો મોનિયો જીવનની દોડમાં તેનાથી ઘણો આગળ નીકળી ગયો. છે... તે વિચારી રહી, સ્ત્રી સાથે આવું કેમ થતું હશે? કૂદકે ને ભૂસકે આગળ વધતા પુરુષના પ્રમાણમાં તેની પત્ની કેમ જ્યાં હતી ત્યાંની ત્યાં રહી જતી હશે? (પૃ૰ ૬૪)

***

પતિ તથા ત્રણ પુત્રો સાથે દરિયાઈ માર્ગે ડર્બન પહોંચેલી કસ્તૂર માટે અહીંના બધા જ અનુભવો તદ્દન નવા હતા. તેણે જોયું કે વહાણ ન લાંગરવા દેવા માટે પ્રયત્નશીલ તેવા ગોરાઓ પોતાના પતિને દુશ્મન માનતા હતા. એટલું જ નહીં, ગાંધીને ફાંસી આપવાના નારા બોલાવી રહ્યા હતા. આ વાત લંડન પહોંચતાં ત્યાંથી આદેશ આવેલો કે ગાંધીવિરુદ્ધ વર્તન કરનારને પોલીસ પકડી જશે. ગોરી પોલીસે ગાંધી પાસે નામો માગ્યાં તો ગાંધીએ નામો આપવાની ના પાડી દીધી અને કહ્યું, 'મારા આવા નકારાત્મક સ્વાગત માટે હું તે બધાઓને માફ કરી ચૂક્યો છું.' ગાંધીની આવી ક્ષમાવૃત્તિએ ત્યાંના ગોરાઓનું મન જીતી લીધું. કસ્તૂર પોતાના પતિ મોનિયાને સમ્માનિત જનનાયક બનતો જોઈ રહી. તે સાક્ષીભાવે વિચારી રહી, જેમ પ્રેમથી પ્રેમનો રસ્તો ખૂલે છે તેમ ક્ષમાથી સમ્માનનો રસ્તો મોકળો થતો હોય છે. મનોમન તે પોતાના પતિને બિરદાવી રહી. (પૃ૰ ૯૪)

***

ડર્બનના પ્રારંભિક દિવસોમાં કસ્તૂર અને બાળકોએ એક પારસી સજ્જન રુસ્તમજીના પરિવાર સાથે રહેવું પડેલું એ પરિવારે કસ્તૂર અને તેનાં બાળકોને પ્રેમથી અપનાવેલાં પરંતુ કસ્તૂરને કેમે કર્યું ગોઠતું નહોતું. આ તે કેવો દેશ? આખો દિવસ બધાએ બૂટ પહેરીને રહેવાનું! બૂટ પહેરીને રસોડામાં જઈને રાંધવાનું અને તે પણ વળી ઊભાંઊભાં! વળી આ લોકો માછલી ખાતા હતા, અને ચુસ્ત વૈષ્ણવ સંસ્કાર ધરાવતી કસ્તૂરને આ જરાય ગમે તેમ નહોતું. માછલીની ગંધ જાણે આખા ઘરમાં વ્યાપેલી રહેતી. એ ગંધથી કસ્તૂરને ઊબકા આવતા. આવી પરિસ્થિતિમાં પહેલી વાર કસ્તૂરને સમજાયું કે જીવનમાં ખોરાકનું શું મૂલ્ય હોય છે.... આ રહેવાસ દરમિયાન કસ્તૂરનાં બાળકોનું બા સંબોધન સાંભળીને રુસ્તમજી પરિવારે તેને કસ્તૂરબા કહેવાનું શરૂ કર્યું. કોને ખબર હતી કે પ્રેમાળ રુસ્તમજી પરિવારે કરેલું આ સંબોધન કસ્તૂર માટે જીવનપર્યંતનું સંબોધન બની રહેશે! હવે કસ્તૂર કસ્તૂર ન રહી, તે કસ્તૂરબા હતી. (પૃ૰ ૯૫)

***

સફળ પતિ અને પરિવાર સાથે ડર્બનથી સ્વદેશ પાછા ફરવાનો કસ્તૂરબાનો અનુભવ અનેરો હતો. મુંબઈ બંદરે પહોંચતાંની સાથે પતિ મોહનદાસ કોઈ કામે કલકત્તા જવા નીકળી ગયા. કસ્તૂરે જોયું કે ભારતીયોએ તેમના સત્કાર માટે મોટો સમારંભ યોજેલો હતો. આયોજકોને ખબર હતી કે ગાંધી આ સમારોહમાં રોકાઈ શકશે નહીં. અને તોય સમારંભ યથાવત્ રાખ્યો હતો. તેના કેન્દ્રસ્થાને કસ્તૂરબા હતાં. તેમને પોતાને આશ્ચર્ય થયું! ગાંધીની હાજરીમાં સમારંભ થાય તે તો સમજાય પરંતુ તેમને માટે આવું આયોજન! કસ્તૂરબાને આ પળે થોડાં વર્ષો પહેલાં નાતીલાઓએ મોહનલાલના વિદેશગમનને કારણે સમગ્ર પરિવારને નાત બહાર મૂકેલો તે ઘટના સ્મરી આવી. તે જોઈ રહ્યાં હતાં કે આજે દશ્ય તદ્દન વિપરીત હતું. અપમાનિત કરી નાત બહાર મૂકનારાઓ જ આજે તેમને માન સાથે પોંખી રહ્યા હતા. કસ્તૂરબા વિચારી રહ્યાં, આ સઘળું મારા પતિ મોહનલાલની તપસ્યાનું ફળ છે, (પૃ૰ ૧૧૦)

***

બાપુના બગડતા જતા સ્વાસ્થ્યની બધાંને ચિંતા હતી. ડૉ૰ દલાલે બાપુને દર બે કલાકે દૂધનું સેવન કરવા જણાવ્યું. પરંતુ બાપુએ ના પાડી દીધી. તેમણે કહ્યું કે તેઓએ દુધાળાં પશુ પર મનુષ્ય દ્વારા થતા અત્યાચારોને કારણે દૂધ ન પીવાની પ્રતિજ્ઞા કરેલી છે. બધાં જાણતાં હતાં કે ગાંધીની પ્રતિજ્ઞાને કોઈ જ ન તોડાવી શકે. ત્યાં તો તેમની પથારીની પાસે બેઠેલાં કસ્તૂરબાએ શાંત ભાવે કહ્યું, 'બરાબર છે. તો પછી તમને બકરીનું દૂધ પીવામાં વાંધો ન હોવો જોઈએ.' બાની વાત સાંભળીને બાપુ વિચારમાં પડી ગયા. સરળ, પ્રેમાળ અને બુદ્ધિશાળી જીવનસંગિનીએ તેમને અનાયાસે પરાસ્ત કરી દીધા હતા, પ્રતિજ્ઞા લેતી વેળાએ દૂધાળાં પશુઓમાં તેમણે બકરીને ગણી નહોતી. એટલે પ્રતિજ્ઞા તોડ્યા વગર બકરીનું દૂધ લઈ શકાય તેમ હતું. તેઓ કશું કહ્યા વગર ચૂપચાપ બેસી રહ્યા. બા સમજી ગયાં. થોડી વારમાં બકરીના દૂધથી ભરેલો ગ્લાસ તેમણે બાપુના હાથમાં મૂકી દીધો. ત્યારબાદ બકરીનું દૂધ બાપુ હંમેશાં લેતા. (પૃ૰ ૨૨૩)

***

હરિજન આશ્રમથી આરંભાતી દાંડીકૂચ વેળાએ બાએ ગોરાઓની સામે પડનાર પતિનો હિંમતથી સાથ આપેલો. ગોરાઓનો ગુસ્સો અને આતંક વહોરવા જઈ રહેલ પતિને તેમણે તિલક કરીને વિદાય કરેલા. એક વીરાંગનાને શોભે તે રીતે... (પૃ૰ ૨૩૩) પોતાનાં પૌત્ર-પૌત્રીઓને જોઈને બા હંમેશ કહેતાં 'અમારી જેલયાત્રાઓ રૂપી જીવનવનનું વ્યાજ છે આ બાળકો'.... જીવનના અંતિમ દિવસ સુધી બા આગાખાન પેલેસના પ્રાંગણમાં ચિર નિદ્રામાં પોઢેલ પોતાના સૌથી મોટા પુત્ર સમા મહાદેવભાઈ દેસાઈની સમાધિ પર સવાર-સાંજ દીવો કરતાં. કોક વાર પોતે ન કરી શકે તો અંતેવાસી સુશીલા નૈયરને કહેતાં. 'બેટા મારા શંકર-મહાદેવને દીવો કરજે.' અંતિમ, સાંજે પણ તેઓ એ ટકોર કરવાનું નહોતાં ભૂલ્યાં. (પૃ૰ ૨૭૮)

મહાન પુરુષ-નાયક હીરો તરીકે નવાજાતા હોય છે. તે સંદર્ભે સ્ત્રી-નાયક માટેની નવી અંગ્રેજી સંજ્ઞા છે 'શીરો'. કસ્તૂરબા સાચે જ એક મહાનાયિકા હતાં, જેમને ઇતિહાસે અને સમાજે યથોચિત યશ ન આપ્યો. તેઓ એક પ્રશસ્તિવિહીન 'શીરો'નું જીવન જીવી ગયાં.

*(નવનીત સમર્પણ, સપ્ટેમ્બર ૨૦૨૦)*

# માને પત્રો

## સિલ્વિયા પ્લાથ, અનુ. હિમાંશી શેલત

[૧૯૩૨માં અમેરિકામાં જન્મેલી લેખિકા સિલ્વિયા પ્લાથે ત્રીસ વર્ષની વયે આત્મહત્યા કરી જીવન પર પૂર્ણવિરામ મૂકી દીધું. ટેડ હ્યુજ નામના સુખ્યાત કવિ સાથે સ્નેહલગ્ન. પછીનાં સાતેક વર્ષ અત્યંત પ્રસન્નતામાં, બે બાળકોનો જન્મ અને લગ્નજીવનમાં ક્ષુબ્ધતા. અભ્યાસકાળથી માંડીને આત્મહત્યા કરી તેના અઠવાડિયા પહેલાંયે સિલ્વિયા એની માને પત્રો લખતી રહી. એના લાંબા પત્રો દર્શાવે છે કે જીવનની ક્ષણેક્ષણ એ એની મા સાથે જીવી, સ્થૂળ અંતર હોવા છતાં, પોતાનું લેખન, આદર્શો, રાગ-વીતરાગ, પ્રશ્નો, પ્રવૃત્તિ, બનાવો આનંદ-વિષાદ – શું નથી વહેંચ્યું એણે એની મા સાથે? પત્રો થકી માને હૃદયસરસી રાખવાની આવી થોડીક વિરલ ઘટનાઓમાંની આ પણ એક. મા એની મોટામાં મોટી મિત્ર હતી, અંતરંગ નિરપેક્ષ.

અહીં ભરપૂર આનંદ અને પછી ઊંડી વેદનાવાળી સિલ્વિયાની મનોદશા વ્યક્ત કરતા, માને લખાયેલા, બે પત્રોના સંક્ષિપ્ત અંશોનો અનુવાદ પ્રસ્તુત છે. --હિમાંશી શેલત]




વહાલી મા,

તું મને અત્યારે જોઈ શકે તો કેવું સારું! સ્વેટર, સ્લેક્સ, મોજાં, હાથમાં ગરમાગરમ કૉફીનો મગ, અને સામે મોટીમોટી ત્રણ બારીઓ જ્યાંથી બહાર ફેલાયેલાં લીલાંછમ મેદાનો, ટેકરીઓ, એકમેકમાં ભળતી – અલગ થતી કાળા પથ્થરોની દીવાલો, માંહે ચરતાં ઘેટાં, ધોળી-બદામી ગાયો... ઉત્તરના શીળા પવનના સપાટાથી રક્ષણ મેળવવા તાપણાં બળતાં જ રાખવાં પડે... આ એક અદ્ભુત લેન્ડસ્કેપ છે... માની ન શકાય એટલો મનોરમ લીલાવિસ્તાર, ટેકરીઓ, ખીણો, વૃક્ષો અને ઝરણાંઓથી ભર્યોભર્યો.

...જીવનમાં આટલી ખુશખુશાલ હું ક્યારેય નહોતી! આવી શાંત અને એકાંત જગ્યામાં વાંચવા-લખવાનું મળ્યું એ અદ્ભુત છે! ટેડ અને હું છેવટે ‘ઘર’ ભેળાં થયાં ખરાં...



ટેડનો પરિવાર મજાનો છે. યોર્કશાયરનાં સીધાં-સરળ માનવીઓ. મને એ બંને ખૂબ ગમે છે... અને મને લાગે છે કે એમનેય હું પસંદ છું...

ગઈ રાતે ટેડ અને હું જંગલમાં ભમવા ગયેલાં. ટેકરીઓ પરથી દડતાં ઝરણાં અને ઉપર ઝળૂંબતી ડાળીઓ! અમે લગભગ ખીણમાં પડ્યાં એમ જ કહેવાય... ડાળીઓ પર ઝૂલતાં ઝૂલતાં મેં સ્વચ્છ પ્રકાશ અને સુવર્ણરંગી આકાશ દીઠું... અને ગઈ કાલે સવારે એક સારા સમાચાર, બોલ, શું ધારે છે? 'એટલાન્ટીક'ના તંત્રીનો પત્ર અને સાથે ચેક, મારા કાવ્ય 'પરસ્યૂટ' માટે, જે મેં તને તો વાંચવા માટે મોકલ્યું જ હતું. અને એમનો કાગળ પણ એટલો સરસ....

તું મને ખૂબ વ્હાલી છો, મા! વોરેનને (ભાઈ) સ્નેહભરી યાદ...

ખૂબ ખૂબ પ્રેમ સાથે,

સિલ્વી

વ્હાલી મા,

...ટેડથી કાયદેસર અલગ થવાની ઇચ્છા છે એ જાણીને તને કોઈ મોટા આશ્ચર્ય કે આઘાતનો અનુભવ નહિ થાય એમ માનું છું. હું ડિવોર્સમાં નથી માનતી અને મેં એનો વિચારસુધ્ધાં ન કર્યો હોત પણ જે પ્રકારનું આત્મસન્માન વિનાનું અને ત્રસ્ત જીવન ખેંચ્યે રાખું છું એમાં મારાથી વધારે નહિ ટકાય. એને કારણે મારું લેખન સાવ અટકી ગયું છે. ઊંઘ ઊડી ગઈ છે અને તબિયત પર એની માઠી અસર થઈ છે. ...કાયદેસર વ્યવસ્થાની માટે એટલા માટેય જરૂર છે કે જેથી મને મળનારી રકમ ઉપર હું દર અઠવાડિયે ભરવાનાં થતાં બિલો માટે આધાર રાખી શકું. અને ટેડની ગેરહાજરી બાદ કરતાં શક્ય તેટલું ખુશહાલ જીવન જીવી શકું.

...મેં ઘણું જોખમ ખેડ્યું છે છતાં ભીતરથી હું કંગાળ નથી. મારે શહીદી નથી વહોરવી. નવેસરથી આરંભ કરી શકીશ જેથી હું મુક્તપણે જીવનનો આનંદ લઈ શકું. ...એક બાબતમાં તારી મદદ જરૂરી છે. ક્રિસમસ વખતે ફ્રેડા માટે થોડાં ગરમ કપડાં મોકલી શકીશ? નિકોલસ માટે તો પૂરતાં છે. અને હા, મારે માટે વિટામિન સીની મોટી બોટલ. અગાઉ થયેલી એવી ભયંકર શરદીનો બીજો હુમલો મને નહિ પોસાય!

મારાં લગ્નજીવનની કટોકટીની વાત વૉરેન અને માર્ગરિટને (ભાઈ-ભાભી) બાદ કરતાં કોઈને કરીશ નહીં. આમ તો એમનેય કહેવાની જરૂર નથી. આ એકદમ અંગત બાબત છે. તારા પૂરતી જ રાખજે આ વાત... માત્ર આપણી બે વચ્ચે.

... ખરેખર તો તું મને અહીં મળવા આવી ત્યારે તારા દિવસો ખૂબ નિરાંતમાં અને ભરપૂર પ્રસન્નતામાં જાય એવી મારી ખાસ ઇચ્છા હતી. તને કેટલો આરામ આપવાનું મન હતું! આ બધું ન કરી શકી એનો બહુ ચચરાટ છે...

...તમને બધાંને ખૂબ ચાહું છું. મારે બીજું કંઈ નથી જોઈતું. માત્ર મારાં પ્રિય બાળકો સાથે આ મૈત્રીપૂર્ણ શહેરમાં એક મજાનું ઘર હોય એટલે બસ... કૉટેજના સમારકામના ખર્ચનો અંદાજ કઢાવું છું, પછી બાળકોની સંભાળ માટે કોઈકને રાખવાની ધારણા છે જેથી મને જીવવામાં થોડી મોકળાશ રહે...

અઢળક સ્નેહ સાથે,

સિલ્વી

*[પહેલો અક્ષર, સં. હિમાંશી શેલત, ૨૦૦૫]*



# પત્ર

## અનોખું પુસ્તક-ઠેકાણું – હવે બંધ!

**સંજય ભાવે**

સ્નેહીશ્રી રમણભાઈ,

'ગ્રંથાગાર' બંધ થયું તેનાથી આવેલો ખાલીપો ઠાલવવા માટે ગ્રંથસમીક્ષાના ઉત્તમ સામયિકના, તમારા જેવા તંત્રી બીજા કોણ મળે એ વિચારે લખું છું. લોકોને પૂછવાઠેકાણાં હોય છે, મારું પુસ્તકઠેકાણું હતું ગ્રંથાગાર. સાડા ત્રણ મહિનેય કોઈ નવા ગુજરાતી પુસ્તક વિશે વાંચતાં સહજ રીતે એમ થાય કે એકાદ બે દિવસમાં ગ્રંથાગારમાં જોઈ લઈશું. ગુજરાતી પુસ્તક ભેટ આપવાનો વિચાર આવે એટલે આજેય એમ થાય કે 'હંસાબહેનને કહી રાખશું !'

અમદાવાદમાં બીજે ક્યાંય જોવા ન મળે તેવાં ગુજરાતી અને ઘણીવાર અંગ્રેજી પુસ્તકો પહેલવહેલાં અહીં જોવાં મળતાં. કરમશી પીરનું 'બહુવચન' હોય કે પછી વીરચંદ ધરમશી કૃત ભગવાનલાલ ઈન્દ્રજીનું ચરિત્ર હોય, તમારો નવો 'સમયદર્શી સાહિત્ય સંદર્ભ કોશ' હોય કે 'શબ્દસૃષ્ટિ'નો નાટ્યવિશેષાંક હોય... તાજેતરનાં જ આવાં કેટલાં નામ યાદ કરું ? આવાં પુસ્તકો અહીં ન મળે તો એ ગ્રંથાગાર નહીં, ને બીજે મળે તો એ અમદાવાદ નહીં.

વળી આ જગ્યાએ મારા જેવા સાધારણ વાચકનો પણ કેવો અસાધારણ ખ્યાલ રાખવામાં આવતો હોય! મનસુખ સલ્લાનું 'જીવતર નામે અજવાળું' મારા પ્રિય પુસ્તકોમાંનું એક. તેનું આવરણ બહુ સૂચક અને સુંદર. 'લોકભારતી'ના નોખા જનોનું એ પુસ્તક મારી પાસેથી ક્યાંક ગયું તે ગયું! નવી આવૃત્તિની છપાઈ અને તેનું મુખપુષ્ઠ કંઈ ખાસ રુચિ ન થાય તેવાં. મેં એ પુસ્તક લીધું અને વાતવાતમાં પેલી પહેલી આવૃત્તિ માટેના મારા લગાવની પણ વાત થઈ ગઈ. છએક મહિને હંસાબહેનને એ ક્યાંયથી મળી તે મને ભેટ આપી દીધી ! પૂનાના મરાઠી દૈનિક 'સકાળ'એ બહાર પાડેલા ગાંધીજી વિશેના સંપાદન 'ટાઇમલેસ ઇન્સપિરેટર' ની છ નકલો મને કંઈ કેટલીય મહેનતે મગાવી આપી. ગયાં દસેક વર્ષનાં આવાં સંભારણાંની યાદી ઘણી લાંબી થઈ શકે. પુસ્તક 'ગ્રંથાગાર'માં ન હોય તો આપણી સામે જ ફોન કરીને બીજી દુકાનોમાં પૂછીને પુસ્તક ક્યાં મળશે તે આપણને કહી

દે, ઇવન ‘બુકશેલ્ફ’ જેવી ગુજરાતી પુસ્તકોની દુકાન કે ‘ક્રૉસવર્ડ’ જેવી પૈસાદારો માટેની દુકાનમાંય ફોન કરે. ધંધો કે હરીફાઈ જેવી બાબતો જાણે છે જ નહીં !



'ગ્રંથાગાર'માં: (ડાબેથી) નિરંજન ભગત, અશોક મેઘાણી, નાનક મેઘાણી, મહેન્દ્ર મેઘાણી

આપણને એમ થાય કે આ નાનકભાઈ લાઇબ્રેરી ચલાવે છે કે પુસ્તકોની દુકાન, ધંધો ચલાવે છે કે ધર્માદું! મારા જેવા કેટલાયનો અનુભવ છે કે નાનકભાઈએ જાણે પુસ્તકો વેચવા માટે નહીં પણ વંચાવવા માટે દુકાન ચાલુ કરી છે. એમના આંગણે આવેલ મહિલા કે પુરુષ એ એમની દૃષ્ટિએ પહેલાં વાચક હોય, અને પછી ગ્રાહક હોય તો હોય ! જો એ વાચક ગ્રાહક ન બને (ઘણી વાર ન જ બને !) તોય નાનકભાઈને વાંધો ન હોય. બલકે આનંદ હશે એવી આપણને શંકા જાય ! આવા વાચકોનેય તે મોંઘાં મોંઘાં પુસ્તકો નહીં નામ, નહીં નોંધ – એમ ને એમ વાંચવા આપી દે. નાનકભાઈ પુસ્તકો બતાવવા, વાંચવા આપવામાં અને દુર્લભ પુસ્તકો મગાવી આપવામાં જેટલા અધીરા હોય, તેના કરતાં પૈસા લેવામાં વધારે ઉદાસીન હોય. સંસ્થાઓના હજારો રૂપિયાની ઉઘરાણી તો શું માગણીય ન કરે. એક વાર જયંતભાઈ મેઘાણીએ તેમના મોટા ભાઈમાં પૂરી શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી કહેલું ‘કમાણી થાય એવું નાનકભાઈ કરે જ નહીં ને !’

દુનિયાભરનાં પુસ્તકોના પરખંદા, અંગ્રેજીમાં પાવરધા એવા આ બુકસેલરની સાદગી અને નમ્રતા સામા માણસને અચૂક ગેરસમજ કરાવે. દિલ્હીના વિશ્વપુસ્તક મેળે ટૅબ્લેટ કે કિન્ડલ સાથે પુસ્તકના મહત્ત્વ અંગે ઇંગ્લિશમાં ટિશફિશ કરતાં માર્કેટિંગ એક્ઝિક્યૂટીવ મળતા હોય છે. એવા ટાણે, સારાં પુસ્તકો યોગ્ય વાચકો સુધી પહોંચે તે માટે પુસ્તક આવરણોથી ભરેલા થેલા સાથે સાયકલ પર અને જાહેર વાહનોમાં કૉલેજો અને સંશોધન સંસ્થાઓની લાઇબ્રેરીઓના ઉંબરા ઘસનાર ગ્રંથગુરુ નાનક ખસૂસ યાદ આવે. ભારતભરનાં પુસ્તકબજારો અને પ્રદર્શનોમાં જનારા, ઉજાગરા કરીને સૂચિપત્રો વાંચનારા, દેશવિદેશનાં પ્રકાશનગૃહો સાથે સરસ અંગ્રેજીમાં જાતે પત્રો ટાઇપ કરીને પત્રવ્યવહાર કરનારા નાનકભાઈ ગ્રંથવિક્રેતા કરતાં વિદ્યાવ્યાસંગી વધુ છે.

અસલના જમાનામાં ગુજરાતમાં જે ત્રણ-ચાર યુનિવર્સિટીઓ હતી તે, ઉપરાંત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ, ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરિ, નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન જેવી અમદાવાદની પ્રતિષ્ઠિત સંસ્થાઓ અને શ્રી હ.કા. આર્ટસ કૉલેજ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, એલ.ડી.આર્ટસ કૉલેજ જેવી સમૃદ્ધ ગ્રંથાલય

ધરાવતી કૉલેજો ગ્રંથાગાર પાસેથી પુસ્તકો ખરીદતી. અમદાવાદમાં કોઈને ત્યાં ન મળે એવાં અંગ્રેજી પુસ્તકો અને આકરગ્રંથો પુસ્તકાલયો સુધી, વાચકો સુધી પહોંચાડવાં એ નાનકભાઈનું ધ્યેય. 'અલ્પાચમન જ્ઞાનોદધિ કેરું' એવું સૂત્ર બિલ પર અને અન્યત્ર વાંચવા મળતું. રાજકોટના 'સાહિત્યમિલાપ' પછી સી.જી.રોડ પરના એક બંગલામાં ગ્રંથાગાર હતી. નગીનદાસ પારેખ, યશવંત શુક્લ, ઉમાશંકર જોશી જેવા કંઇ કેટલાય અહીં આવતા. નાનકભાઈ આસપાસ નાનુંમોટું કામ કરવા તો તાળું માર્યા વગરેય જતા. પ્રકાશ ન. શાહ રાત્રે જમીને આંટો મારવા નીકળે ત્યારે ડોકિયું કરી જતા. એ ગ્રંથાગારનો સુવર્ણકાળ હતો એ મને નાનપણમાં જેટલું નહોતું સમજાયું, એટલું આજે સમજાય છે.

પુસ્તકો દસ રૂપિયાનાં ખરીદો કે દસ હજારનાં, ગ્રંથાગાર દસ ટકાથી વધારે કે ઓછું વળતર આપે નહીં. દસ ટકાનો આ આચાર આંતરરાષ્ટ્રીય ધોરણ મુજબ હતો. પુસ્તકવ્યવસાયમાંય જમાનો વધુ ખરાબ થયો, વળતરની જગ્યાએ કટકીઓ આવી. પુસ્તક દીઠ કટકી કરનારા ઘણા ગ્રંથપાલો, વિદ્યાર્થી વિદ્યાર્થીએ ગ્રાન્ટમાં પૈસા કમાનારા ઘણા પ્રિન્સિપાલોવાળા માહોલમાં નાનકભાઈ જેવા 'પુણ્યનો વેપાર' કરનારા હડસેલાઈ ન જાય તો એ ભારત શેનું? ગ્રંથગારની જગ્યાઓ કંઈ અમસ્તી નથી બદલાતી રહી. અંતે તે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રાંગણમાં આવ્યો. પહેલાં ગુજરાતી પુસ્તકોનાં માંડ બે-ત્રણ ઘોડા રહેતા તેમાં હવે અંગ્રેજી પુસ્તકો આવ્યાં, અને ગ્રંથભંડારનું કેન્દ્ર ગુજરાતી પુસ્તકો બન્યાં. જોકે એમાંય પેલી ઉત્તમ માટેની અભીપ્સા તો અકબંધ હતી – વાચક માટેનો પ્રેમાદર પણ.


'ગ્રંથાગાર'માં: (ડાબેથી ) સંજય ભાવે, નાનક મેઘાણી, હંસાબહેન, રાજેન્દ્ર પટેલ

ઉર્વીશ કોઠારીએ 'ગ્રંથાગાર'માંના કેટલાક દુર્લભ ફોટા સાથેના લાજવાબ બ્લૉગમાં લખ્યું છે તેમ, આ જગ્યા 'દુકાન નહીં પણ ચોતરફ પુસ્તકો ગોઠવાયેલાં હોય તેવો પુસ્તકોનો અડ્ડો'. અહીં આવીને કલાકો સુધી બેસીને પુસ્તકો માત્ર જોઈ શકાતાં એમ નહીં પણ વાંચીય શકાતાં. કાઠિયાવાડી પરોણાગતમાં ચા જ નહીં પણ હંસાબેન પાસેથી નાસ્તાની બહુ સ્વાદિષ્ટ અવનવી વાનગીઓ, બિસ્કિટ, ચૉકલેટ, મિઠાઈ તેમ જ ઉનાળામાં શરબત કે

આઇસ્ક્રીમ મળતાં. ગામ આખાની વાતો કરી શકાતી. લેખોની હસ્તપ્રતોના અંશો વાંચી શકાતા. નાનકભાઈ એકાદ માર્મિક ટિપ્પણી કરતા. હંસાબહેન ઝાઝું બોલ્યા વિના દાદ આપતાં.

હંસાબહેન વિના 'ગ્રંથાગાર'ની કલ્પના ન થઈ શકે. વ્યવસાય-કુશળતા અને સ્નેહનું કંઇક અદ્‌ભુત મિશ્રણ એમનામાં હતું. તેમના વિના ગ્રંથાગાર 'ગ્રંથાલય'માત્ર બની જાત અને ટૂંકા ગાળામાં અટકી જાત. નવાં પુસ્તકો બતાવવાનો નાનકભાઈ અને હંસાબહેનનો હરખ સરખો, ફેર માત્ર વ્યાવહારભાનનો જ. હંસાબહેન પુસ્તકોની ભાળ પણ રાખે અને ગ્રાહકની પસંદગી પણ જાણે. ગ્રંથાગારનાં પુસ્તકોની આપ-લેનાં, પોસ્ટ અને પાર્સલનાં, કેટલાક વાચકોને પુસ્તકો ઘરે પહોંચાડવાનાં કામ વર્ષો લગી મૂંગે મોઢે મન દઈને કર્યાં.

પુસ્તકોની દુકાનો વિશે વાંચવાનું થાય. પૂનાના 'ઇન્ટરનૅશનલ બુક ડેપો' વિશેનો પુ.લ. દેશપાંડેનો કે પેરિસના 'શેક્સપિઅર ઍન્ડ કંપની' પુસ્તકભંડાર વિશેનો ભગતસાહેબનો લેખ હોય, લેવિ બઝબિનું 'યલો લાઇટેડ બુક શૉપ' કે હેલેન હેન્ફના '૮૪ ચૅરિંગ ક્રૉસ રોડ' જેવાં બુકશૉપ વિશેનાં અનોખાં પુસ્તકો મળે, એ બધી વખતે ગ્રંથાગાર યાદ આવે. અને ખાસ યાદ આવે ઝવેરચંદ મેઘાણીના જાણીતા અવતરણમાં 'બુકસેલર તો પોતાના શહેરનો જ્ઞાનમાળી બની શકે.' મેઘાણીના આ શબ્દોને તેમના ત્રણ સપૂતોએ ચરિતાર્થ કર્યા છે, તેમાંના એક તે નાનકભાઈ મેઘાણી. ગ્રંથાગારના વિરામ વિશેના એક અંગ્રેજી લેખનું છેલ્લું વાક્ય હતું – 'The city without a book-place like Granthagar appears slightly less civilized to me', એટલે કે 'ગ્રંથાગાર જેવા પુસ્તક-સ્થાનક વિનાના શહેરમાં મને સંસ્કારિતા અને સંસ્કૃતિની કંઇક ઉણપ હોય તેવું જણાય છે.' જેને પુસ્તકો ગમતાં હોય તેવા માણસ તરીકે, રમણભાઈ, મને ખરેખર આવું જ લાગે છે. ગ્રંથાગારને યાદ કરતાં બહુ ખાલીપો અને ખિન્નતા લાગે છે. એમ થાય છે કે એ સમય પાછો મેળવી શકાતો હોત તો કેવું સારું !

ભવદીય

**સંજય ભાવે**

*[' પ્રત્યક્ષ', ઑક્ટો.-ડિસે., ૨૦૧૩ ]*

# નિબંધ અને પ્રવાસ




## નિબંધ

કાકા કાલેલકર

સુરેશ જોશી

લાભશંકર ઠાકર

રતિલાલ અનિલ

દિગીશ મહેતા

(પુ. લ. દેશપાંડે)

(અનુ.) અરુણા જાડેજા

પ્રદીપ સંઘવી

## પ્રવાસ

કરસનદાસ મૂળજી

ભારતી રાણે

રમણ સોની

# તારાઓનું સખ્ય

– કાકા કાલેલકર

"આમ ઉપર શું જુઓ છો ?" એક ગામડિયા છોકરાએ મને પૂછ્યું. "આકાશના તારાઓ જોઉં છું." મેં જવાબ વાળ્યો.

"એમાં તે શું જોવાનું હોય ? તારાઓ તો છે જ. હરણિયું, હાથિયો, વીંછુડો ને એવા બધા તારાઓ રોજ ઊગે છે ને આથમે છે. એ જોઈને શું મળવાનું હતું ? નકામી ડોક તાણીતાણીને હેરાન શાના થાઓ છો !"

આ ગામડિયા છોકરાને તારાના આનંદની શી ખબર હોય ! જાનવરો પણ રાત્રે તારાઓ જોતાં હશે. પણ એમને કંઈ એમાં ઉત્સાહ જેવું લાગતું હશે ? એને માટે તો સંસ્કારિતા જોઈએ છે. તારાઓનું ભવ્ય દર્શન, તારાઓનું કાવ્ય, તારાની શાંતિ અને એમનો આધ્યાત્મિક સંદેશ એ તો આ ગામડિયા માટે ક્યાંથી હોય ?

*

થોડા દિવસ ગયા. હું શહેરમાં પાછો ગયો, ત્યારે એ જ છોકરાને ઘરના નોકર તરીકે લઈ ગયો. છોકરો અમારે ત્યાં જ રહે, અમારી સાથે જમે, ઘરના છોકરાઓ સાથે રમે અને મારી ઓરડી બહાર સૂએ. તુકારામનો ઉપદેશ મારે હૈયે ઠસેલો : *દયા કરણે જે પુત્રાસી । તેચિ દાસા આણિ દાસી ॥* જે દયાભાવ પોતાના દીકરા પ્રત્યે હોય તે જ ઘરના નોકરો પ્રત્યે રાખવો ઘટે છે. એટલે છોકરાને ઘર જેવું લાગે એવો પ્રયત્ન હું કરતો હતો. પંદર દિવસ ગયા હશે અને છોકરો મૂંઝાતો આવીને મને કહે : "મારે અહીં નથી રહેવું, મને જવા દો !" મને આશ્ચર્ય થયું. મેં પૂછ્યું, "કેમ ? શું થયું ? ખાવાનું નથી ભાવતું ? કોઈ કનડે છે ?" "ના" કહીને છોકરો મૂંગો જ રહ્યો. બહુ પૂછતાં તેણે કહ્યું : "અહીં બધું સુખ છે, પણ ઢોરો પાછળ દોડવાની મજા અહીં નથી, અને રાત્રે સૂઉં છું ત્યારે માથે તારાઓ નથી દેખાતા." મેં એને પૂછ્યું : "પણ તું જ મને કહેતો હતો ને કે તારાઓ જોવાની ગરજ શી ?" "એ ખરું; પણ તારા હોવા તો જોઈએ જ, એના વગર ગમે નહીં." છોકરાને મજાની ઉપમા સૂઝી એટલે આંખો દીપાવીને કહે : "જેમ તંબૂરા વગર ગવાય નહીં તેમ તારાઓના ચંદરવા વિના સુવાય નહીં. રોજ જોઉં છું કે રાત્રે જાગ આવે ત્યારે તારા દેખાતા નથી અને મૂંઝાઉં છું. જેમતેમ પંદર દિવસ કાઢ્યા. હવે મને જવા દો !"

મને તો આવું કોઈ દિવસ થયું ન હતું. હું તારા જોઉં, એના ઉદય અને અસ્ત નોંધી રાખું. દરેક તારો આજના કરતાં આવતી કાલે લગભગ ચાર મિનિટ

વહેલો ઊગવાનો એ મેં મારી મેળે તારવી કાઢ્યું હતું. મોટામોટા તારાઓ જે આજે નવ વાગ્યે ઊગે છે તે મહિના પછી સાંજે સાત વાગ્યે જ દેખા દેશે એમ લોકોને સમજાવતો. પણ તારાઓનું દર્શન એ કંઈ મારે માટે હવાપાણી, ઊંઘ કે ખોરાક જેવું ન હતું. જ્યારે એ અબોધ છોકરાને તારાઓ પ્રત્યેની ભક્તિ પોતાની મા પ્રત્યેની પ્રીતિ જેવી જ હતી. મા તો છે જ, એની પૂજા થોડી જ કરવાની હો ય ! પણ મા ન હોય ત્યારે આખું બ્રહ્માંડ સૂનુંસૂનું લાગે. ત્યારે ખરો કવિ કોણ ? એ અબોધ પ્રાકૃતિક બાળક કે સંસ્કારના ભાનથી ભારે થયેલો મારા જેવો તારાપ્રેમી ?

*

કોઈ આપણને પૂછે કે "તમારા ઘરમાં કોણ-કોણ છે ?" તો આપણે એમ નથી કહેતા કે "ઘરમાં માણસો છે." આપણે તો એ પ્રશ્ન સાથે કૌટુંબિક જીવનનું ભાન જાગ્રત થવાથી કહીએ છીએ, "મારા બાપા છે, મારી બા છે, વિમલા ને કમલા છે, હું છું; – અને મીની અને મોતિયો છે."

કોઈ પૂછે કે "તમારો બગીચો કેવો છે ?" તો તમે એમ નથી કહેતા કે "બગીચામાં છોડ છે, પાંદડાં છે અને ફૂલો છે." પણ તમે કહો છો કે "મોટા ગુલાબના ચાર છોડ છે. એક ખૂણે ચંપો છે અને બીજે ખૂણે પારિજાત છે. મોગરાના છોડ તો હમણાં જ વાવ્યા છે; અને ગુલછડીને ધોળાંધોળાં ફૂલ બેસવાની તૈયારી છે."

ત્યારે જો તમને કોઈ પૂછે કે આકાશમાં તમે શું-શું જુઓ છો ? ત્યારે શું તમે એવો જ જવાબ આપવાના કે "આકાશમાં દહાડે સૂરજ હોય છે અને રાત્રે ચાંદો અને તારા હોય છે ?" નવલખ તારાની નામાવળી કોઈ આપણી પાસે માગતું નથી, પણ સવારસાંજ બારે માસ જે તારાઓ ફરીફરી દર્શન દે છે, જેમને સાક્ષી રાખી આપણાં બધાં સગાંવહાલાંઓ પરણે છે, જેમને જોઈને ખેડૂતો વાવણી અને લણણી કરે છે, જેમના હિસાબથી મુસાફરો રાત્રે દિશા નક્કી કરે છે, જેમની મદદથી અજાણ્યા મુલકમાં પણ મોટીમોટી ફોજો અચૂક રસ્તો કાઢે છે અને જેમના પરથી રાત્રે કેટલા વાગ્યા છે એ પણ આપણે થોડીક મહેનતથી નક્કી કરી શકીએ છીએ તે મોટામોટા તારાઓનાં વીસપચીસ નામોની પણ આપણને ખબર ન હોય ! સપ્તર્ષિ, વીંછુડો, હરણું, કૃત્તિકા, ચિત્રા, સ્વાતિ, હાથિયો, શ્રવણ, વગેરે વેદકાળથી આપણને જગાડતા તારાઓની આકૃતિઓ અને એમનાં સ્થાન આપણે ઓળખી ન શકીએ ?

સંગીત સાંભળવામાં જે આનંદ છે, બુદ્ધિબળ અજમાવવામાં જે એકાગ્રતા કેળવાય છે, મોટી નવલકથાનું અટપટું કથાનક જાળવવામાં જે તલ્લીનતા અનુભવાય છે તે બધું આ તારાનિરીક્ષણમાં આપણને સહેજે મળે છે. આંખોને માટે એના કરતાં વધારે પૌષ્ટિક ખોરાક નથી. થોડાક તારાઓને પણ જે ઓળખી ન શકે તે માણસ સંસ્કારી નથી અને પેલો મારો ગામડિયો છોકરો કહેશે કે એવો માણસ ગામડિયો પણ નથી !

ઢોરો શું કહેશે એ આપણે જાણતા નથી. વખતે એમ જ કહી બેસશે –

આવ ભાઈ હરખા !


આપણે બે સરખા !!

*[જીવનનો આનંદ,૧૯૩૫]*

# વિદ્રોહ

સુરેશ હ૦ જોષી

*ગુજરાતી સાહિત્યમાં આધુનિક યુગના પ્રવર્તક **સુરેશ હરિપ્રસાદ જોશી(૩૦-૫-૧૯૨૧ – ૬-૯-૧૯૮૬)** આપણા પ્રથિતયશ સાહિત્યકાર. કવિતા, વાર્તા, નિબંધ, નવલકથા,એમ બધે એમની ઉત્કૃષ્ટ સર્જક-પ્રતિભા પ્રસરતી રહેલી. વિવેચક સુરેશ જોશી સૌથી વધુ પ્રભાવક. વિશ્વભરના સાહિત્યનો ને સાહિત્ય-વિચારનો એમણે પરિચય કરાવ્યો – એમનાં સામયિકોથી અને એમનાં અનુવાદો તથા વિવેચનોથી. વિદ્રોહ અને નવ-સંચાર એમની મુખ્ય લેખક-ભૂમિકા.*



ફાટેલા ખિસ્સામાં ક્રોધથી વાળેલી મૂઠી સંતાડીને જેમ એક દિવસ ફ્રેન્ચ કવિ રેંબો ચાલી નીકળ્યો હતો એમ ચાલી નીકળવાનું મન થાય છે. એકાએક જાણે કારાગારમાં પુરાઈ ગયા જેવું લાગે છે. જીવનમાં વીતેલાં વર્ષો જ દીવાલ બનીને ઘેરી વળ્યાં છે. બાળપણમાં જોયેલું, કશી દોઢડાહી ફિલસૂફીથી રંગાયા વિનાનું આકાશ હવે દેખાતું નથી. હવે બધી વસ્તુ પર વાપર્યાના ડાઘ પડી ગયા છે. બાળપણની તાજગી સાથે એક પ્રકારની અવ્યવહૃત શુભ્રતા સંકળાયેલી હતી એને માટે હવે મન ઝૂરે છે. વૃદ્ધના કરચલીવાળા ચહેરા જેવો ચોળાયેલો સમય – એને ખંખેરીને દૂર ફેંકી દેવાનું મન થાય છે. કોઈ વાસી ઉબાઈ ઊઠેલા બંધિયાર સમયમાં શ્વાસ શી રીતે લઈ શકે? વિચારો, સ્મૃતિઓ, અધ્યાસો, સંસ્કારો – આ બધાંનો ભાર મારા પર તોળાઈ રહ્યો છે. બધા ઇન્દ્રિયપ્રત્યક્ષોનાં પરિમાણોને અસ્તવ્યસ્ત કરી નાખીને આ જડ વ્યવસ્થા પર બને તેટલો આસુરી જુલમ ગુજારવાનું મન થાય છે. માટીમાં દટાયેલાં બીજના કાનમાં આ વિદ્રોહનો મંત્ર ફૂંકી આવવાનું મન થાય છે. આકાશને વિદ્રોહના ધ્વજની જેમ ફરકાવવાની ઇચ્છા થાય છે. નીચી નજરે વહી જતાં જળને ઉશ્કેરીને એના ઉન્નત મસ્તકને આકાશનો સ્પર્શ કરાવવાની ઇચ્છા થાય છે. મૃત્યુના ગુપ્તચરની જેમ મારામાં સંચરતા શ્વાસને સળગાવી મૂકવાનું મન થાય છે. ઓગણપચાસ મરુતોના અશ્વોને પલાણીને દિશાઓને ઉલ્લંઘી જવાનું આ મુહૂર્ત હોય એવું લાગે છે.

પરિચિત આકારોની ભૂમિતિથી ટેવાઈ ગયેલી આંખોનાં નવાં રૂપ જોવાની દીક્ષા આપવાનું પણ આ મુહૂર્ત છે. સ્પર્શબધિર આ ત્વચાને શેનાથી ફરી રોમાંચિત કરવી તેનો વિચાર કરું છું. ધ્વનિનાં પુનરાવર્તનભર્યાં આંદોલનોને ફરીથી એક વાર શૂન્યમાં સ્તમ્ભિત કરી દેવાનું મન થાય છે.

ટેવના માળખાને ઊંચકી ઊંચકીને ફરવાનો હવે થાક લાગે છે. આ શિરાઓનાં જાળાંમાં ફસાઈ રહેવાનો હવે સખત અણગમો થયો છે. હોવું અને ન-હોવુંના દ્વંદ્વને ભેદીને પલાયન કરી જવાને હું ઉશ્કેરાઈ ગયો છું. ઘરના ખૂણામાં જાપ જપતી શાંતિનો ચોટલો પકડીને બહાર કાઢી મૂકવાને હું અધીરો થયો છું. મારા પડછાયાની વફાદારીથી હું અકળાયો છું. મેં પુસ્તકમાં પૂરેલાં બારાખડીનાં પંખીઓને હું ફૂંક મારીને ઉરાડી મૂકવા ચાહું છું.

હું આ પ્રલાપ કરું છું તે મારી સામેનું દીવાલ પરનું ઘડિયાળ કાન દઈને ઠાવકું બનીને સાંભળે છે. દર્પણ ખંધું હસે છે ને એનો પડઘો બીજા ઓરડાના દર્પણમાં પડે છે. ખુરશી આ સાંભળીને ફરી વનમાં કોઈ શાખાવાળું વૃક્ષ બનીને મહાલવાનું સપનું જોવા લાગી છે. ઘરમાં કાતરિયામાંના જરઠ ઉંદરને પાંખો ઉગાડીને ઊડી જવાનું મન થાય છે. પણ રસ્તા હજી વફાદારીથી દોડી રહ્યા છે. રસોડામાં ટપકતા નળને મોઢે વફાદારીનું રટણ છે. સૂર્ય ચંદ્ર વફાદારીનો બિલ્લો લટકાવીને ફરે છે. પવન વફાદારીની છડી પોકારે છે. જળ વફાદારીનો જ રેલો છે. ભાષા શબ્દોની વફાદારીની જ કવાયત છે. દરેક મકાનમાં ભૂમિતિની વફાદારી બુલંદ બની છે. આ વફાદારીના વન વચ્ચે હું મારા વિરોધનું અરણ્યરુદન કરી રહ્યો છું. મારા હૃદયમાંની કસક પણ વફાદારીથી નિયમિત ધબક્યા કરે છે.

તો શું કરીશું? કારાગારને મહેલ માનીશું? આ દીવાલોને ફરિશ્તાની શ્વેત પાંખો માનીશું? આ ઘરનાં છાપરાંને આશીર્વાદ આપવા ઝૂકેલી ઈશ્વરની હથેળી માનીશું? આ દર્પણને બુદ્ધનાં ખૂલેલાં અનુકમ્પામય ચક્ષુ માનીશું? આકાશને શાશ્વતતાનો અમરપટો માનીશું? ઘરની બારસાખને વિજયતોરણ માનીશું? પવનને ભગવાનનું લહેરાતું પીતાંબર માનીને એના સ્પર્શથી ધન્યતા અનુભવીશું?

કોઈ વાર કાન માંડીને સાંભળું છું તો દૂરના નગરના અવાજો છેદાયેલી પાંખવાળા પંખીના ચિત્કાર જેવા સંભળાય છે. મનુષ્યોના પદધ્વનિમાં આદિકાળના કોઈ સરિસૃપના સર્યે જવાનો સ્પંદ સંભળાય છે. જીર્ણકાળનું આવરણ આ પૃથ્વી પરથી સરી ગયું હોય એવું લાગે છે. જળને મુખે સૃષ્ટિના શૈશવકાળની કાલી વાણી ફરી ફૂટે છે. વનરાજિના પર્ણમર્મરમાં એ આદિકાળનો છંદ સંભળાય છે.

તો વળી કોઈ વાર ચારે બાજુ કેવળ ભગ્નાવશેષ જ દેખાય છે. ઘુમ્મટ કે કળશ વગરનાં બોખલા મંદિરોમાં ખોખલા પવનનો ફાટી ગયેલો અવાજ સંભળાય છે. મહાલયોના અવશેષરૂપ રહી ગયેલા સ્તંભ આકાશનો ભાર ઝીલી રહ્યા છે. માનવીનાં ચરણચિહ્નોને વનસ્પતિએ હાથ લંબાવીને ભૂંસી નાખ્યાં છે. મહાનગરોને સ્થાને રિક્ત અવકાશ અશ્રુત હાહાકારથી છલકાઈ ઊઠ્યો છે.

આપણે એક સાથે ચારે ચાર યુગોમાં જીવતા હોઈએ છીએ. હમણાં જ તો હજી જાણે મત્સ્યની જેમ જળમાં સરતા હતા, પછી કચ્છપ ગતિએ ચાલતા થયા, વરાહની જેમ દંતશૂળ સાથે દોડતા થયા, પછી પશુમાંથી અર્ધમાનવ થઈને નૃસિંહ બન્યા. વામન બનીને ધૂર્તતાનાં પ્રથમ પગલાં ભર્યાં. રામ થઈને બે સંસ્કૃતિ વચ્ચેનો સેતુબંધ બાંધ્યો. કૃષ્ણ થઈને મહાભારતના યુદ્ધના સાક્ષી બન્યા અને આખરે બુદ્ધની કરુણા અને મુદાભરી આંખો ખોલી, હજી કલિનો શ્વેત અશ્વ પલાણીને સંહારયાત્રા કરવાની બાકી છે. સંસ્કૃતિના સીમાડાના પથ્થરોનો ભાર ઊંચકીને ફરતા યુગપુરુષોને હાંફતા સાંભળું છું. ગાંધીના પડછાયાને ગામને પાદરે રઝળતો જોઉં છું ને નગરના ચોકમાં એનાં પૂતળાંની પૂજા થતી જોઉં છું.

વાસ્તવિકતાને ખોદીને એની નીચેના ઊંડા ભોંયરામાં ચાલ્યો જાઉં છું. ત્યાં ખેતરના ચાડિયાઓ ખોળિયું બદલવા ભેગા થયેલા દેખાય છે. મંદિરના દેવો પણ ઘડીક ગપસપ કરવા ગુપચુપ મંદિરમાંથી અહીં ચાલ્યા આવ્યા છે. રાજકુંવરનો ઊડતો ઘોડો એની પાંખ ઉતારીને અહીં મૂકી ગયો છે. જગતભરનું સોનું અહીં માનવીના હાથના સ્પર્શનો મેલ ઉતારવા ફરીથી ઊંડે ઊતરી ગયું છે. સૂર્ય અહીં આગિયો બનીને વેશ બદલીને આવે છે. પણ સવારે જોઉં છું તો નરી વાસ્તવિકતા મને ઘેરી વળે છે. મારા ટેબલ પર બૉદલેર અને રિલ્કે, અભિનવગુપ્ત અને મધુ રાય સાથે બેઠા છે. 'સ્પોર્ટ્સ વીકલી'ના પૂંઠા પરનો ખેલાડી જાણે હમણાં છલાંગ મારીને બહાર કૂદી આવશે એવી અદાથી ઊભો છે. 'રીડર્સ ડાયજેસ્ટ'માંની જાહેરખબરમાંની સુંદરી હમણાં જ નાહીને નીકળી છે. એના મુખ પર પાણીનાં ટીપાં બાઝ્યાં છે ને જાણે એ સુગંધી સાબુની સુવાસ મારા ઓરડામાં પ્રસરી જાય છે.


હું દર્પણમાં જોઈને ખાતરી કરી લઉં છું કે મારું ખોળિયું તો બદલાયું નથી ને? પહેલો શબ્દ ઉચ્ચારતાં સંકોચ અનુભવું છું. મારા હાથની આંગળીઓ એકબીજાની ઓળખ ફરીથી તાજી કરી લે છે.

અર્ધાં રહી ગયેલાં સ્વપ્નોની માયા હજી મારી આંખોમાં અંજાયેલી છે. એટલે મને બધું ધૂંધળું દેખાય છે. ત્યાં સૂર્ય ઊગે છે ને મારી આજના પાઠની વેશભૂષા પહેરવાની હું તૈયારી કરું છું. આજનો આખો દિવસ પાર કરાવી જાય એવી એકાદ કવિતાની પંક્તિ શોધું છું. પણ મારું મન તો ફિનોમિનોલૉજીની સીડી ઉપર ચઢઊતર કરે છે.

*(ગુજરાતી લલિત નિબંધ સંચય, સંપા. ભોળાભાઈ પટેલ, ૨૦૦૧-માંથી)*

# લલિત નિબંધ

## સ્પર્શ // લાભશંકર ઠાકર



સ્પર્શ વિશે લખવાની તત્પરતા છે. 'સ્પર્શ' એ વિષય છે. સ્પર્શેન્દ્રિયનો વિષય છે. જ્ઞાનેન્દ્રિયોના વિષય માટે પ્રાચીનો 'અર્થ' શબ્દ પણ વાપરે છે. જગતનું, વિશ્વનું આકલન આપણે જ્ઞાનેન્દ્રિયો દ્વારા કરીએ છીએ. જગત (જગતના પદાર્થો) ઉષ્ણ અને શીત છે તેનું જ્ઞાન આપણને સ્પર્શની ઇન્દ્રિય દ્વારા થાય છે. પદાર્થો લીસા છે કે ખરબચડા, સ્નિગ્ધ છે કે રુદ્ર તેની જાણ પણ સ્પર્શની જ્ઞાનેન્દ્રિય દ્વારા થાય છે. સ્પર્શની ઇન્દ્રિયનું આશ્રયસ્થાન છે ત્વચા.

લીસા, મુલાયમ, સુંવાળા, સ્નિગ્ધ પદાર્થોનો સ્પર્શ અનુભવ કરાવે છે. શિયાળામાં કોકરવરણો તડકો કેવી મીઠી હૂંફ આપે છે! નહાવાનું પાણી પણ હૂંફાળું હોય તો ગમે છે. આ સ્પર્શ 'સુખોષ્ણ' હોવો જોઈએ. સુખ થાય એવો ઉષ્ણ હોવો જોઈએ. ઉનાળામાં શીતલ સ્પર્શની અભિલાષા થાય છે. સહશયન કરતા પ્રિયજનનો ઉષ્ણ સ્પર્શ શીતકાલમાં ગમે છે. તો ગ્રીષ્મમાં પ્રિયજનનાં ગાત્રો શીતલ હોય તો વહાલાં લાગે છે.

શકુન્તલા દુષ્યંતને પ્રેમપત્ર લખે છે. એ સમયે કાગળ અને લેખિની શોધાયાં ન હતાં. 'લિખ' ધાતુ પરથી 'લેખન' શબ્દ આવ્યો છે. એ ધાતુનો અર્થ થાય 'ખોતરવું.' શકુન્તલા કમળના પાંદડા પર ખોતરીને લખે છે. કમલપત્રના સ્પર્શનું કાલિદાસે વર્ણન કર્યું છે. કેવો છે એ સ્પર્શ? સુકુમાર સ્પર્શ છે. કોના જેવો સુકુમાર? 'શુકોદર-સુકુમાર નલિનીપત્રમ્.' શુક(પોપટ)ના ઉદર જેવું સુકુમાર છે નલિની(કમલિની)પત્રમ્!

સ્પર્શની કવિતાઓ તો અપરંપાર છે. યાદ કરવા બેસું તો આ ક્ષણે બધી કંઈ યાદ ન આવે. એમ જ અનાયાસ મનમાં ઊપસી આવે છે સર્વપ્રથમ તે બળવંતરાયના એક સૉનેટની પંક્તિ :

"ગોરું, ચૂસે અખૂટ રસથી
અંગૂઠો પદ્મ જેવો."

આ પંક્તિમાં સ્પર્શ અને સ્વાદ છે તો બાળકને જોતા પિતાની દૃષ્ટિ, ચાક્ષુષ ચિત્ર પણ આલેખે છે. વળી પંક્તિના સ્વરવ્યંજનો શ્રવણીય અનુભૂતિ પણ કરાવે છે.

કવિ સુન્દરમ્નું 'પુષ્પ થૈ આવીશ' કાવ્ય યાદ આવી જાય છે. કવિ કહે છે : 'હું પુષ્પ થૈ આવીશ તારી પાસમાં.'

વૃક્ષ નીચે તું નાનું બાળ રમતું હશે ત્યારે –

'હું ટપ દઈ તારી શિરે ટપકીશ –'

માથા પર ખરતા ફૂલનો મૃદુ સ્પર્શ અહીં અનુભવાય છે.

નલિન રાવળનું એક સુંદર કાવ્ય છે : 'એક નામેરી વૃદ્ધને મળતાં'. એમાં સ્પર્શક્ષમ ચિત્રો સરસ છે. યુવાવસ્થાના પોતાના વાળનું વર્ણન નાયક કરે છે :

'અંધારના મખમલ મુલાયમ પોત શા

મારા સુંવાળા વાળ '

પ્રિયકાન્ત મણિયારનું 'અશ્વ' નામનું સુંદર કાવ્ય છે. સ્ટૅન્ડ પર ઊભી રહેલી ઘોડાગાડી પર ચડતા અષાઢના ધોધમાર વરસાદના વર્ણનમાં સ્પર્શથી અનુભવાય એવાં અનુપમ વર્ણનો છે. બ્રશ સમી કાપેલ ઘોડાની કેશવાળીમાં તો જળ કેટલું રોકાય? લિસ્સી રુવાંટી પરથી સરેલા અને અશ્વની કાંધ પરના ભારમાં, સામાનમાં ભરાયેલા જળનું વર્ણન સ્પર્શાનુભૂતિ કરાવે છે.

ઍક્વેરિયમમાં પુરાયેલી માછલીની સૃષ્ટિનું નિરંજન ભગત સ્પર્શક્ષમ ચિત્ર આપે છે :

"અહીં કઠોર, કાંકરેટ કાચની

નઠોર, જૂઠ, સૃષ્ટિ આ ન સાચની."

'ઠકાર' અને 'ટકાર' અહીં શ્રવણીય કઠોર સ્પર્શનો અનુભવ કરાવે છે. ઘણું ઘણું મનમાં ઊપસી રહ્યું છે, પણ કૉલમની નિશ્ચિત જગ્યા હવે પૂરી થવા આવી છે. સત્યજિતની સર્વપ્રથમ ફિલ્મ 'પથેરપાંચાલી'માં અષાઢના પ્રથમ વરસાદના પ્રથમ ફોરાનો સ્પર્શ, સત્યજિતના ટિપિકલ હ્યુમર સાથે ચાક્ષુષ થયો છે. તળાવકાંઠે કળશિયો માંજવા બેઠેલા એક ટાલિયાના મસ્તક પર પ્રથમ ફોરું ઝિલાય છે અને સત્યજિત કૅમેરાની આંખથી એ ફોરાને જોઈ રહે છે.

સ્પૅનિશ ભાષાના પ્રસિદ્ધ તત્ત્વચિંતક ઑર્તેગાનું પુસ્તક 'મૅન ઍન્ડ પીપલ' આજકાલ વાંચી રહ્યો છું. ઑર્તેગા એક જગ્યાએ કહે છે કે દૃષ્ટિને સહુથી વધારે મહત્ત્વની ઇન્દ્રિય માનવામાં ગંભીર ભૂલ છે. 'સ્પર્શ' જ, મનોદૈહિક દૃષ્ટિબિંદુથી, પ્રથમ, આદ્ય જ્ઞાનેન્દ્રિય હોવાનો વધારે સંભવ છે. જગતના અન્ય પદાર્થોની અલગતા ભિન્નતા ધીમે ધીમે સ્પર્શથી પમાય છે. બીજા પદાર્થો સાથેના સંયોગનું નિર્ણાયક સ્વરૂપ ખરું જોતાં સ્પર્શ છે. જગતમાં બંધારણનું અનિવાર્યપણે સહુથી વધારે નિર્ણયાત્મક કારણ સ્પર્શ, સ્પર્શથી થતો સંપર્ક છે.

અન્ય પદાર્થની કઠિનતાથી સ્પર્શાનુભવ થાય છે તે ક્ષણે શરીર અને પદાર્થ અડોઅડ, લગોલગ, ચપોચપ હોય છે. આપણા શરીરને કઠિન પદાર્થ અટકાવે છે, ખોળે છે. એ પદાર્થ

આપણા શરીરનો વિરોધ કરી, પ્રતિકાર કરી આપણી માંસપેશીઓને દબાવે છે. ઑર્તેગા કહે છે કે સ્પર્શ-સંયોગમાં આપણું શરીર પદાર્થોનો અનુભવ અંદરથી, ભીતરથી કરે છે. દશ્યનો અનુભવ દૂરનો છે. ગંધ નાકના રન્ધ્રમાં અનુભવાય છે, સ્વાદ મોંનાં સ્વાદકેન્દ્રોથી અનુભવાય છે. આ અનુભવો આપણી દૈહિક સપાટીના કેટલાક ભાગો દ્વારા થાય છે. સ્પર્શસંયોગમાં પદાર્થને આપણે શરીરની અંદર અનુભવીએ છીએ.

ગર્ભાશયમાં વિકસિત બાળકના સર્વપ્રથમ ઇન્દ્રિયાનુભવો હશે તે સ્પર્શના જ હશે ને? જનનમાર્ગમાંથી અવતરતા અને બહારના હાથોમાં ઝિલાતા અને વ્યવસ્થા પામતા નવજાત શિશુના આદ્ય અનુભવો પણ સ્પર્શના હશે ને?

માતા-પિતા-વડીલોના દર્શન કે શબ્દથી બાળક સલામતી (સિક્યુરિટી)નો ભાવ અનુભવે છે, પણ વિશેષ સલામતી, રક્ષણ તો સ્પર્શથી જ અનુભવે છે. અસલામતીની ક્ષણોમાં બાળક માબાપને વળગી પડે છે, ચોંટી જાય છે. ઇન્જેક્શન લેવા માંડ માંડ તૈયાર થતું બાળક માતા કે પિતાને કહેતું હોય છે : ‘તમે મને પકડી રાખો.’

અત્યંત દુઃખની ક્ષણોમાં માણસના માથે-ખભે-બરડા પર હાથ મૂકવાની અને પંપાળવાથી જે આશ્વાસન મળે  છે તે શબ્દથી મળતું નથી.

રતિ-કામના સાદ્યન્ત અનુભવમાં બીજી ઇન્દ્રિયોનો ફાળો તો ખરો જ, પણ સ્પર્શ એમાં પરકોટિનો અનુભવ કરાવે છે. મનોદૈહિક ચેતનાને તીવ્રતમ જાગ્રત કરવામાં સ્પર્શની ઇન્દ્રિય નખ-શિખ, સર્વવ્યાપ્ત છે.

‘ચરકસંહિતા’ના શરીરસ્થાનમાં અત્રેય કહે છે : ‘સ્પર્શેન્દ્રિયનો સંસ્પર્શ તથા માનસ સ્પર્શ એમ બે પ્રકારના સ્પર્શ જ સુખદુઃખોના અનુભવોનો પ્રવર્તક કે હેતુ છે.’ આ સંસ્થાના વિવરણમાં ચક્રપાલિ લખે  છે ‘હરકોઈ વિષયની સાથે ઇન્દ્રિયોનો જે સંબંધ થાય છે, તે સ્પર્શેન્દ્રિયને લીધે થાય છે, ચક્ષુ વગેરે ઇન્દ્રિયો પણ સ્પર્શ કરેલા વિષયને જ ગ્રહણ કરે છે, નહિ કે સ્પર્શ કરેલા વિષયને તે ગ્રહણ કરે છે.’

તાત્પર્ય એ છે કે ચક્ષુ, શ્રવણ, રસના અને નસોમાં રહેલી તે તે ઇન્દ્રિયો પણ તે તે સ્થાનમાં વિષયનો સ્પર્શ થયા વગર જ્ઞાનનો અનુભવ કરી શકતી નથી. આમ સ્પર્શની ઇન્દ્રિય વ્યાપક છે. આયુર્વેદમાં ‘સ્પર્શ’ શબ્દ મન અને જ્ઞાનેન્દ્રિય માત્રના પોતપોતાના વિષય સાથેના સંસર્ગમાં વ્યાપક અર્થમાં પણ પ્રયોજાયો છે. આ વ્યાપક અર્થમાં જ્ઞાનેન્દ્રિય એક જ છે, અને તે સ્પર્શનેન્દ્રિય.

કવિ નિરંજન ભગત કહે છે : લાવો તમારો હાથ, મેળવીએ, આપણા આ હાથમાં ઉષ્મા અને થડકો છે. બે મનુષ્ય હાથ મેળવે છે ત્યારે એમાં પરસ્પરનાં હૃદયના ભાવ ભળે છે. સ્પર્શમાં હૃદયનો થડકાર અને ઉષ્મા છે.


*(ક્ષણ-તત્ક્ષણ-માંથી, અહીં, ગુજરાતી લલિત નિબંધ સંચયન, સાહિત્ય અકાદેમી,૨૦૦૧-માંથી)*

## હળવો નિબંધ

# ડામચિયો • રતિલાલ 'અનિલ'

નર્યા શ્રમજીવી વણકર પરિવારમાંથી વાચનની તલપને જોરે પત્રકાર-સંપાદક-કવિ-નિબંધકાર તરીકે ઊભરી આવનાર રૂપાવાળા રતિલાલ મૂળચંદદાસ (૧૯૧૯-૨૦૧૩) 'અનિલ' ઉપનામથી ગઝલ-સર્જક તરીકે પંકાયા. ગઝલનાં રૂપ-સ્વરૂપના પણ ઊંડા જાણકાર. 'ગુજરાતમિત્ર'માં પાત્રકાર રહ્યા ને પછી 'કંકાવટી'સાહિત્ય-સામયિક અંદરની તાકાતથી ચલાવ્યું, આર્થિક વિટંબણાઓ વેઠી પણ સ્વમાન-ખુમારી ટટ્ટાર રાખ્યાં. ધૂની લહેરી

કવિમિજાજની સાથે લેખક-સંપાદકનાં ચોકસાઈ-સજ્જતાનો મેળ પણ પાડ્યો જ. એ બધું એમના ગંભીર અને હળવા બંને જાતના નિબંધોમાં છતું થયું.



અમારા ઘરમાં ખુરશી નહોતી તેથી કોઈ ચોપગું ફર્નિચર નહોતું એવું નહોતું. રોટલી વણવાની બાસ્ટીને ત્રણ જ પગ હતા અને છે. કેટલાક લોકો એકી સંખ્યાને જ શુકનિયાળ માને છે એમાં બાસ્ટીનો પણ સમાવેશ થાય તે છતાં હજી જંગલમાં ચોપગાં પ્રાણીઓનું વર્ચસ્વ છે એમ ફર્નિચરમાં ચોપગાંનું વર્ચસ્વ રહ્યું છે અને નારીજાતિને ભલે માણસજાત અન્યાય કરી હોય પણ એ નારીજાતિની ખુરશીનું સર્વોચ્ચ બહુમાન એ કરે છે. આપણે કાયાને લંબાવી દઈએ કે ઊંઘવા માંડીએ એટલા સ્વનિર્ભર હજી થયા નથી. અલબત્ત જેમના ઘરમાં લાલ જાજમ પાથરેલી હોય તેમને માટે એવી સ્વતંત્રતાને અવકાશ છે ખરો.

એક વાર વાંસ દોરડીનો સમાજવાદી ખાટલો વસાવવાની ઈચ્છા થયેલી! સાડા ત્રણ રૂપિયે અડવો ખાટલો, અને એનાથી વધારે મોંઘી નાળિયેરના રેષા (તાર જેવા, પણ રેષા !)થી બનેલી દોરડીથી જાતે સજાવવાનો. બીજાને કહેવાનું કે દોરડી ખેંચ! પણ એ ઘણી જગ્યા રોકે, એટલે જમીન પર ગાભા પાથરીને ઊંઘવાનું જ સનાતની કે પરંપરિત શયન ચાલુ રહ્યું પણ એ ગાદલાંગોદડાં(!)ને સીંચવા માટે કોઈ સાધન જોઈએ ને? વળી આખી રાત જમીન પર રહે એને દિવસે તો જરા ઊંચું સ્થાન મળવું જોઈએ એટલે અગિયારેકનો, પેલા સાડાત્રણ રૂપિયે વાંસનો ખાટલો ઓફર કરનાર પાસેથી ડામચિયો વસાવ્યો, ઘરમાં ચાર પગું ફર્નિચર આવ્યું. એ પર ગાદલાં ગોદડાંની થપ્પી થાય. એમાં બાળકો માટેની ગાભા ગોદડી સૌથી ઉપર શીર્ષસ્થ સ્થાન ધરાવે કારણ કે એમને વહેલા ઊંઘવાનું જોઈએ ! વહેલા ઊંઘવાનું રાખે તેની ગોદડી ચાદર સૌથી ઉપર રહે. સૌથી ઉપર રહેવાનો ટારગેટ તો હવે બધા રાખતા થયા છે ત્યારે આ વહેલા ઊંઘવાની પોતાની ગોદડીને સૌથી ઉપર સ્થાન મળે એ સહુલિયત ધ્યાનમાં રાખવા જેવી છે.

આ ડામચિયો ખૂણો પાળે; પણ એથી એની જવાબદારીમાં કશો ફેર ન પડે; આખો દિવસ ગોદડાંનો બોજ ઊંચકે. ઘરના માણસ એમ માનેકે અમે ગોદડી પર રાત્રે આરામ કરીએ છીએ, પણ વાસ્તવમાં તો ડામચિયો ઊભા




પગે આરામ કરતો ! કશો બોજ નહીં, નરી હળવાશ; આરામ એટલે શું? કશો બોજ નહીં, નરી હળવાશ ! અને ડામચિયાને પોતાનો ભાર લાગે એવું તો હતું જ નહીં. જૂનું ઘર છૂટ્યું ને ડામચિયો છૂટ્યો; અમેય બરાબર ડામચિયા સ્વરૂપના થઈ ગયા છતાં શી રીતે નવા ઘરમાં એડજસ્ટ થઈ શકીશું એનો વિચાર કોઈએ ન કર્યો. ડામચિયાની વિદાય લેતાં માત્ર અમને જ વિષાદ થયો, ઘરનાં બીજાં તો રાજી હતાં ! માણસો કેવા ભૂલકણા છે ? સ્વર્ગે જશે ત્યારે આ પૃથ્વી પર જેમની સાથે જીવન ગાળ્યું, આપણે જીવી ગયા એ બધાનો સાથ ભૂલી જશે શું? આપણા દેશનું પ્રતીક ડામચિયો છે એ માત્ર અમે એકલા જાણીએ; એ રસ્તા ફર્નિચર પર ગમે એટલો બોજ નાખો તે સહે. ચાર પગ અને આડી ત્રણ વત્તા બીજી બે અણઘડ પાટલી. બીમ વહેરતાં જે અણઘડ લાકડું વધે એના ભાગમાંથી એ ડામચિયો બને. અને કબીર જેમ રોજ પોતે વણેલું જાતે બજારમાં વેચવા જાય એમ સુથાર તરીકે સ્થાન ન પામેલો પણ પોતાની સૂઝસમજથી સૌરાષ્ટ્રની શહેરમાં આવેલો હરિજન ડોસો સસ્તા ફાલતુ લાકડા લાટીમાંથી લઈ આવે તેને કુનેહથી ઘાટ આપે. એમ ડામચિયો તૈયાર કરે અને ખભે ઊંચકી વસ્તીમાં ફરે કે સાંજે ગરીબોના બજારમાં જઈને ઊભો રહે અને પાવલી અડધા રૂપિયાની છૂટ, સેલ ન હોવા છતાં મૂકે, હાથમાં આવેલા પૈસાથી જેમ ડામચિયાનું અણઘડ સસ્તું લાકડું ખરીદી લાવેલો એમ ગરીબોના બજારમાં પોતાના જેવા ગરીબો માટેનો એક ખૂણો હોય ત્યાંથી ખરીદી કરે અને લાકડાને સમારેલું એ રીતે જે ખરીદ્યું હોય તેને સમારી તેનો ખોરાક બનાવી જમે ! પેલા લાકડાને છોલ્યા હોય તેનાં છોડાં બળતણમાં ખપ આવે. એ હરિજન ડોસો સુથારી કામ જાણે પણ ફર્નિચરના કારખાને કે બંધાતા ઘરમાં એને કોણ રોજી આપે? એટલે લાકડાની વખારે અણખપનું લાકડું પડ્યું હોય તે સસ્તામાં લાવે. વાંસનો ખાટલો અને ડામચિયો બનાવે ને જાતે તે ખભે ઊંચકી વસ્તીમાં ફરીને વેચે. બજારમાંથી વસાવ્યો હોય તો એ વધારાની મજૂરી લીધા વિના ઘરે મૂકી જાય. મેળો આવે ત્યારે કપડાં ઝીંકવાનો ધોકો, વેલણ એવુંયે બનાવીને મેળામાં બેસે. ચારપાંચ રૂપિયાનો વાંસનો ખાટલો વેચવા ગરીબ, પછાત વિસ્તારમાં ફરે. આજે ક્યાં શોધું એને?

*['સાક્ષાત્કાર', ૨૦૧૪(મરણોત્તર)]*



*By Tiffanie Turner*

નિબંધ


# ઇંગ્લિશ હ્યુમર, રમૂજવૃત્તિ

// દિગીશ મહેતા

તમે ઇંગ્લિશમાં જોક કહેવા પ્રયત્ન કરી જોયો છે? આમેય પાર્ટીમાં જોક કહેતાં બધાંને નથી આવડતું હોતું. અમુક માણસોને એ આવડે છે. એમાં પણ ગુજરાતી કે હિંદીમાં વાંચેલો કે સાંભળેલો જોક ઇંગ્લિશમાં કહેવાનો હોય તો હજુય મારા કે તમારાથી બને, પણ ઇંગ્લિશમાં ઇંગ્લિશ રીતનો જોક કહેવો એ જુદી વાત છે. એને આપણે ઇંગ્લિશ સેન્સ ઑફ હ્યુમર કહીએ છીએ.

દર વખત જોક્સ કહેવાના નથી હોતા, તે છતાં બેસતે ઊઠતે, હરતાં ફરતાં, ઘરમાં ઑફિસમાં, બસ સ્ટેન્ડ પર, આપણે જોક કરતા જ રહીએ છીએ, અને એટલા જ સાંભળતા પણ રહીએ છીએ. વ્યક્તિએ વ્યક્તિએ આ સૂઝ, અને એ અમુક ચોક્કસ રીતને સૂઝ કહો કે સમજ – એ જુદી હોય છે. હું તો કહું છું કુટુંબે કુટુંબે, કેમકે રમૂજવૃત્તિ એ ઘણી વાર કુટુંબગત હોય છે. પ્રદેશે પ્રદેશે જુદી તો હોય જ છે. સૌરાષ્ટ્રની રમૂજવૃત્તિ સુરતની રમૂજવૃત્તિ કરતાં જુદી છે.

ઇંગ્લિશ લોકો સ્વભાવે ઠંડા, લાગણી થાય તો પણ ન બતાવનારા. એમ કહેવાય છે કે ઇંગ્લિશ માણસને બહુ લાગણી થાય ત્યારે એ એકધ્યાને ફાયરપ્લેસમાં તાકી રહે. બસ, આ એણે લાગણી બતાવી! જ્યારે મારો ઇન્ડિયન?! તો આવા આ લોકોની રમૂજવૃત્તિ પણ નોખી હોય જ, અને છે. વાસ્તવમાં એ લોકો એમની સેન્સ ઑફ હ્યુમર વિશે પંકાયેલા છે. ઇંગ્લિશ સેન્સ ઑફ હ્યુમર એ બહુ વિલક્ષણ વસ્તુ છે, અને તમે એ કેટલે અંશે ઝીલી શકો છો એ તમને ઇંગ્લિશ બોલતાં આવડવાની કલાની કસોટી છે.



આમાં દાખલા રોજબરોજના જીવનમાંથી જ પહેલાં તો લેવા જોઈએ. પછી અન્યત્ર કે સાહિત્યમાંથી. દાખલા તરીકે ઇંગ્લિશ ટીચર્સની મિટિંગમાં ભેગા થયા તો અમે જોયું કે એક ડૉ. શેઠ નથી આવ્યા. એટલે અમારામાંના એક તરત કહે : અરે! ડૉ. શેઠ હેઝન્ટ કમ? હી ઈઝ ધ કમીંગ ટાઈપ! He is the coming type! અને અમે એટલું હસી પડ્યા. દેખીતું છે કે આ સરસ ઇંગ્લિશ રીતનો જોક કર્યો હતો, અને એ રિમાર્ક

કરનારને સરસ સ્પોકન ઇંગ્લિશ કેટલે બધે અંશે આત્મસાત્ થયું હતું. તમે આવો જોક કરી શકો પછી તમારે કરેક્ટનેસ, ખરું – કે ખોટું, એની ચિન્તા કરવાની ન રહે.


આ અને આવા કહેલા-સાંભળેલા કિસ્સા કેટલા બધા ઇંગ્લિશ વંશના છે તે જોવા નર્યો ઇંગ્લિશ એક દાખલો લઈએ. આ વખતે ડૉ. જહૉનસમાંથી. ડૉ. જહોનસન એટલે અઢારમી સદીમાં થઈ ગયેલા વિદ્વાન કવિ, વિવેચક, કોશકાર, લેખક અને સહુથી વધુ તો શુદ્ધ અર્થમાં ઇંગ્લિશ બુદ્ધિમત્તાના પ્રતિનિધિરૂપ પ્રતિભા. બોઝવેલ નામના એક સજ્જને તેમનું જીવન આલેખ્યું છે. ખાસ તો એ જબરજસ્ત વાતચીતના રસિયા હતા, જેને Conversationalist કહે છે. બૉઝવેલે એમની વાતચીતોના ઉતારા આપ્યા છે જેમાંથી એમનું વિશિષ્ટ વ્યક્તિત્વ ઊપસી રહે છે. રીતભાત કે દેખાવની બહુ દરકાર વગર આ અલગારી લાગતો વિદ્યાખેડુ આમ મંડળીનો માણસ. એના શબ્દે શબ્દે શાણપણ, જ્ઞાન ઝરે, પણ બધું જ ચુસ્ત બ્રિટિશ રીતનું. પગ જમીન પર હંમેશાં. જે બ્રિટિશ રીત છે.

એક વાર એક બાનુ, એક વાતોડિયાં મહિલા, ડૉ. જહોનસન સાથે દલીલે ચઢ્યાં. કહે, તમે આમ કેમ કહો છો, તમે તેમ કેમ કહો છો? તો ડૉ. જહોનસન પળ વાર સાંભળી રહી બોલ્યા : Ignorance, Madam, pure ignorance. અજ્ઞાન, મ્હારાં બાનું, નર્યું અજ્ઞાન, બસ. આ પેલી નર્મ-મર્મ-કટાક્ષની વૃત્તિ જે ઇંગ્લિશ વંશની છે અને જેનો ભણકારો આપણને ગુજરાતમાં પ્રોફેસર એસ. આર. ભટ્ટ સાહેબ સુધી સંભળાય છે.

ટી. એસ. એલિયટના એક નાટકમાંથી એક દાખલો લઈએ. એમ સમાચાર આવે છે કે જહૉન નામના પાત્રને એક્સીડન્ટ નડ્યો છે અને એણે ભાન ગુમાવ્યું છે he has lost consciousness. આ સાંભળી એક હાજર રહેલું પાત્ર રિમાર્ક કરે છે. John? But he didn’t have much consiousness to lose. જહૉન અને ભાન ગુમાવે? એટલું ભાન એને ક્યારે હતું?

–આ પેલા ઠંડા કલેજાની રમૂજ છે જે માટે ઇંગ્લિશ લોકો પ્રખ્યાત છે. એ રમૂજ લગભગ હંમેશાં વળવાળી છે. એમાં પરિસ્થિતિથી ઉપર ઊઠી, એને તટસ્થતાથી જોવાની, અમુક અંતરે ઊભા રહેવાની, વૃત્તિ છે. એ જેને કહીએ કે બ્લૅક હ્યુમર, કારમો હ્યુમર, એની નજીક હોય છે.

એ રમૂજવૃત્તિ સમથલ હોય છે, અને સામાન્ય માણસની સાથે સામાન્ય જીવન માટે પણ તીવ્ર સહાનુભૂતિથી ભરેલી હોય છે. જેથી ઓર્ડિનરી જીવન ટકી રહે છે, એવી કોઈક શ્રદ્ધા એમાં સમાયલી છે. કશી પણ, કોઈ પણ રીતને અતિશયોક્તિનો તેમાં નકાર હોય તો, એમાં અવહેલના હોય છે. એનું પગેરું ડિકન્સ કે શેક્સપિઅરમાં મળી રહે, પણ એ જો બહુ ઉચ્ચ પ્રકારના સાહિત્ય જેવું લાગે તો જેરોમ કે. જેરોમના Three Men in a Boat જેવા ઇંગ્લિશ હ્યુમરના નાનકડા ક્લાસિકમાં કે પછી P. G. Wodehouseનાં સમગ્ર લખાણોમાં કે એ. પી. હર્બર્ટમાં કે ગાર્ડિનર કે પ્રિસ્ટલી જેવા નિબંધકારોમાં.




પ્રિસ્ટલીનો એક નિબંધ છે : On Doing Nothing પર. એમાં એ કહે છે તેમ એ બે મિત્રો યોર્કશાયરની હરિયાળીમાં પડ્યા છે, અને પડ્યા જ રહે છે, વચમાં એક-બે શબ્દની આપ-લે થાય છે, સેન્ડવીચીઝ ને એવું ખાઈ લે છે, બસ પડ્યા જ રહે છે. આકાશના, ઘાસ પરના, બદલાતા રંગો નિહાળ્યા જ કરે છે. કશું જ નથી કરતા અને એમ કશું ન કરવાની કલા, એની સાધના કરે છે. પ્રિસ્ટલી એનાં બે-પાનાંના એ અદ્ભુત નિબંધમાં વચમાં અછડતું જ એમ કહે છે : એમ તો કંઈક કરવાનું, કંઈક કરી નાખવાનું શૂર આપણને ઘણી વાર ચઢે છે, ૧૯૧૪માં એવું જ શૂર ચઢ્યું અને આપણે ઘણું બધું કરી નાખ્યું જેનું પરિણામ આપણે જાણીએ છીએ. પ્રિસ્ટલી ૧૯૧૪ના પહેલા વિશ્વયુદ્ધની વાત કરે છે – આ પેલા વિલક્ષણ રીતની ઇંગ્લિશ રમૂજનો દાખલો છે, જે આમ જોઈએ તો કાળઝાળ અને કારમો છે, અને આમ જોઈએ તો ધરતીમાં લાંગરેલી કૉમનસેન્સ, સામાન્ય સૂઝથી આમૂલ સ્પર્શાયલી છે.

આ રીતની બેઠી ઇંગ્લિશ રમૂજ ગુજરાતીમાં ઐતિહાસિક કારણોસર જ એટલી ઊતરી આવી છે કે તે આપણે નવી સાધ્ય નથી કરવી પડે એમ. જોકે આમાં ય ભેદ છે. રમણભાઈ નીલકંઠમાં ભદ્રંભદ્રમાં એ તરત છતી થાય છે, પણ જ્યોતીન્દ્ર દવેના નિબંધોમાં જે રમૂજ છે એનો વેલો કંઈક જુદો લાગે છે.

*['ઇંગ્લીશ! ઇંગ્લીશ!', ૧૯૯૯-માંથી]*

હળવો નિબંધ

# કેમ છો ? સારું છે !

– પુ.લ.દેશપાંડે,

અનુ. અરુણા જાડેજા

**પુ. લ. દેશપાંડે**

મરાઠી સાહિત્ય અને કલાજગતની સર્વતોમુખી પ્રતિભા ગણાયેલા પુરુષોત્તમ લક્ષ્મણ દેશપાંડે (૮.૯.૧૯૧૯ – ૧૨.૬.૨૦૦૦) હાસ્યકાર અને નાટ્યકાર હતા; ફિલ્મના પટકથા-લેખક, સંગીત-નિર્દેશક અને નિર્માતા હતા; નાટકના દિગ્દર્શક અને અભિનેતા હતા; વક્તા, મિમિક્રી કલાકાર – એમ એક કુશળ પરફૉર્મર હતા.

'કેમ છો? સારું છે!' અને એવા જ બીજા નિબંધોમાં પુ.લ.ની માર્મિકતા, રમૂજવૃત્તિ, જાણકારી, માણસના મનની પરખ એ બધું બરાબર સંયોજિત થઈને રસ-સમૃધ્ધ બને છે – અને એમની મરમાળી પ્રવાહી મરાઠી ગદ્યશૈલી અરુણાબહેન જાડેજાએ આ ગુજરાતી અનુવાદમાં મૂળના જેવી સહજતાથી ઊતારી છે.

મરાઠી ભાષાની વંશાવળીને શોભે નહિ એવા કેટલાક શબ્દો આ ભાષામાં છે તેમાંનો એક 'સારું' શબ્દ છે. આમ તો તબિયતે કડેધડે એવી આ ભાષામાં આવો પાંડુરોગી શબ્દ કઈ રીતે આવી ગયો એ તો રામ જાણે ! આ શબ્દમાં કોઈ જ લિજ્જત નથી, નૂર નથી, ચોક્કસ એવો અર્થ નથી. કેટલાંક લોકોનાં નામ જેમ કોઈ પણ કમિટીમાં જોવા મળે છે અને આ નમૂનાએ જિંદગીમાં ચોક્કસ એવી કઈ ઊંચાઈ આંબી છે એ કોયડો તો ઊભો જ રહે છે, એવી જ રીતે કોટમાંથી અચાનક નીકળી આવતા વંદા જેવો આ શબ્દ અસંખ્ય ઠેકાણે ડોકાયા કરે છે. હવે પાછલા વાક્યમાંનો શબ્દનમૂનો જ લો ને. નમૂનામાં ભલે ને અતિશય બાઘાઈ કેમ ન હોય, પણ એક વ્યક્તિત્વ તો છે જ. નમૂનો કહીએ એટલે કાન દબાવીને, વાંચીચૂકી ટોપી પહેરેલો, વિશ્વેશ્વરની જેમ શરીરની બહાર દશાંગુલ લટકતાં હોય તેવો ડગલો પહેરનારો, ધોતિયાને હાથરૂમાલ તરીકે વાપરનારો, ખાખી કે છીંકણી રંગનું કૉલર વિનાનું પહેરણ પહેરનારો, એમાંથી મેલખાઉ ધોતિયાનું દર્શન કરાવનારો અને તૂટી ગયેલા અંગૂઠાવાળી ચંપલ પહેરનારો, આંખોની અવળી છટા ધરાવનારો માણસ ફટાક દેતોક આપણી આંખ સામે આવીને ઊભો રહી જાય છે. પણ 'સારું', 'સારો', 'સારી', એવા શબ્દોથી આપણી આંખ સામે ચોક્કસ એવું કાંઈ જ ઊભું રહેતું નથી. 'સારું' એ વ્યાકરણમાં ભલેને વિશેષણ કે ક્રિયાવિશેષણ હોય પણ વ્યવહારમાં તો સાવ અવ્યય જ છે. આ શબ્દ વાપરવાથી આપણું કાંઈ જ ખરચાતું નથી. પોતાનો એવો કોઈ જ મત ન હોય એવા 'રામાય સ્વસ્તિ રાવણાય સ્વસ્તિ' કરનારાં લોકો જેવો , ભાષાસુંદરીના આ વિશાળ સંસારમાં 'સારું' એ એક અપક્ષ શબ્દ છે. અને તેથી જ જ્યારે આપણે ચોક્કસ એવું કાંઈ કહેવાનું ન હોય ત્યારે, 'કેમ છો ?' એવું પુછાતાં 'સારું છે.' એવું કહીએ છીએ.



ખરું જોતાં તો, 'સારું છે' એટલે શું? – એવો જો કોઈ સવાલ કરે તો આપણી પાસે તેનો જવાબ નથી. આખાય વહેવારમાં 'કેમ છો ?' જેવો નકામો સવાલ અને 'સારું છે.' જેવો નકામો જવાબ બીજો એકેય નહિ હોય ! તોય આપણે આ સવાલ પૂછવાનું મૂકતા નથી અને લોકો પણ 'સારું છે.' એવો જવાબ આપવાનું ચૂક તા નથી.

શિષ્ટાચાર માટે થઈને કેટલાક વાક્યપ્રયોગ આપણે વાપરવા પડે છે. વયોવૃધ્ધ અને પૈસાદાર માણસ મળે તો સામાન્યતઃ આપણે એની ખબર પૂછીએ છીએ, "હાં તો બાપુસાહેબ, કેમનીક છે તમારી તબિયત?" એવી ચાવી ફેરવતાં જ ઉંમર વરસ સિત્તેર. પેન્શન રૂપિયા ૫૦૦, બધા દીકરાઓ કમાતા-ધમાતા, કરિયાવર વિના ઉકેલાયેલાં દીકરીઓનાં લગ્નો, આમ ખાધેપીધે સુખી એવા ચોકઠામાં બેસનારા બાપુસાહેબ ખુશ થાય છે અને પોતાની નિયમિતતા, મળસકે ઊઠી જવું, ઉષઃપાન, ત્રણ માઈલનો રપાટો, મૂઠીભર ઉગાડેલા ચણા-ઘઉં કે તેવો જ પ્રોટીનયુક્ત પદાર્થ વગેરે અનુપાન-હેવાલ સહિત પોતાની તબિયત હજીય કેવી સાબૂત છે તે ઠસાવે છે. આપણુંય સવાલ પૂછ્યાનું સાર્થક નીવડે છે અને બાપુસાહેબ પ્રસન્ન થાય છે. પણ 'કેમ છો ?' એવો સવાલ ફેંકો એટલે એ જ બાપુસાહેબ પાસેથી કેવો જવાબ મળે છે તે સાંભળો, 'સારું છે.' આ 'સારું છે.'–માં વહુની સુવાવડ આવી રહી છે, જમાઈરાજની પહેલી દિવાળી છે, કાલે કાલે જ લાવેલી વિટામિન 'બી'ની ગોળીઓ ખલાસ થઈ ચૂકી છે. ફિકરની આવી આવી અનેક તરફો વાગી ગયેલી હોય છે.(તરફો એટલે તંતુવાદ્યમાં મુખ્ય તારની નીચે રણકવા માટે રખાતા તાર.)

'સારું છે.' નો અર્થ "એટલું ઠીક નથી, છે હવે ચાલ્યા કરે, ધકેલીએ છીએ, પત્યું" એવો જ થાય છે. હકારાત્મક ક્રિયાપદોમાંથી નકારની ઝીણી ઝીણી ઘૂઘરીઓ જાણેઅજાણે વાગી જતી હોય છે. એનું કારણ એ જ કે 'સારું છે.' શબ્દોને ઉત્સાહ સાથે લેણું જ નથી. એ માટે જવાબદાર છે 'કેમ છો ?' નો સવાલ. 'કેમ છો ?' એટલે શું ? કેમ છો ?' 'તબિયતપાણી કેમનાંક ચાલે ?', 'ધંધાપાણી કેવાંક છે ?', 'નવો મકાનમાલિક કેમનોક છે ?' આવા સવાલોના તો કોઈ કોઈ જવાબો છેય ખરા પણ ખાલી 'કેમ છો ?' જેવા નીરસ સવાલનો જવાબ પણ એટલો જ નીરસ મળવો સ્વાભાવિક છે.

આ સવાલો હોવા માટેનાં કારણો પણ તેવાં જ છે. ફક્ત શિષ્ટાચાર ખાતરેય કાંઈક તો પૂછવું જ પડે. એટલા માટે પુછાતો આ સવાલ છે. મારું તો માનવું છે કે આ સવાલ આપણે, આજકાલમાં જ લાવ્યા છીએ. ઇતિહાસમાં તો કોઈએ કોઈને 'કેમ છો ?' એવું પૂછ્યાનો પુરાવો મળતો નથી. કારણમાં તો બાળપોથીથી માંડીને બી.એ. સુધીનો એનો એ જ ઇતિહાસ ભણતી વખતે કોઈ પણ મહાપુરુષે બીજા કોઈ પણ મહાપુરુષને 'કેમ છો ?' એવું પૂછ્યાનો દાખલો મળતો નથી. શિવાજી મહારાજે અફઝલખાનને, 'શું કેમ છો, ખાનસાહેબ ?' એવું પૂછ્યાનું સાંભરતું નથી કે મોટા બાજીરાવે છત્રસાલને 'કેમ છો ?' એવું પૂછ્યાનું સાંભળ્યું નથી. તો પછી આ વાક્પ્રચાર આવ્યો ક્યાંથી ? મને લાગે છે કે શિષ્ટાચારનો આ રિવાજ તો આપણે ટોપાવાળાઓ પાસેથી ઉઠાવ્યો ! અંગ્રેજો તો પાછા શિષ્ટાચાર માટે જાણીતા. ધુમ્મસથી લપેડાયેલી સવારે પણ એક અંગ્રેજ બીજા અંગ્રેજને 'ગુડ મૉર્નિંગ' કહીને છેતરતો હોય છે. ફાંસીની સજા ફરમાવનારો ગવર્નર પણ, આરોપી બાબુ નામે ફલાણા ફલાણાને ફાંસીની સજા આપતી વખતે સલાહકાર મંડળ સહ હરખાતો હોય છે – 'ગવર્નર ઇન કાઉન્સિલ ઇઝ પ્લીઝ્ડ' એવો શબ્દપ્રયોગ છે. એ જ પરંપરાવાળા 'હાઉ ડૂ યુ ડૂ' માંથી 'કેમ છો ?'નું ગલૂડિયું બહાર પડ્યું હોવું જોઈએ એવો એક અમારો વિનમ્ર અંદાજ છે. પણ અંગ્રેજોની ઠગબાજી પાછી આપણામાં નથી. 'હાઉ ડૂ યુ ડૂ' સવાલનો જવાબ પણ 'હાઉ ડૂ યુ ડૂ' એ જ છે. 'શું કેમ છો ?' એવા અંગ્રેજી સવાલનો જવાબ નથી. એ સવાલનો જવાબ પાછો 'શું કેમ છો ?' એનો એ જ છે. આપણે એમનો માત્ર સવાલ લીધો અને 'કેમ છો ?' પૂછતાં 'સારું છે' એવો આપણે આપણો નકામો જવાબ શોધી કાઢ્યો. માત્ર 'સારું એવો શબ્દ શોધી કાઢનાર આદ્ય ઉત્તરકર્તાના તો કરીએ તેટલાં અછોવાનાં ઓછાં ! અંગ્રેજોના 'હાઉ ડૂ યુ ડૂ'નો 'હાઉ ડૂ યુ

ડૂ' એ સવાલાત્મક જવાબ જેમ સાવ નકામો છે, તે જ પ્રમાણે 'સારું છે' એ આપણા મનનો તાગ લાગવા ન દે એવો જવાબ છે. એના કરતાં 'કેમ છો ?' એવું પૂછતાં 'મજામાં' એવું કહેવાનો રિવાજ હોત તો જવાબનો વટ પડી જાત. 'મજા' શબ્દ કેવો મજેનો છે ! સરસ શબ્દ કરતાંય 'મજા' શબ્દનો રુઆબ કાંઈ ઓર છે. આ શબ્દે પોતાની ટોપી બાંકી રાખી છે. સિલ્કના ફક્કડ શર્ટ સાથે ધોતિયાની કાછડી સફાઈકામદાર રીતે વાળી છે અને પગમાં જરીપટ્ટાવાળી મજાની કોલ્હાપુરી ચંપલ પહેરી છે. મજામાં!

'સરસ છે' એ શબ્દપ્રયોગમાં વધારે પડતું ભારેખમપણું છે. આ શબ્દે પોશાક તો સાદો પહેર્યો છે પણ બટન ગળા સુધી બીડેલાં છે અને ટોપી નાકસરસી પહેરી છે. આમ જુઓ તો 'સારું' અને 'સરસ' એ બધા એક રીતે તો નાતીલા જ છે. પણ સ્વભાવ-સ્વભાવમાં કેટલો ફેર ! 'સારું' એ શબ્દ આળસુ છે. નિરુત્સાહી છે, 'સરસ' ઇમાનદાર છે – પાછી કોઈની પંચાત નહિ એને. અને આ 'મજા' નામના નાનાભાઈ ભાઈબંધોની ટોળકીમાં હસીમજાક કરતા ઊભા છે. 'મજા' અને 'સરસ' ની સારાસારી જોઈને 'સારા'ને તેટલું સારું લાગતું નથી. આ જ ટોળકીમાં 'ઠીક' નામના એક ભાઈ છે. 'કેમ છો ?', 'ઠીક છે.'માં માંડવાળ છે. એ ખાસ મોટા નથી તોય ઑફિશિયન્સી બારમાં વધુ સમય ભેરવાઈ ન રહેતા બઢતી પામેલા કારકુનની માંડવાળ જેવી માંડવાળ છે પણ 'સારું છે'ની પાછળ માત્ર વાંધાવચકા છે. આ 'છે'ની પાછળના 'નથી'નો બેસૂર ભારે કુત્સિત છે. એ રીતે જોતાં 'સારું' શબ્દમાં એકંદરે જ ક્ષુદ્રપણું છુપાયેલું છે. ઉપરઉપરથી સાલસ ભાસનારા આ શબ્દનો કોઈ સ્વભાવ નથી, એવુંય પાછું નથી. એમ તો સ્વભાવ છે અને એ પોતાનું અસલ રૂપ ક્યારેક ક્યારેક તો અદ્‌ભુત રીતે ઉઘાડું કરી બતાવે છે.

જે રીતે સમાજમાં કેટલાક રિવાજો હોય છે. એ રીતે એ રિવાજો ફરતે વિશિષ્ટ શબ્દપ્રયોગોની મજેની ભુલભુલામણી હોય છે. અહીં બધા શબ્દો જુદા જ સ્વાંગ ધરીને આવે છે. દાખલા તરીકે, લગ્નની પરિભાષા જુઓ. કન્યા જોવા જતાં પહેલાંની ભાષા તપાસો. મધ્યસ્થી મારફતે વાત આવે છે. કન્યાનો નેણનકશો સારો છે. એમાંનો ગર્ભિતાર્થ – એનો વાન શ્યામ છે. ઘરકામમાં સારી, એનો અર્થ ભણતરની ગાડી જેમતેમ ત્રણચાર ધોરણ સુધી ધકેલાઈ છે એવો લેવાનો હોય છે. સ્વભાવે સાલસ, એનો અર્થ રૂપેરંગે ઠીકઠીક. ખાનદાન સંસ્કારી, એનો અર્થ દહેજના આંકડા પરનાં મીંડાં ઓછાં કરવાનાં. જેમ કે વિદેશી વકીલાતવાળાના હસતા દાંત કે હસ્તધૂનની વાતો જાણકારીની વાડની પેલી બાજુ કૂદીને અજમાવી જોવાની હોય છે. એ જ પ્રમાણે લગ્નવાળા મધ્યસ્થીની ભાષામાંય, આવા શબ્દોના સીધાસાદા સ્વાંગ પણ એમની મૂછોને ખાસ્સી ખેંચી-તાણીને, એમના રંગ ઉતારીને જોવા પડે છે. 'સારું' શબ્દને પણ આવી જ રીતે સાચવવો પડે છે. નાનપણમાં નિબંધ માટે માસ્તર 'સારો' એવો શેરો મારતા. એનો અર્થ ખરાબેય નહિ અને સરસ પણ નહિ એવો નકારાર્થી નીકળતો. કન્યા સારી છે કે મુરતિયો સારો છે એનો અર્થ 'કંડમ' નહિ એટલો જ. વળી માંદા માણસને જેમ વાયુનો આફરો ચઢે તેમ ઉપરઉપરથી દૂબળા દેખાનારા આ શબ્દને ક્યારેક તો ગજબનું જોર ચઢી આવે છે. ખાલી 'જોઈ લઈશ'ને બદલે 'સારું, ત્યારે જોઈ લઈશ.' એ વાક્ય પોતાની સાથે જ મોટેથી બોલી જુઓ તો, તો આ 'સારું છે'ને કેવો જુસ્સો ચઢેલો છે તે દેખાઈ આવશે. 'સારું છે, બેટ્ટમજી'માં તો માતાજી આવ્યાં હોય તેવું જોર ચઢે છે. એના બદલે 'મજાનું છે,' જોઈ લઈશ.' 'સરસ છે, જોઈ લઈશ.' જેવા શબ્દો ધાર્યું કામ કઢાવી શકતા નથી. મીંઢા માણસો ક્યારેક ક્યારેક પોતાનું શેતાની સ્વરૂપ બતાવતા હોય છે તેમ આ નીચી મૂંડીવાળો શબ્દ 'સારું છે' અચાનક પલટી ખાય છે.

"શેતાનનું દેણું શેતાનને જ ચૂકવો" એવી કહેવત અંગ્રેજીમાં છે. બાકી 'આ સારું છે' શબ્દને વહેવારમાં ખરે ટાણે વહારે ધાવાની સાવ બીજા છેડાની ટેવ છે. આમ જુઓ તો એના સ્વભાવ સાથે મેળ ન ખાનારી આ વાત છે. પરંતુ જેમ આ સૃષ્ટિમાં સંપૂર્ણપણે સારો અને સંપૂર્ણપણે નઠારો એવો કોઈ માણસ નથી. તેમ શબ્દસૃષ્ટિમાંય 'સારું છે'ને ફક્ત અવગુણો જ ચોંટેલા છે એવું નથી.

વણજોઈતા માણસોની બાબતમાં, કોટમાંથી લટકતા દોરાને જેમ આપણે ચપટીમાં પકડીને ફગાવી મૂકીએ છીએ તેમ 'સારું છે'ના બે શબ્દો પણ ઉપસંહાર તરીકે અણીને સમયે કામ લાગતા હોય છે. વિરોધપક્ષ વાત કરવાના રંગમાં કેટલોય ચગ્યો કેમ ન હોય. ફક્ત 'સારું છે'ની આટલીક અમથી ટાંકણી એના શબ્દફુગ્ગાને પૂરેપૂરો ચગદીને લોંદો કરી મૂકે છે. એનો જોશભર્યો ચહેરો વાલ્વટ્યૂબ ઊડી ગયેલી સ્ટૅપની જેવો સાવ સપાટ થઈ જાય છે. આવે વખતે આ શબ્દોની ભીતર છુપાયેલું ચાવળું સામર્થ્ય આપણી નજરે પડે છે. બોધ એટલો જ લેવો કે વહેવારમાં નિરુપયોગી એવું કાંઈ જ નથી હોતું અને આથી જ મકાન બદલતી વખતે ઘરરખ્ખુ ગૃહિણી સાવરણીની સળીનો પણ રખેને આયોડીનનું રૂ લગાડવા ખપ લાગશે એમ જાણીને સાવચેતીથી સાચવી જાણે છે, એ જ કુશળતાથી આ 'સારું છે'ને મારે પણ સંઘરવો પડે છે.

*[ પુલકીત (સંપા. અનુ. અરુણા જાડેજા),૨૦૧૦-માંથી ]*

મારા એક ઓળખીતાને બધું જ ખાનગી રાખવાની ટેવ. એકવાર 'હું બહારગામ જાઉં છું' કહીને તે સ્ટેશન પર ગયા અને બુકિંગ ક્લર્કને દોઢ રૂપિયો આપીને 'ટિકિટ આપ' એમ કહ્યું.

'ક્યાંની?' બુકિંગ ક્લર્કે પૂછ્યું.

'તે જાણીને તારે શું કામ છે? તું ટિકિટ આપ ની!' તેમણે જવાબ આપ્યો.

'પણ ક્યાં જવું છે એ જાણ્યા સિવાય હું કેવી રીતે આપું?' પેલાએ કહ્યું.

'મારે ફાવે ત્યાં જાઉં. તારુ કામ ટિકિટ આપવાનું છે, લોકોની ખાનગી વાતમાં માથું મારવાનું નહીં. હું મારે ફાવે ત્યાં, અરે, જહન્નમમાં જાઉં.' એમણે ઉશ્કેરાઈને કહ્યું.

'તેની ટિકિટ અહીં નહીં મળે.' ક્લર્કે કહ્યું

*[જ્યોતીન્દ્ર દવેના એક નિબંધમાંથી, સૌજન્ય : વિનોદ ભટ્ટ]*

નિબંધ

# ગંધના પ્રદેશમાં

## પ્રદીપ સંઘવી

ઇરોઝ થિયેટર. ફિલ્મનું નામ યાદ નથી. ચારનો શો હતો. થોડો વહેલો પહોંચ્યો હતો. ટ્રાફિક આઇલેંડ પાર કરતાં જ ચમક્યો- આ શેની સુગંધ?

થિયેટરની ભીંતને અઢેલીને ઊભો રહ્યો. ચારે તરફ ગંધ હિલોળા મારતી હતી. મન ચકરાવા માંડ્યું. આ ગંધ જાણે જા ણીતી છે; અને અજાણી પણ. એનો ચહેરો દેખાય છે; પણ કળાતો નથી. અથવા એને અનેક ચહેરા છે. ફૂલદાનીમાં પાંચ-પંદર ફૂલને ઠાંસી-ઠાંસીને ભર્યાં હોય એમ. થોડી વાર તો બીજી ઇંદ્રિયો બધિર થઈ ગઈ. પાંચ-સાત તોફાની નદીઓના સંગમમાં પડેલા પાંદડાની શી દશા થાય? ન આમ જઈ શકે, ન તેમ; ન ડૂબે, ન ઊડે, ન તરી શકે.

થોડી વારમાં શો શરૂ થવાની બેલ વાગી. યુવક-યુવતીઓનાં ટોળાં થિયેટરની અંદર જવા લાગ્યાં. જોતજોતામાં સ્નો, પાવડર, ફેસક્રીમ અને અત્તરની જગાએ સેંડવિચવાળાનાં પાઉં અને બાફેલાં બટેટાંની ગંધ જ રહી.

મને બીજી એક ગંધની યાદ આવી ગઈ. વિચારતાં-વિચારતાં હસી પડ્યો. ક્યાં આ યુવતીઓની ખુશબૂ ને ક્યાં એ ગંધ!

મુંબઈ સેંટ્રલના પુલ ઉપર થઈને અમે કૉલેજ જતાં. પુલની સીડી ઊતરતાં ઘણી વાર હું અટકી જતો. એ અરસામાં ત્યાં દસ-બાર ઘોડાગાડી ઊભી રહેતી. ઘોડાઓને ઘાસ ખાતા, પગ ઊંચા-નીચા કરતા, પૂંછડાં ઉલાળતા હું જોઈ રહેતો અને એમનાં શરીરની વિલક્ષણ ગંધ મને ઘેરી વળતી.




હજુ ક્યારેક સભા, થિયેટર કે કૉલેજમાં છોકરીઓનાં ટોળાં પાસેથી પસાર થતાં મને મુંબઈ સેંટ્રલના ઘોડાની યાદ આવી જાય છે. છોકરીઓ દરગુજર કરે. હું એમની ખુશબૂનું અવમૂલ્યન નથી કરતો; પણ મને ઘોડાની ગંધ પણ એટલી જ ગમે છે અને ફૉર્મલિનની પણ.

કૉલેજના પાંચમા માળે પહેલી વાર ચડ્યાં ત્યારે અજબ દશા થઈ હતી. પચીસ મીટર દૂરથી પણ ફૉર્મલિનની તીવ્ર ગંધ

આવતી હતી. નજીક જતાં તો ત્રાસ થઈ ગયો. છોકરીઓએ નાકે દુપટ્ટો કે રૂમાલ ધરી દીધા. આંખ ને નાક બળવા લાગ્યાં. અમારા ડેમોન્સ્ટ્રેટરે કહ્યું, ‘‘જુઓ, અહીંયાં જ દોઢ વર્ષ તમારે ચીરફાડ કરવાની છે અને જેટલાં વહેલાં આ ગંધથી ટેવાઈ જાઓ એટલું સારું.’’ પછી તો જે સહજતાથી પેન ખિસ્સામાં અને એપ્રન શર્ટપર રહે તેમ ફૉર્મલિનની ગંધ અમે સ્વીકારી લીધી. આજે એ ગંધને યાદ કરતાં ચીડ નથી ચડતી; ઊલટું, જૂના સાહચર્યની ખુશી અનુભવું છું.

*

જંગલમાં ફરતાંફરતાં મેં અચાનક અટકીને સાથીદારને કહ્યું, ‘અહીં ક્યાંક બકુલનું ઝાડ હોવું જોઈએ.’’ એણે કહ્યું, ‘‘એમ?’’ ઊંડો શ્વાસ લેતાં મેં કહ્યું, ‘‘હા, મને એવું લાગે છે.’’ એણે માટીના રસ્તા પર નજર નાખતાં કહ્યું, ‘‘ફૂલ દેખાય છે તને?’’ મેં કહ્યું, ‘‘ના; પણ ગન્ધ આવે છે મને.’’ આસપાસ ગીચ ઝાડી હતી; પણ બકુલ કંઈ અછતું રહે? ખોળી કાઢ્યું. એક ફૂલ લઈ એના નાક પાસે ધરી કહ્યું, ‘‘લે, સૂંઘ.’’ એણે ઊંડો શ્વાસ લઈ કહ્યું, ‘‘જરા જરા વાસ આવે છે ખરી.’’ હું સ્તબ્ધ થઈ ગયો. ‘જરા જરા? બકુલની તને જરા જરા વાસ આવે છે?’. એણે ખભા ઉલાળીને કહ્યું, ‘જો ભાઈ, મુંબઈનાં ધૂળ, ધુમાડા અને ગેસ સૂંઘી સૂંઘીને આપણું તો નાક નકામું થઈ ગયું છે. તું જ સૂંઘ્યા કર બકુલને.’’

એક વાર રાણીબાગને દરવાજેથી ખરી ગયેલાં ચાર સૂકાં બોરસલ્લીનાં ફૂલ લઈને રૂમાલની ઘડીમાં મૂકી દીધાં. ઘરે આવતાં ટ્રેનનાં ગિર્દી, પરસેવા અને ઉચ્છ્વાસ વચ્ચેથી એ ચાર ફૂલે મને ઉઠાવીને સહુથી અળગો મૂકી દીધો.

બકુલની વાત નીકળી છે તો તાતાવાડીના એ વૃક્ષાધિરાજને પણ યાદ કરી લઉં. ફણસાની અંધશાળામાં અમે એક રાત રોકાયેલાં. રાતે રાતરાણીએ મુશ્કેલીથી સૂવા દીધો. સવારે લટકચમેલીએ જ જાણે ઉઠાડી દીધો. રસ્તા પર આવ્યો તો બકુલની ગંધ! મેં કહ્યું, ‘‘બાબા, બકુલની ગંધ લાગે છે જાણે.’’ એમણે કહ્યું, ‘‘એ જ તો છે.’’ ‘‘પણ ઝાડ ક્યાં છે?’’ મેં મૂંઝાઈને પૂછ્યું. એમણે આંગળી ચીંધી. આશરે ૧૫૦ મીટર દૂર એ ઝાડ ઊભું હતું. નહિ નહિ તો યે ૩૦ મીટર ઊંચું અને ઘટાનો વ્યાપ તો એથીયે વિશાળ. એની નીચે જતાં શી દશા થઈ, તે શી રીતે કહું? કોણ કહે કે ગંધને ફક્ત નાકથી સુંઘાય છે? એને પણ દેખી, ચાખી, સ્પર્શી, ચૂમી ને આશ્લેષી શકાય છે.


મે મહિનો હતો. બોરિવલી નેશનલ પાર્કની એક ટેકરી ઊતરતો હતો, ત્યાં અલના ઝાડે રોક્યો. (અલ=બોરતોંડી. સંસ્કૃત નામ – અચ્યુતવૃક્ષ, શાસ્ત્રીય નામ – Morinda tinctoria) પાસે જઈને મેં એને થાબડ્યું –ફક્કડ છો તું તો ભાઈ! જરા આગળ ગયો તો બીજું ઝાડ. વળી ત્રીજું, ચોથું... ટેકરીના ઢાળ પર ગણ્યાં ગણાય નહિ એટલાં ઝાડ હતાં. એક આમ ખેંચે, તો બીજું તેમ. થાકીને પગદંડી પર જ લંબાવી દીધું—નહિ જવા દો તો નહીં; બસ?

જેવી અદ્‌ભુત ચીજ ગંધ છે, તેવી જ એની યાદ છે. ઘટનાઓની બાબતમાં મારી યાદશક્તિ બહુ સારી નથી; પણ આ બાબતમાં કુદરતની કૃપા છે. વેરાનમાં કે ભીડમાં, બંધ ઓરડામાં કે ઑફિસમાં, અચાનક યાદ આવી જાય છે – પહેલા વરસાદમાં ભીંજાયેલી માટીની સુગંધ, નવા ઘાસની સુગંધ, તાતાવાડીનું બકુલ, જંગલી જૂઈ, રેલ્વે પ્લેટફૉર્મ પર ઉતાવળે ચાલી જતી યુવતીએ ખોસેલું સોનચંપાનું ફૂલ...

ઘ્રાણેન્દ્રિય માટે હું સર્જનહારનો આભારી છું.

ooo

# પ્રવાસ



# ઇંગ્લંડમાં પ્રવાસ(૧૮૬૬)

કરસનદાસ મૂળજી

કરસનદાસ મૂળજી(૧૮૩૨-૧૮૭૧)નું આ પુસ્તક આજથી ૧૫૦ વર્ષ પહેલાં લખાયેલું. ઇંગ્લૅંડનાં અનેક રંગીન ફોટો-ચિત્રોથી પણ એ સમૃદ્ધ હતું. નોકરી માટે ઇંગ્લૅંડ ગયેલા કરસનદાસને પાછા આવ્યા બાદ, એ જમાનામાં ન્યાતબહાર મુકાવું પડેલું પણ આ ટેકીલા માણસે ન્યાતમાં પાછા આવવા કોઈ પ્રાયશ્ચિત્ત ન કરેલું! હિંમતવાન સુધારક પત્રકાર કરસનદાસ એ સમયના એક ભ્રષ્ટ ધર્મ-સત્તાધીશ જદુનાથ મહારાજનાં કૌભાંડો સામેનો કેસ જીતી ગયેલા.

૩૦૦ જેટલાં પાનાંના આ પુસ્તકની બીજી આવૃત્તિ(૨૦૦૧)માંથી, બે નાના પણ મહત્ત્વના અંશો અહીં લીધા છે – એમાં પ્રવાસીનો આનંદ અને વિચારકનાં નિરીક્ષણો રસપ્રદ છે.

–સંપાદક

## ૧. પારિસ

તા.૬ઠી એપ્રિલની સવારના અમે પારિસ જઈ પોંહોંચ્યા. આ:હા!! હું તેના શું વખાણ કરૂં ! એવી સુંદર અને ખુબસુરત નગરી કોઈ દુનિયામાં નથી. પારિસ વિષે મેં વાંચ્યું હતું કે એના જેવું સોહામણું શેહેર બીજું એકે નથી. માર્સેલ્સ જોઇ એ વિષે મેં કંઈ ખ્યાલ બાંધ્યો હતો; પણ જોવામાં અને સાંભળવામાં કેટલો બધો તફાવત છે? ખાવાની હરએક ચીજ ચાખ્યા વિના માત્ર જોવાથી તેનો સ્વાદ માલમ પડી શકતો નથી; તેમજ જોવાની હરએક વસ્તુ જોયા વગર માત્ર સાંભળવાથી તેની ખરી ખૂબી કદી માલમ પડી શકનાર નથી.

હું ખરૂં કહું કે મારી નજર છક્ક થઈ ગઈ. એક અંધારી ઓરડીમાંથી નીકળીને સૂરજના તડકા સામું જોતાં આંખ જેમ અંજાઈ જાય છે તેમ મારી આંખ અંજાઈ ગઈ. આપણા કવિઓએ ઇંદ્રપુરી અથવા દ્વારિકાપુરીનું વર્ણન કર્યું છે, પણ તેઓએ આ પારિસ જોયું હોત તો તેનું વર્ણન તેઓ વધારે સારી રીતે કરી શકત. થોડીવાર મારી શુદ્ધ કે બુદ્ધ ઠેકાણે રહી નહીં. જરા જરામાં મને સંશય પેદા થાય કે આ ખરો દેખાવ છે કે ખોટો; હું ઊંઘમાં છઉં કે જાગૃત; આ દુનિયામાં છઉં કે બીજી દુનિયામાં; આ નગરી માણસની છે કે દેવતાઓની ? આવી રીતે કેટલીકવાર મનમાં થયાં કર્યું. અંતે ચોકસ થયું કે હું મારી શુદ્ધમાં છઉં અને ખરેખર હું એક મહા સુંદર અને સોહામણી નગરીમાં આવી પોંહોંચ્યો છઉં.

રેલવેમાંથી ઉતરી ગાડી કરીને અમે એક પ્રખ્યાત હૉટેલમાં ગયા... નાસ્તો-પાણી કર્યા પછી એક ભોમિયાને સાથે લઇ અમે આ ઉત્તમ નગરીમાં ફરવા નિકળ્યા.

કેટલાંએક ચૌટાંમાં મોટા મોટા ચોક છે. એવા ચોકને ફ્રેંચ લોક "પ્લાસ"નાં નામથી અને ઇંગ્રેજો "સ્કવેર"નાં નામથી ઓળખે છે. આવા ચોકમાં અહીં નાહાના ખુબસુરત બગીચા બનાવ્યા છે. એમાં ફુવારા ઉડે છે અને વચમાં ઉંચા સ્તંભ ચણી લીધા છે. સ્તંભ ઘણા ખુબસુરત છે અને તે ઉપર વિખ્યાત પુરૂષોનાં પુતળાં ઉભાં કર્યાં છે. કેટલાએક સ્તંભ ૧૫૦થી ૨૦૦ ફુટ ઉંચા છે આવા સ્તંભ અને ફુવારાથી ચોકનો દેખાવ ઘણો દીપી નિકળે છે. એવ ચોક ઠેકાણે ઠેકાણે છે. વેન્દોમ (vendome) નામના ચોકમાં સ્તંભ છે તે આસરે ૧૫૦ ફુટ ઉંચો હશે. બાસ્તીલ (Bastilie) નામના ચોકમાં જુલિયટ નામનો સ્તંભ છે તે વધારે ઉંચો છે. બીજા સ્તંભ પણ જુદાં જુદાં નામથી ઓળખાય છે.

પારિસમાં રસ્તાની રચના અને શોભા શિવાય બીજું જોવાનું બેસુમાર છે. થોડા દાહાડામાં શું જોઈએ અને શું નહીં !! સવારના ૯ વાગાથી રાતના ૧૨ વાગા સુધી ત્રણ દાહાડા અમે ફર ફર કર્યાં કર્યું. વચમાં ઠુંગો પાણી કરવાને જરા

વખત લેતા પણ જંપ વાળીને મુદલ બેસતા નહીં. આ પ્રમાણે અમે ત્રણ દાહાડા કર્યું અને તેટલી મુદતમાં અમારાથી જેટલું બન્યું તેટલું જોઈ લીધું. હું મુંબઈ પાછો આવ્યો ત્યારે પણ પારિસ થઈને આવ્યો અને બીજા બે દાહાડા ફર્યો પણ હજુ મન ધરાયું નથી. "પાછો જાઉં અને પારિસ જોઉં" એમ મનમાં ઘણી વાર થાય છે...

ફ્રેંચ લોક વિવેકપણાંમાં અને મિલનસારીમાં ઇંગ્રેજો કરતાં બહુ ચહડતા છે. બાહરની ભભકામાં પણ તેઓ ઇંગ્રેજ કરતાં ચહડે છે. તેઓ ઘણું કરીને તકલાદી સામાન વાપરે છે પણ તે ઘણો ભભકાદાર. તેઓ ઘણા મોજીલા અને શોખીલા છે. ઘણું કરીને તેઓ પોતાનાં ઘરમાં જમવા ખાવાનું રાખતા નથી. ઘણાખરા મધ્યમ સ્થિતિના અને ગરીબ લોક પોતપોતાને લાયકના અને ખરચમાં પોશાય તેવાં હૉટેલ અને રેસ્તોરામાં જ્યારે જોઈએ ત્યારે જમી આવે.

ફ્રેંચ લોક મુછ અને ટુંકી ડાઢી રાખે છે. અમે ઘણે ઠેકાણે ફરવા હરવા કે જોવા

જતાં પણ અમારો પોશાક જોઈને કે અમને પરદેશી જાણીને અમારૂં કોઈ અપમાન કરતું નહીં હતું. એક રાત્રે અમે એક હલાયદી ગાડીમાં જતા હતા અને એક છાકટો ફ્રેંચ ઑમ્નીબસ ઉપર બેસીને જતો હતો તે અમને જોઈને કંઈ મોટેથી બોલ્યો; પણ તરત તેને બીજા લોકોએ ધિક્કારી કાહાડ્યો.

૦

## ૨. ઇંગ્લંડમાં : લોકોનો વિવેક તથા ચાલ

બોલવા ચાલવામાં, ખાવા પીવામાં, સણગાર સજવામાં, વસ્ત્ર પહેરવામાં, વાતચિત કરવામાં, મળવા કરવામાં, મિજલસ કે મેજબાનીમાં જવા આવવામાં, નાચ રંગ કરવામાં અને લગ્નનો સંબંધ બાંધવામાં તથા લગ્ન કરવાં કરાવવામાં – કેવો વિવેક રાખવો અને દેખાડવો – એ વિલાયતમાં સ્ત્રી તથા ગૃહસ્થે જરૂર જાણવું જોઈએ. એવા વિવેકને ઇંગ્રેજ લોકો "એટિકેટ" (Etiquette) કહે છે. એ "એટિકેટ" વિષે તથા ચાલ (એટલે રિવાજ) વિષે કેટલીએક જરૂરની વાત હું તમને આ પ્રકરણમાં જણાવવાની રજા લઉં છઉં.

ગૃહસ્થનાં લક્ષણ : જે માણસે ગૃહસ્થમાં ખપવું હોય તેનામાં ગૃહસ્થનાં લક્ષણ જોઈએ. વિલાયતમાં ગૃહસ્થનાં લક્ષણ કયાં કયાં ગણાય છે તે હું પ્રથમ જણાવું છઉં. ગૃહસ્થનું ઘર સ્વચ્છ એટલે જરાપણ કચરો કે ગંદકી વગરનું જોઈએ અને તેના બેસવા ઉઠવાનો ઓરડો નાહાનો હોય તો ચિંતા નહી પણ તે રૂડો ને શોભાયમાન હોવો જોઈએ. ગૃહસ્થમાં સભ્યતા વગેરે અનેક બાબદોમાં વિવેક જોઈએ.

એ ગૃહસ્થમાં સાધારણ અને ચાલુ બાબદોનું જ્ઞાન જોઈએ. પોતાની ભાષા શુદ્ધ બોલવા લખવાનું અને એકાદ બે પારકી ભાષાનું જરૂર જેટલું જ્ઞાન જોઈએ. તેને ઘોડે બેસતાં અને ઘોડો કુદાવતાં આવડતું જોઈએ. તાકીને બંદુક કે પિસ્તોલ ફોડતાં અથવા ઘોડે બેસી શિકાર કરતાં જાણવું જોઈએ. આ બધું હોય તોજ તેનામાં ગૃહસ્થનાં લક્ષણ છે એમ ગણાય.

આ બધાં લક્ષણ જે પુરુષમાં હોય તે છતાં તે પુરુષમાં તેની સાથે કેટલાંક અપલક્ષણ હોય તો તે ગૃહસ્થમાં ન ખપે. બે ચાર કે વધારે ગૃહસ્થની મંડળીમાં તમે બેઠા હો અને નાક કે કાન ખોતરવા માટે તેમાં આંગળી ખોસવી એ અપલક્ષણ ગણાય છે. તેમજ દાંત ખોતરવો કે શરીર ઘવડવું કે રૂમાલ આડો લીધા વગર મોટે અવાજે છિંક ખાવી તથા દેખાય તેવી રીતે નાકમાંથી લીંટ કાહાડવાં એ અપલક્ષણ કેહેવાય છે.

પેટમાંથી વા છોડવાની ટેવ સઉથી મોટું અને ભુંડું અપલક્ષણ ગણાય છે. તેમજ મોટે સાદે કોઈને બોલાવવો એ પણ અપલક્ષણ ગણાય છે. આપણા જે દેશીઓમાં આમાં ઘણીખરી ટેવ હોય તેઓએ ઇંગ્રેજ ગૃહસ્થની કે સ્ત્રીની મુલાકાત લેતાં અથવા તેની સાથે વાત કરતાં સાવચેત રેહેવું જોઈએ.આમાંનું કોઈ પણ અપલક્ષણ તમારામાં માલમ પડે તો તમે ગૃહસ્થની મંડળીને લાયક નથી એવો વિચાર તેને તરત આવશે.

## ‘અ ડૉલ્સ હાઉસ’ : બર્ગેન // ભારતી રાણે



બર્ગેનમાં બીજો દિવસ ઊજળો અને સુક્કો હતો. સૂર્યદેવની કૃપાદૃષ્ટિથી આખા શહેર પર પ્રભાતના પુષ્પ જેવો નિખાર વિલસી રહ્યો હતો. આગલે દિવસે વરસાદ અને ધુમ્મસની ધૂંધળાશમાં બર્ગેનની સાંસ્કૃતિક વિરાસત સમાં લાકડાનાં ઘરોના ફોટા બરાબર પાડી શકાયા નહોતા. એટલે સૌથી પહેલાં અમે ફરી એક વાર હેન્સા બ્રાયગેન તરફ ચાલવા લાગ્યાં. આજે તો એ તમામ મકાનો સૂર્યપ્રકાશના મેઈકઅપથી શોભતાં કોઈ કુશળ મૉડલની જેમ ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી માટે પૉઝ આપી રહ્યાં હતાં. મન ભરીને ફોટા પાડ્યા, પછી એ જ રસ્તે અમે આગળ ચાલ્યાં જતાં હતાં, ત્યાં એક અનેરા આશ્ચર્યનો અચાનક સામનો થઈ ગયો. એ હતું બર્ગેન થિયેટર! એક પુરાણો કૉન્સર્ટ હૉલ. આ એ જ રંગમંચ હતો, જ્યાં અમર કવિ-નાટ્યકાર ઈબ્સને એની કારકિર્દીના સુવર્ણકાળમાં કામ કર્યું. અહીં જ તેણે અસંખ્ય નાટકો લખ્યાં, એનું નિર્દેશન કર્યું ને વિખ્યાત નાટકોના વિશ્વવિખ્યાત પૂર્વાલાપો કહ્યા. અમે ગયાં એ વરસ અર્થાત્ ૨૦૦૬નું વર્ષ ઈબ્સનની મૃત્યતિથિનું શતાબ્દી વર્ષ હતું, એટલે સરકારે એની સમગ્ર કવિતાનો અંગ્રેજી અનુવાદ બહાર પાડેલો, ને ઑસ્લોમાં ઈબ્સન-વિષયક મ્યુઝિયમ પણ ખુલ્લું મૂકેલું. જોકે, આ વાતની ખબર તો અમને છેક અહીં બર્ગેનમાં ફરતાં પડી. પાછળથી એ પુસ્તક હાથ લાગ્યું, ત્યારે એની પ્રસ્તાવના વાંચતાં જાણ્યું કે, એની કારકિર્દીમાં બર્ગેનનિવાસનું એક વિશેષ મહત્ત્વ હતું. બર્ગેનકાળ તરીકે ઓળખાતા આ સમયમાં ઈબ્સને ફાર્માસિસ્ટ તરીકેની નોકરી છોડીને બર્ગેન થિયેટરની નોકરી સ્વીકારી, અને એમ એનું બર્ગેન આવીને વસવાનું થયું. જોકે અહીં આજીવિકા માટે એને શ્રીમંતોના શુભપ્રસંગો માટે ખાસ રચનાઓ પણ કરવી પડી, અને નાટકોના મૅટિની શૉ માટે પૂર્વભૂમિકાઓ લખવી પડી. પૂર્વભૂમિકા ત્યારે છંદોબદ્ધ પદ્યમાં લખાતી. ઈબ્સને આ કામ સંપૂર્ણ સર્જકતાને કામે લગાડીને, કહો કે જીવ રેડીને કર્યું. અને એમ અહીં એની



કલમ પરિપક્વતા પામી. કહેવાય છે કે, બર્ગેનમાં એણે રિયલ લાઈફ પ્રણયકાવ્યો પણ લખ્યાં.

વિશ્વાસ પણ નહોતો આવતો કે, અચાનક જ અમે એ તીર્થસ્થાન પર પહોંચી ગયાં હતાં! બર્ગેનમાં ફરતાં, ઈબ્સનના ક્રાન્તિકારી નાટક 'ડૉલ્સ હાઉસ'ની નૉરા યાદ આવતી જ હતી, ત્યાં ખુદ એના રચયિતાની જ મુલાકાત થઈ ગઈ! ઈબ્સનને ને નૉરાને હું પહેલી વાર મળી હતી, કૉલેજકાળમાં, કવિશ્રી સુરેશ દલાલના કાવ્યમાં. લેખ લખવા બેઠી, ત્યારે એ કાવ્ય વરસોજૂની ડાયરીમાં ઉતારેલું મળ્યું :

*દૂરી તીરી દસ્સા સુધીનાં*
*પત્તાંઓમાંથી બનાવેલો મહેલ,*
*અને એમાં રહેતાં*
*એક્કો, બાદશાહ, ગુલામ અને રાણી..*
*હુકમનું પાનું ને જોકરની મસલત.*
*ઈબ્સનની નૉરાની જેમ*
*રાણી ઘર કેમ છોડતી નથી?*
*પ્રત્યેક વ્યક્તિમાં એક નૉરા*
*પલાંઠી વાળીને બેઠી છે.*
*ઘર છોડાવે તેવા*
*ઈબ્સનની પ્રતીક્ષા કરતી.*

કાવ્ય વાંચતાં જિજ્ઞાસા થયેલી કે, કોણ હશે આ ઈબ્સન? અને કોણ હશે આ નૉરા? કેમ છોડ્યું હશે એણે ઘર? કાવ્ય તો ગમ્યું, એટલે ઉતારી લીધું. પછી તો મેડિકલ કૉલેજના અભ્યાસમાં ઈબ્સન અને નૉરા બંનેય ભુલાઈ ગયાં. છેક વરસો પછી 'ડૉલ્સ હાઉસ' નાટક વાંચવા મળ્યું. વિક્ટોરિયન સમાજવ્યવસ્થાની રૂઢિઓને પડકારતું ઈબ્સનનું આ સર્જન જેટલું વિવાદાસ્પદ બન્યું, એટલી જ તીવ્રતાથી એ અસરકારક પણ રહ્યું. નાટકને અંતે અવહેલનાભર્યું ઘર છોડી જતી નૉરાએ પછાડેલાં બારણાંનો અવાજ આખા યુરોપમાં પડઘાયો. સ્ત્રીની સ્વત્વને અને આત્મસન્માનને પામવાની ઝંખના સન્માનપૂર્વક સ્વીકારાઈ, તે પહેલાં આ નાટકની અસરથી નારીજાગૃતિની ને વિદ્રોહની એક લહેર આખાય યુરોપમાં ફરી વળી. આજે હું અનાયાસ એ જ શહેરમાં, એ જ થિયેટરને બારણે ઊભી હતી, જ્યાં ઈબ્સને નૉરાને અમર શબ્દદેહ દીધો. નાટકની કથા યાદ આવી રહી હતી : નૉરા નામની એક ઢીંગલી જેવી સ્ત્રીની વાત, જેની બાલસહજ નિર્દોષતાને સન્માનવાને બદલે, એના પર બાલિશ અને ભોટનું લેબલ મારીને, એને એક મનુષ્ય તરીકેના માનથી નહીં, કોઈ જણસ તરીકે ઉપયોગમાં લેવામાં આવી. પિતાની અને પતિની આજ્ઞાઓ અને આગ્રહો સામે એનું તો જાણે કોઈ વ્યક્તિત્વ જ નહોતું. એ તો જાણે એક રમકડું હતી માત્ર! સંપૂર્ણ સમર્પિત થઈને જીવતાં, એ એવાએવા સંજોગોમાંથી પસાર થઈ કે અંતે એનું સ્વમાન જાગી ઊઠ્યું. એને ખ્યાલ આવ્યો કે એના જીવનમાં પ્રેમનું સ્થાન જાણે એક સ્વપ્ન જેટલું જ હતું. એક છત નીચે જેની સાથે પોતે પત્ની તરીકે

રહેતી હતી, એ તો કોઈ અજનબી હતો, જાણે! એક દિવસ એની સહનશીલતાની હદ આવી ગઈ. પતિ, બાળકો, ઘર બધું જ છોડીને, પોતાના સ્વતંત્ર અસ્તિત્વને પામવા એ બારણું પછાડતી નીકળી પડી...

આજે તો શહેર આખું શાંત છે, ને બારણાં બધાં બંધ છે. નૉરાની અનુજાઓ અહીં કેટલી સુખી હશે, માત્ર ધારણાનો વિષય છે. બર્ગેનમાં કોઈ સાથે અંતરંગ વાતો કરવાની તક ન મળી. પુસ્તકો કહે છે કે, આ એક સુખી, સમૃદ્ધ અને સાલસ સમાજ છે. શાંત પાણી નીચે ગોપિત આંતરપ્રવાહોને સ્પર્શી તો ન શકાયું, પણ જ્યારે આ દૂર છેવાડાના ટચૂકડા દેશમાં અલગ-અલગ સમયે થઈ ગયેલાં ત્રણત્રણ સર્જકો – ડૉરોથી, ઍમાલી અને ઈબ્સન; નારીમુક્તિની વાત તારસપ્તકમાં કરે, ત્યારે એવા અણસાર તો મળે જ છે કે, સદીઓ પહેલાંનો એમનો સમાજ પણ આપણા જેવો જ હશે. બારણું પછાડીને ચાલ્યા જવાનું પગલું લીધા પછીનાં એનાં પગલાંની ભાળ કાઢવી હતી, પણ એ શક્ય ન બન્યું. પતિ-બાળકો સાથે કિલ્લોલતી, સ્વત્વને અકબંધ રાખીને સ્વમાનથી અને પૂર્ણતાથી જીવતી આજની બર્ગેનિયન, નૉર્વેજિયન, યુરોપિયન અને સમગ્ર વિશ્વની નૉરાઓની કલ્પનાથી આલોકિત હું, ઈબ્સનને મનોમન વંદન કરતી, વાન્દરહાઈમને ઉતારે પાછી ફરું છું.

*[ઉજાસનો પ્રવાસ(ઉત્તરધ્રુવવૃત્તનો પ્રવાસ), ભારતી રાણે, ગૂર્જર, અમદાવાદ, ૨૧૦૯-માંથી]*



# નાટ્યગૃહનો અને ઑપેરાનો સ્મરણીય અનુભવ

## રમણ સોની


**(ચેક રિપબ્લિકના પાટનગર પ્રાગ(Prague)/પ્રાહા(Praha)ના પ્રવાસનો એક અંશ)**



સાંજનો કાર્યક્રમ એક રીતે અમારે માટેનો એક વિશિષ્ટ ને યાદગાર વિદાય-સમારંભ બની રહ્યો. પ્રાહાના સ્ટેટ થિએટરમાં ઑપેરા જોવા માટે અમને નિમંત્રણ હતું. યુરપમાં નાટક કે ઑપેરા જોવાનો અવસર મળે એ ઘટના જ રોમાંચક હતી.

નિર્મલ વર્માએ, ૧૯૬૦ના દાયકાના એક લેખ 'પ્રાગ કા આધુનિક રંગમંચ'માં એક બે રસપ્રદ વાતો કહી છે : વસતીના પ્રમાણમાં પ્રાગમાં જેટલાં નાટ્યગૃહો છે એટલાં યુરપના કોઈ પણ શહેરમાં હોવાં અસંભવ છે. અહીં ભદ્રવર્ગીય શ્રેષ્ઠતાના દેખાડા માટે નાટક જોવા જવાનો ચાલ નથી, એ રોજિંદા જીવનરસનો ને સંસ્કૃતિનો એક અંશ છે – એમ કહીને નિર્મલ ઉમેરે છે : 'અપની પ્રેમિકાસે પહલી બાર મિલના પ્રાગ કા હર આદમી સિનેમા કી અપેક્ષા થિયેટરમેં અધિક ગૌરવશાલી સમજતા હૈ તાકિ ઉસે અપની સંસ્કૃતિ કા પરિચય દે સકે.' ('હર બારિશ મેં, ચોથી આ. ૨૦૦૬, પૃ. ૭૧)

નાટ્યગૃહ 'Statni Opera, Praha' જોતાંવેંત પ્રાગની થિયેટર-પરંપરાનો ને ચાહનાનો અનુભવ થયો. અંદર પેસતાં જ ચકિત થઈ જવાયું! ઉન્નત નાટ્યગૃહનાં દિવાલો અને છત કલાત્મક ડિઝાઈનોથી સુંદર લાગતાં હતાં. એમાં પ્રાચીન યુરોપીય કલા-ભાતોથી પ્રશિષ્ટતાનું એક ગૌરવ પણ ઊપસતું હતું. છત પરના વિશાળ કેન્દ્રીય ઝુમ્મરનો પણ એવો જ કલાસિકલ ઓપ હતો. આધુનિકતા હતી એની બેઠકોમાં, પ્રકાશ-સંયોજનમાં, વ્યવસ્થામાં. સ્થાપત્યકલાનો બહિરંગ તો જોયો હતો આટલા દિવસોમાં, આ એક પ્રકારનો 'અંતરંગ !'



ઑપેરા રજૂ થવાનો હતો, સ્વાભાવિક રીતે જ, ચેક ભાષામાં. પણ મંચની ઊપલી ફ્રેમ પર અંગ્રેજી Surtitles દેખાવાનાં હતાં. ઑપેરા શરૂ થાય એ પહેલાં, થિયેટરમાં જ વેચાતી એની (ચેક+અંગ્રેજી) પુસ્તિકા અમે પચાસ ક્રોનિનમાં ખરીદી લીધી. નજર ફેરવી લીધી, નિરાંતે પછી જોઈશું.

‘La boheme’ – ૧૯મી સદીના ઈટાલિયન નાટ્યકાર Giacomo Puccini (૧૮૫૮-૧૯૨૪)નો આ ઑપેરા સૌથી પહેલાં તો ૧૮૯૬માં ભજવાયેલો ને પછી પ્રાગના આ સ્ટેટ ઑપેરામાં જ, ૧૯૦૮માં ભજવાયેલો – એક સદી પહેલાં ! અમે શતાબ્દીજૂના સંગીત-નાટકને આ શતાબ્દીપ્રાચીન  નાટ્યગૃહમાં જોવાના હતા...

સંગીતની આછી લહર સાથે, સામેના મોટા પરદા (સાયૂક્લોરામા) પર થોડાંક નયનરમ્ય ચિત્રો ઊપસ્યાં (શેનાં ? શા માટે ? - એનો ખ્યાલ ન આવ્યો) ઉદ્ઘોષણા આરંભાઈ, સંગીત વધુ મુખર, વધુ તીણું થયું. ને પછી પરદો ઉપડ્યો... ચાર દશ્યોમાં સવા બે કલાકનો ઑપેરા.

સંગીત-નાટક અને ભાષા અપરિચિત... એટલે થોડુંક અભિનયથી, કેટલુંક પેલાં શીર્ષ-વાક્યો(Sur-titles)થી પકડાતું ગયું. અર્થદરિદ્ર કળાકારની  કરુણાન્ત પ્રેમકથા ભાવવાહી રીતે રજૂ થતી હતી... જૂની રંગભૂમિની મુખરતા (Loudness)વાળો પ્રયોગ અમે જોતા હતા.

પુસ્તિકા તો પછી, નિરાંતે વાંચેલી. એમાં નાટ્યકથા-સાર, ઑપેરાનાં પરિચય-વિવેચન ચેક ઉપરાંત અંગ્રેજીમાંય હતાં. સંવાદો સાથેની આખી ટેક્સ્ટ પણ હતી – માત્ર ચેક ભાષામાં. તો, કથાનો મુખ્યાંશ, કથાસારનોય સાર જોઈએ જરા ? :

સ્થળ : પેરિસમાં એક ચિત્ર-સ્ટુડિયો. એમાં દેખાય છે ભૂખથી ને ઠંડીથી ઠુઠવાતા બે મિત્રો, ચિત્રકાર માર્સેલો પેઈન્ટિંગ પૂરું કરવા મથી રહ્યો છે. કવિ રોડાલ્ફ પોતાના હમણાં લખેલા નાટકની હાથપ્રતમાં એક પછી એક પાનાં સગડીમાંના અગ્નિમાં પધરાવી રહ્યો છે – બંનેની ઠંડી ઉડાડવા! બીજા બે મિત્રો આવે છે : ફિલસૂફ અને સંગીતકાર. સંગીતકાર થોડુંક રળ્યો છે હમણાં – એમાંથી વાઈન, થોડુંક ખાવાનું ને લાકડાંની નાનકડી ભારી લઈ આવ્યો છે. એનાથી થોડીક શાંતિ વળે છે ત્યાં પ્રવેશે છે મકાનમાલિક, ઘરભાડું ઉઘરાવવા. સમજાવી-પટાવીને એને વિદાય કર્યો. હવે પ્રવેશે છે એક પડોશી યુવતી મીમી. એના ઘરમાં મુદ્દલ અગ્નિ નથી એટલે મીણબત્તી પેટાવવા આવી છે. સમદુખિયાંની વાતો, પૂર્વકથા ચાલે છે. દરમ્યાન રોડોલ્ફ-મીમી નિકટ આવે છે. ઠંડા પડી ગયેલા હાથને ઉષ્માભર્યો સ્પર્શ...

બીજા દશ્યમાં એક નાનકડો મેળો. રોડોલ્ફ મીમીને ભરત ભરેલી હૅટ ભેટ લઈ આપે છે ને મિત્રોની હાજરીમાં, મીમી સાથેના એના પ્રેમની જાહેરાત કરે છે. ચિત્રકાર માર્સેલોને પણ, આ મેળામાં જ, પૂર્વે છૂટી પડી ગયેલી પત્ની મુસેટાનો પુનર્મેળાપ થાય છે. આનંદ. પાર્ટી...

પછી કમનસીબીઓ. રૂપાળી પત્ની મીમી અંગે રોડોલ્ફ ઈર્ષ્યાગ્રસ્ત. માર્સેલો-મુસેટા વચ્ચેય કલહ. વિદાય, વિયોગની કથા લાંબી ચાલે છે.

છેલ્લા દશ્યમાં, વળી બંને મિત્રો એ જ સ્ટુડિયોમાં. ગરીબ અને દુખી. ત્યાં મુસેટા અને મીમીનો પ્રવેશ. મીમી સખત બિમાર છે, રોડોલ્ફને ઝંખે છે. મુસેટા પોતાનાં ઍરિંગ વેચવા આપીને માર્સેલોને દવા લાવવા મોકલે છે, પોતે પણ મીમી માટે કોટ લેવા નીકળે છે. મીમી-રોડોલ્ફના હૃદયદ્રાવક મિલનમાં પ્રીતિસ્મરણો ઊપસે છે. મિત્રો દવા લઈને આવે છે પણ દરમ્યાન મીમી મૃત્યુ પામે છે...

મેલોડ્રામેટિક ને તીવ્ર ભાવવાહી કથાનક. કથાઘટકો પરિચિત. સૅટસજ્જા સરસ. આહાર્ય, અને આંગિક અભિનય પણ ગઈ સદીની પ્રેમકથાને ઉપસાવનાર. પરંતુ પ્રારંભિક નાટ્યરસભર્યાં દશ્યો પછી એવી કશી વિશેષતાનો, નૂતનતાનો રોમાંચ ન થયો. ભાષા અને સંગીત-પરંપરાની અપરિચિતતા પણ નડી હશે. પરંતુ મને પ્રેમનાં, વિયોગનાં, રોષનાં, ઉત્સવનાં, અવસાદનાં દશ્યો સૂક્ષ્મતા-નજાકત વિનાનાં, કંઈક જાડાં લાગ્યાં. સંગીતપ્રચુર પદ્ય-સંવાદો તીવ્ર સ્વરવાળા ને ક્યારેક રાગડા જેવા લાગ્યા. અલબત્ત, મારી રુચિની સીમા પણ આમાં કારણરૂપ હશે. છતાં એમ

તો લાગ્યું જ કે કોઈ ઉત્તમ આધુનિક ઑપેરા જોવા મળ્યો હોત તો રુચિના તંતુ ક્યાંક જરૂર જોડાયા હોત.

પરંતુ, ૧૯મી સદીના ઈટાલી-ચેકનો, એની ઑપેરા-પરંપરાનો સાક્ષાત્કાર થયો એ કંઈ ઓછું દિલચસ્પ ન હતું. ઑપેરાને અંતે, પ્રેક્ષકોએ અભિનેતાઓનું, સંગીતવૃંદનું અભિવાદન ખૂબ ઉમંગથી કર્યું. મીમીનું પાત્ર ભજવનાર અભિનેત્રી સ્વાડલેન્કાને તો સૌએ ઊભા થઈને વધાવી લીધી. ચેક-થિયેટરની એ જાણીતી ને ઉત્તમ અભિનેત્રી હશે.

સવા નવ થયા હતા, પણ બહાર તો હજુ ઢળેલી સાંજનો આછો અજવાસ હતો. ચાર દિવસના નિવાસ છતાં સમય-સંભ્રમનું અચરજ અનુભવ્યું.

હોટેલ પર આવીને તરત નીકળવાનું હતું જમવા. પણ હું હવે સતત બટાટાથી કંટાળ્યો હતો. ઘરનો નાસ્તો કરી લીધો ને મિત્રોને કંપની આપવા, ને થોડુંક ટહેલવા રેસ્ટોરાંમાં ગયો.


મિત્રો કહે ‘નથી જમવું?’

‘બિલકુલ નહીં.’

‘...બિયર?’

‘અફકોર્સ...’

*[‘વલ્તાવાને કિનારે’ (પ્રાગ પ્રવાસ), રમણ સોની, ૨૦૧૪-માંથી ]*



# લેખ અને વિચાર-વિમર્શ




નગીનદાસ સંઘવી

રમેશ બી શાહ

દિનેશ શુક્લ

શક્તિસિંહ પરમાર

## લેખ

# હે ભગવાન! વક્તાની રક્ષા કરજે અને મારી પણ

નગીનદાસ સંઘવી

પ્રવચનો, સેમિનારો, ભાષણબાજીનો જમાનો આવ્યો છે અને કેટલીક સંસ્થાઓ તો માત્ર પ્રવચનો યોજવા માટે જ સ્થાપવામાં આવે છે. દરેક ક્ષેત્રના આગેવાનો, ખાસ કરીને રાજકારણી આગેવાનો ભાષણબાજી માટે જાણીતા હોય છે અને લાગ મળે ત્યારે પ્રવચનો ઠોકી દેવા માટે આતુર હોય છે. અન્ય ભાષાઓની ખબર નથી, પણ ગુજરાતી ભાષામાં તો પ્રવચનો ફટકારીને આજીવિકા રળનાર વક્તાઓની સંખ્યા અને લોકપ્રિયતા વધતી જાય છે.

આવાં ઘણાં ખરાં પ્રવચનોમાં કેટલાક શ્રોતાઓ ઝોકે ચડી જતા હોય છે. વક્તા મોટેમોટેથી બરાડતા હોય છે ત્યારે પણ એકાદ ઝોકું ખેંચી કાઢનાર શ્રોતાઓની સંખ્યા નાનીસૂની નથી. લોકો પ્રવચનો કે ચર્ચાઓ દરમિયાન શા માટે ક્યારેક અને કેટલા પ્રમાણમાં ઝોકે ચડી જાય છે તેનો અતિશય રસપ્રદ નિબંધ દસેક વર્ષ અગાઉ કેનેડાના એક વૈજ્ઞાનિક સામયિકમાં પ્રસિદ્ધ થયો હતો. ભારતના ખ્યાતનામ અખબાર હિન્દુએ તાજેતરમાં તેનું પુનર્મુદ્રણ કર્યું છે. આ વિષય થોડો રમૂજી છે અને થોડો ગંભીર પણ છે, કારણ કે પ્રવચનો, કથાઓ, ચર્ચાસભાઓ દરમિયાન લોકોને વધારે સારી ઊંઘ શા માટે આવે છે તે જાણવું અતિશય રસપ્રદ પણ છે અને આવી ઝોકાબાજીના નિવારણ માટેના ઉપાયો પણ સૂચવવામાં આવ્યા છે.

સંશોધનકર્તાએ નોંધ્યા પ્રમાણે પંદરથી વીસ મિનિટ કરતાં વધારે લાંબો વખત એકધારું કે એક વ્યક્તિનું સંભાષણ સાંભળવાનું શક્ય નથી. તેથી થાકેલું મગજ આરામ લેવા માટે ઊંઘનો ઉપયોગ કરે છે. ભારતમાં આકાશવાણી દ્વારા કરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું તેમ સામાન્ય રીતે લોકો ૧૪ મિનિટ કરતાં વધારે લાંબો વખત એકની એક વાત સાંભળી શકતા નથી અને સાંભાળતા પણ નથી, તેથી આકાશવાણીએ પોતાનાં સંભાષણો માટે ૧૪ મિનિટનો સમય ઠરાવ્યો હતો. બેસવાની સગવડ આરામદાયક હોય છે. સારું અને રુચિકર ભોજન મળ્યું હોય અથવા વક્તા એકધારા અવાજે બોલતો હોય તો ઝોકે ચડી જનારની સંખ્યામાં વધારો થાય છે. ભાષણ વધારે પડતું લાંબું ચાલે અથવા શ્રોતાને વાત કે વિષય સમજવો

અઘરો હોય તો પણ ઊંઘનારની સંખ્યા વધે છે. શ્રોતાઓ પોતાની વાત સાંભળે તેવી ઇચ્છા ધરાવનાર વક્તાએ વધારે પડતાં લાંબાં ભાષણો કરવાનું ટાળવું જોઈએ.

ઇંગ્લૅન્ડની પાર્લામેન્ટમાં ઉમરાવ સભામાં ઘણાં વર્ષોથી એક વાત સ્વીકારી લેવામાં આવી છે કે મુદ્દાસર વાત કરનાર વક્તા પોતાની વાત વીસ મિનિટમાં કરી શકે છે. વીસ મિનિટ કરતાં વધારે બોલનાર માણસ કેવળ બડબડાટ કરીને અથવા એકનો એક મુદ્દો ફરી-ફરી રજૂ કરીને શ્રોતાઓનો સમય બગાડે છે.

અમેરિકાના પ્રોફેસર વુડ્રો વિલ્સન પ્રવચન માટે આમંત્રણ આપવા આવે તેને હંમેશાં પ્રવચનનો સમય પૂછી લેતા. પંદર-વીસ મિનિટ બોલવાનું હોય તો મને તૈયારી માટે અઠવાડિયાનો સમય જોઈએ. લાંબું, એકાદ કલાક બોલવાનું હોય તો તૈયારીની કશી જરૂર નથી. તેવું પોતે કહેતા. આપણા દેશમાં ટૂંકાં, મુદ્દાસર ભાષણો કોઈ કરતું નથી અને તેથી આપણા શ્રોતાઓએ ઝોકાં ખાવાં પડે છે. જગતનાં સર્વોત્તમ પ્રવચનો હંમેશાં અતિશય ટૂંકાં હોય છે. જગતના શ્રેષ્ઠ વક્તા ગણાતા પેરિક્લિસનાં ભાષણો આઠ-દસ મિનિટથી લાંબાં હોતાં નથી. અમેરિકાના સંત-પ્રમુખ અબ્રાહમ લિંકનનું જગતમાં શ્રેષ્ઠતમ ગણાતું મેટીસ બર્ગ પ્રવચન માત્ર ચાર મિનિટનું છે, પણ તેનું છેલ્લું વાક્ય, 'લોકશાહી એટલે લોકોનું, લોકો માટેનું અને લોકો વડે ચાલતું રાજ્ય.' આખી દુનિયામાં વારંવાર બોલાય છે. ભગવાન બુદ્ધનાં પ્રવચનો અતિશય ટૂંકાં ટચ હોય છે. કંટાળેલા શ્રોતાઓ એને બેસાડી દેવા માટે તાળીઓ પાડે તે પહેલાં વક્તાએ ખસી જવું જોઈએ.

ગુજરાતમાં કેટલાક વક્તાઓ તાળીઓ ઉઘરાવે છે અને શ્રોતાઓ પાસેથી દાદ અને માનની અપેક્ષા રાખવાની મૂર્ખાઈ બોલી બતાવે છે. માન માગવું પડે તેના જેવું અપમાન બીજું હોઈ શકે નહીં. લાંબું બોલવું જ પડે તેવી સ્થિતિ હોય તો વક્તાએ ભાષણની વચ્ચે વિષયાંતર કરવા માટે હસી-મજાકનો, સંગીતનો વપરાશ કરવો જોઈએ તેવી સલાહ આ વિષયના ચીની-જાપાની વિજ્ઞાન શાસ્ત્રીઓએ આપી છે. શ્રોતાઓની ધીરજનો અંત આવી જાય તેવા વક્તાઓ લોકપ્રિયતા હાંસલ કરી શકતા નથી. વક્તાની વાણીનો પ્રવાહ બદલાય, મુખ્ય વિષયને અનુરૂપ હોય તેવા વિષયાંતરો થાય તો લોકોને ઊંઘ આવતી નથી. ઋગ્વેદમાં દેવની સ્તુતિની એક કડી એવી પણ છે કે હે ભગવાન! વક્તાની રક્ષા કરજે અને મારી પણ રક્ષા કરજે. આના આધારે લોકોને કંટાળો આપનાર વક્તાઓ જૂના જમાનાથી આજની ઘડી સુધી શ્રોતાને પજવતા રહ્યા છે તેવું કહી શકાય. એક સુભાષિતમાં જેને કોઈ શ્રોતા સાંભળવા તૈયાર ન હોય તેવા વક્તાને નાગા બાવાઓના દેશમાં રહેનાર ધોબી સાથે સરખાવ્યો છે. (નગ્નક્ષપણકે દેશે, રજકઃ કીં કરિષ્યતી.)

*(દિવ્યભાસ્કર, રવિવાર, ૬.૧૦.૨૦૧૯)*



વિમર્શ

# શહેરોનાં નામો બદલવાની પ્રવૃત્તિ

રમેશ શાહ

આઝાદી પછી આપણા કેટલાક રાજકારણીઓ અને રાષ્ટ્રવાદીઓની એક પ્રવૃત્તિ આપણાં કેટલાંક શહેરોનાં નામ બદલવાની રહી છે. એમાં બે વલણો જોવા મળે છે. એક, અંગ્રેજ શાસકોએ આપણાં જે શહેરોનાં નામ બદલ્યાં કે 'બગાડ્યાં' તે સુધારવાં. આ રીતે બોમ્બેનું મુંબઈ થયું. બેંગલોરનું બેંગાલુરુ થયું અને કલકત્તાનું કોલકાતા થયું. આવાં બીજાં અનેક ઉદાહરણો છે. બીજું, મુસ્લિમ શાસકો દ્વારા સ્થપાયેલાં અથવા તેમનાં નામ ધરાવતાં નગરોનાં નામો બદલી નાખવાની એક પ્રવૃત્તિ પણ ચાલી રહી છે. ઉત્તર પ્રદેશમાં અલ્લાબાદનું નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું તે તેનું એક તાજું ઉદાહરણ છે. એનાથી પ્રોત્સાહિત થઈને બિહારમાં મુસ્લિમ નામો ધરાવતાં બે નગરોનાં નામો બદલવાની માંગ ઊઠી છે. અમદાવાદનું નામ કર્ણાવતી કરવાની જૂની માંગ તાજી કરવામાં આવી છે. અંગ્રેજોએ બગાડેલા શિમલાનું  શ્યામલા કરવાની માંગ પણ કરવામાં આવી છે.

લોકજીભે દાયકાઓથી ચડેલાં નામો બદલવાનું પ્રયોજન શું છે એવો પ્રશ્ન સહજ રીતે થાય. નગરનું નામ બદલવાથી એ નગરની સ્થિતિમાં કશો ફરક પડતો નથી. અલ્લાબાદને પ્રયાગરાજ કહેવાથી એ નગરીની આબાદીમાં વધારો થવાનો નથી કે નગરના નાગરિકોને મળતી સેવાઓના જથ્થામાં કે સેવાઓની ગુણવત્તામાં કોઈ વધારો થવાનો નથી. નાગરિકોના પોતાના વર્તનમાં પણ કોઈ પરિવર્તન આવવાનું નથી. કેવળ હિંદુઓ તરીકે આપણો અહં સંતોષાશે. ભૂતકાળમાં આપણે વિદેશી અને વિધર્મી શાસકો સામે પરાસ્ત થયા હતા એનાં પ્રમાણો નાબૂદ કરવાની આ ચેષ્ટા છે. આપણે પુરુષાર્થ દ્વારા નવો ગૌરવવંતો ઇતિહાસ સર્જવાના વિકલ્પે આ મિથ્યા ગૌરવની પ્રવૃત્તિ કરી રહ્યા છીએ. ઇતિહાસમાંથી એક પ્રજા તરીકેની આપણી નબળાઈઓથી શાંત થવાને બદલે તેને ભૂંસવાની આ પ્રવૃત્તિ કોઈ રીતે ફળદાયી નથી.

આમાં અંગ્રેજી નામો બદલી નાખવાની પ્રવૃત્તિની થોડી ચર્ચા કરવા જેવી છે. એક બાજુ નગરોનાં અંગ્રેજી નામો દૂર કરવામાં આવી રહ્યાં છે અને બીજી બાજુ દેશની પ્રાદેશિક ભાષાઓમાં અંગ્રેજી શબ્દો મોટા પ્રમાણમાં પ્રવેશી રહ્યા છે. ગુજરાતીમાં સફરજન શબ્દ લુપ્ત થવા પર છે. તેનું સ્થાન અંગ્રેજી એપલ શબ્દે લીધું છે. એ જ રીતે મંકી અને ડોગ વાતવાતમાં સાંભળવા મળે છે. સાર્થ જોડણીકોશની ૨૦૧૭ની આવૃત્તિમાં અંગ્રેજીના પાંચેક હજાર શબ્દો ઉમેરાયા છે. આપણી ભાષાઓની આ પડતીથી આપણે ગૌરવહાનિ અનુભવતા નથી. (તા. ૨૪-૧૦-'૧૮)

*[બુદ્ધિપ્રકાશ, નવેમ્બર ૨૦૧૮]*

# કરોડપતિ સંસદસભ્યો પગારવધારો માગે છે!

દિનેશ શુક્લ

જ્યારે અમારી મુદત પૂરી થઈ જાય છે ત્યારે જાણે કે અમે ગરીબ થઈ ગયા હોઈએ, એવો અનુભવ થાય છે, એવી દલીલ કરીને કેટલાક સંસદસભ્યોએ સર્વોચ્ચ અદાલત સમક્ષ એક એવી રજૂઆત કરી કે અમને જીવીએ ત્યાં સુધી પેન્શન મળવું જોઈએ. તેને કારણે પાર્લામેન્ટમાં ભારે ઊહાપોહ થયો અને નાણામંત્રી જેટલીએ જણાવ્યું કે "જાહેર નાણાંનો ખર્ચ કેવી રીતે કરવો જોઈએ, તે નક્કી કરવાની સત્તા માત્ર પાર્લામેન્ટને છે."

હાલ આપણા 'માનનીય' સંસદ સભ્યોને જે ભાડાં-ભથ્થાં મળે છે, તે બધાં 'ટેક્સ ફ્રી' છે. મતલબ કે તેના પર કોઈ કરવેરા લેવામાં આવતા નથી. તેમને રૂ. ૫૨,૦૦૦નો માસિક પગાર મળે છે. ઉપરાંત તેમને અનેક પ્રકારનાં એલાવન્સો મળે છે. દરેક મહિને સરકાર એક સંસદસભ્ય પાછળ રૂ. બે લાખ ૭૦ હજાર તેમના પગાર અને વિવિધ ભથ્થાં પાછળ ખર્ચે છે. આ ઉપરાંત, વર્ષ દરમિયાન તેઓ આશરે દોઢ લાખ જેટલા ફ્રી કોલ કરી શકે છે. તેમને ત્રણ જેટલાં ટેલિફોન-જોડાણ આપવામાં આવે છે. એટલે તેઓ ગમે તે ટેલિફોન પર વાતચીત કરી શકે છે, તેનું બિલ સરકાર ભરે છે. તેઓ નવી દિલ્હીમાં જે મકાનોમાં રહે છે, તેનું ભાડું તેમને ભરવું પડતું નથી. અને તેઓ દર વર્ષે ૫૦,૦૦૦ યુનિટો વીજળીનો વપરાશ કરે છે. વળી તેઓ લાખો લીટર પાણીનો ઉપયોગ કરે છે.

આ બધું, ઓછું હોય તેમ તેમણે લગભગ સર્વાનુમતે માસિક એક લાખ રૂપિયાના પગારની માગણી કરી છે. તે સાથે, તેમને જે બીજાં ભથ્થાં મળે છે તેમાં વધારો કરવાની પણ માગણી કરી છે. અત્યારે તેમને આજીવન રૂ. વીસ હજારનું પેન્શન (માસિક) મળે છે, તેમાં વધારો કરીને રૂપિયા પાંત્રીસ હજારનું માસિક પેન્શન મળવું જોઈએ, એવી તેમણે માગણી કરી છે.

હાલ લોકસભામાં ૫૪૩ સભ્યો છે, તેમાંથી ૮૩ ટકા તો કરોડપતિ છે અને તેમની સરેરાશ સંપત્તિ રૂ. ૧૪ કરોડ, ૭૦ લાખ છે. આ આંકડા તેમણે ઉમેદવારીપત્રો ભર્યા ત્યારે જાહેર કરેલા છે; નહીં દર્શાવેલી સંપત્તિ કેટલી હશે, તે તો કોઈ જાણતું નથી! તેમની મુખ્ય માગણી એ છે કે તેમને આજીવન (જીવે ત્યાં સુધી) પેન્શન અને અન્ય ભાડાં-ભથ્થાં આપવાં જોઈએ, કારણ કે જ્યારે અમારી મુદત પૂરી થાય છે, ત્યારે અમારે ગરીબીનો સામનો કરવો પડે છે!

*(બુદ્ધિપ્રકાશ, મે ૨૦૧૭)*

# અભિજ્ઞાનનાં અંધારાં-અજવાળાંની ઓથે : 'મસાન'
## – શક્તિસિંહ પરમાર

**ફિલ્મ : મસાન; દિગ્દર્શન : નીરજ ઘેવાન, લેખન : વરુણ ગ્રોવર, સંગીત : 'ઇન્ડિયન ઓશન', સંપાદન : નીતિન વૈદ્ય, મુખ્ય અભિનયકારો : રીચા ચઢ્ઢા, સંજય મિશ્રા, વીકી કૌશલ, શ્વેતા ત્રિપાઠી, પ્રકાશન તારીખ : ૨૪ જુલાઈ, ૨૦૧૫ (ભારત), ૧૯ મે, ૨૦૧૫ (કાન્સ ફિલ્મ ફેસ્ટીવલ) સમય : ૧૦૯ મિનિટ. ભાષા : હિન્દી**



આ ફિલ્મ સારી હશે એ વાતની પુષ્ટિ તો ત્યારે જ થઈ ગઈ જ્યારે આ ફિલ્મ સિનેમાઘરોમાં બે દિવસ પણ ન ચાલી. કોઈ સિનેમાઘરે તો આ કોડભરી ફિલ્મને ઉંબરેથી જ પાછી ઠેલી હશે. ફિલ્મનું નામ જે દિશાનું સૂચન કરતું હતું, એના કરતાં ફિલ્મ થોડા જુદા રંગની નીકળી. આ અપેક્ષાભંગનો પણ આનંદ તો થયો જ.

ફિલ્મ ઊઘડતા પહેલાંનો અંધકાર જ ચોંકાવી ગયો, જેમાં માત્ર રતિક્રીડાના અવાજો ગુંજતા હતા. શ્રુતિનો પહેલો અનુભવ! તેનાથી વિપરીત દૃશ્ય પ્રત્યક્ષ થયું. કોઈ કન્યા કુતૂહલતથી પ્રેરાઈને કમ્પ્યુટર પર દૈહિક શૃંગાર જોઈ રહી છે. સુષ્ઠુ અભિરુચિવાળા ભાવકને અહીં અવશ્ય આંચકો લાગે. ઉત્તરપ્રદેશ પરિવહનની જાહેર બસ અને વારાણસી છાવણી પરિષદના સૌજન્યથી ચાલતું શૌચાલય વાંચીને ફિલ્મનો પરિવેશ કાશી છે એટલું તો સ્પષ્ટ થયું. એ છોકરી ઘરેથી નીકળી અને જાહેર બાથરુમમાં જઈ ગૃહિણી જેવો વેશ પલટો કરીને કોઈ સસ્તી હોટલમાં એક રૂપકડા છોકરા સાથે શરીરક્રીડામાં વ્યસ્ત થઈ ત્યાં સુધીની આ ફિલ્મની શરૂઆતની મિનિટો તો જાણે ભાવકને ગેરમાર્ગે દોરી જઈ રહી હતી. ખરેખર, શું જીવનમાં સુખ આટલું જ હાથવેંત છેટું હશે જેમ આ ફિલ્મની નાયિકા દેવી માનતી હતી કે તેને મળી ગયું?! જો જીવનમાં બધું જ ધારણા પ્રમાણે થતું હોત તો જીવન આટલું રંગમય-રસભર ન હોત. અચાનક જ બારણા પર ધડાધડ પ્રહારો અને ગાળોનો વરસાદ થાય છે. અંદર રહેલાં બંને અરધાં ઉઘાડાં શરીરો ગભરાઈને દોડાદોડી કરી મૂકે છે અને બારણું તોડીને કાયદાના રક્ષકો પ્રગટે છે. પોલીસ દ્વારા અહીં જે માનસિક બળાત્કાર થયો તે સહન ન થવાથી છોકરો, નામઃ પીયૂષ અગરવાલ, કાંડાની નસ કાપીને સ્થળ પર જ




આત્મહત્યા કરે છે. દેવી ક્યારેય ન કલ્પ્યું હોય તેવા સંકટમાં આવી પડે છે. દેવીનો ઘરડો બાપ ગંગાના ઘાટ પર પરચુરણ પૂજાપાસામગ્રી વેચનાર સામાન્ય માણસ છે. દેવીની આ એક ભૂલ, બાપદીકરીના નાનકડા સંસારને પોલીસની ધનવાસનાના કુંડાળામાં લાવી મૂકે છે. છોકરાના મૃત્યુનું આળ પણ દેવીના માથે જ મઢવામાં આવ્યું. વાર્તાના સંઘર્ષે હવે ગતિ પકડી. આ વાતને દબાવવા પોલીસે માંગેલા ત્રણ લાખ રૂપિયા જેટલું વજન આ ડોસો ક્યાંયથી પણ લાવી શકે એમ ન હતો. ઘરની બધી માયામૂડી લૂછીને થોડો હિસ્સો ચૂકવે છે. બાકીના રૂપિયા માટે ઉછીઉધારો કર્યો પણ એમ થૂંકની ભીનાશે લાડવા શેં વળે! આ આર્થિક આપત્તિને પહોંચી વળવા દેવીએ પણ ક્યાંક આછીપાતળી નોકરી લીધી. પણ દેવીના આ સ્ખલનને લીધે એ એના સમાજમાં એવી ખરાબ રીતે ચેરાઈ ગઈ કે નવી નોકરીની જગ્યાએ પુરુષો, સહકાર્યકરો મટી માત્ર નર બની ગયા. દેવીને નિર્લજ્જ પ્રસ્તાવો મળવા લાગ્યા. ફિલ્મમાં દેવીની કથાની સમાંતરે બીજી એક કથા પણ વહેતી આવે છે. ગંગાના ઘાટ પર મૃતદેહોના અંતિમ સંસ્કાર કરવાનું કામ કરતા ડોમલોકોના પરિવારમાં જન્મેલો દીપક એન્જિનિયરીંગ શાખામાં ભણ્યો છે અને બાપીકો વ્યવસાય છોડી નોકરી માગે છે. એક શાલુ નામની કન્યા સાથે એને પ્રેમ થાય છે. શાલુ ઉચ્ચવર્ણની હોવાથી દીપક લઘુતા અનુભવે છે.

જો ભાવકની આંખ ઝીણું 'સાંભળનારી' હોય તો બે પ્રચલિત ભારતીય કથાસૂત્રો ફિલ્મ 'જોતાં' અવશ્ય સંભળાય. કાશીનો પરિવેશ અને નિર્લેપભાવે થતાં સ્મશાનકર્મ જાણે-અજાણે ભાવકમનને રાજા હરિશ્ચંદ્રની કથા સુધી લઈ જાય. વળી દીપકનું ઘર પણ હરિશ્ચંદ્રઘાટ પર અને રોજ અગણિત મૃતદેહોને નિર્મમતાથી સળગાવવાનો તેનો પરંપરાગત ધંધો હતો. તદુપરાંત દેવી અને દીપકની કથાનાં અનેક સૂત્રો અભિજ્ઞાન શાકુન્તલની વાર્તા તરફ પણ ઈંગિતો કરે. જેમાં દીપકની પ્રેયસીની આંગળી પર રહેલી મુદ્રિકા સહુથી વધુ મહત્ત્વનું મૉટિફ સાબિત થાય છે. આ એક વીંટી બે બે કથાવહેણને વળાંકો આપવાનું કામ કરે છે. શકુંતલાના જીવનના બધા જ ઉતારચઢાવ પાછળ તો દુષ્યંત સાથે કરેલો અલ્પકાલીન અભિસાર જ કારણભૂત હતો. અહીં દેવી સાથે પણ એ જ થયું. પ્રેમમાં જો પ્રાકૃતિક આવેગનું સત્ય ભળ્યું તો એ સત્યની કિંમત હરિશ્ચંદ્રની જેમ દેવી અને એના બાપે પોલીસને 'દક્ષિણા' રૂપે ચૂકવવી પડી. દર મુદ્દતે હાજર થઈ જતો પોલીસ અમલદાર દુર્વાસાની ઉગ્રતાની યાદ અચૂકપણે અપાવી જાય છે.

આ દરમિયાન કથાની બીજી ધારામાં દીપક પોતે શાલુ કરતાં નીચું કુળ અને સામાન્ય રીતે લોકો પસંદ ન કરે તેવું કુળધર્મ ધરાવે છે, એ વાતનો તે શાલુની સામે આક્રોશપૂર્વક સ્વીકાર કરે છે. આ ઘટના પછી તરત જ શાલુ પરિવાર સાથે હિમાલય યાત્રા કરવા જાય છે. મૉબાઇલફોન રૂપી મેઘ આ યક્ષના સંદેશાઓ હિમાલયમાં ફરતી નાયિકાને પહોંચાડતો રહે છે. આ વાર્તાલાપમાં શાલુ નાતજાતના વિસંવાદ ભુલાવીને જરૂર પડ્યે ભાગીને લગ્ન કરવાની તૈયારી પણ બતાવે છે ને અહીં હરિશ્ચંદ્રઘાટ પર જેમ રાજા હરિશ્ચંદ્ર રાણી તારામતીના વિયોગમાં ડોમકર્મ કરતો હશે તેમ દીપક પણ એક પછી એક મૃતદેહોને સળગાવતો પ્રેયસીની રાહ જુએ છે. પ્રણય જેવું ઋજુ સંવેદન સ્મશાન જેવી કઠોર જગ્યાએ પણ બહુ વિરુદ્ધરંગી રંગછટા સાથે ઉઠાવ પામતું રહે છે. એક રાત્રે 'અર્ધી ઊંઘમાંથી ઊઠીને દીપકે કામે લાગવું પડે છે કેમ કે તે રાત્રે મૃતદેહોની આવક વધી ગઈ છે અને ઊંઘથી ભરેલી આંખે એક શબને ચિતા પર ખડકતા દીપકની નજર એના હાથમાં રહેલી વીંટી પર પડે છે. શાલુ બસ અકસ્માતમાં પરિવાર સમેત મૃત્યુ પામી હોય છે. અગાઉ શાલુએ એક મુલાકાતમાં કહ્યું હતું કે તેની આંગળી પરની આ વીંટી ક્યારેય ઊતરતી નથી, એ જ વીંટી અભિજ્ઞાન બની ને અહીં ઊભી રહે છે. શકુંતલાની આંગળીમાંથી સરકી ગયેલી વીંટી અને શાલુની આંગળીમાં ફસાઈ ગયેલી વીંટી, બંનેએ કથાનાં વહેણ બદલ્યાં. પુરાણકથાને અંતે હરિશ્ચંદ્રને પણ તારામતી આ મસાણમાં જ તો મળી આવી હતી તેમ દીપકને પણ આ મસાણમાં તેની શાલુ મળી તો ખરી, પણ મૃત દશામાં...! ચિતાની રાખમાંથી વીંટી શોધીને દીપક દિવસો સુધી આક્રંદ કરતો રહ્યો. અંતે તેણે એ વીંટીને ગંગામાં પધરાવીને જીવનને ફરી વહેતું કર્યું.

આ બાજુ પોલીસને ચૂકવવાની અંતિમ રકમ માટે ડોસો જીવ પર આવીને પૈસા મેળવવા પ્રયત્નો કરી રહ્યો હતો. અહીં ડોસાની દુકાને કામ કરતો જોન્ટા નામનો કિશોર નાનકડી પણ મહત્ત્વની ભૂમિકા કરી જાય છે. ગંગાના કિનારે નાનકડા કિશોરો પાણીના તળિયેથી શ્રદ્ધાળુઓએ પધરાવેલા સિક્કા વીણી લાવે છે ને કયો બાળક સૌથી વધુ સિક્કા શોધી લાવશે તેની ઉપર માનવમેદની જુગાર રમતી હોય છે. ડોસો પણ પોલીસને ચૂકવવાની ચિંતાને લીધે પૈસા ભેગા કરવાની લાલચમાં જોન્ટાને ગંગામાં કૂદીને આ ખેલ કરવા ધકેલે છે. મોટે ભાગે વિજેતા બનતો જોન્ટા આજે ઘણી વાર સુધી પાણી ઉપર આવતો નથી. ડોસો બેબાકળો થઈ તેને સાદ કરે છે, તરવૈયાઓને કુદાવે છે. આ આખું દશ્ય હૃદયને કંપાવી દેનારું બન્યું છે. બેભાન જોન્ટાને શોધી લવાય છે ત્યારે તો લાગે જ છે કે દક્ષિણા આપવાનાં આ વિષચક્રમાં ફરી એક વાર બાળક રોહિતાશ્વનો ભોગ લેવાયો. પણ જોન્ટા બચી જાય છે. વળી પાણીના તળિયેથી પોતાની સાથે બંધ મુઠ્ઠીમાં એક વસ્તુ છુપાવીને લાવ્યો છે, જે ફિલ્મની કથાને મોક્ષ તરફ લઈ જનાર છે. એ વસ્તુ હોય છે દીપકે પાણીમાં પધરાવેલી શાલુની વીંટી.

કહેવાની જરૂર નથી કે આ વીંટી વેચીને ડોસો પોલીસને ચૂકવવાની રકમ પૂરી કરે છે. આ વીંટીથી દેવીને દક્ષિણાનાં કુચક્રમાંથી મુક્તિ તો મળી. પણ દેવીનું મન હજી એ ઘટનાને વિસરી નથી શક્યું. રેલ્વેમાં નોકરી મેળવીને એ ઠીક ઠીક કમાતી થઈ છે. પણ પીયૂષના મૃત્યુનો ભાર હજી એના મન પરથી હટતો નથી. હોટલના રૂમમાં પીયૂષે આપેલી ભેટનું પડીકું હજી સુધી ખોલી નથી શકી. જાણે એ સ્મરણને, એ પ્રકરણને ફરી ખોલવાની તેની હિંમત જ નથી. બંધ ખોખામાં રહેલું આ બીજું અભિજ્ઞાન દેવીના બંધિયાર થઈ ગયેલા મનનું જ પરિચાયક બની રહે છે. નવા કોઈ પણ સંબંધને દેવી સ્વીકારી શકતી નથી. અંતે, દેવી પીયૂષે આપેલી ભેટને ખોલ્યા વગર જ ગંગાઘાટ પર જાય છે. આ કથાના અંતિમ અભિજ્ઞાનને જળમાં પધરાવીને દેવી એ આકરા સ્મરણજગતમાંથી મુક્ત થાય છે. છેક સુધી આ પડીકું બંધ જ રહે છે એ નાનકડું ગોપન પણ આ ફિલ્મની કલાત્મકતામાં વધારો કરી દે છે. દેવીની નિર્વ્યાજ લાગણીને એ બંધ હાલતમાં જ, મૂક રૂપે વર્ણવી જાય છે, અનાયાસે દીપક અને દેવી ગંગાના એ ઘાટ પર મળી જાય છે જે સ્થળેથી હોડીવાળા સહુને સંગમસ્થળ તરફ લઈ જતા હોય છે. બંને કથાઓ પણ અહીં આવીને ભળે છે. હોડી બંનેને લઈને કથાને કોઈ આશાવાદી ક્ષિતિજ તરફ દોરી જાય છે.

શીર્ષક ઉપરથી એ પણ ખ્યાલ તો આવતો જ હતો કે આ કોઈ બજારુ નજરોને લલચાવનારી ફિલ્મ નહિ જ હોય. વળી, આ ફિલ્મમાં નાયક-નાયિકાઓ બહુ સામાન્ય દેખાવવાળાં પસંદ કરીને ફિલ્મકારે કથાને કલ્પનાલોક બનતી અટકાવીને વાસ્તવની ધરતી સાથે જોડી રાખી છે. કાશી જેવો ભવ્ય પરિવેશ હોવા છતાં પણ જરા ય

વ્યામોહમાં પડ્યા વગર ફિલ્મ બિનજરૂરી ઝાકઝમાળથી આરક્ષિત રહી છે. દરેક પાત્ર જીવન પાસે તરસ્યા કંઠે કૈંક અપેક્ષા કરે છે અને  એ અભાવોના ઘેરા રંગોના ફલક પર અહીં તીવ્ર તૃષાતુર જીવનરંગો વધુ સારી રીતે ઉઠાવ પામે છે. દુષ્યંતકુમાર ત્યાગીની 'સાયે મેં ધૂપ' સંગ્રહમાંથી ઉદ્ધૃત લોકપ્રિય રચના 'તું કિસી રેલ સી ગુઝરતી હૈ, મૈં કિસી પુલ સા થરથરાતા હું' તથા વ્રજનારાયણ ચકબસ્તની કવિતાના ઉલ્લેખોથી ફિલ્મને કાવ્યાત્મકતાનું આભિજાત્ય મળે છે. કવિતાનાં સ્વરાંકન પણ કર્ણ અને હૃદય બંનેને મુદિત કરે તેવાં છે.

'કમ્પ્યુટર' જેવું સ્થૂળ ઉપકરણ, જેની આપણે એક મશીન તરીકે જ નિંદા કરતાં આવ્યાં છીએ, તે પણ અહીં અનેક ભૂમિકાએ આરંભથી અંત સુધી ફિલ્મમાં ઉપસ્થિત રહે છે. કદાચ દેવી અને પીયૂષના મિલાપની પાછળ પણ કમ્પ્યુટર અને ઇન્ટરનેટ હોઈ શકે, દેવીની વાર્તામાં કમ્પ્યુટર ફિલ્મના આરંભે જ શૃંગારિક ફિલ્મ જોતા, કમ્પ્યુટર ઓપરેટરની નોકરી છોડતા નવી નોકરીની જગ્યાએ અશ્લીલ  વાતોનો ભોગ બનતા, રેલ્વેની નોકરીમાં એક સહકાર્યકર સાથે એક સારા સંબંધની શક્યતા ઊભી થવા પાછળ તથા દીપક અને શાલુના ફેસબુક સોશિયલ સાઇટ દ્વારા થતા પ્રણયવિકાસમાં કમ્પ્યુટર એક મહત્ત્વપૂર્ણ ઉદ્દીપન વિભાવ બની રહે છે. આ બધાં સાંપ્રત સમયનાં એવાં એવાં વ્યવહારુ વાનાંઓ છે જે કથાને સહાયરૂપ બનતાં રહે છે.

શીર્ષક માટે 'મસાણ' જેવો લોકબોલીનો પર્યાય યોજીને સર્જકે સ્મશાનની ભારેખમ, મીંઢી અને વિરૂપ બાજુને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કર્યો છે. આપણા સાહિત્યની ભગવતી ગંગા તેની ચિરપરિચિત ઓળખને છોડીને અહીં ખૂબ જુદી મુદ્રામાં ઉપસ્થિત છે. મસાણ અને ગંગા બંને સાથે મૃત્યુ અને મુક્તિ જોડાયેલાં છે. આ કથાનાં બંને પાત્રો દેવી અને દીપક બંનેનાં પ્રિયજનો મૃત્યુ પામ્યાં છે, પણ પાછળ છૂટી ગયેલા સાથીને એમના સ્મરણલોકમાંથી મુક્તિ અપાવનારી પણ ગંગા જ છે. એ અસ્થિરૂપે હોય, વીંટી રૂપે હોય, કે ભેટના નાનકડા પડીકા રૂપે હોય. તે બધું ગંગામાં જ વિલીન થાય છે. જીવનના એ બધા જ યાતનામય સ્મરણોને ગંગા જ મુક્તિ આપે છે. ગંગા અહીં નદી જ ન બની રહેતાં સમયનું વહેણ પણ સાબિત થાય છે. ચિતાઓની આંચે શેકાતી, ગંગાજળમાં કૂદી સિક્કા શોધવા ફાંફા મારતી, હોટેલના રૂમમાં હૂંફ શોધતી, નિર્મોહી બની મનુષ્યદેહોને હડસેલી હડસેલીને ફૂંકતી-સળગાવતી, પૂજાપાની સામગ્રી વચ્ચે અનાસ્થાપૂર્ણ નિસાસા લેતી, ટિકિટબારી પર નિર્લેપ ચહેરે એકવિધ કામ કર્યે જતી જડ જિંદગીઓ અહીં ગંગાનદીના કિનારે અનેક સ્વાંગ ધરીને વિચરતી રહે છે.

હવામાં વહેતા મૂકેલા ફુગ્ગાઓ દ્વારા પ્રણય નિવેદન/સ્વીકાર, ટી.વી.માંથી સંભળાતી વાઘ અને મનુષ્યની કથા દ્વારા અમંગલ ભાવિઘટનાનો સંકેત વગેરે પ્રયુક્તિઓ સાદી છતાં નવીન રીતે આવિષ્કૃત થઈ છે. દેવીની માના મૃત્યુની રહસ્યમયતાથી સર્જાતો અધ્યાહાર અહીં ધ્યાનપાત્ર પરિમાણ બની રહે છે. એના કારણે બાપદીકરીના સંબંધમાં ગેરસમજણ ગૂંચવાતી રહે છે, જે આ ફિલ્મનું એક વધારાનું પણ જરૂરી ઉપાખ્યાન બની રહે છે. અભિનયકળા પણ પ્રશંસનીય રહી છે. રીચા ચઢ્ઢાએ દેવીની ભૂમિકામાં મહદ્ અંશે મૌન રહીને શબ્દોના અભાવથી સંવાદના ખાલીપાને ભર્યો છે. તેની આંખોમાંથી સતત વહેતી લાગણીશૂન્યતા આખી ફિલ્મની ચાલકગતિ બની રહી છે. મોટાભાગે હાસ્યરસની ફિલ્મોમાં જ દેખાતા સંજય મિશ્રાએ દેવીના લાચાર બાપની ભૂમિકા કરીને તેની પક્વ અભિનયક્ષમતાને પ્રમાણિત કરી છે. કેમેરાએ કરેલું નયનરમ્ય અને પ્રત્યાયનક્ષમ દશ્યાંકન, એ એક વધારાનો નેત્રોત્સવ, પ્રકાશ અને અંધકારની અટપટી દશ્યલીલા દ્વારા 'મસાણ' ફિલ્મરસિયા લોકોને જાણીતી જિંદગીને નવી નજરે જોવાની, મનને નિર્મળ બનાવીને વહેતું કરવાની તક આપે છે.

*[તથાપિ, જૂન-જુલાઈ-ઑગસ્ટ, ૨૦૧૬]*

# પ્રકાશકીય અને સંપાદક-કથન




અતુલ રાવલ

રમણ સોની

## પ્રકાશકીય

# ચાલુ પ્રવાસે બે વાત –

આપણાં સામયિકો અને પુસ્તકોમાંથી ઉત્તમ સામગ્રીનું ચયન આપતા એક ઇ-ડાયજેસ્ટ દ્વારા ઉત્કૃષ્ટ વાચન મેળવવાનું વરસ પહેલાંનું સ્વપ્ન એક સાહસિક સંકલ્પમાં પલટાયું તે તમે જોઈ શકો છો. આ સાતમા અંક સાથે ‘સંચયન’ બીજા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આપણા સરજાતા જતા સાહિત્યથી અને અગાઉના સાહિત્ય-વારસથી પરિચિત રહેવાની તીવ્ર ઇચ્છામાંથી ‘સંચયન’ ઉદ્‌ભવ્યું. ઘણા વર્ષોથી, ગુજરાતી સાહિત્યનો સીધો ને સતત સંપર્ક ઓછો થઈ ગયો હતો. એ તાજો કરવો છે - તેવું મારા જેવા ઘણા મિત્રોએ પણ કહેલું.

મારા ઘણીવારના પ્રસ્તાવો અને વિનંતીઓના પ્રતિસાદમાં, ગુજરાતી સાહિત્યના સંનિષ્ઠ અભ્યાસી અને જાણીતા સાહિત્ય-વિવેચક-સંપાદક **શ્રી રમણ સોની**ની આવા એક ઇ-મેગેઝીનના સંપાદક થવાની સંમતિ મળી, એથી મારો આનંદ બેવડાયો. અને એમ, છેલ્લા એક વર્ષથી ગુજરાતી સાહિત્ય અને સામયિકોમાંથી પરિશ્રમપૂર્વક ચૂંટેલી કૃતિઓ આપણને મળવી શરૂ થઇ છે. એમની સજ્જ અને પક્વ રુચિએ જ ‘સંચયન’નો આગવો ચહેરો ઘડ્યો છે. રમણભાઈની સમગ્ર સાહિત્ય-ઇતિહાસની જાણકારીનો લાભ ‘સંચયન’ના વાચકોને મળી રહ્યો છે તેવો સૂર વાચકોના બહોળા પ્રતિભાવોમાંથી સંભળાય છે. જ્યારે એક બાજુ ગુજરાતી સાહિત્ય વાંચવાનું ઓછું થતું જાય છે ને બીજી બાજુ મોટાભાગનું ઓનલાઈન નેટ-વિશ્વ રુચિહીન થતું જાય છે ત્યારે થોડું ઉત્તમ પણ રસપ્રદ વાચન મેળવવાના સંકલ્પમાં રમણભાઈની સાહિત્ય અને સૌદર્ય એમ બેવડી સમજનો લાભ આપણી ભવિષ્યની વાચન-યાત્રાનું જમા પાસું છે.

ટેકનોલોજીની મદદથી ગુજરાતી સાહિત્યનો પ્રચાર અને પ્રસાર કરવાના હેતુથી તથા મુદ્રિત પાનાંને વીજાણુ પાનાંમાં વાંચવાની એક અર્થપૂર્ણ ડિજીટલ વ્યવસ્થા કરવા આપણે ‘એકત્ર’ નામની આ એક નાનકડી સંસ્થા ઊભી કરી છે તેમાં ‘સંચયન’ ઉપરાંત ગુજરાતી સાહિત્યનાં ચૂટેલાં પુસ્તકોને આપણી રોજિંદી વાચન-જરૂરિયાતમાં સમાવવા તેને ઇ-બૂકમાં ફેરવવાનું શરૂ કર્યું છે. અત્યાર સુધીમાં પચીસેક પુસ્તકો એકત્ર ફાઉન્ડેશનની ઓનલાઈન લાયબ્રેરીના બુકશેલ્ફ ઉપર ગોઠવાઈને મન થાય ત્યારે વાંચવાની રાહમાં તૈયાર બેઠાં છે. જુઓ www.ekatrafoundation.org. બીજાં દસેક પુસ્તકો તૈયાર થવામાં છે. ત્યારે એક્ત્રના આ પ્રયત્નને આગળ લઇ જવા આપનો સહકાર તથા અભિપ્રાયો અને પ્રતિભાવો – એ આ પ્રવૃત્તિને માટેની મહત્ત્વની શુભેચ્છા બની રહેશે.

તો, આ બીજા વર્ષના આરંભે સૌને આવકારું છું ને હૃદયપૂર્વક આભાર માનું છું.

**-- અતુલ રાવલ**

# 'એકત્ર ફાઉન્ડેશન'નો એક દાયકો :

# ગુજરાતી સાહિત્યનો આનંદપ્રદ વીજાણુ પ્રવાસ – A Digital Voyage

– અતુલ રાવલ

'પ્રોજેક્ટ ગુટનબર્ગ' અને ગુગલે દુનિયાભરનાં લાખ ઉપરાંત અપ્રાપ્ય અને જૂનાં પુસ્તકોને સ્કેન કરીને વિનામૂલ્યે જગતસમક્ષ મૂક્યાં એના પરથી પ્રેરણા લઈને ૨૦૧૧માં અમે – મેં, રાજેશ મશરૂવાળાએ તથા રમેશ ગજ્જરે 'એકત્ર ફાઉન્ડેશન'ની રચના કરી અને Non-profit organization તરીકે અહીં અમેરિકામાં એનું રજિસ્ટ્રેશન કરાવેલું. શ્રી સિતાંશુ યશશ્ચંદ્ર એના પ્રમુખ છે. અમારા આ મિશનનો ભાવનામંત્ર છે 'ગુજરાતી સાહિત્યના મુદ્રિત ઉત્તમ ગ્રંથોનું વીજાણુ રૂપાન્તર અને પ્રસારણ'. અમેરિકામાં રહીને પણ ગુજરાતી ભાષા-સાહિત્યનો સંપર્ક જીવતો રાખવાની અમારી મહેચ્છા છે. અમારો સંકલ્પ છે કે અમે જે કોઈ ઈ-પ્રકાશન કરીએ એને વિનામૂલ્યે જ, બહોળા વાચકવર્ગને પહોંચાડવું.

બે વર્ષ પછી વિચાર થયો કે આ કાયમી ને સ્થિર પ્રવૃત્તિની સાથેસાથે એક ગતિશીલ પ્રવૃત્તિ પણ કરીએ – એટલે કે એક ગુજરાતી ઈ-સામયિક પણ કરીએ. એનું સંપાદન કરી આપવા અમે સંપાદનનો બહોળો અનુભવ ધરાવતા વિવેચક શ્રી રમણ સોનીને વિનંતી કરી. પ્રસ્તાવ સ્વીકારતાં એમણે કહ્યું કે 'મળેલી કૃતિઓ પ્રગટ કરતું પ્રચલિત પ્રકારનું સામયિક નહીં, પણ આરંભથી આજ સુધીના સમગ્ર ગુજરાતી સાહિત્યમાંથી ઉત્તમ-અને-રસપ્રદ કૃતિઓ પસંદ કરીને  પ્રગટ કરતું એક સંચયન(ડાયજેસ્ટ) સામયિક કરવું.' એમ ૨૦૧૩થી 'સંચયન' દ્વિમાસિક ઈ-સામયિક શરૂ થયું. સંપાદકનું લક્ષ્ય એ રહ્યું છે કે પસંદ કરેલી કૃતિઓ ઉત્તમ હોય એ પહેલી શરત, પણ ઉત્તમ પૈકીની પણ જે વધુ રસપ્રદ હશે એ પહેલી પસંદગી હશે. એ કારણે 'સંચયન' વિદગ્ધ વાચકોને તેમજ સર્વસામાન્ય સાહિત્યરસિકોને – એમ વ્યાપક વર્ગને આકર્ષતું રહ્યું છે. વળી, ઉત્તમની રુચિપૂર્ણ આકર્ષક રજૂઆત, એટલે કે એની સૌંદર્યપૂર્ણ સજ્જા (લેઆઉટ, ડિઝાઈન) પર પણ અમે રસથી ધ્યાન આપીએ છીએ. ઉપરાંત આ ઈ-મુદ્રણમાં અમે અવાજની સુંદરતા પણ દાખલ કરી છે – કાવ્ય આંખે વંચાય એ સાથે જ એનું પઠન અને ગાન પણ કાનથી ઝિલાય એવા પ્રયોગ અમે કર્યા છે. ખ્યાત ચિત્રકળાકારોની કૃતિઓ પણ અમે મૂકીએ છીએ.

સાહિત્યકૃતિઓ ઉપરાંત ઉત્તમ વૈચારિક લેખો પણ એમાં આવે છે. આ બધાને કારણે, દરેક અંક પ્રગટ થતાં જ વાચકોના ઉમળકાવાળા પ્રતિભાવો અમને મળતા રહે છે.

ગુજરાતીના ઉત્તમ ગ્રંથોના ઈ-રૂપાંતરમાં પણ અમે પાછળથી એક વિશેષ બાબત ઉમેરી છે. રમણભાઈ સોનીનું સૂચન હતું કે, 'ઈ-રૂપાંતર જ પૂરતું નથી, વાચક પુસ્તકમાં પ્રવેશવા માટે ઉત્સુક થાય એ માટે પુસ્તકના આરંભે લેખકની છબી, પુસ્તકનું આવરણ, ટૂંકો પણ રસપ્રદ એવો લેખકપરિચય અને એવો જ કૃતિપરિચય – એમ ચાર વાનાં મૂકવાં જોઈએ.' આ કારણે અમારી આ ઈ-રૂપાંતર પ્રવૃત્તિ વિશિષ્ટ બની છે. અત્યાર સુધીમાં અમે, નર્મદથી લઈને છેક આજના મહત્ત્વના લેખકોનાં ૧૦૦ જેટલાં પુસ્તકો કર્યાં છે, ને એ પ્રકાશન નિરંતર ચાલતું રહ્યું છે. સુરેશ જોશીની સમગ્ર કૃતિઓ ઉપરાંત હમણાં ભોળાભાઈ પટેલના ૧૨ નિબંધગ્રંથો એકસાથે અમે ઈ-પ્રકાશિત કર્યા છે.

હવે અમે, મૂળ પુસ્તકોનાં ઈ-રૂપાન્તરો ઉપરાંત ઇ-સંપાદન-ગ્રંથોનો સ્વતંત્ર પ્રોજેક્ટ પણ શરૂ કર્યો છે. ચંદ્રકાંત શેઠ અને અનિરુદ્ધ બ્રહ્મભટ્ટમાંથી ચયનગ્રંથો (સંપા.યોગેશ જોષી) કરવા ઉપરાંત હમણાં અમે રમણલાલ સોનીની ઉત્તમ બાળવાર્તાઓ (સંપા. રમણ સોની) 'વાંચો-અને-સાંભળો' એ પદ્ધતિએ પ્રગટ કરી છે. એમાં વાર્તા વંચાતી જાય એ સાથે જ એનું પઠન સંભળાય એવી યોજના છે. એનાં વિવિધ પઠનકર્તાઓમાં છ વર્ષની બાળકીના મધુર પઠનથી પંચોતરની વયના વરિષ્ઠ કવિના ઘુંટાયેલા પઠન સુધીનું વૈવિધ્ય છે.

હવે પછી પાંચ મહત્ત્વાકાંક્ષી ઈ-સંપાદનો પ્રગટ થવાનાં છે : ૧. અર્વાચીન ગુજરાતી કાવ્યસંપદા (આરંભથી આજસુધીના કવિઓનાં કાવ્યોનો બૃહદ સંચય) : સંપા. મધુસૂદન કાપડિયા, ૨. મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા : સંપા. રમણ સોની, ૩. અર્વાચીન ગુજરાતી વાર્તાસંપદા અને નિબંધસંપદા : બંનેના સંપા. મણિલાલ હ. પટેલ, અને ૫. ગુજરાતી બાળવાર્તાસંપદા (પઠનો સાથે) : સંપા. રમણ સોની.

આમ, અમારું આ ત્રિવિધ પ્રકાશનકાર્ય – શિષ્ટ ગ્રંથો, વિશિષ્ટ સંપાદનો, રુચિર સામયિક 'સંચયન' – એ વીજાણુ મંચ પર સાહિત્યને રસ ને કાળજીપૂર્વક રજૂ કરતા રહેવાનો અમારો વિનમ્ર પ્રયાસ છે. એમાં લેખકો-વાચકોનો અમને ઉષ્માભર્યો સહકાર છે.

પ્રશિષ્ટતા-સંગ્રહ (ગુજરાતી ડિજિટલ લાઈબ્રેરી)થી લઈને સામ્પ્રત સાહિત્ય-સંચાર(ઈ-સામયિક) સુધીની અમારી આ ક્રિયાશીલતા આપ સૌ www.ekatrafoundation.org ઉપર સાક્ષાત્ કરી શકશો. જે જે વાચનરસિકો પોતાનું e-mail સરનામું atulraval@ekatrafoundation.orgને મોકલશે એમને નિયમિત રીતે 'સંચયન' તેમ જ નવી પ્રકાશિત ઈ-બુક્સ મળતી રહેશે.

દુનિયાભરમાં વસતા ગુજરાતી વાચકો સુધી પહોંચવાનો અમને આનંદ છે ને એ જ અમારી તૃપ્તિ છે. વાચકોના પ્રતિભાવો અમને પ્રતિપોષણ પૂરું પાડશે.

– એકત્ર વતી

# સંપાદકનું કથન

## ફૉલ કલર્સ અને અમેરિકાની ગુજરાતી લિટરરી એકેડેમી

ફૉલના રંગો ઊઘડી રહ્યા છે. હજુ પ્રફુલ્લ થયા નથી. થશે. અહીં અમેરિકામાં સિત્તેરેક દિવસથી છું. હવામાન લગભગ રોજ પલટાય છે. ઑગસ્ટના છેલ્લા અઠવાડિયાની ગરમી દાહક ને આશ્ચર્ય પમાડનારી હતી. વરસાદી દિવસોમાં વડોદરા છોડ્યું હતું ને અહીં વર્જિનિયામાં ઠંડકની અપેક્ષા રાખી હતી. જો કે સવાર-સાંજ ગુલાબી ગુલાબી હતાં. ચાલ્યા જ કરવાનું ગમે. પછી વળી વાદળો, વરસાદના છંટકાવો. ચાલવા પર પ્રતિબંધ મૂકી દેતો વરસાદ. ને વળી આંખો આંજી દેતો સૂરજનો ઉઘાડ. એ બધા ખેલોની વચ્ચે એકદમ ઠંડી ત્રાટકી પડી. એક-બે દિવસમાં જ ઉષ્ણતામાન ઢાળ ઊતરી પડ્યું. સવારે નિરભ્ર આકાશમાં સૂર્ય તગી રહ્યો હોય ને હવામાનનો આલેખ બતાવે ૪° સેન્ટિગ્રેડ. થાય કે ચાલ, આ કાચનું બારણું ખોલી બહાર નીકળું. ને અરધીક મિનિટમાં તો શીતળતાનો એવો લેપ થઈ જાય કપડાં પર ને ચહેરા પર! સૂરજને કહી દઉં કે, ભાઈ, એમ કરો – આ કાચમાંથી જ અંદરની બાજુ આવીને હૂંફ આપો. ઠંડી પર તમારું જ કાંઈ ચાલતું નથી તો મને બહાર આવવા આમંત્રણ આપો એનો શો અર્થ.

હવે તો કલાકે કલાકનું હવામાન બધે જ બોલકા સહદેવોની મુઠ્ઠીમાં છે – જાણે કે હવામાનશાસ્ત્રીઓ કહે એ પ્રમાણે ટાઢ-તડકો-વાદળ-વરસાદ ચાલે છે, આજ્ઞાંકિતની જેમ. વેધર ચાર્ટ જોતો જોતો સવારથી બપોર તરફ ને ત્યાંથી આવતી કાલ, આવતો રવિવાર, આવતો માસ – એમ ભવિષ્ય ખોલ્યા કરું છું. આવતો શનિ-રવિ વાદળ/વરસાદ/ઠંડી છે એ જોઈ-જાણીને આખું અમેરિકા દુખીદુખી થાય છે જાણે. ક્યારેક સુખના દિવસો પણ આવે છે. પણ, પેલું જૂની રંગભૂમિનું ગીત યાદ આવે છે : 'એકસરખા દિવસ સુખના કોઈના જાતા નથી.' હવામાનશાસ્ત્રીઓ ખોટા પડી જાય એવું સાહસ પણ કુદરત ક્યારેક કરી બેસે છે. પણ જવલ્લે જ. મને તો આ સચિત્ર આલેખોમાં રસ પડે છે – સાત વાગે ઊગતું સૂર્યબિંબ પૂર્ણ અક્ષત છે, ૯ વાગે એની એક કોર વાદળવાળી થશે, બે કલાક પછી અરધો સૂર્ય વાદળને તાબે – દિવસ આખો mostly cloudy. વળી ક્યારેક વાદળની નાની ઇમેજ નીચે બે-ત્રણ વાદળી ટપકાં. આમ તો બધું સ્પષ્ટ માહિતીરૂપ છે પણ એ બિંબોની શ્રેણી જોવાનું ગમે છે.



હમણાં જ શરદપૂનમ ગઈ. ચોખ્ખું આકાશ અને પૂર્ણ ચંદ્ર. પણ, ચાલને ચાંદની રાતમાં જરાક ટહેલીએ – એમ કહેવાનો ઉત્સાહ બતાવી શકાય એમ ન હતું. વાતાવરણ ૬° સેન્ટિગ્રેડ અને સૂસવતો પવન. કારમાંથી ઊતરીને દોડતાં ઘરમાં પેસી જાઓ... હે અનરૉમેન્ટિક અમેરિકા, અમારા જેવાં ચંદ્રપ્રેમીઓની આવી મજાક તે હોતી હશે!



પરંતુ આવા આવા પલટાતા રંગોનીય મજા છે. બસ, હવે તો વૃક્ષોનાં લીલાં પાંદડાં અનેકવિધ રંગોમાં પલટાશે. એ ઉત્ફુલ્લ રંગો આંખોમાં ભરીને અમેરિકાને 'આવજો' કહેવાનું છે.

o

એવા જ રંગો અહીંનાં ગુજરાતી સાહિત્યરસિક મિત્રો સાથેની મિલનગોષ્ઠિઓના. સાહિત્યપ્રવૃત્તિઓ અહીંની બહુ લાક્ષણિક છે. અહીંની સાહિત્યરસિકતા અમુક અંશે પ્રાસંગિક છે. પ્રસંગે જ રંગો ઊઘડે છે ને બધાંને પ્રફુલ્લિત કરી મૂકે છે. લગભગ ચાર દાયકા પહેલાં, ૧૯૮૧માં સ્થપાયેલી 'ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નૉર્થ અમેરિકા' દર બે વર્ષે સાહિત્યસંમેલન કરે છે. એક વ્યાપક સાહિત્યોત્સવ ખૂબ ઉમંગ-ઉત્સાહપૂર્વક ઉજવાય છે. અહીં યુગલ-સભ્યપદની સુંદર પ્રથા છે ને આખા ઉત્તર અમેરિકામાંથી ૧૧૦૦ ઉપરાંત યુગલ-સભ્યો એકેડેમીનાં પ્રતિનિધિ રજિસ્ટર્ડ સભ્યો છે. એમાંનાં બધાં કંઈ દરેક સંમેલનમાં આવી નથી શકતાં. અહીંના કેટલાક જાણીતા લેખકો પણ દરેક સંમેલનમાં હોતા નથી. પણ ૩૦૦ જેટલાં સાહિત્ય-રસિકો, લેખકો, લેખક-પદ-વાંચ્છુઓ તેમજ ગુજરાતમાંથી નિમંત્રેલાં લેખકો, સંગીતકારો – એવી ભાતીગળ સૃષ્ટિ ઊપસે છે. ગંભીર વિષયો પરનાં વક્તવ્યો અને સૂરીલી સંગીતસંધ્યાઓની વચ્ચે સર્વપ્રિય ને લોકપ્રિય કવિતાપઠનો પણ હોય છે એથી વળી રંગોના વૈવિધ્યમાં અભિવૃદ્ધિ થતી હોય છે! ખરી વાત છે – જિજ્ઞાસારસ પોષાય તો પછી સાથેસાથે દિલબહેલાવ પણ થવો જોઈએને? અલબત્ત, સભાની શિસ્ત ગરિમાયુક્ત લાગી મને. ગુજરાતમાં થતાં સંમેલનો-અધિવેશનોમાં ક્યારેક, સવારની બેઠકનું છેલ્લું વક્તવ્ય અને સભાખંડ બહાર બપોરનું ભોજન સમાન્તરે ચાલતાં હોય એવું અહીં નથી. પૂરી ઉત્સુકતાથી ને આંતરિક શિસ્તથી બપોરે એક વાગે પણ સભાજનો વક્તવ્યો સાંભળે છે. ગ્રેટ. એકેડેમીમાં બે દાયકાથી પ્રમુખપદ સંભાળતા શ્રી રામભાઈ ગઢવીની તકેદારીનો પણ એમાં ફાળો હોય છે. રામભાઈ થોડાંક વિધાયક વિશેષણોના અધિકારી છે – ખૂબ જ કર્મઠ છતાં હળવા, હળવાશવાળા. એકેડેમી-પ્રમુખ તરીકે એ નિતાન્ત સ્વાગત-પ્રમુખ હોય છે; સાહિત્ય સાથેનો એમનો સંબંધ કોઈ દાવા વિનાનો, નર્યા ગુણાનુરાગીનો છે; લેખકો માટે એમને પ્રેમભર્યો આદર છે – અતિ ઉદારતાભર્યો પણ લાગે એવો; પણ એ જરાય ગાફેલ નહીં એવા કાબેલ વહીવટકાર છે ને વળી સર્વપ્રિય છે. એટલે જ એ સ્વંય લેખક ન હોવા છતાં લાંબા વખતથી પ્રમુખ છે. કોઈને આ બધું વિલક્ષણ લાગે, પણ રામભાઈ આકરી ટીકાઓ પ્રત્યે પણ સમુદાર હોય છે – અલબત્ત, પૂરી પકડવાળી સમુદારતા. વ્યક્તિત્વના રંગો પણ કંઈ ઓછા આકર્ષક નથી હોતા!



અહીંના સાહિત્યરસિકોનો સાહિત્ય સાથેનો સંબંધ ઘણુંખરું પ્રસંગનિષ્ઠ હોય છે – એટલે કે કાયમી કે સાતત્યવાળો નહીં. અલબત્ત, સમગ્ર ગુજરાતી સાહિત્યમાં પ્રતિષ્ઠિત હોય એવા થોડાક ઉત્તમ સર્જકો, વિવેચકો, અભ્યાસીઓ, અનુવાદકો અહીં વસેલા છે. બીજા કેટલાક સાહિત્ય-પ્રવેશ-વાંચ્છુ લેખકો છે, જેમનાં કેટલાંક લખાણો ગુજરાતી સામયિકોમાં પ્રગટ થતાં હોય છે. કોઈના નામે એક-બે પુસ્તકો પણ છે. પણ આ બધા જ, પચાસ-પંચાવન વટાવી ગયેલી પેઢીના છે. એમનાથી પછીની પેઢીના, લગભગ સિત્તેરીમાં પ્રવેશી ગયેલા સાહિત્યરસિકો પાસે જૂનું, એમની યુવાનવયે ગુજરાતમાં કરેલું સાહિત્યવાચન – એના અકબંધ સાહિત્યસંસ્કારો છે. એમાંના ઘણા સામ્પ્રત ગુજરાતી સાહિત્ય સાથે ખૂબ ઓછો, ન જેવો સંપર્ક ધરાવે છે. સામયિકો પણ જવલ્લે જ જોતા હોય. પણ એમની સાહિત્ય-જિજ્ઞાસા ઓછી નથી – અને એ આવાં સંમેલનપ્રસંગે કે પછી એમના શહેરનાં નાનાં સાહિત્ય-રસિક-મિત્રમંડળોમાં





ગુજરાતથી આવેલા લેખકો સાથેની બેઠકો/ગોષ્ઠિઓ પ્રસંગે ખૂબ પ્રસન્નતાપૂર્વક સક્રિય થાય છે. એટલે જ સંમેલનો અને વાર્તાલાપો જીવંત બની શકે છે – ને આવાં વિવિધ સ્તરોના અનેકવિધ રંગો પ્રગટે છે. સંમેલનવક્તવ્યો અને મંડળીવાર્તાલાપોમાં આટલું રિસેપ્ટિવ ઑડિયન્સ, આટલું ઉત્સુક ગ્રહણશીલ સભાવૃંદ મેં જોયું નથી.

લિટરરી એકેડેમી બહુ નહીં તો ઠીકઠીક પ્રસંગો તો ઊભા કરી લે છે! સંમેલન ઉપરાંત ગુજરાતથી અવારનવાર, અન્ય નિમિત્તે પણ આવતા લેખકો સાથેના વાર્તાલાપો; સ્થાનિક લેખકો સાથે પ્રતિવર્ષ થતો કાર્યક્રમ 'સર્જકો સાથે સાંજ', ગુજરાતી ગીતોના સંગીતના કાર્યક્રમો, વગેરે. એકેડેમીની સ્થાપના વખતે જે ઉદ્દેશો અંકિત થયેલા એમાંથી બેમાં મને રસ પડ્યો – 'ગુજરાતી સાહિત્ય પર સંશોધન, એમાંથી ભાષાંતરો અને એનાં પ્રકાશનોના કામમાં પ્રોત્સાહન આપવું.' અને 'ઉત્તર અમેરિકામાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના વિકાસને પ્રોત્સાહન આપવું.' એકેડેમીએ ગુજરાતીના કેટલાક શિષ્ટ ગ્રંથોના શ્રી અશોક મેઘાણીએ કરેલા અનુવાદોને; સદ્‌ગત હરનિશ જાનીના વાર્તાસંગ્રહને, શ્રી મધુસૂદન કાપડિયાના 'અમેરિકાવાસી કેટલાક [? કેટલાંક] ગુજરાતી સર્જકો' વિવેચનગ્રંથને પ્રકાશિત કરવામાં સક્રિયતા દાખવી છે પણ 'ગુજરાતી સાહિત્ય પર સંશોધન' એ શું, ને એકેડેમીએ એ માટે શું કર્યું હશે એની મને જિજ્ઞાસા છે.

o

અહીં, ન્યૂયૉર્કમાં, ફિલાડેલ્ફિયામાં, મૅરીલૅન્ડમાં જે વાર્તાલાપો કર્યા એની વાત અલગ સ્વતંત્ર લખાણ માગે છે. એ ફરી ક્યારેક. પણ એ નિમિત્તે જે મિત્ર-પરિવારોનો ઉષ્માભર્યો વ્યક્તિગત પરિચય થયો એ પણ સ્મરણીય રહ્યો. પન્નાબહેન અને કિરીટભાઈ દેસાઈ (ન્યૂયૉર્ક); સૂચિબહેન અને ગિરીશભાઈ વ્યાસ, સુષમાબહેન અને વિજયભાઈ દોશી (ફિલાડેલ્ફિયા); સિન્સિનાટીમાં સુશીલાબહેન અને મધુસૂદન કાપડિયા; અશોકભાઈને ત્યાં રાત્રિ-ગોષ્ઠિમાં આશાબહેન અને અશોકભાઈ મેઘાણી, ભાનુબહેન અને રામભાઈ ગઢવી તથા પન્નાબહેન નાયક અને નટવરભાઈ ગાંધી તથા ન્યૂ જર્સીમાં શૈલાબહેન અને અશોકભાઈ વિદ્વાંસ સાથે આહ્‌લાદક સમય ગાળ્યો. અઠંગ અભ્યાસી અને અખંડ કુમાર સુઘોષ મજમુદાર સાથે ન્યૂ જર્સીના ઉત્તમ શિલ્પ-ઉદ્યાન Grounds for Sculptureમાં સળંગ આઠ કલાકનો પ્રવાસાનંદ માણ્યો એ પણ સ્મરણીય. મિત્ર બાબુ સુથાર ફોન પર સતત ખબર કાઢતા અને વિદ્યાગોષ્ઠિ કરતા રહ્યા.

o

અમેરિકાનિવાસ રંગ વિનાનો રહ્યો નથી. ખરો રંગ તો વ્યક્તિ-સંબંધોનો, કોઈપણ સાહિત્યગોષ્ઠિથી અતિરિક્ત, ને અલબત્ત ચઢિયાતો.

એનો આટલોક આનંદ સૌની સાથે વહેંચું છું.

રમણ સોની

એશબર્ન, વર્જિનિયા; ૨૮ ઑક્ટોબર ૨૦૧૮

# વાચક-પ્રતિભાવ




જયંત મેઘાણી

અરુણા જાડેજા

કીર્તિકાન્ત પુરોહિત

રમણીક અગ્રાવત

પ્રવીણ પટેલ

જગદીશ ગૂર્જર

રાજેન્દ્ર ખીમાણી

# વાચક-પ્રતિભાવો

પ્રિય અતુલભાઈ,

નમસ્તે. રાહ જોતી'તી જ. તમારા આ ઈ.સામયિકને અપ્રતિમ શબ્દથી ચોક્કસ નવાજી શકાય; અમથા વખાણ નથી કરતી, સાચું કહું છું.

મુખપૃષ્ઠથી જ શરૂ કરું. સામયિકોમાંથી કરેલાં સં-ચયન માટે એકદમ યોગ્ય. પછી એક સાહેબનું બીજા સાહિબ પરનું ચિત્ર, ક્યા બાત હૈ.. શેખસાહેબનું સાહિબવાળા કબીરજીનું. આગળ જતાં ભૂપેન ખખ્ખર. ભાતીગળ ચાકળાની સાથે બિરાજેલું સાહિત્ય. એમ થાય કે કોકના દિવાનખાનાના કળામય રાચરચીલા સાથે એ ઘરના પરિવારજનોનો થતો સુપેરે પરિચય. મુ.સિતાંશુભાઈ અને મુ. સોનીસાહેબ, સંખેડાની પાટ પર બેઠેલા બે મોભી.

વળી તમે આ જન્મશતાબ્દીવાળું સરસ લઈ આવ્યા. જુઓને વ.મુ.દર્શક, પારાશર્ય વગેરેને શ્રદ્ધાંજલિ આપી શકાય, વર્ષ દરમ્યાન; રાજેન્દ્ર શાહ તો ખરા જ. હા, આ વર્ષે 7-10-2013-થી બેગમ અખ્તરનું જન્મ શતાબ્દી વર્ષ છે, તો એમનેય અંજલિ આપી શકાય.

પાછું, બધા લેખકોનો ટૂંકોટચ છતાંયે સર્વાંગી એવો પરિચય આપી દીધો. સરસ, બહુ સરસ. અતુલભાઈ, શ્રેયાબહેન, રાજેશભાઈ, તમારું સૌનું આ 'એકત્ર; ઉપાડેલું પહેલું પગલું કંકુપગલું નીવડો.

- ભલે તો, અરુણા જાડેજા

અમદાવાદ, જાણીતા અનુવાદક અને નિબંધકાર

આદરણીય રમણભાઈ,

વિશ્વસ્તરે વિકસેલ ટેકનોલોજીનો આટલો સુંદર અભીગમ ફક્ત આવકારદાયક જ નહી, અનિવાર્ય છે. એમાં આપની પારખુ દૃષ્ટિ અને અનુભવ સંપાદન ભળ્યા એથી સોનામાંસુગંધ ભળી છે એ નિશંક છે. એકેક વિભાગ અને લેખ-ચયન કાબિલેદાદ છે એટલે તેમાંકશું કહેવાપણું નથી. ઉલટું આપ વધુ સારા આગામી અંકોની તરસ જગાવી છે. શાયદ આ માસિક ધોરણે અમ ભાવકોને પ્રાપ્ત થતું રહેશે. આ માટે આયોજકો અને આપશ્રી ધન્યવાદના સંપૂર્ણ હક્કદાર છે. કશા ય શબ્દો ચોર્યા વગર આ દિલની કેફિયત છે.

- કીર્તિકાન્ત પુરોહિત, વડોદરા.

પ્રિય શ્રી અતુલ રાવલ,

સંચયનના આવાં ડાયજેસ્ટ રૂપનો વિચાર વધાવવા લાયક છે. ખાસ કરીને વિદેશોમાં વસતાં સાહિત્યરસિકો માટ તેસાહિત્યસેતુરૂપ બનશે. માનનીય શ્રી સિતાંશુભાઈ અને રમણભાઈ સોની ગુજરાતી સાહિત્યનાં બે એવાં નામ છે, તેમની આસપાસ ગુણવત્તા વગર કહ્યે આવશે. આનંદ અને શુભેચ્છા.

–રમણીક અગ્રાવત

Dear Ramanbhai,

I went through the entire issue of Sanchayan today morning, in one sitting, with great interest.

The issue is not only full of most interesting write-ups but also artistically decorated. Normally, I lack interest in essays, but the essays selected by you are so lucid and engrossing that I could not resist the temptation of going through all the essays.

The limit of the pages is also ideal for the busy people of modern life to read it quickly.

The choice of the write-ups, of course, reveals your thumb impression.

I admire the enthusiasm and commitment of the enlightened friends settled in a foreign land to use the medium of the latest technology to link the cultivated Gujaratis living abroad, but dispersed in different countries, and thereby create a graciously cultured Vishwa Gujarati Samaj.

I am also impressed by their literary wisdom in associating Sitanshubhai and you with their innovative enterprise.

I am, therefore, confident that Sanchayan will be a great success.

I also look forward to the e-book project with high hopes.

Kindly accept my heartiest congratulations, and best wishes for the future issues.

**-Pravin Patel**

Former professor of sociology, MS Uni. and Former vice-chancellor, Sadar Patel Uni. at Vallabh Vidyanagar

ભાઈશ્રી અતુલભાઈ,

તમારું ઈ-મેગેઝિન 'સંચયન'મળ્યું. સરસ પ્રયાસ થયો છે. સંપાદકશ્રી રમણભાઈ સોની અને તંત્ર સંચાલક શ્રી રાજેશભાઈ મશરૂવાળાના આર્શીવાદ અને સહયોગથી આ કામ સરસ રીતે થશે તેમાં કોઈ શંકા નથી. ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા તમે મોકલેલ ઈ-મેઈલ બીજાને વાંચવા માટે મોકલી શકાય તેવી કાયમી વ્યવસ્થા અમે ગોઠવીશું. ચર્ચાવિચારણાના અંતે ગોઠવી શકાશે તો ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ પર આ જર્નલ્સ મૂકાય તેવી વ્યવસ્થા ગોઠવીશું.

- રાજેન્દ્ર ખીમાણી,

કુલસચિવ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આપણાં સામયિકો અને પુસ્તકોમાંથી ઉત્તમ સામગ્રીનું ચયન-સંકલન આપવાનો આ પ્રકલ્પ અત્યંત પ્રસ્તુત તેમજ આનંદદાયક છે. દુનિયાભરમાં પથરાયેલા ગુજરાતીઓ સુધી એ સામગ્રી પહોંચશે.આ રચનાત્મક સાહસને કારણે માતૃભાષા ગુજરાતીનો બહુવિધ પ્રસાર થશે. શ્રી રમણ સોની આ માટેના શ્રદ્ધેય સંપાદક છે. “સંચયન”ના ઓગસ્ટના પ્રથમ અંકમાં ટેકનોલોજીના વિનિયોગથી અનોખા રાગ-રંગો ઉમેરાયા છે. અભિનંદન...

- જગદીશ ગૂર્જર

**અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, દ.ગુ. યુનિ., સુરત**

પ્રિય રમણભાઈ,

જેની અત્યંત ઉત્સુકતા હતી એ 'સંચયન'નું આગમન થયું તેને ઘણા દિવસ થયા.

ગુજરાતી વેબ-જગતમાં વાચનરસ પોષનારા પ્રયાસો તો અનેક થયા કરે છે, પણ 'સંચયન'નો આ પહેલો અંક ઊંચી આશા અને અપેક્ષા જગાડી જનારો છે.

વર્તમાન સાહિત્યમાં જે ઉત્તમ છે એ તમે પીરસ્યું છે. એક નવી ભાત પડી છે. આટલાં પાનાંથી તૃપ્તિ તો ન થાય, પણ વાચન-ઉત્કંઠા જગાવે છે એટલે નવા અંકોની રાહ જોવાશે. થોડા અંકો આવશે પછી સામયિકનું કાઠું બંધાશે. સાહિત્યનો સામાન્ય વાચક આવી રાહ જુએ એ પ્રયાસની સાર્થકતાનો નિર્દેશ છે.

એક-બે વાત : સામગ્રી તેમજ આરંભે સામયિકોનાં આવરણો પ્રદર્શિત છે તેના ઉપરથી છાપ એવી ઊભી થાય છે કે આ સાહિત્યનો સંચય છે; અન્ય લેખન-વિષયો તેમાં નથી. સામાન્ય વાચનનું સામયિક હોય તો તેમાં અનેક વિષયો સમાય. બીજું, સાહિત્યની સાથે કલારુચિ સંવર્ધે એવી સામગ્રી જરૂર આવકાર્ય છે. તમે જે સચિત્ર સામગ્રી આપી એ વિશિષ્ટ ગણાય એવી છે. સાહિત્ય-કલાનો અલ્પ સંપર્ક હોય એવા ભાવકને માટે આ ચિત્રો સાથે પરિચયાત્મક આસ્વાદ-નોંધ હોય તો એ ખૂબ મદદરૂપ થાય, નહીં તો, દાખલા તરીકે, શેખ, ઓજાઇ, ભુપેન ખખ્ખર ને ગ્રેન્નાનાં કેવળ રંગ-સંયોજન અને આકૃતિ-સૌંદર્ય જોવાનાં રહેશે.

અનુક્રમણિકા એ માત્ર સામગ્રીની યાદી નથી, પણ વાચકને વાચન-આયોજનમાં સહાય કરનાર માધ્યમ છે. તેથી, મારે પ્રવીણસિંહ ચાવડાની વાર્તા કે જયદેવ શુક્લના કાવ્ય ઉપર પહોંચવું હોય તો એ કૃતિઓ કયાં પાનાં પર છે તેની માહિતી મને ત્યાંથી ન મળે તો એ શોધની મહેનત વધી જાય.

આવા સામયિકની મુદ્રિત આવૃત્તિ પણ પ્રગટ થાય તો 'નેટ'ની દુનિયાથી અણજાણ એક બહુ મોટો વર્ગ પણ લાભ પામી શકે. મારા જેવા બીજા લોકો પણ હશે જે 'નેટ' ઉપર લાંબું વાંચવાનું પસંદ ન કરતા હોય; એમને પણ આવી મુદ્રિત આવૃત્તિ ગમે.


'સંચયન' હજારો ગુજરાતીઓ સુધી પહોંચશે અને તમારી મહેનત લેખે લાગશે એવી આશા રાખીએ. જુદાજુદા દેશોમાં ગુજરાતી પ્રજાનાં મંડળો હશે, એમની વેબસાઈટ હશે, તેમની સાથે સંયોજન સાધીને આ સામયિકનો વ્યાપ વધારવાના પ્રયાસો અતુલભાઈએ વિચાર્યા જ હોય.


- જયંત મેઘાણી

પ્રસાર, ભાવનગર

# ‘એકત્ર’નો ગ્રંથ ગુલાલ

## સમગ્ર સમયપટને આવરી લેતી કવિતા-સમૃદ્ધિ




‘અર્વાચીન ગુજરાતી કાવ્યસંપદા’ (સંપા. મધુસૂદન કાપડિયા) આ પૂર્વેના એકત્ર ઈ-પ્રકાશન ‘મધ્યકાલીન ગુજરાતી કાવ્યસંપદા’ (સંપા. રમણ સોની) સાથે અનુસંધાન પામે છે. એ બંનેમાં થઈને ગુજરાતી કવિતાના ઈ.12મી સદીથી આજ પર્યંતના લગભગ 900 વર્ષના પ્રલંબ પટને આવરી લેતી કાવ્યસમૃદ્ધિ પ્રગટ કરી શકાઈ છે એનો અમને આનંદ છે. ઉત્તમ કવિતા અને એના ઉજ્જ્વળ ઇતિહાસના જાણકાર આ બંને સંપાદકોના અમે ઘણા આભારી છીએ.

**www.ekatrafoundation.org** ઉપરથી આ સમૃદ્ધ અને સુંદર કાવ્યજગતમાં પ્રવેશ કરી શકાશે.

Ekatra Foundation

## Introduction

In 1929, Gujarat Vidyapidth published its first edition of સાર્થ ગૂજરાતી જોડણીકોશ, the Gujarati comprehensive dictionary. In the preface, Gandhiji wrote, "હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનોઅધિકાર નથી". This was the beginning of a new epoch for Gujarati.

In the early eighteen century, people on the Indian subcontinent spoke many more dialects than are spoken today. Most dialects, including Gujarati, did not qualify as "language" because they lacked definitive dictionary and formal grammar. At that time, written materials consisted only of manuscripts. With the introduction of the printing press, publishers of Gujarati books offered books in quantities never imaginable before. This formalized Gujarati as a one of the official languages of India, in a time where many other dialects did not make the technological transition and thus are now endangered or even extinct.

Now, in the 21st century, we are experiencing another such tectonic shift, a move from paper book to digital. We feel that any language that does not make this transition will be in danger of becoming extinct by 2050. However, communities that choose to participate in this digital revolution are at a great advantage, as ubiquitous accessibility becomes common.

Every electronic device – from mobile phones to automobiles — will hold literature in the digital form and it will be accessible to people worldwide.

## Mission

**"Preserve and spread Gujarati literature through digitization"**

In the Western world, a similar successful effort, Project Gutenberg, created over 40,000 free books in digital format and was instrumental in making e-Book reader ubiquitous. Instantly, thousands of books from Shakespeare to Agatha Christie became available to eBook readers at no charge. Over 1,000 million downloads of free ebooks have already occurred. Once Gujarati books are digital, they will be instantly available on eBook readers and readable via Kindle, iPad, Android tablets and smart phones. In the digital form they will be fully searchable with any search engine.

## Accomplishments

In a very short time, Ekatra picked up pace and involved numerous volunteers from across the world:

- Registered Ekatra Foundation as US not-for-profit organization
- Designed and test creation of ebook using both soft copy and physical books.
- Became the first entity to offer true digital Gujarati ebooks for free on the web, Kindle, iPad, Android tablets, Android smart phones, iPhone and regular computers.
- Built ebook conversion process. Ekatra created/obtained tools to convert proprietary fonts into Unicode, obtained access to Gujarati OCR, established standard ePUB template and created ePUB formatting guide to achieve efficient repeatable scalable process.
- Designed Ekatra Website and offer first 25 free books. Converted total of 50 books.
- Formed literary committee and selected 86 books for conversion. Received permission to convert 20 books.
- Received permission to offer over 50 books published by Lok-Milap Trust.
- Published 8 issues of bimonthly Gujarati e-digest, સંચયન.
- Established communication with leading Gujarati not-for-profit organizations including Gujarat Vidyapith, Gujarati Sahitya Parishad, Forbes Gujarati Sabha, Lok-Milap Trust and Gujarati branch of Wikipedia (વિકિસ્ત્રોત).

## Goals

- Esablish Ekatra as the premier online Gujarati literature digital library.
- Offer 200 free ebooks on Ekatra's website.
- Offer the same on leading bookstores including Amazon, iBookstore, smashword.com and Flipkart.
- Publish 6 issues of સંચયન. Create awareness of the available Gujarati literary resources.
- Expand volunteer organization to support book conversion and proof reading tasks.
- Collaborate and share knowledge about digital books with other non-for-profit so they can also offer free digital books.

## Get Involved

While our volunteers are working on all fronts, we are seeking help with the following:

- Sourcing of selected books in physical or PDF form.
- Proofreading of OCR content
- Assistance in creating local Ekatra volunteer community

## Contact

Rajesh Mashruwala | mashru@ekatrafoundation.org
Atul Raval | atulraval@ekatrafoundation.org

**Ekatra Foundation is a not for profit organization exempt under section 501(c)(3).**
**It's Federal ID is 46-2153818.**
**Public Charity Status: 509(a)(1) & 170(b)(1)(A)(vi) • Effective Date of Exemption: April 24, 2013.**